# પ્રકરણ 3

# સાગરનું તાત્વિકદર્શન

## પ્રકરણ ૩

## 'સાગર'નું તાત્ત્વિક દર્શન

'સાગર' અનલવાદી છે, એટલે પરમાત્માવાદી છે, અને બધાંજ સૂફી જોગીઓ જ્યારે "સાફી" થાય છે ત્યારે તેઓ તમારા શંકરના "માયાવાદ"ની મર્યાદા ઉલ્લંઘીને તેની પેલે પાર વસનારા - અમનસ્કતાના યાને નિર્વાણી નિરંજનના અવધૂતો થઇ જાય છે. ૧

અજાતિ જાતિ કુલ કુલ ગોત -
મળી રહી જ્યોત માંહે જ્યોત ! -
અગર 'સાગર' જીવ્યો જો હોત - સનમને શું થતો'તો તે ? ૨

### સૂફી તરીકે "સાગર'

'સાગર' પોતાને માટે કહેતા :
"હું હિન્દુ સૂફી ફકીર છું". ૩

ગલિયા, ધૂલનન હજવીરી, અલ બધી તેમજ "ગુલશને રાઝ"-માં મહમૂદ શબિસ્તર અને "મસ્નવી"માં જલાલુદ્દીન રૂમી સાહેબે દર્શાવેલા સૂફીવાદના સિધ્ધાંતો આપણે વિગતે જોઇ ગયા. 'સાગર'નું બાહ્ય તેમજ આંતરિક જીવન સૂફીવાદના રંગથી પૂર્ણપણે રંગાયેલું હતું. સૂફીવાદના સિધ્ધાંતોને પૂર્ણપણે અનુસરીનેજ 'સાગરે' પોતાનું જીવન ગુજાર્યું હતું. એટલુંજ નહીં પણ પરમાત્માના સાચા સાધક તરીકે સૂફીનાં વિશિષ્ટ લક્ષણો - પશ્ચાત્તાપ, સહનશીલતા, ફકીરી જીવન, તપશ્ચર્યા, પરમાત્મામાં દૃઢ શ્રધ્ધા અને વિશ્વાસ, નમ્રતા, ધર્મનિષ્ઠતા, અનન્ય પરમાત્મપ્રેમ, હૃદયની વિશુધ્ધિ, પ્રેમની મસ્તી, વિરહનું દર્દ, અને

---

૧. 'સાગરની પત્રરેખા'- પૃષ્ઠ. ૪૧૫
૨. 'દીવાને સાગર', દફતર બીજું- પૃષ્ઠ. ૧૧૭
૩. "મ્હેં સાંભળ્યું - પ્યારા જિગર ! -
'સાગર' સૂફી છે નામવર !-"
-"દીવાને સાગર', દફતર બીજું -પૃષ્ઠ. ૨૧
-"સાગર- જીવન અને કવન'
લેખક - યો. જ. ત્રિપાઠી.

પરમાત્મા સાથેના મિલનનો આનંદ 'સાગર'ના જીવનમાં પ્રત્યક્ષ જોઇ શકાય છે.

સૂફી તરીકે આત્માનુભવના પ્રદેશમાં પ્રવેશતાં એક પછી એક વિભિન્ન સ્થિતિઓમાંથી પસાર થઇ 'સાગરે' ફના ઉલ્ ફના - વાસિલે હક્ક - હકીકત - બકાની સ્થિતિ સુધી પહોંચી પૂર્ણપદ પ્રાપ્ત કર્યું છે.

આત્માનુભવી સૂફી તરીકે "સાગર' પોતાનો આ અનુભવ વ્યક્ત કરતાં સ્પષ્ટ કહે છે :-

> કોઇ નામે 'સાગર' જલારહા ! અલ્હક ! અનલહક ! જલારહા !
> યા જુદા જુદા અલ્હસ્ત યહ ! જુદકી જુદાઇ જલારહા ! ૪

<u>સૂફી તરીકે સાગર નો પ્રથમ તબક્કો :</u>

<u>આત્મ પરીક્ષણ - પશ્ચાત્તાપ - વિરાગ</u>

સૂફીવાદ ગ્રહણ કરતાં પહેલાં - માત્ર ૧૮ વર્ષની વયે લખેલી "ઉદ્ગાર" ગઝલમાં જગત પ્રત્યે દૃઢ વૈરાગ્યની ભાવના પોતાના હૃદયમાં જાગી છે તેનો ચિતાર 'સાગર' રજૂ કરે છે. જગતના ત્યાગની ભાવના એમની નસેનસમાં વ્યાપી ચૂકી છે. એ સ્પષ્ટ કહે છે :-

> ચડ્યું આ ચિત્ત ચકડોળે ! ખરો કૈં માર્ગ ખોળે છે,
> અને, ઉરવૃત્તિઓ મારી, બધીયે ત્યાગ બોલે છે ! ૫

'સાગર'ના આ ઉદ્ગારમાં નિરર્થક જીવન ગુજાર્યાનો અનુશોચ છે - એક માત્ર પરમાત્મા પ્રત્યેની દૃઢ શ્રદ્ધા છે - જગતની જડ રૂઢિઓને મચક ન આપતાં જગતત્યાગ દ્વારા પોતાનું ગૃહ જંગલે સ્થાપવાની તપસ્યાની દૃઢ ભાવના છે. જીવનના વ્યવહારમાં એમને રસ નથી -

---

૪. 'દીવાને સાગર', દફતર બીજું, પૃ. ૧૨૮
૫. 'દીવાને સાગર', દફતર બીજું, પૃ. ૨૨

વિશ્વાસ નથી. પોતાની જીવન નૌકાનું સુકાન એક માત્ર પરમાત્માને જ સોંપીને જગતને "છેલ્લા જુહાર" કરીને 'લલાટે લખાવેલું' અજમાવવાની અજબ અભિલાષા છે.

'સાગર'ના દિલમાં જગત પ્રત્યેની વિરાગની ભાવનાનું આ બીજ સાગરના જીવનવૃક્ષનો મૂલ પાયો છે - આધાર સ્તંભ છે.

જગત પ્રત્યેના દૃઢ વિરાગની સાથે પોતાનું હૃદય પરમાત્માના દિવ્ય સ્વરૂપ આગળ કેટલું પામર - કેટલું વામણું લાગે છે તેનો વિશુધ્ધ હૃદયે સાગર પશ્ચાત્તાપ કરે છે:

ભક્તિ તારી કદી નવ કરી, શાન્ત ચિત્તે અરેરે !
પ્રવૃત્તિથી અનુચિત કરી કાળ મિથ્યા ગુમાવ્યો ! [૬]

વિશુધ્ધ હૃદયે, નમ્રભાવે પોતાનો દીન રંક ભક્ત તરીકે સ્વીકારી પરમાત્મ કૃપાના અધિકારી બનાવવા 'સાગર' પરમાત્માને પ્રાર્થે છે:

થાકેલો હું શરણ ગ્રહીને માંગું પાપ ક્ષમાઓ !
યાચું છું હું સરળ હૃદયે શાશ્વતી શાન્તિ આપો ! [૭]

માર્ગમાં આગળ ન વધી શકવાનું કારણ આત્મ પરીક્ષણ દ્વારા તપાસતાં 'સાગર' સ્પષ્ટ કહે છે કે પોતાની નિર્બળતાને કારણે જ જગતનો ત્યાગ થઇ શકતો નથી.

ભૂલો હું આ પિછાનું છું, છતાં આ આલયે રહું છું,
જતો નથી જંગલે ચાલ્યો ! ખરેખર ભૂલ એ મારી ! [૮]

---

૬. 'દીવાને સાગર' દફતર ૧, પૃ. ૨૨
૭. એજન, પૃ. ૨૩
૮. એજન, પૃ. ૨૫

એમના હૃદયની પ્રારંભની દશા દર્શાવતાં આ કાવ્ય 'શાશ્વતી શાન્તિ આપો !' પરથી સ્પષ્ટ પ્રતીત થાય છે કે વિશુદ્ધ હૃદયે કરેલા પશ્ચાત્તાપ દ્વારા – પોતાના અન્તરવિલોકન –
દ્વારા સાધક તરીકેનો અધિકાર તેમણે આ રીતે પ્રાપ્ત કરી લીધો છે. તેમ છતાં જગત પ્રત્યે દિલમાં વૈરાગ્ય ઘર કરીને બેઠો હોવા છતાં જગતનો તે ત્યાગ કરી શકતા નથી તેની તેમને દિલગીરી છે. પોતાની ભૂલો પિછાનતું હૃદય હજુ તપશ્ચર્યા માટે – સાધના માટે તૈયાર નથી. પરિણામે વારે વારે સ્ખલન થાય છે.

લાગલગાટ પાંચ વર્ષ સુધી – ઇ.સ. ૧૯૦૧–'૦૬ 'સાગર' પોતાના હૃદયની આવી નિર્બળતા જોઇ આંસુ સારે છે – પોતાની જાત પર ફિટકાર વરસાવે છે. આંસુ સારતા આશકનું હૃદય સર્વસ્વ સમર્પણ કરવા માટેની પોતાની તૈયારી દર્શાવે છે. પરંતુ હજુ એ તૈયારી પૂર્ણ થઇ નથી, એનાથી તે અજ્ઞાત નથી, કારણ કે વિશ્વના અણુ એ અણુમાં પરમાત્માનું દર્શન કરવાને બદલે જગત પ્રત્યે ઉદાસીનતાની વૃત્તિ હજુ ઘર કરીને બેઠી છે. દુનિયાને તે પોતાની દુશ્મન માને છે. પોતે દૃઢપણે માને છે કે જગત અને હરિ બે એકરૂપ છે છતાં તે જગતને ચાહી શકતો નથી. પોતાના આ અંતરના નાદની અવગણના થાય છે તેનો અફસોસ વ્યક્ત કરતાં તે કહે છે :

> અંતઃશ્રુતિ પિછાનું છું : અરેરે ! ખેદ થાય છે,
> પ્રભુને ચાહું કહેવાથી, હૈયું જાતે ઠગાય છે. ૯

પાપ અને પ્રલોભનથી પોતાને બચાવવા માટે પરમાત્માને યાચના કરતાં 'સાગર'નું હૃદય રડી ઊઠે છે. હૃદયની વિશુદ્ધિ અહીં સ્પષ્ટ પ્રતીત થાય છે.

> પાપ, પ્રલોભન દૂર કરાવો:
> શત્રુથી તાત ! હમેશ બચાવો !
> તાત ! પરીક્ષણમાં ના લાવો !
> ઓ સ્વામી મ્હારા ! ૧૦

---

૯. દીવાને સાગર દફતર ૧ પૃ. ૪૮
૧૦. એજન પૃ. ૬૫

હૃદયની પામર દશામાં આશક પૂજારી પરમાત્માને પશ્ચાત્તાપ દ્વારા જન્મેલાં આંસુનાં ફૂલડાંથીજ પૂજે છે :

આંસુનું તો હૈયું હિમાલયની છે.
પૂજું છું પણ આંસુડાંનાં જ ફૂલડે: ૧૧

પોતાની ભૂલો અને સ્ખલનો માટે અનુશોચ કરતા હૃદયને પ્રભુ માફી બક્ષે અને હૃદયને હજુ વધારે વિશુદ્ધ થવા માટે — હૃદયની મલિનતા પૂરેપૂરી ધોઇ નાખવા માટે પરમાત્માની કૃપા દ્વારા વધારે આંસુ — વધારે પશ્ચાત્તાપની સ્થિતિ પોતાને પ્રાપ્ત થાય તેવી આજીજી કરે છે.

પ્રભો ! માફી ! માફી ! કરુણ પ્રભુ ઓ ! માફ કરવું.
પ્રભો ! રોવાનું દે ! હજુય ઉરે છે પથ્થર સમું. ૧૨

પોતાનું આસુરી હૃદય દંડને પાત્ર જ છે. પરમાત્માની શિક્ષા દ્વારાજ હૃદયને શાન્તિ મળશે. પોતાના હૃદયમાં અહંકારના કચરાનું વિપુલ પ્રમાણ હોવાને કારણે હૃદયમાં પરમાત્મા પ્રત્યેના અનન્ય પ્રેમની સાચી લાગણી હજુ જન્મી નથી. પોતાના આ કઠોર — નઠોર હૃદયને માટે પરમાત્માની એક માત્ર કૃપા જ વાંછતા 'સાગર' કહે છે :

વહાલાં મારાં બધાં તારાં, હું તો પથ્થરરૂપ છું.
ક્ષમા ! સ્વામી ! દયા ! સ્વામી ! બેવફા બેવકૂફ છું. ૧૩

આગળનો માર્ગ હજુ સ્પષ્ટ થયો નથી. પશ્ચાત્તાપની જ્વાલાઓમાં સતત દશ વર્ષ સુધી 'સાગર'નું હૃદય બળ્યા કરે છે. હરિ વિરહની વેદનામાં હૃદય મૂર્છના પ્રાપ્ત કરે છે. હૃદયની ચેતના હરાઇ જાય છે. પોતાની આ અસહ્ય ઉરોવેદના વ્યક્ત કરતાં 'સાગર' કહે છે :

---

૧૧. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૧૩૪
૧૨. એજન, પૃ. ૨૧૪
૧૩. એજન, પૃ. ૨૧૫

લખું છું – શું લખું ? રે ! રે ! ક્યાં છે, રે ! ઉર ચેતના ?
લખી ના જાય એવી આ પ્રેમીની ઉર વેદના. ૧૪

આંસુનો ધોધ પણ 'જડની જડિમ્ના'ને ઓગાળી શકતો નથી. પોતાના ઉર દર્દને પરિણામે મૂર્છનાની અચેતન દશા 'સાગર'ને પ્રાપ્ત થાય છે.

ઇ.સ. ૧૯૧૧ના અંતમાં લખાયેલા "મૂર્છના" કાવ્યમાં આપણે 'સાગર'ને પ્રેમધર્મના – સૂફીવાદના અનન્ય ઉપાસક તરીકે – પરમાત્મ-કૃપા પ્રાપ્ત કરેલા આશક તરીકે જોઇએ છીએ.

## સાગરનો ક્રમિક વિકાસ : બીજો તબક્કો :
## ફના – આત્મસમર્પણ – પ્રેમની અનન્યતા

પરમાત્મપ્રાપ્તિના માર્ગ તરીકે જીવનના પ્રારંભમાં જ 'સાગરે' સૂફીવાદ ગ્રહણ કર્યો હતો. ઇ.સ. ૧૯૧૦માં સૂફીવાદના બાહ્ય પ્રતીક તરીકે લાઠી જઇ તેમના ગુરુદેવ શ્રી "કલાપી"ના સૂક્ષ્મ સ્વરૂપ સમક્ષ એમણે ઊનની અલ્ફી પણ ધારણ કરેલી. 'સાગર'-ના જીવનદર્શનમાં આપણે જોઇ ગયા છીએ કે સાગરને "કલાપી" દ્વારા જગતભરના પ્રેમ વિશેના ચિન્તકોનો અભ્યાસ કરવાની પ્રેરણા ——— મળેલી. પરિણામે 'સાગરે' પ્રેમ અંગેના શાસ્ત્રીય ગ્રન્થોનો અભ્યાસ આદર્યો હતો. સૂફીવાદના પુરસ્કર્તાઓમાં ઉમર ખય્યામ, મનસૂર, રાબિયા, મહમૂદ શબીસ્તર અને રૂમી સાહેબનો સવિશેષ અભ્યાસ કર્યો હતો. પરિણામે સૂફીવાદનું બાહ્ય પ્રતીક – અલ્ફી ઇ.સ. ૧૯૧૦માં ધારણ કરેલી. એટલું જ નહિ, જીવનના અંતકાલ સુધી બાહ્યાભ્યંતર – ઉભય જીવન પણ સૂફી ફકીર તરીકે જ ગુજારેલું.

---

૧૪. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૨૫૫

પાછળ જોઇ ગયા તે પ્રમાણે "મૂર્છના" કાવ્યમાં 'સાગર' જાહેર કરે છે કે પોતે પરમાત્મ કૃપાના અધિકારી બન્યા છે. પરમાત્માની જ્યોતિના પ્રકાશની ઝાંખી પરમાત્મ કૃપા વડે પોતે પામી શક્યા છે. હૃદયની મૂર્છિત દશામાં પ્રાપ્ત થયેલી પરમાત્મ જ્યોતિની ઝાંખી કાયમ પમાતી નથી અને એને કારણે ફરીવાર હૃદય રડી ઊઠે છે. રડતાં રડતાં અશ્રુ પણ ખૂટી જાય છે અને આંખનું તેજ પણ ઝાંખું પડે છે. પોતાનો અનુભવ વ્યક્ત કરતાં તે કહે છે :

> રોયો હું મારી પણ પ્યારી બીમારી રોઉં.
> રે ! પ્રેમી પ્રેમ પૂજતાં નથી કોણ રોયું-? [૧૫]

પરમાત્મ જ્યોતિનું એ પરમ દર્શન સતત કેમ થતું નથી ? પોતાને જ કારણભૂત માનતાં અશ્રુનો સાગર ઊમટે છે.

> રોયું ફરી હૃદય ! રોવું જ રોવું ક્યાં છે ?
> શોણિત કાં ન વહતું હજી ?
> કોણ જાણે ! [૧૬]

એક માત્ર પ્રભુ કૃપા જ પોતાના પાપી હૃદયને એ હરિદર્શન કરાવવા માટે શક્તિમાન છે, એનો એકરાર કરતાં 'સાગર' આજ કાવ્યમાં કહે છે :

> શું શોધું પાપી ઉર મારું હતું અને છે:
> ઉધ્ધારનાર પ્રભુ - ઓ પ્રભુ ! તું જ તું છે:
> તેં ભવ્ય દર્શન દીધું, નથી કલ્પના એ
> ના ઇન્દ્રજાલ, નથી વ્યર્થ વિચારણા એ. [૧૭]

---

૧૫. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૨૫૦
૧૬. એજન, પૃ. ૨૬૫
૧૭. એજન, પૃ. ૨૬૩

અને એ જ્યોતિની એમને થયેલી એ ઝાંખીની સ્મૃતિમાં 'સાગર'નું હૃદય મૂર્છના પ્રાપ્ત કરે છે. જુઓ :

એ ઝાંખી ! જ્યોતિ સ્મૃતિ ક્યાં ? સ્મૃતિ જાગતામાં,
હા ! હાય ! હાય ! ઢળતો ફરી મૂર્છનામાં ! [૧૮]

મૂર્છનામાંથી જાગ્રત થતાં શુદ્ધ હૃદયે 'સાગર' પોતાના પાપનું નિવેદન કરતાં કહે છે :

અગર દિલબર ! તને પામી, શક્યો ના મટી કામી !
કબૂલે ના મને સ્વામી ! હું પાપી છું, હું પાપી છું. [૧૯]

પરંતુ તે માને છે કે પોતાના આ પાપ નિવેદન દ્વારા પરમાત્મ કૃપાનો સ્રોત વધારે ત્વરા પૂર્વક વહેશે. પરમાત્મ કૃપાની યાચના કરતાં તે કહે છે :

પ્રભો ! પાપી મને ગણજે, કૃપા કંઇ, કંઇ દયા કરજે. [૨૦]

પ્રેમનો માર્ગ ફનાનો માર્ગ છે – આત્મ સમર્પણનો માર્ગ છે. અનન્ય પ્રેમ દ્વારા માર્ગમાં આગળ વધતાં 'સાગર' પોતાનું સર્વસ્વ અર્પણ કરતાં પોતાની 'સનમ' ને કહે છે :

રગ રગે તું હિ તમામ :
જો ચીરી ! અય ! નેક નામ !
આવશે કશુંય કામ ?
આમ યા જલાવશે ? [૨૧]

"દરગાહ બસ મુજ કત્લગાહ" ગઝલમાં પોતાની આત્મ સમર્પણની તૈયારીનો સંદેશો પહોંચાડતાં સનમને કહે છે :

---

૧૮. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૨૭૦
૧૯. એજન, પૃ. ૨૭૨
૨૦. એજન, પૃ. ૨૭૨
૨૧. એજન, પૃ. ૨૭૩

અર્જી લખો મુજ યારને :
ગમખ્વાર દિલ હુશિયાર છે :
લે – લે ધસી હથિયારને –
લાવો – કરૂં છેલ્લી સહી. [22]

પરમાત્મ કૃપા પ્રાપ્ત કરતાં આશક જીગર મસ્ત બની આનંદમાં નાચી ઊઠે છે :

સનમના પ્રેમ સાગરની –
હમે ગેબી લહર છૈયે :
સનમના મસ્ત કાયમના –
જનમના જોગીડા છૈયે. [23]

પોતાની સનમ પ્રત્યેના અનન્ય પ્રેમને કારણે – સર્વ સમર્પણ-ની – ફનાની ભાવનાને કારણે 'સાગર' જ પોતે સનમના જોગી બન્યાં છે – સનમની કૃપાના અધિકારી બન્યાં છે. 'મ્હારી સનમ' ગઝલમાં 'સાગર' સ્પષ્ટ કહે છે :

આબાદ લગની લાગતી,
તેને, સનમ ! તું તારતી :
જડ ચેતના ભેદો નથી –
જોતી ફના મ્હારી સનમ ! [24]

'પ્રેમનું નિમંત્રણ' માં સાગર પ્રેમધર્મના પૂજારીઓને નિમંત્રણ આપતાં સ્પષ્ટ ચેતવણી આપે છે કે :

આવજો ! આવજો ! આવજો રે ! સહુ પ્રેમનાં પૂજારી પધારજો !
મુલ્કે મહોબ્બતે નગરી ફનાની ! આંખો મીંચી, હાં ! ચલાવજો રે ! [25]

---

૨૨. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૨૭૫
૨૩. એજન, પૃ. ૨૭૭
૨૪. એજન, પૃ. ૨૮૨
૨૫. એજન, પૃ. ૨૮૬

અજ્ઞાનરૂપી અંધકાર અદૃશ્ય થતાં પ્રેમધર્મના ઉપાસકના આધ્યાત્મિક જીવનમાં મંગલ પ્રભાત પ્રગટે છે. "મંગલ પ્રભાત"નો ઉદય વર્ણવતાં "સાગર" કહે છે :

મંગલ પ્રભાત ! વીતી રાત ! પ્રાણને જગાવીએ :
જય પ્રેમધર્મ ! ધર્મ પ્રેમ ! મન્ત્રણા ગજાવીએ :
પ્રેમનામ વિણ તમામ નઝર નાં નિહાળીએ :
પ્રણયવિહીન કૃપણ ભાવ તપ વડે પ્રજાળીએ. [૨૬]

વાસનાઓના ક્ષય દ્વારા – મનોનાશ દ્વારા સનમ સાથેની એકતાનો આનંદ શાશ્વત પમાય તે માટેના પ્રયત્નો 'સાગર' ઇ.સ. ૧૯૧૨માં આરંભી દે છે. પ્રણયયોગીની તપશ્ચર્યાનો હિમાચલમાં પ્રારંભ થાય છે.

પોતાના ઐહિક જીવનના ભોગવિલાસમાં જ અટવાતાં દિલને રજા આપતાં 'સાગર' પોતાને કહે છે :

કચરી જિગર ઓગાળીને, આંસુ બધાં પીવાં : [૨૭]
બસ ઇશ્કને મંઝૂર છે હિમાચલે તપવું.

અલ્લાહના ફરમાનથી દિલને જલાવી દઉં
ગુમ દિલ બની બ્રહ્માંડમાં બસ બેફિકર ફરવું.

## પ્રણયતપશ્ચર્યા – ઇ.સ. ૧૯૧૨–'૧૫

'સાગર'ના જીવનદર્શનમાં આપણે જોઇ ગયા છીએ કે "સ્નેહયોગ"ના પૂજારી 'સાગરે' પ્રણયયોગની તપશ્ચર્યા માટે બે વર્ષ ઉપરાંતનો સમય હિમાલયમાં ગુજાર્યો હતો.

---

૨૬. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૨૯૫–૨૯૬
૨૭. એજન, પૃ. ૨૯૯

હૃદયની વિશુદ્ધિ માટે 'સાગર'ને પ્રણયતપશ્ચર્યાની આવશ્યકતા લાગતાં એકાંત તપસ્વી જીવન ગુજારવાના દૃઢ નિશ્ચય સાથે 'સાગરે' ગુજરાત છોડ્યું. તે માનતા કે અસંગતા અને તપ વડે જ સાચા સ્નેહીઓ હૃદયની વિશુદ્ધિ કરી પરમાત્મમય બની શકે છે.

ઉર અટવીમાં ઊંડું ઊંડું તપોવન સ્થાપવું,
અજર્યું ધૂનીએ છૂપું છૂપું નવું તપ તાપવું. [૨૮]

યોગને બદલે 'પ્રેમયોગ' સ્વીકારી પ્રેમના અનન્ય ચિંતનમાં 'સાગર' ખોવાઇ જાય છે. પ્રણયની આ તપશ્ચર્યામાં ઇશ્કની ધૂની જગાવી 'સાગર' હૃદયશઠને ચીરી ચીરીને સ્થૂળ વાસનાઓનો ત્યાગ કરે છે.

સહુ સ્થૂલ તણી બાંધીબાંધી હવા થકી છૂટવા
હૃદયશઠને ચીરી ચીરી ભરી પવને નવા. [૨૯]

વિજ જીવનના દ્વારે પ્રવેશ કરવા માટે દૈહિક વાસનાઓના ત્યાગ દ્વારા કૃપણ હૃદયને અતીત બનાવતાં સાગર કહે છે :

કૃપણ ઉર આ ત્યાગી અતીત હવે થવું. [૩૦]

પરમાત્મપ્રેમ માટે દેહીનું દેહપણું ગાળી નાખીને જ સ્નેહમાર્ગમાં વધુ પ્રાપ્તિ થઇ શકે છે. એમ 'સાગર' દૃઢપણે માને છે.

શરીરમયતા ગાળી ગાળી તહીં સમરૂપવું ! [૩૧]

'હાલા પહાડ'ના દર્શને પણ 'સાગર' સનાતન સત્ય સ્પષ્ટ અનુભવે છે કે સાચાં પ્રેમીઓને તો પ્રેમ માટે ઝૂરવું અને તપવું એજ મીઠું લાગે છે.

---

૨૮. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૧૧૯
૨૯. એજન,
૩૦. એજન, પૃ. ૧૨૦
૩૧. એજન,

કે, પ્રેમીને ઝૂરવું, તપવું એજ મીઠું ગમે છે!? [32]

–[illegible]–

તપ વડે જ હૃદય વિશુધ્ધ બનતાં પરમાત્મ પ્રેમનું ઝરણું પથ્થર હૃદયને પણ પિગળાવીને પ્રગટ થાયછે.

ફકીરી હાલમાં પ્રણય તપશ્ચર્યા કરતાં સ્નેહયોગી પોતાની સનમના સાચા જોગી બને છે. ઇશ્કના દરિયામાં ડૂબી જતાં ફકીરી બાદશાહ પોતે 'બકાંના તખ્ત પર ખરા વારસ હોવાના સબબે એ 'અમરગઢ જીતવા' ભવ્ય પ્રયાણ આદરે છે.

બકાના તખ્ત પર આખર –
ખરા વારસ હમે છૈયે :
અમરગઢ જીતવા જઇએ –
ફકીરી બાદશાહ છૈયે. [33]

પ્રણયની તપશ્ચર્યાના અંતિમ પરિણામનો પોતાનો અનુભવ વ્યક્ત કરતાં "મારી સનમ" ગઝલમાં 'સાગર' કહેછે :

તું માં ડૂબું છું હું સનમ !
હું માં ડૂબેછે તું સનમ !
આ વસ્લ ! સાગરિયે સનમ !
કાયમ રહો મારી સનમ ! [34]

પરંતુ આ એકતાનો અનુભવ – 'હકીકતની સ્થિતિનો કાયમ અનુભવ કરવા માટે ગોપી જેવી ભક્તિની લીનતાની આવશ્યકતા સમજાવતાં "એક મહાન ભૂલ" માં પોતાને માટે 'સાગર' સ્પષ્ટ કહેછે :

અસ્તુ ! એ આત્મજ્ઞાનાર્થે, ભક્તિની લીનતા વડે,
ઉદાસીન અને યોગી, "ગોપી" જેવું થવું પડે. [35]

---

૩૨. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૧૬૪
૩૩. એજન, પૃ. ૨૭૯
૩૪. એજન, પૃ. ૨૮૪
૩૫. એજન, પૃ. ૩૧૮

એ માટે વાસનાક્ષયનું મહત્ત્વ પણ 'સાગર' સ્વીકારતાં પોતાને માટે કહેછે :

જીવાત્મા દોડતો, કિન્તુ, માર્ગો બન્ધ પ્રવાસના ;
છુપેલી સૂક્ષ્મ સૃષ્ટિમાં, જ્યાં સુધી કોઇ વાસના. ૩૬

પૃ. ૩૨૧

સર્વ પ્રકારના સૂક્ષ્મ બંધનોનો વાસનાક્ષય અને **મનોનાશ** માટે ત્યાગ કરવાનો દૃઢ નિશ્ચય 'સાગર' આ કાવ્યમાં જાહેર કરેછે :

વસ્તુમાં કલ્પના માયા, હેયોપાદેય કૈં નથી.
છતાં, જો માર્ગ રોધે તો, જોગીને ત્યાંજ્ય સો નકી. ૩૭

સનમ સાથેની પૂર્ણતા માટે પ્રભુદયાની યાચના કરતાં "સાગર" કહેછે :

પ્રભુકૃપા ! ત્યાં બસ ! પૂર્ણતા હો !
હૂં તો રટીશ : તુજમાં મુજલીનતા હો ! ૩૮

વિશુધ્ધ હૃદયની પ્રણયતપશ્ચર્યા પરમાત્મા અવશ્ય સાંભળે છે. કાવ્યની છેલ્લી પંક્તિમાં 'સાગર' પોતાને પરમાત્મકૃપા પ્રાપ્ત થયાનો આનંદ વ્યક્ત કરતાં કહેછે :

રોતાનાં આંસુડાં ચોખ્ખાં, પ્રભુનો હસ્ત લૂછતો :
જતે જોગીની નાડીમાં, પ્રાણ કુમ્ભક પૂરતો. ૩૯

ઇ.સ. ૧૯૧૨ પછી - "એક મહાન ભૂલ" પછીનાં કાવ્યોમાં પરમાત્મા પ્રત્યેના અનન્ય પ્રેમને કારણે હૃદયમાં પ્રગટેલી દૃઢ શ્રધ્ધાનું બળ - મસ્તી જોઇ શકાય છે. ધીમે ધીમે પરમાત્મજ્યોતિનો પ્રકાશ

---

૩૬. દીવાને સાગર, દફતર ૧, પૃ. ૩૧૮
૩૭. એજન, પૃ. ૩૨૪
૩૮ એજન, પૃ. ૩૧૦
૩૯. એજન, પૃ. ૩૨૭

પ્રાપ્ત થયાનો આનંદ-મસ્તી પણ પ્રવેશે છે. અને આશક સૂફી "સાગર" ગઝલોમાં તેમજ પદોમાં શૃંગારની પરિભાષા દ્વારા "સનમ" સાથેની પોતાની એકતાનો સ્વાનુભવ પણ ગાયો છે. આત્માનુભવી "સાગર" ઇ.સ. ૧૯૧૫-૩૬ ઇ.સ. ૧૯૧૫ પછીનાં ભજનો - પદો - ગઝલોમાં આ આત્માનુભવની અભિવ્યક્તિ ખાસ નોંધપાત્ર બની રહે છે. જુઓ :

ખુદ સ્વર્ગથી આવ્યું લખત, 'સાગર' ઇજન સો સો વખત,
અજી કિસ્મતે કાયમ તખત, ત્યાં તે જનારું કોણ છે ? [૪૦]

... ... ...

શી રંગભૂમિ આ જહાં - 'સાગર' સનમ ખેલી રહ્યાં :
શતરંજ બસ ! જીવન્ત હાં ! લાખ્ખો વખત ઢાળી ગઇ! [૪૧]

... ... ...

ગુરુસદ્ગુરુ પરમેશ્વર મ્હારા, જ્યાં જ્યાં દેખો ત્હાં 'સાગર' સાથરે !
બ્રહ્માનંદ લહર મહાસાગર આખ્ખે આખ્ખો 'હું' મેટ્યો. [૪૨]

... ... ...

હરિ જૈસો હરિ મેરો મિત્ર ભયો હૈ,
આપે કરત વિભુ છાંહી - [૪૩]

અજાતિ જાતિકુલ કુલ ગોત -
મળી રહી જ્યોત માંહે જ્યોત ! -
અગર 'સાગર' જીવ્યો જો હોત -
સનમને શું થતો'તો તે ? [૪૪]

---

૪૦. દીવાને સાગર, દફતર ૨, પૃ. ૨૪
૪૧. એજન, પૃ. ૩૦
૪૨. એજન, પૃ.૧૪૮, પૃ. ૧૫૭
૪૩. એજન, પૃ. ૧૬૬
૪૪. એજન, પૃ. ૧૨૭

સૂફી ફકીર 'સાગર'ની આ પંક્તિઓ દર્શાવે છે કે તેમને આત્માનુભવની છેલ્લી સ્થિતિ હકીકતની દશા પ્રાપ્ત કરી જીવનનું અંતિમ લક્ષ્ય બિન્દુ સર કર્યું હતું.

"સાગરે" અપનાવેલા સૂફીવાદના સિદ્ધાન્તો

સૂફી તરીકે "સાગર"નો ક્રમિક વિકાસ આપણે જોઇ ગયા. 'સાગરે' સૂફીવાદના કયા સિધ્ધાન્તો જીવનમાં સ્વીકાર્યા હતાં તે વિગતે તપાસીએ.

સ્નેહયોગ – પ્રેમધર્મના પૂજારી "સાગર'

આપણે જોઇ ગયા છીએ કે 'સાગરે' પ્રેમ અંગેના શાસ્ત્રીય ગ્રન્થોનો અભ્યાસ ઇ.સ. ૧૯૦૮માં આદરેલો. આ અભ્યાસનો નિષ્કર્ષ તે 'સાગર'નો પ્રેમધર્મ – સ્નેહયોગ.

જ્ઞાન કે યોગ કરતાં 'સાગર' ભક્તિમાર્ગને – "સ્નેહયોગ'ને સર્વોપરિ સ્થાન આપતાં.

તે દૃઢપણે માનતા કે હૃદયમાં સાચો સ્નેહ જાગે તો જીવનમાં બીજુ કશું જ વિચારવાની જરૂર નથી. જ્ઞાનના જ્ઞાતા ભલે પોતાને જ્ઞાનવાદમાં જ સુખી માની જ્ઞાનમાં જ રાચે પરંતુ સ્નેહવાદીઓને તો સ્નેહ વિના બીજા કશાની સ્પૃહા છે જ નહી.[૪૫]

જ્ઞાનના જાણનારાએ, જ્ઞાનવાદે સુખી થવું :
સ્નેહના સ્નેહીને મારે, મૂર્ખતામાં મહાલવું.

"થાકેલું હૃદય' નામક ખંડકાવ્યમાં પણ 'સાગરે' સ્નેહવાદ વિગતે સમજાવ્યો છે :[૪૬]

"સ્નેહયોગ' એવું વિશિષ્ટ નામાભિધાન પ્રેમ અથવા ભક્તિમાર્ગને

---

૪૫. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૩૦૦
૪૬. 'થાકેલું હૃદય',– પૃ.

માટે આપતાં "સાગર" સ્નેહયોગ સમજાવતાં માત્ર ૨૮ વર્ષની વયે શ્રી ચંદ્રશંકર પંડ્યાને લખે છે :

સામાન્ય સ્નેહ કરતાં અતિશય ઉન્નત, અતિશય દૃઢ અને એટલે કે અનન્ય સ્નેહ જેને હું સર્વોપરિ સ્નેહ કહું છું યા સ્નેહયોગ કહું છું તેનો હું પૂજારી છું અને ચિત્તની તમામ વૈવિધ્યવાહિનીઓ એ એક જ કેન્દ્ર તરફ સ્વભાવતઃ અભિમુખ થયેલી હોય એટલું જ નહિ પણ આન્તરના અર્ધ્યે એ કેન્દ્રસ્થાન પૂજાતું હોય એ દશાને હું "સ્નેહયોગ" કહું છું.[૪૭]

'સાગર' માને છે કે યોગી, જતિ, મુનિ, પંડિત: આ સર્વ કરતાં આશક વધારે ચડિયાતો છે. તે કહે છે કે પ્રેમીનું જીવન ખરેખર અગમ છે – અલૌકિક છે.[૪૮]

જોગી, જતિ, મુનિ, પંડિત,
સબ સે – આશકકી અધિકાઇ.

પ્રેમની સર્વોપરિતા સ્વીકારતાં સાગર ઇશ્કરાહનું અગત્યનું લક્ષણ પણ દર્શાવે છે.[૪૯]

બસ ઇશ્ક એક જ બાદશાહ !
પૂરો ખરો આલમપનાહ !

આમીન કદમ જે ઇશ્કરાહ ! પણ કત્લ થાતું કોણ છે ? કર્મમાર્ગ કરતાં પ્રેમમાર્ગ શ્રેષ્ઠ છે કારણકે તે કર્મની બધી મર્યાદાઓ વટાવી જાય છે. માત્ર બાહ્યાચારમાં જ રાચતા કર્મકાંડીઓને તો 'સાગર' સ્પષ્ટ જ સંભળાવી દે છે કે પ્રેમનું ઝરણું હૃદયપાતાળમાં ફૂટતાં જડ બાહ્યાચારની કશી જ વજૂદ નથી.[૫૦]

---

૪૭. "સાગરની પત્રરેખા," પૃ. ૧૯૫
૪૮. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૩
૪૯. એજન, પૃ. ૨૪
૫૦. એજન, પૃ. ૧૧

જેને પચે નહીં પ્રેમ રસાયન, છો એ કૂટે કર્મકાંડ.

પ્રેમને આધ્યાત્મિક રસાયન માનનાર – ખુદ શરાબની જ મસ્તીમાં – પ્રેમમાં જ જીવન જીવનાર આશક પ્રેમસ્વરૂપ પરમાત્માને અવશ્ય જ પામે છે એ સમજાવતાં એમના લઘુબન્ધુને લખેલા એક પત્રમાં તે કહે છે :

ઐહિક અને એટલે કે ક્ષણધ્વંસી પદાર્થોને અને સુખોને મહત્ત્વ આપવાની આપણને પડી ગયેલી ટેવ આપણે છોડી દઇને ફકત પ્રેમની એકજ સત્તાને આદર આપવા માંડીએ એટલે પ્રભુના ઘરનું દ્વાર એની મેળે આપણી નજીક આવવા લાગે છે. અભ્યાસ આ પ્રકારનો વધતાં વધતાં જીવનું જીવપણું વિલય પામવા માંડે છે અને તે પ્રભુમાં જીવતો હોવાથી પ્રભુતા સ્પષ્ટ અનુભવવા માંડે છે. અરે! તે પ્રભુ બનવા લાગે છે અને છેવટે એજ માર્ગ પ્રેમમાં જીવન જીવવાનો માર્ગ તેને પ્રેમમાં ભેળવી દે છે – તેને ખુદ પ્રેમસ્વરૂપ બનાવે છે – પ્રભુ બનાવે છે.[૫૧]

સૂફી 'સાગર'ના મતે પરમાત્માનું – સનમનું સ્વરૂપ કયા પ્રકારનું છે તે તેમનીજ વાણીમાં જોઇએ :

"સાગર" ની "સનમ" – પરમાત્મસ્વરૂપ

"દિલને રજા" ગઝલમાં 'સાગર' પોતાની સનમનો પરિચય આપતાં કહે છે :

મારી સનમ ખુદ છે ખુદા, કાં બે સબબ રૂઠવું ?
દૂરજ જિગર 'સાગર' અગર બસ આંસુમાં તરવું.[૫૨]

પોતાની 'સનમ'નું નામ છે 'બ્રહ્મ સનમ' – "ખુમારી" ભજનમાં 'સાગર' સ્પષ્ટ રીતે પ્રેમની મસ્તીને સમજાવતાં કહે છે :

---

૫૧. "'સાગર'ની પત્રરેખા" પૃ. ૨૯૫
૫૨. 'દીવાને સાગર' દફતર ૧ પૃ. ૨૯૮

તું હિ બ્રહ્મ સનમા ! હો બલમા કે બલમા !
લગની ન જાઇ લિખાઇ !
ગુરુજીમોહે ઔર ખુમારી ચડાઇ ![53]

ઇશ્કે મિઝાજી અને ઇશ્કે હકીકીમાં પ્રારંભકાલમાં ઇશ્કે મિઝાજી દ્વારા સ્થૂલ સૌન્દર્યના પ્રતીક દ્વારા પ્રેમનું ઊર્ધ્વીકરણ કરી ઇશ્કે હકીકીમાં આશક પ્રવેશ કરી શકે તે સમજાવતાં "સાગર" એક પત્રમાં સ્પષ્ટ કહે છે : સૌન્દર્યની ઝાંખી વગર બહુલક્ષક મન એક જ કેન્દ્રમાં સ્થિત થઇ શકતું નથી. એ સૌન્દર્ય દર્શન અમુક સ્થલે કે અમુક વ્યક્તિમાંજ થાય એવો કશો નિયમ નથી. ખરા સૂફીને તે દર્શન પોતાની હૃદયમૂર્તિ — Ideal Beau-માં અનુભવાય છે.[54]

સૂફીવાદમાં ઇશ્કે મિઝાજીને ઇશ્કે હકીકીની સ્થિતિ માટે પ્રથમ સાધન તરીકે આવશ્યક ગણવામાં આવે છે પરંતુ સાગર પોતાના અનુભવ પછી ઇ.સ. ૧૯૨૦માં શ્રી. જોશીને લખેલા પત્રમાં પોતાનો મત પોતાના અનુભવના સંદર્ભમાં બદલે છે અને આગળના પ્રવાસ માટે ઇશ્કે-મિઝાજીનું મહત્ત્વ સ્વીકારતા નથી. તે સ્પષ્ટ કહે છે કે : એક રુતુધ્વજ શ્મશાનમાં સૂકાઇ જાય, એક ફરહાદ માથું ફોડીને મરી જાય, એક મજનું ઝાડમાં ઝાડ બની જાય કે એક સૂરદાસ કે તુલસીદાસ મુડદા ઉપર બેસીને નદી પાર જાય એમની જીન્દગાની પામર જીવાત્મા કરતાં ઊંચી ખરી પણ એમનું અધિષ્ઠાન લક્ષ્ય અમુક સ્ત્રીનું જ હોવાથી એ વિષયી જીવાત્મા કરતાં જરાયે વધારે અધિકારી કહેવાય નહીં. ઋતુધ્વજને, ફરહાદને, મજનુંને, સૂરદાસ કે તુલસીદાસને ગમે તો આ જન્મે કે બીજે જન્મે પણ એમનાં અધિષ્ઠાન માયાનાં હતાં, એમ ગુરુગમ દ્વારા સ્વીકારીને શિવાત્મક પ્રવાહને શરણે જવા માટે એમના લક્ષ્ય છોડવાં પડવાનાંજ.[55]

---

૫૩. દીવાને સાગર, દફતર ૧, પૃ. ૩૫૨
૫૪. "સાગરની પત્રરેખા" પૃ. ૧૧૧
૫૫. એજન, પૃ. ૫૮૧

"એક મહાન ભૂલ" માં પોતાની અનુભવપૂર્ણ ઉક્તિમાં સાગર સ્પષ્ટ એકરાર કરે છે કે જીવનનું લક્ષ્ય શુદ્ધ પરમાત્મા જ હોવું જોઇએ. સનમ એટલે બ્રહ્મ સનમ જ – શુદ્ધ પરમાત્માનું જ અધિષ્ઠાન હોવું અત્યંત આવશ્યક છે. જુઓ : ૫૬

હા ; પૂર્ણ મૂર્તિ ! ભજું કોઇક એક વ્યક્તિ,
એ વ્યક્તિ ? ના ! નહીં તથાપિ નિજાત્મ મૂર્તિ ;
બ્રહ્માંડ સર્વ રહ્યું મૂર્તિથી એ છવાઇ,
ના કલ્પના, વિભુની ઝાંખી અનુભવાઇ. ૫૬

પરમાત્માનું સ્વરૂપ નિર્ગુણ, નિરંજન, નિરાકાર હોઇ તેને સનમ સ્વરૂપે સગુણ દેહધારી તરીકે કેવી રીતે નિરખી શકાય ? એ પ્રશ્નનો જવાબ આપતાં "એક મહાન ભૂલ" માં સાગર એનો ઉકેલ સ્પષ્ટ કરતાં કહે છે : ૫૭

પ્રભો ! તું અણલિંગીને લિંગ ભેદે જ કલ્પતાં
શકું રોઇ, પ્રભો ! પ્રીતિ, તને, માશૂક જલ્પતાં.
અન્યથા શી રીતે બોલું મનેન્દ્રિયે અગમ્ય જે ?
સગુણોપાસના દ્વારા માણું નિર્ગુણ બ્રહ્મને. ૫૭

પોતાની હૃદયમૂર્તિ – પ્રણયમૂર્તિ – નિર્ગુણ પરમાત્મ સ્વરૂપ પ્રણયમૂર્તિ – ૐકાર મૂર્તિથી જુદી નથી, એ સમજાવતાં આ જ કાવ્યમાં 'સાગર' સ્પષ્ટ કહે છે : ૫૮

ૐકાર શબ્દ મુજ માશુકની જ મૂર્તિ,
ને કૃષ્ણમાં ભગવતી મુજ મૂલ શક્તિ,
એવી નવી વિધિથી ગોપલીલા ભણું છું,
સંમિશ્ર સ્થૂલ ઇતિવૃત્ત સહુ ગણું છું. ૫૮

---

૫૬. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૩૨૨
૫૭. એજન, પૃ. ૩૨૧, ૩૨૨
૫૮. એજન, પૃ. ૩૧૭

પોતાની સનમની અજબ શક્તિનું યથાર્થ દર્શન કરાવતી પંક્તિઓ જુઓ : ૫૯

કરોડો કૃષ્ણનો આત્મા હવે દિલદાર ! તારામાં,
અહાહા ! ભગવતિ ! તારું અનિર્વચનીય વર્ણન છે!

... ... ...

લાખો ઇસા મસીહ જ્યાં કદમે ઝૂકે છે,
જ્યાં કોટિ કૃષ્ણ ચરણો ચૂમવા મથે છે ;

... ... ...

ને જ્યાં રહે સતત જોગીની લીન વૃત્તિ
તે પ્રેમરૂપ મુજ માશુક બ્રહ્મમૂર્તિ. ૫૮

પોતાના આશક જિગર પ્રત્યેના એના પ્રેમનું વર્ણન કોઇપણ ભાવુકના હૃદયમાં અજબ મસ્તી પ્રગટાવે – એવી પંક્તિઓ – "સનમ કાયમ સમર્પણ છે" – માંથી જોઇએ: ૬૦

બધાં બ્રહ્માંડ ઝબકોળી, હૃદયરસ તરબતર ધોળી,
મને તેં પાઇ એ પ્યાલી ! તું તો એવી કલાલણ છે. ૬૦

સગુણ મૂર્તિપૂજાનો ત્યાગ કરતાં "મૂર્તિ ખસેડાતાં" ગઝલમાં પોતાની "સનમ"નો પરિચય આપતાં "સાગર" કહે છે : ૬૧

મૂર્તિ જતી તે તું નથી, તું તો રુહે રુહથી જડી,
માશૂક શરીર નથી, નથી એ ભૂલવું ના જોઇએ! ૬૧

સમસ્ત વિશ્વની નિયામક સત્તાને પોતાની માશૂક માનનાર આશક જિગર પ્રભુતા – દિવ્યતાનો અનુભવ કરે તેમાં કશી શંકા નથી.

---

૫૮. 'દીવાને-સાગર', દફતર ૧, પૃ. ૩૨૨
૬૦. એજન, પૃ. ૩૩૦
૬૧. એજન, પૃ. ૩૩૧

"સાગર" પોતાની સનમનો યથાર્થ પરિચય આપતાં "મૂર્છના" કાવ્યમાં સ્પષ્ટ કહેછે કે એ સનમના દર્શનની માત્ર ઝાંખીજ હૃદયને મૂર્છના આપે છે. જુઓ : [62]

માશૂક મ્હારી નથી કેવળ કલ્પનાની,
ના વા હવાઇ મુજ પૂતળી ભાવનાની ;
જ્યોતિષ્મતી ભગવતી મુજ વિશ્વરૂપા :
શી ભવ્યતો ! નિરખતાં, અહ ! થાય મૂર્છા

...     ...     ...

માશૂક ? ના નથીજ પ્રાકૃત દેહધારી,
વા સ્થૂલ નેત્ર તણું માત્ર ન લક્ષ્ય થાતી ;
એ મૂર્તિ સૂક્ષ્મતમ વિશ્વ બધાંની સત્તા !
માશૂક એ પ્રભુ ! અનુભવૂં જે પ્રભુતા ! [62]

## ૬ના – આત્મસમર્પણ

પોતાની સનમ પ્રત્યેના અનન્ય પ્રેમને કારણે 'સાગર' તેને માટે સર્વસ્વ સમર્પણ કરવા માટે આતુર બને છે. "સનમ" નો વિરહ વેઠાતો નથી. વિરહના અગ્નિમાં હૃદય પર ખાખ ચોળીને એ અગ્નિનો તાપ ન વેઠાતાં "સાગર" પોતાની સનમ માટે જળી જવાની – ખપી જવાની – સર્વસ્વ સમર્પણ કરવાની એકમાત્ર ભેવના રાખેછે. તે કહેછે :

કરો ટૂકડા પૂરેપૂરા ! લગારે બાકી ના ! ના ! ના !
જિગર આ શાન્ત "સાગર" ને હવે હુંધવાટ છે ના ! ના ! [63]

એનું કારણ પોતે માનેછે તેમ સાચો સ્નેહ સ્વપણાથી હંમેશાં પર હોયછે. સ્વપણાનાં પડળ જેટલાં ઓછાં તેટલું સ્નેહનું સ્વરૂપ વધારે શુધ્ધ. 'સ્નેહયોગના પૂજારી' 'સાગર' દૃઢપણે માને છે કે સ્નેહના સાચા સેવકે તો માત્ર સ્નેહને માટેજ પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દેવું જોઇએ, —

---

૬૨. 'દીવાને સાગર' દફતર ૧, પૃ. ૨૬૬
૬૩.        એજન        પૃ. ૮૫

"સનમ" માટે ખપી જવું જોઇએ. "સાગર" સાચા સ્નેહનો સિધ્ધાન્ત દૃઢપણે રજૂ કરતાં કહેછે :

ફના કરીએ ! ફના થઇએ ![૬૪]
ફના કરવા હુકૂમ કરીએ !
ફનાની શહેનશાહીના –
ફકીરી બાદશાહ છૈયે.

આત્મસમર્પણ કરનાર પ્રણયયોગી પરમાત્મપ્રેમરૂપી મધમાં તન, મન, ધન સર્વસ્વ હોમી દઇને તેનાથી પર રહીને મસ્ત દશામાં નાચતા અને રાચતા 'સાગર' પોતાનો અનુભવ વ્યકત કરતાં કહેછે :

તન મન ધન કુલ ઇઝત આબરૂ શરાબમેં સિલગાયા ![૬૫]
ઉસ ભડકે પર ખડા જોગીકો નાચ નયા શિખલાયા !
હમ યે હિ નાચકા ઘેલા ! જી ! ઔર કીસીકો કયા ?

પોતાની ઐહિક દુનિયાનું આધ્યાત્મિક દુનિયાને માટે સ્વખુશીથી 'સાગર' દફન કરેછે. અને પોતાના સ્વપણાનો વિલય કરીને આધ્યાત્મિક જગતમાં નવી ઝિન્દગી જીવવાનો પ્રારંભ કરેછે. પોતે તો પ્રણયના શેખમાંજ ઐહિક દુનિયાની પણ પર્વા કર્યા વગર ઘેલા ફકીર તરીકે જ રહેવા માંગે છે.

બડી ખુશીસે અપની દુનિયા અપને આપ જલાયા !
આપ જલાકે આપ જીલાના ! ઐસા ભેખ લગાયા !
હમે યે હિ ભેખકા ઘેલા ! જી ! ઔર કીસીકો કયા ?[૬૬]

'સાગર' પોતાના આ ઘેલા હાલને માટે પોતાના સાકીનો આભાર માનેછે. માયાવી દુનિયા 'સાગર'ને માટે મરી ગઇ છે – ડૂબી ગઇ છે. 'સાગર'નો સાકી – મુર્શિદ તે "કલાપી". "કલાપી" પ્રત્યેની કૃતજ્ઞતાનું નિદર્શન કરાવતાં તે કહે છે :

---

૬૪. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૨૭૮
૬૫. એજન, પૃ. ૨૪૪
૬૬. એજન, પૃ. ૨૪૪

સાકી મિલા પીલાનેવાલા ! ઘેલા હાલ બનાયા !
સુર સિંહ ગુરુ રાજ રહમસે, 'સાગર' ! ડૂબ ગઇ માયા !
હમે ઘેલા કહુમાયા ! ૭ ! ઔર કીસીકો કયા ?[૬૭]

પોતાની મિજલસમાં પોતાનું સર્વસ્વ ફના કરવાની તૈયારી કરીને પ્રેમમાં નિખાલસતા ને સચ્ચાઇ તથા નમ્રતા રાખીને જ આવવાનું આશકોને સાગર નિમંત્રણ આપે છે. જુઓ :

ખપી જવું છે પૂરેપુરું ? બધી અક્કલ ગુમાવી છે ?
ભલે તો આવજો આંહી, જિગર હરદમ ઝુકાવીને ![૬૮]

'સાગર'ની આત્મસમર્પણની ભાવનાની તીવ્રતા બધી હદ વટાવી જાયછે. ઐહિક વાસનાઓનો સંપૂર્ણ ત્યાગ કરતાં સાગર એકમાત્ર પરમાત્માને માટે કફનની અપેક્ષા રાખ્યા વગર પોતાનું અસલ વતન એ પ્રેમ દ્વારાજ પ્રાપ્ત થશે એવી એક માત્ર અભિલાષા સાથે દફન કરવાનું સૂચન કરતાં કહેછે :

ના ! ના - અરે - ખપનું કફન :
ના ! ના - ભલે - કરજો દફન :
ચહાવું અને મળવું વતન![૬૯]

હૃદયની એ અધમતા - અહંતાનો લય થતાં હૃદયમાં સાગરને પૂર્ણ પણે પ્રતીતિ થાયછે કે સ્નેહ એજ સત્ય છે. જુઓ :

એ સ્થૂલતા ! અધમતા ! સ્વપણું વિલાતું !
છે સ્નેહ સત્ય : ઉર એજ પ્રતીત થાતું.[૭૦]

અને એટલેજ 'સાગર' સાકીને ફનાના પીપો ઉપર પીપો ભરીને આવવાનું અને પ્રેમની બસી ફના દ્વારા સુણાવવાની વિનતી કરતાં કહેછે :

---

૬૭. દીવાને સાગર, દફતર, ૧-પૃ.
૬૮. એજન, પૃ. ૧૮૩
૬૯. એજન, પૃ. ૨૭૬
૭૦. એજન, પૃ. ૮૨

ફનાનાં પીપ પર પીપો ભરી ભરી આવજે, સાકી !
સુણાવા સારીગમ સૂરીલી, તું બંસી લાવજે, સાકી ![71]

સ્નેહની બંસીનું ગાન "સાગર"ની રગે રગમાં એકમાત્ર સનમનો જ અનુભવ કરાવે છે. પોતાના આ અનુભવની સનમને જો પૂર્ણ પ્રતીતિ ન થતી હોય તો પોતાનું હૈયું ચીરીને તેની ખાત્રી કરવાનું તે એલાન કરે છે. જુઓ :

રગ રગે તું હિ તમામ :
જો ચીરી ! અય ! નેક નામ !
આવશે કશું ય કામ ?
આમ યા જલાવશે ?[72]

એક માત્ર પરમાત્માનું જ અહર્નિશ ચિંતન કરતાં સાગર સનમની સમક્ષ એક દરખાસ્ત રજૂ કરતાં કહે છે કે કાં તો ત્હારું દર્શન મને કરાવ અને જો હું એ દર્શનનો અધિકારી ન હોઉં તો હું મૃત્યુને ભેટવાનું વધારે પસંદ કરીશ. પ્યારની અમર કટાર વડે પોતાની સનમને હાથે કત્લ થવાની ખ્વાહેશ રજૂ કરતાં તે કહે છે :

અગરછું હું તુજ શિકાર :
કત્લનો ય તલબગાર :
પ્યારની અમર કટાર ! -
ઘા પૂરો લગાવશે ?[73]

અને એ ખ્વાહેશ સનમને પૂરી કરવા માટે વિનંતિ કરતાં "સાગર" કહે છે કે મને એને કારણે કશો અફસોસ નહિં થાય કારણકે તે દ્વારા હું દિલબરની હજૂરમાં જઇને સુખ જ પ્રાપ્ત કરીશ. હસતાં હસતાં સનમને હાથે જ જો મોતને ભેટાય તો કોને આનંદ ન થાય ? અને એટલે જ સાગર સ્પષ્ટ કહે છે કે :

---

૭૧. 'દીવાને સાગર', દફતર ૧-પૃ. ૨૪૯
૭૨. એજન, પૃ. ૨૭૩
૭૩. એજન,

થાતાં ઝબેહ ન કરું રુદન :
પહોંચાડજો હસતાં નમન :
દિલ્બર હઝૂર લે લે સુખન
ગર્દન ગઝબ તલપી રહી. [74]

'સાગર'નું જિગર પૂર્ણ શાંતિનો અનુભવ કરે છે. સનમના વિરહના દર્દ ભર્યા તુફાનોનો અંત આવે છે અને એટલે જ તે મોતને ભેટવાનું વિશેષ પસંદ કરે છે.

કરો ટૂકડા પૂરે પૂરા ! લગારે બાકી ના ! ના ! ના !
જિગર આ શાન્ત સાગરને હવે ઘૂઘવાટ છે ના ! ના ![75]

'સાગરે' તો ભર યુવાનીમાં એકવીસમે વર્ષે પોતાના પ્રેમને માટે મરી ફીટવાની અને છતાંય પોતાના એ સમર્પણને જાહેર ન કરતાં કાયમને માટે એ વાતને જિગરમાં જ દફન કરવાની ભાવના રજૂ કરી છે. જુઓ :

ધીડી પૂતળી અમે દિલમાં ! ફના થઇ ! હા! હવે મૌલા!
હમે હિઝરાઇ મરવાના ! છતાં એ વાત કહેતા ના ![76]

જગત તરફની પોતાની બહિર્મુખ દૃષ્ટિ અંતર્મુખ થાય તો જ પરમાત્માની દિવ્ય રોશની જોઇ શકાય. 'સાગર' માને છે કે જગત પ્રત્યેના રાગનું ઝેર આંખમાંથી આંસુ દ્વારા પૂર્ણ પણે ટપકી જાય પછી જ એ સનમની રોશનીનું દર્શન જિગરમાં કાયમને માટે જમાવી શકાય.

જલાવીને બધી દુનિયા, ખુશીથી રોશની જોવી :
નવેસર આંસુની આલમ, અહો ! તાજી કરી દેવી.[77]

---

૭૪. 'દીવાને સાગર' દફતર ૧-પૃ. ૨૭૫
૭૫. એજન, પૃ. ૮૫
૭૬. એજન, પૃ. ૨૬
૭૭. એજન પૃ. ૧૮૩

અને એમ થતાં સનમની પૂર્ણ કૃપા દ્વારા કાયમને માટે પ્રેમનો નશો પ્રાપ્ત થઇ શકે. જુઓ :

હમારે તો સનમની શી, અહોહો ! મહેરબાની છે !
નશો જરી ઉતરે ત્યાં તો, ફરી એ રેડનારી છે ![78]

## આનંદ સમાધિની દશા – સનમ સાથેની એકતાનો સ્વાનુભવ

'સાગર'ની જગતની આધિ-ઉપાધિનો એક માત્ર પ્રેમનામ વડે જ લય પામતાં તે આનંદ સમાધિની ફકીરીની દશા Ecstacy પ્રાપ્ત કરે છે. ઇશ્કની આ બલિહારી છે. તે કહે છે :

આધિ-ઉપાધિ લય પામી સમાધિમાં !
લીધી ફકીરી આઠ યામની રે !
બલિહારી ! બલિહારી પ્રેમનામની ! પ્રેમની.[79]

'સાગરે' પોતાનું તન ને મન પરમાત્માને – સનમને હેતથી અર્પણ કર્યું છે અને એમાં જ એમને આનંદ છે. બીજી કશી વસ્તુની – ખુદ એકતાની પણ એમને અપેક્ષા નથી.

હોમ્યું છે તન મન હેતે, હવે ઘડી –[80]
આવી કે ના વી આરામની રે !

હિદાયતની ગઝલના અનુવાદમાં 'સાગર' પોતાની સનમનો રાહ દર્શાવતાં સ્પષ્ટ કહે છે કે :

દીવાનું વેલું તુજ પ્રેમી, ત્વદર્પિત પ્રાણ તનમન ધન :
ગુલામી કાયમી ત્હારી, સનમનો રાહ એ કહીએ.[81]

---

૭૮. 'દીવાને સાગર', દફતર ૧–પૃ. ૧૮૪.
૭૯. એજન, પૃ. ૨૮૬
૮૦. એજન,
૮૧. એજન, પૃ. ૪૭૯

ફનાના મહેલમાં પ્રવેશતાં 'સાગર' અને સનમ તથા 'સાગર'નો સનમ પ્રત્યેનો પ્રેમ — ત્રણેની મૂળભૂત એકતા પ્રાપ્ત થાય છે એ દર્શાવતાં "સાગર" કહે છે:

લાવી ફનાના મહેલમાં માણે મને મારું સનમ.[82]
ચશ્મે તખત પર દમ બ દમ, હાં! પ્રેમ સાગર છો સનમ.
હર ચીઝમાં હરદમ દીપે ઝળકો સનમ સરકારનો!
'સાગર' અગર ગાજી રહ્યો! હાં! સૂર શો ૐકારનો.

અને આ અનલહકકની સ્થિતિ પ્રાપ્ત થતાં સ્વર્ગની પણ જરૂર રહેતી નથી. જુઓ:

ખપી જવું પ્રેમમાં ત્હારા, સમર્પણ એ હમે કહીએ.
દફન થવું શેરીમાં ત્હારી, હમારું સ્વર્ગ એ કહીએ.[83]

"સાગર" માને છે કે સાચો પ્રેમી તો એક માત્ર પ્રેમનો જ તલબગાર છે અને પ્રેમી ફના દ્વારા પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ-વ્યકિતત્વ ગુમાવી દે છે, અને દિલ્બરમાં જ 'સનાતન હયાતી' પ્રાપ્ત કરે છે. "સાગર" સનમ બંને એક બને છે.

'ફના અલ્ ફના'ની સ્થિતિનો પોતાનો અનુભવ વ્યકત કરતાં "સાગર" કહે છે:

લાવી ફનાના મહેલમાં માણે મને મારું સનમ.
ચશ્મે તખત પર દમ બ દમ, હાં! પ્રેમસાગર છો સનમ.[84]

"સાગર" પોતાની દિલ્બરને જ પોતાનું ઘર માને છે અને ~~સાગરનું પોતાનું ઘર માને છે અને~~ "સાગર"નું પોતાનું વિશિષ્ટ વ્યકિતત્વ લય પામે છે. "સાગર" પોતાનો સ્વાનુભવ વ્યકત કરતાં કહે છે:

...........

[82] 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૯૮

[83] 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૬૧

[84] 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૮૦

હરચીઝમાં હરદમ દીપે ઝળકો સનમ સરકારનો !
'સાગર' અગર ગાજી રહ્યો હાં. સૂર શો ૐકારનો.[૮૫]

'દીવાને સાગર' દફતર બે માં "સાગરે" સનમ સાથેની એકતાનો સ્વાનુભવ વ્યકત કર્યો છે.

સૂફી ફકીર તરીકે "સાગર" ના જીવનમાં પ્રત્યક્ષ થતાં સૂફીનાં લક્ષણો: પ્રણય તપશ્ચર્યા, પશ્ચાત્તાપ, સહનશીલતા, ફકીરીજીવન, પરમાત્મામાં દૃઢ શ્રધ્ધા, હૃદયની વિશુધ્ધિ અને પરમાત્મા પ્રત્યે અનન્ય પ્રેમ – ફના– આત્મ સમર્પણની ભાવના "સાગર" ની વાણીમાં પણ સ્પષ્ટ થાય છે. સૂફી તરીકે 'સાગર"–ના હૃદયનો વિકાસ – આત્મપરીક્ષણ, પશ્ચાત્તાપ અને વિરાગ :૨: ફના – આત્મસમર્પણ, પ્રેમની અનન્યતા :૩: આનંદ સમાધિની દશા – સનમ સાથેની એકતાનો સ્વાનુભવ ત્રણ તબકકાઓમાં સ્પષ્ટ જોઇ શકાય છે.

"સાગરે" સૂફીવાદ અને અજાતવાદની વિચારધારાઓનો સમન્વય કર્યો છે. સૂફીવાદનાં સિધ્ધાંતોમાંથી ફના– આત્મસમર્પણ, પ્રેમની અનન્યતા અને હૃદયની વિશુધ્ધિને આત્મ સાધના માટે "સાગરે" આવશ્યક ગણાવ્યાં છે.

અજાતવાદી તરીકે "સાગરે" સ્વીકારેલા તાત્ત્વિક સિધ્ધાંતો ચતુર્વિધ વર્ગીકરણ વ્દારા વિગતે તપાસીએ.

## અજાતવાદી તરીકે "સાગર"

### પરબ્રહ્મ અને તેનું સ્વરૂપ

'અપ્રસિધ્ધ અક્ષયવાણી'ની ટીકામાં પરબ્રહ્મનું સ્વરૂપ સમજાવતાં "સાગર" લાક્ષણિક રીતે કહે છે:

...........

[૮૫] એજન.

૨૪ તત્વો, ૨૫મી પ્રકૃતિ, ૨૬મો પરમાત્મા, ૨૭મું મહાશૂન્ય–અનિર્વચ્ય, અનન્તાદ્વૈત બ્રહ્મ – અપરિમિત ઘનચક્ર[૮૬]

"નિરંજનવાણી નિર્વાણી" કાવ્યમાં પરબ્રહ્મ સ્વરૂપ સમજાવતાં તે કહે છે કે સગુણ અને નિર્ગુણના ભેદથી–લિંગ-જાતિ ભેદથી પર પરબ્રહ્મનું સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે વૃત્તિ વિનાના થવું જોઈએ, જુઓ:

સગુણ, નિર્ગુણ પરાથી પર–
અલિંગી બ્રહ્મ અન્તર ભર[૮૭]

"પ્રજ્ઞાન ભાનુ જલ રહા" ગઝલમાં પોતાનો આત્માનુભવ વ્યકત કરતાં 'સાગર' સ્પષ્ટ કહે છે કે પરબ્રહ્મ અણલિંગી છે. જુઓ:

અણલિંગી બ્રહમનં આપમેં, જયોતિ નિરંજન જલ રહા.[૮૮]

'અપ્રસિધ્ધ અક્ષયવાણી'ની ટીકામાં 'સાગર' અણલિંગી શબ્દ વિસ્તારથી સમજાવે છે.

બ્રહ્મ નિર્ગુણ છે– જાતીયતાથી પર (Beyond Sex) છે. જયાં સુધી જીવાત્માનું જીવપણું પૂરેપુરું જતું નથી એટલે કે વાસનાનો શેષ માત્ર પણ તેનામાં રહે છે ત્યાં સુધી તેનું વાસનાલિંગ લય પામ્યું ગણાતું નથી.

સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણને સુધ્ધાં લિંગ ગણવામાં આવે છે. ભોગ, યોગ, જ્ઞાન અને મોક્ષલિંગ એવા નામથી પણ તે સ્થિતિઓ ઓળખાય છે. શાસ્ત્રકારોએ કાર્ય કારણ, ઇચ્છા, વાસના અને ભાવનાનાં લક્ષણો ઉપરથી આ નામોની ક્રમિક યોજના કરી છે. આ સર્વ લિંગથી પર તે અણલિંગી –તેજ કૈવલ્યરૂપ[૮૯]

...........

૮૬ 'અપ્રસિધ્ધ અક્ષયવાણી', ટીકા, પૃ. ૨૪૨

૮૭ 'દીવાને સાગર', દફતર–૨, પૃ. ૧૧૧

૮૮ એજન, પૃ. ૧૩૨

૮૯ 'અપ્રસિધ્ધ અક્ષયવાણી', ટીકા, પૃ. ૨૪૫

પૂર્ણબ્રહ્મનું સ્વરૂપ સમજાવતાં 'જયજય પૂરણ બ્રહ્મ' પદમાં "સાગર" કહે છે કે જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીયા- આ ચાર અવસ્થાઓ તેમજ સત્ત્વ, રજસ્ અને તમસ્ આ ત્રણ ગુણથી પણ પર પરબ્રહ્મનું સ્વરૂપ સ્વરૂપાતીત છે.

તુરીયાતીત - તિગુન કે પારા
સ્વરૂપાતીત સ્વયમ્! બાબા!
જય જય પૂરન બ્રહ્મ[૯૦]

વેદાન્તમાં પરબ્રહ્મને અનંત શાશ્વત સત્ય તરીકે ગણાવવામાં આવે છે. વસ્તુતઃ પરબ્રહ્મ- સગુણ અને નિર્ગુણ એવા તેના ભેદ યોગ્ય નથી. "સાગર" એક પત્રમાં ત્રિગુણાતીત પરમાત્માનું વર્ણન કરતાં કહે છે:

"પરમાત્મા પોતે અનન્ત દયા છે, અનન્ત વાત્સલ્ય છે, અનન્ય પ્રેમ છે, અનન્ત પ્રજ્ઞાન છે... હું- તું- તે વગેરે સર્વનામો એ અનન્ત દયા અને એ અનન્ત પ્રજ્ઞાનનાં વિશેષણો ગણો કે એ અનન્ત દયા અને અનન્ત જ્ઞાનની છાયા ગણો પણ એ અનન્ત વાત્સલ્યથી વિમુખ એવું કશું જ નથી અને હોઇ શકે નહીં!"[૯૧]

પરબ્રહ્મનું સ્વરૂપ નિર્ગુણ છતાં સગુણ અને સગુણ છતાં નિર્ગુણ છે. 'દીવાને સાગર', દફતર-૧ માં 'અલખ ગુરૂધામ'માં "સાગર" બ્રહ્મ સ્વરૂપ આ રીતે સમજાવે છે:

ગુણ, રૂપ ને નામથી ન્યારા રે,
તો યે ગુણ, રૂપ નામ અપારા રે.
બ્રહ્મ સાગર હરિ ૐકારા.[૯૨]

...........

[૯૦] 'દીવાને સાગર', દફતર -૨, પૃ. ૧૩૭

[૯૧] "'સાગર'ની પત્રરેખા," પૃ. ૩૬૮

[૯૨] 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૧૭

"જય જય કાર" માં પણ 'સાગર' પોતાનો અનુભવ વ્યકત કરતાં કહે છે:

હાં રે- કોઇ કહે એ સગુણ છે: કહે કોઇ નિર્ગુણ,
અનુભવ ઉભય યથાર્થ હાં! વસ્તુ સત્ સૂનમુન.[૯૩]

"રામની રમ્યતા છે" પ્રભાતિયાંમાં પણ "સાગરે" પરબ્રહ્મના સગુણ, નિર્ગુણ ઉભય સ્વરૂપનો સ્વીકાર કર્યો છે.

વેદ વેદાન્ત છે, શાસ્ત્ર સિધ્ધાંત છે,
સન્ત જન રોજ હરિમાં બિરાજે,
બ્રહ્મ નિર્ગુણ તણાં સગુણ દર્શન ભરી,
શાન્તિમાં હૃદયનો વિલય કીજે.[૯૪]

'અપ્રસિધ્ધ અક્ષયવાણી'ની ટીકામાં પરમાત્માનું સ્વરૂપ સમજાવતાં "સાગર" શ્રી. શંકરાચાર્યજીના નિર્વાણષટ્કના શ્લોકનો નિર્દેશ કરતાં કહે છે:

" चिदानन्द रूप: शिवोऽहम् शिवोऽहम् ।। તે નિરંજન- તે ॐ — તે પરમાત્મા - તે પ્રભુ.

પરમાત્મા અથવા બ્રહ્મ ઇન્દ્રિયને અગોચર છે. મન, બુધ્ધિ, ચિત્તને ઇન્દ્રિય માત્રને ત્યાં જવું અશકય છે. પરમાત્માનું સ્વરૂપ નિર્ગુણ, નિરંજન નિરાકાર અને તેથી અગોચર Mysterious છે".

કેવલાદ્વૈત મતનો સ્વીકાર કરતાં "સાગર" આ ટીકામાં કહે છે: "ત્રિગુણાતીત પરમાત્મા એટલે - સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રિગુણી માયાના ત્રણે ગુણોથી પર, તે નિરંજન; આથી ઉલટું, ત્રિગુણાત્મક માયાના દેહ રૂપી પુરમાં પુરાયેલો તે પુરંજન-જીવ."[૯૫] પરબ્રહ્મ સ્વરૂપ સમજાવતાં ટીકામાં "સાગર" કહે છે:[૯૬]

...........

[૯૩] 'દીવાને સાગર', દફતર-૧, પૃ. ૪૨૨
[૯૪] 'દીવાને સાગર', દફતર-૧, પૃ. ૪૧૧
[૯૫] 'અપ્રસિધ્ધ અક્ષયવાણી' ટીકા, પૃ. ૨૩૬
[૯૬] એજન.

"ત્રિગુણાતીત બ્રહ્મ, ત્રણ લોક, ત્રણ ગુણો, ત્રણ શરીરો, ત્રણ સ્થિતિઓ અને ત્રણ દેવો તે તમામથી પર છે - અતીત છે."[૯૭]

અને એટલે જ "સાગર" સ્પષ્ટ કહે છે: પરમાત્માનું રાજ્ય બાવનથી બહાર - વાણીના પ્રપંચથી પર છે.[૯૮] સરખાવો:

યતો વાચો નિવર્તંતે અપ્રાપ્ય મનસા સહ વગેરે ॥

- શ્રીમદ્ ભાગવત.[૯૮]

પરબ્રહ્મની સગુણપૂજા દ્વારા- પરમાત્માના અનંત નામમાંથી ગમે તે નામ દ્વારા પરમાત્માને પામી શકાય છે. સગુણ ભક્તિની ભાવનાનું સ્વરૂપ સમજાવતાં એક પત્રમાં "સાગર" કહે છે:

ગમેતે નામ લ્યો, ભગવન! ગમે તે એકની જરૂર છે અને તે ભલે રામ હો કે ભીમ હો; કૃષ્ણ હો કે કેદાર હો, અલ્લાહ હો કે યુસુફ હો; મહમદ હો કે માશૂક હો; દેવ હો કે દિલ્બર હો- ગમે તે હો પણ એમાં અનન્ત ગુણની અનન્તરૂપની અને અનન્ત નામોની અનન્ત ગણી એકીકૃત ભાવના જામેલી હોય અને ક્ષણ ક્ષણ એના જ ચિન્તનમાં આત્માનુભવ રહે તો બસ છે- બેડો પાર છે.[૯૯]

કબીર તેમજ અખાજીએ પ્રણવમંત્ર ૐકારના મૂલમંત્રને શબ્દ તરીકે પ્રાધાન્ય આપ્યું છે. નિર્ગુણ નિરંજન બ્રહ્મનું શબ્દ પ્રતીક પ્રણવમંત્ર - ૐકાર છે. છાંદોગ્ય, કઠ, તૈત્તિરીય, અને માણ્ડુક્ય ઉપનિષદોમાં તેમજ શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ ૐ એકાક્ષરી બ્રહ્મનું મહત્ત્વ નિરૂપાયું છે. "સાગર" પણ અપ્રસિધ્ધ અક્ષયવાણીની ટીકામાં બાવન અક્ષરથી પર ત્રેપનમો અક્ષર તે ૐકાર માટે તે આદિ શબ્દ - પ્રણવ છે- એમ કહી પ્રણવમંત્રનું મહત્ત્વ સમજાવતાં કહે છે:

...........

[૯૭]એજન, પૃ. ૨૪૪

[૯૮]એજન.

[૯૯]"સાગરની પત્રરેખા," પૃ. ૧૯૬

આ ૐ એટલે પરમાત્માનું વા અનાદિ અનન્ત સત્, ચિત્, આનન્દઘન બ્રહ્મનું નિરૂપણ કરનાર પ્રતીક મંત્ર, આદ્યક્ષર (Initial of God) [100]

'સાગરે' ટીકામાં સમજાવ્યું છે કે જૈન, બૌધ્ધ તેમજ ઇસ્લામી શાસ્ત્રોમાં પણ આ મહામંત્રનો જ મહિમા સ્વીકારાયો છે. ગ્રીક ભાષાનો 'ઓમેગા' શબ્દ અંતિમ વ્યંજન માટે વપરાય છે તેનું સ્વરૂપ 'મહાશૂન્ય'નું છે. આ 'મહાશૂન્ય' એટલે પૂર્ણ બ્રહ્મ.[101] આ મહામંત્રનો સ્વીકાર બાઇબલમાં પણ કરવામાં આવ્યો છે એમ કહી 'સાગરે' ટીકામાં બાઇબલનું નીચેનું અવતરણ નોંધ્યું છે:

"પ્રારંભમાં શબ્દ હતો- જ્યારે કશું જ ન હતું, ત્યારે શબ્દ હતો: પ્રભુ પોતે શબ્દ છે- શબ્દ પોતે પ્રભુ છે."[102]

આ ટીકામાં "સાગરે" પોતાનો અભિપ્રાય દર્શાવતાં સ્પષ્ટ કહે છે કે "આ પ્રમાણે વેદોએ, કુરાને, બાઇબલે અને જૈન બૌધ્ધાદિએ બતાવેલો અને કબૂલેલો આ ૐ એ જ પરમાત્મા છે. ૐ એજ પ્રભુ છે."[103]

પ્રણવમંત્રનો અર્થ સમજાવતો નકશો પણ "સાગરે" ટીકામાં સામેલ કર્યો છે આ નકશામાં અથર્વોપનિષદ્નું અવતરણ આપી "સાગર" કહે છે કે: જેનું ઉચ્ચારણ પ્રાણોને ઊંચે ચડાવી દે છે, તે ૐકાર મંત્ર છે. બધા પ્રાણોને પરમાત્મામાં પૂરેપુરા શમાવી દે છે, તેથી કરીને તે પ્રણવ - પરમાત્મા છે- ૐ પ્રભુજી છે.[104] આ નકશામાં પ્રણવમંત્રના સમજાવેલા ગૂઢાર્થને ધ્યાનમાં લઇને "સાગરે" [redacted] પોતાનો જીવનમંત્ર પણ " ૐ પ્રભુજી" રાખ્યો હતો. જુઓ:

ક્ષણ ક્ષણ ખુલ્લું છે મન્દર પ્રભુનું જ્યાં જુઓ ત્યાં ઘર -
રહી [redacted] રેલાઇ સુખ સાગર અહોહો - ૐ પ્રભુજી છે.[105]

...........

૧૦૦ 'અપ્રસિધ્ધ અક્ષયવાણી', ટીકા પૃ. ૨૩૦- ૨૩૧
૧૦૧ એજન, પૃ. ૨૩૧-૨૩૨
૧૦૨ 'અપ્રસિધ્ધ અક્ષયવાણી', ટીકા પૃ. ૨૩૨
૧૦૩ એજન, પૃ. ૨૩૩
૧૦૪ એજન, પૃ. ૨૩૪-૨૩૫
૧૦૫ 'દીવાને સાગર' દફતર ૧, પૃ. ૩૬૩

એક પત્રમાં પણ "સાગર" કહે છે કે બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ માટે પ્રણવ મંત્રનો જપ કરવો આવશ્યક છે. જુઓ:

આઠે પહોર સોહંકારનો વા ૐકારનો અજપાજાપ અંદર અનુભવાયાં કરે અને વૃત્તિનું તાદાત્મ્ય જામી જતાં પરિણામે ધ્યાતા ધ્યેયરૂપતામાં લીનતા પામે.[૧૦૬]

પ્રણવમંત્રના જપનું મહત્ત્વ "પિછાન છે" પદમાં પણ "સાગરે" સમજાવ્યું છે. જુઓ:

સાગર જપે હરિ ૐ પ્રેમ! શાન્તિ!
ઉરે "તું હિ તુંહિ" તાન છે રે.
ૐ શાન્તિનાં મારે પિછાન છે.[૧૦૭]

કૃષ્ણની સગુણ ભક્તિ સમજાવતાં "રટણ" પદમાં પણ "સાગર" કહાનકુંવર ૐકારનું જ રટણ કરે છે. જુઓ:

ફિરત ફિરત તોહે પાયા પિયારો -
કહાનકુંવર ૐકાર.
હે મન! "તું હિ તું હિ" રટ દિલદાર.[૧૦૮]

"જી! હાં! લ્યો- ચલવી લ્યો કાતિલ" ગઝલમાં "સાગર" પોતાની સનમનો પરિચય આ રીતે આપે છે.

તમારું નામ ૐશાન્તિ
તમે જ્યોતિ - નથી ભ્રાન્તિ.
ત્રિગુણાતીત શી કાન્તિ! જી! હાં! ૐધૂન મચાવા દો.[૧૦૯]

...........

૧૦૬ "સાગરની પત્રરેખા", પૃ. ૧૯૬

૧૦૭ દીવાને સાગર, દફતર ૧, પૃ. ૩૯૧

૧૦૮ એજન, પૃ. ૪૮૫

૧૦૯ એજન, પૃ. ૩૮૨

"અલખપુર"માં પણ "સાગરે" પ્રણવમંત્રની જ ઉપાસના કરી છે.

રટો ૐકાર ૐકારા- જપો સોહં સોહંકારા
વહે હરદમ અમીધારા- નિરાલંબા નિરાકારા[૧૧૦]

પોતાની સનમનું નામ ૐ છે. પ્રણવમંત્ર પરબ્રહ્મથી વ્યતિરિકત પોતાની સનમનું અસ્તિત્વ નથી એ સમજાવતાં સાગર "સનમનું નામ" પદમાં સ્પષ્ટ કહે છે:

નામ છે! નામ છે! નામ છે રે-
મારી સનમનું ૐ ૐ નામ છે.[૧૧૧]

જગત અને બ્રહ્મનો સંબંધ:

આ જગત વસ્તુતઃ બ્રહ્મસ્વરૂપ છે એ સમજાવતાં એક પત્રમાં "સાગર" સ્પષ્ટ કહે છે કે:

"વસ્તુતઃ એ સમાજ જાતે પૂર્ણ છે અને નારાયણ સ્વરૂપ છે. નિર્ગુણ બ્રહ્મના સગુણ સ્વરૂપમાં ખામી અથવા સુધારાને અવકાશ લાગે છે. એ ત્રીજી આંખ નહીં ઉઘડયાનું જ પરિણામ છે."[૧૧૨]

માયાને કારણે જગત દેખાય છે પણ વસ્તુમાં તો માયાનો પર્વત વન્ધ્યાપુત્રે આકાશમાં બનાવેલો અને ઉધનારાને જ નડતો છે એમ સમજાવી "સાગર" એક દૃષ્ટાંત દ્દારા જગત અને બ્રહ્મની એકરૂપતાનું પ્રતિપાદન કરતાં આજ પત્રમાં સ્પષ્ટ કહે છે:

"અન્ધારું હોય ત્યાં પ્રકાશ જોઇએ પણ ત્રિકાલાબાધિત બ્રહ્મ સૂર્યનો પ્રકાશ જ અજવાળું ફેલાવ્યા કરતો હોય ત્યાં દીવો લઇને ફરનારનો હાસ્યને પાત્ર છે. વસ્તુ સ્વરૂપ સ્થિતિમાં જગત અને બ્રહ્મ એવા બે પદાર્થો નથી એમ વેદો અને ઉપનિષદો કહે છે. સ્વાનુભવ પણ એ જ સાક્ષી પૂરે છે."[૧૧૩]

............

[૧૧૦] એજન, પૃ. ૩૬૯

[૧૧૧] એજન, પૃ. ૩૭૯

[૧૧૨] "સાગરની પત્રરેખા" પૃ. ૯૬

[૧૧૩] એજન, પૃ. ૯૮

વસ્તુતઃ હકીકતમાં જગત બ્રહ્મનું જ સગુણ સ્વરૂપ છે. સર્વત્ર બ્રહ્મ તત્ત્વ જ વિલસી રહ્યું છે. પોતાનો અનુભવ "ભોજન" પદમાં પણ 'સાગરે' વ્યકત કર્યો છે. જુઓ:

જીવનમુકત જગત હકીકતમાં વિલસત કેવળ બ્રહ્મ.[૧૧૪]

'સાગરે' પોતાનો આત્માનુભવ 'અનુભવ બ્રહ્મ હમારો' પદ દ્વારા આ પ્રમાણે વ્યકત કર્યો છે:

કિસીકો ન નિન્દુઃ મૈં વન્દુ કિસીકો? કોઉ નહીં મોસે ન્યારો.[૧૧૫]

"ગૂડ મોર્નિંગ" ગઝલમાં પણ "સાગરે" સર્વત્ર પરબ્રહ્મ જ વિલસી રહ્યું છે એ આત્માનુભવનું જ નિરૂપણ કર્યું છે. જુઓ:

અહો! હો! હો! "નથિંગ બટ વન!"
નથી સાગર મગર આત્મના
સુમન સોરંગી નિવર્સિન સનાતન હું જ ગુડ મોર્નિંગ.[૧૧૬]

જગત અને બ્રહ્મ બંને વસ્તુતઃ એક જ છે પણ જ્યાં સુધી દેહાધ્યાસનું નાનકડું "હું" ઓગળી જાય નહિ ત્યાં સુધી જગતનું પરબ્રહ્મ સ્વરૂપે દર્શન થતું નથી એ સમજાવતાં એક પત્રમાં "સાગર" સ્પષ્ટ કહે છે:

જગતને જોવાની ખરી દૃષ્ટિ જ એ છે કે તેને નિર્ગુણ બ્રહ્મનું સગુણ સ્વરૂપ જોવું અને દેહાધ્યાસનું નાનકડું "હું" ઓગળી ગયા પછી, એની મેળેજ અચાનક જ अहम् ब्रह्मास्मि નું મોટામાં મોટું "હું" સર્વત્ર અને સર્વકાલ જાગતું જ અનુભવાય છે ત્યાં તો આખું જગત જ જગતરૂપે નહીં પણ બ્રહ્મની સુંદરમાં સુંદર મૂર્તિરૂપે પ્રત્યક્ષ થાય છે અને ખરી હકીકત પણ એ જ છે કેઃ બે આંખે જણાતી વસ્તુમાત્ર બાલરૂપે ભ્રમ માત્ર છે. પણ ત્રીજી આંખે જોતાં બ્રહ્મ સિવાય કોઇપણ ભિન્ન વસ્તુ વિદ્યમાન જ નથી. હું- તું- તે એ બધા સર્વનામો એક જ સર્વોપરિ નારાયણમાં નામમાં ઓગળી જાય છે.[૧૧૭]

...........

[૧૧૪] દીવાને સાગર, દફતર ૧, પૃ. ૩૫૬

[૧૧૫] દીવાને સાગર, દફતર ૧, પૃ. ૩૭૨

[૧૧૬] એજન, પૃ. ૩૬૧

[૧૧૭] "સાગરની પત્રરેખા" પૃ. ૧૫૯-૧૬૦

આજ તત્વ સિધ્ધાંત સમજાવવાં માટે માતાજી ॐ કારેશ્વરીને લખેલા એક પત્રમાં "સાગરે" એક દૃષ્ટાંત આપ્યું છે. જુઓ:

"ધરતીની નીચે પાણી દરેક જગાએ છે પણ જે ખોદી કાઢે એનું જ કામ એમ બ્રહ્મ તો સર્વત્ર છે અને બ્રહ્મજ્ઞાન પણ સર્વત્ર છે પણ જે રગે રગે હરદમ અનુભવે એનું જ કામ."[૧૧૮]

<u>પિંડ અને બ્રહ્માંડનો સંબંધ</u>

અપ્રસિધ્ધ અક્ષયવાણીની ટીકામાં સાગરે જીવ અને પરબ્રહ્મ વચ્ચેનો તફાવત પણ દર્શાવ્યો છે. જુઓ:

પિંડ એટલે ન્હાનું હું - વ્યકિત, (Micro-cosm)

બ્રહ્માંડ એટલે મ્હોટું હું- સમષ્ટિ (Macro-cosm) આ બન્ને વચ્ચેનો અભેદી સંબંધ નિત્ય નિરંતરનો તેમજ અનુભવગમ્ય છે.

પિંડ = ન્હાનું - ન્હાનામાં ન્હાનું બ્રહ્માંડ.
બ્રહ્માંડ = મ્હોટામાં મોટો પિંડ.[૧૧૯]

"સાગર" પિંડ અને બ્રહ્માંડની એકતાનો સ્વાનુભવ કરનાર મુકત પુરુષ માટે કહે છે.

જે મુકત પુરુષે આ બન્નેની એકતાનો સ્વાનુભવ કર્યો છે, તેનો પિંડ બ્રહ્માંડ ભેદીને એવી મહામુકતની ભૂમિકામાં વિહરે છે, કે જયાં આ લોક કે પરલોકના કારણનો ઉદ્ભવ જ નથી, તેમજ વાણી વડે એ ભૂમિકાનું નિરૂપણ સંભવતું નથી. કેમકે "ધ્યેય" અને "ધ્યાતા" એવું બેપણું જે પૂર્વે હતું તે હવે લય પામ્યું છે. જગત કે જગતની જંજાળ જયાં છે જ નહીં, એવા કાયમના સ્વરૂપની સંસ્થિતિમાં આ લયયોગી બ્રહ્મમાં બ્રહ્મરૂપે ભળી જાય છે.[૧૨૦]

...........

[૧૧૮] "સાગરની પત્રરેખા", પૃ. ૫૦૭

[૧૧૯] અપ્રસિધ્ધ અક્ષયવાણી, ટીકા, પૃ. ૨૫૫

[૧૨૦] એજન.

જીવ અને શિવની એકતાનો સ્વાનુભવ ક્યારે થાય? એ સમજાવતાં ટીકામાં "સાગર" સ્પષ્ટ કહે છે કે:

"જીવનું પૂરેપૂરું જીવપણું (એટલે વેદાન્ત શાસ્ત્રમાં જેને "દેહાભિમાન" કહે છે તે દેહાભિમાન) શિવમાં વિલય થવાથી રસો વૈ સઃ। એ શ્રુતિની ઋચાનો રસરૂપતાનો તેને અખંડ સ્વાનુભવ થાય છે."[121]

સન્તોની વાણીના "અખાજીની પ્રણાલિકા" નામક ઉપોદ્ઘાતમાં (પ્રણાલિકાના સંતોની વાણીમાં) વ્યક્ત થયેલા તાત્ત્વિક સિધ્ધાન્તોની ચર્ચા કરતાં સાગર જીવાત્માનું પરમાત્મામાં સર્વતઃ ઓત્મીકરણ - લય કરવા માટે મનુષ્યજીવનમાં કયું મૂળ તત્ત્વ છે એ સમજાવતાં કહે છે કે:

"પ્રેમ એ જ મનુષ્યજીવનમાં એવું અદ્ભુત મૂળ તત્ત્વ છે કે જે પરમાત્માનું દર્શન કરાવે એટલું જ નહીં, પણ પરમાત્માના અપિરિચ્છિત ચિદ્ઘનરૂપમાં મનુષ્યનું -જીવાત્માનું ઓત્મીકરણ કરે, જીવને શિવ બનાવે."[122]

પોતાનાં પત્ની માતાજી ભાગીરથીને લખેલા એક પત્રમાં જીવાત્માએ પોતાની જોવાની દૃષ્ટિ બદલવી જોઇએ એ સમજાવતાં કહે છે:

મને "એવું લાગે છે કે આ બધા માટીના ઘાટ જે આપણે બાળક, યુવાન વૃદ્ધના તેમજ પુરુષના અને સ્ત્રીના જોઇએ છીએ તે ઘાટ જોવામાં એટલી ભૂલ કરીએ છીએ કે તેનામાં રહેલા પરમાત્માને આપણે ઘાટ જોતી વખતે ભૂલી જ જઇએ છીએ. એ માટીના ઘાટ આપણે જેટલા પ્રમાણમાં ભૂલીએ તેટલા પ્રમાણમાં આપણે પરમાત્માની સાથે સંબંધ રાખવાને લાયક થઇએ." "સાગરની પત્રરેખા", પૃ. ૨૪૮

સૂફીવાદની પરિભાષામાં પણ સાગરે જીવ શિવની એકતા સમજાવી છે "ગુજરાતી ગઝલિસ્તાન"માં ગુજરાતીમાં ગઝલનું સાહિત્ય નામક દિબાચામાં સાગર સૂફીવાદમાં સ્વીકારવામાં આવેલી પ્રેમની છેલ્લી સ્થિતિ - હકીકત સમજાવતાં કહે છે:

...........

[121] એજન, પૃ. ૨૫૪

[122] સંતોની વાણી- અખાજીની પ્રણાલિકા-ઉપોદ્ઘાત, પૃ. ૫૪

આશક જાતે પ્રેમી બની જઇને પોતાનું તમામ વ્યકિતત્વ (દેહાત્મભાવ) પ્રેમમાં (બ્રહ્મમાં) ગુમાવી દે છે. શબ્દાન્તરે કહીએ તો, તે પોતે "પોતા"ને ભૂલી જવા માંડે છે અને જાતેજ પ્રેમ બનવા માંડે છે. પ્રેમની આ છેલ્લી સ્થિતિના જ્ઞાનને "હકીકત" કહે છે.[૧૨૪]

જીવાત્મા અને પરમાત્માની મૂળભૂત એકતાનો સૂફીવાદમાં પણ સ્વીકાર કરવામાં આવ્યો છે. 'ગુજરાતી ગઝલિસ્તાન'ના ઉપોદ્ઘાતમાં સાગરે સૂફીવાદ અને વેદાન્તની સમરૂપતા સમજાવી છે. વેદાન્તના अस्ति અને नास्ति-ના વ્યંજક બલી અને નેસ્તી તેમજ અનલહક શબ્દો સૂફીવાદમાં પણ છે. વેદાન્તનું વાણીનું દૃષ્ટાંત આપતાં સાગર સ્પષ્ટ કહે છે કે: "સૂફીઓ માને છે કે આત્માથી પરમાત્મા અભિન્ન છે. જીવાત્મા "ઇશ્વર"માંથી બનેલો નહીં પણ ખુદ "ઇશ્વરનો" બનેલો છે અને અગ્નિની ચીનગારીઓ મૂલ અગ્નિથી જેમ જુદી નથી- સમુદ્રનાં તરંગો જેમ સમુદ્રથી જુદા નથી તેમજ જીવાત્મા પરમાત્માથી જુદો નથી એવો સૂફીનો તત્ત્વસિધ્ધાન્ત છે. સૂફીવાદના સિધ્ધાંતોમાં સગુણ અને નિર્ગુણ ભકિતનું ક્રમિક નિરૂપણ અને અનુસરણ છે."[૧૨૫]

સૂફીવાદ પ્રમાણે પરબ્રહ્મ સ્વરૂપ સમજાવતાં સાગર કહે છે:

"પરમાત્મા અનાદ્યાનન્ત, સૌન્દર્ય અને પ્રેમસ્વરૂપ અને સચરાચર વ્યાપ્ત છે, અને તેના સિવાયનો સ્નેહ એ માયા છે." [૧૨૬]

ફના-ફી-શય, ફના-ફી-શેખ, ફના-ફી-રસુલ, અને ફના-ફી લ્લાહ એ ચાર પગથિયાં સૂફી ઇશ્કનાં ક્રમિક આરોહણો છે. છેવટની સ્થિતિ ફના-ફી-લ્લાહ સમજાવતાં સાગર કહે છે:

............

[૧૨૪] ગુજરાતી ગઝલિસ્તાન - ગુજરાતીમાં ગઝલનું સાહિત્ય, ઉપોદ્ઘાત, પૃ. ૧૪

[૧૨૫] એજન, પૃ. ૧૫

"ફના-ફી-લ્લાહ એટલે પ્રભુમાં સર્વસ્વ સમર્પણ. આ છેલ્લા હાલનો આત્માનુભવ થતાં સુફી આશક જીવ-મુક્ત થાય છે. ब्रह्मविद् ब्रह्मैव भवति । એ તે અનુભવે છે. ... ... તે "નવું જીવન - બ્રહ્મજીવન" પામે છે. "ફના" પછીની એ દશાને સૂફીની પરિભાષામાં "બકા-બાદ્-ઉલ્-ફના" કહે છે".[૧૨૭]

બકા-બાદ્-ઉલ્-ફનાની સ્થિતિ પ્રાપ્ત થતાં સૂફી આશક નવી દ્રષ્ટિ પ્રાપ્ત કરે છે. સૂફીવાદમાં માનવામાં આવે છે કે પ્રેમબ્રહ્મ સચરાચર વ્યાપ્ત છે. અને તેનું વિરાટ સ્વરૂપ જોવું, પૂજવું અને છેવટે તેમાં લીન થઇને ગુમ થઇ જવું એજ આ શરીરધારણનો મહાન હેતુ છે.[૧૨૮]

શરીરધારણ સાર્થક કરવા માટે જીવાત્માએ પોતાના હું પણાનો લય કરવો જોઇએ એ વેદાન્તમતનો સૂફીવાદમાં પણ સ્વીકાર કરાયો છે એ સમજાવતાં "સાગર" સ્પષ્ટ જ કહે છે.[૧૨૯]

જીવની સ્થૂલ દ્રષ્ટિએ આરોપેલું જગતપણું પૂરેપુરું બાદ કરતાં પૂર્ણબ્રહ્મનું વિરાટ રૂપ જ રહે છે. દેહાત્મભાવનાનું "હું" લય પામે છે— अहं ब्रह्मास्मि — નું સર્વસામાન્ય "હું" જાગે છે જે પૂર્ણ છે.

જીવાત્માની સ્થૂલ દ્રષ્ટિ પરમાત્મપ્રેમ દ્વારા અદ્રશ્ય થતાં સર્વત્ર પરબ્રહ્મનું જ દર્શન થાય છે એ સમજાવતાં સાગર સ્પષ્ટ જ કહે છે કે વ્યકિતમાં સમષ્ટિને અને તેના નિયામકને જોવાની અદ્ભુત આંખ આશકને પ્રેમે પોતે જ નઝર કરેલી હોય છે. અને આશક જાતે જ્યાં સુધી "બકા"ના હાલમાં આવે ત્યાં સુધી આખી દુનિયાને પોતાની આંખો લગાડવાને અસમર્થ હોય છે.[૧૩૦]

...........

[૧૨૭] એજન, પૃ. ૧૭.

[૧૨૮] એજન, પૃ. ૨૦.

[૧૨૯] એજન, પૃ. ૨૧.

[૧૩૦] એજન, પૃ. ૨૨.

સાગરે માતાજી ૐકારેશ્વરીને તત્વજ્ઞાનનો બોધ આપવા માટે લખેલા પત્રોમાં જીવાત્મક અને શિવાત્મક એમ બે પ્રકારના પ્રવાહોનો ઉલ્લેખ કર્યો છે. જીવાત્માએ પોતાના હું પણાનો- દેહાભિમાન અને લિંગભાવનાનો ગુરુગમ દ્વારા પરબ્રહ્મમાં લય કરવો જોઇએ. આ માટે અધિષ્ઠાનભેદનું મહત્વ પણ તેમણે સમજાવ્યું છે.[131]

સૂફીવાદમાં પણ પરબ્રહ્મને જ સનમ તરીકે - હૃદયમૂર્તિ તરીકે ગણીને ઉપાસના કરવી જોઇએ એમ સ્વીકારાયું છે.[132]

"સાગર" પોતાની સનમનો પરિચય "દિલને રજા" ગઝલમાં આ પ્રમાણે આપે છે:

મારી સનમ ખુદ છે ખુદા, કાં બેસબબ ઝૂકવું?
દૂર જા! જિગર! સાગર! અગર બસ આંસુમાં તરવું.[133]

"એક મહાન ભૂલ" કાવ્યમાં પણ સાગરે પોતાની માશૂકનો પરિચય આપ્યો છે.

ૐકાર શબ્દ મુજ માશૂકની જ મૂર્તિ
ને કૃષ્ણમાં ભગવતી મુજ મૂલ શકિત[134]

પોતાની સનમ અણલિંગી બ્રહ્મથી વ્યતિરિકત નથી, એમ જણાવી નિર્ગુણ બ્રહ્મની સગુણોપાસનાનું પોતાનું ધ્યેય સમજાવતાં આજ કાવ્યમાં સાગરે પોતાની ભાવના સ્પષ્ટરીતે રજૂ કરી છે:

...........

131 "સાગરની પત્રરેખા", પૃ. ૫૭૮-૮૨

132 ગુજરાતી ગઝલિસ્તાન - ગુજરાતીમાં ગઝલનું સાહિત્ય -ઉપોદ્ઘાત, પૃ. ૧૭

133 દીવાને સાગર, દફતર ૧, પૃ. ૨૯૯

134 એજન, પૃ. ૩૧૭

[illegible]

પ્રભો! તું અણલિંગીને લિંગભેદે જ કલ્પતાં,
શકું રોઇ, પ્રભો! પ્રીતિ, તને, માશુક જલ્પતાં.

o o o

અન્યથા શી રીતે બોલું મનેન્દ્રિયે અગમ્ય જે.
સગુણોપાસના દ્વારા માણું નિર્ગુણ બ્રહ્મને.[1] [135]

પોતાની માશૂક પ્રેમસ્વરૂપ પરમાત્મા સર્વાતીત છતાં સૌમાં વ્યાપ્ત છે પ્રેમબ્રહ્મની એમની ઝંખના આ પંક્તિઓ દ્વારા વ્યકત થઇ છે.

સર્વાતીત છતાં સૌમાં વ્યાપ્ત તું સર્વદા, વિભો,
છતાં, તેં દીધી જે ઝાંખી તે પ્રેમબ્રહ્મ ઝંખતો.[136]

આજે કાવ્યમાં ઇશ્વરના અવતારો અને સગુણ સ્વરૂપથી પર - પરબ્રહ્મ પરમાત્મા જ પોતાની આરાધ્યમૂર્તિ - માશૂક છે એ સ્પષ્ટ કરતી નીચેની પંક્તિઓ જુઓ:

લાખો ઇસા મસીહ જ્યાં કદમે ઝૂકે છે,
જ્યાં કોટિ કૃષ્ણ ચરણો ચૂમવા મથે છે
ને જ્યાં રહે સતત જોગીની લીન વૃત્તિ,
તે પ્રેમરૂપ મુજ માશૂક બ્રહ્મમૂર્તિ [137]

પરમાત્માનું દર્શન સર્વત્ર અનુભવી શકાય છે એ સમજાવતાં "મજનું જોગી અને ફિરિશ્તો" સંવાદમાં પરમાત્માની સર્વવ્યાપકતાનું દર્શન કરાવતાં સાગર સ્પષ્ટ કહે છે:

ખુદા કયાં છે? બેહિશ્તમાં છે? ને બેહિશ્તમાં જ નહીં, પણ ઝમીં, આસમાને દરિયાવમાં એવી કોઇપણ ચીઝ યા જગાહ નથી કે જેમાં તે પાક પરવરદીગારનું અજબનૂર મોજૂદ ન હોય. "[138]

...........
૧૩૫. એજન, પૃ. ૩૨૧ - ૩૨૨.
૧૩૬ એજન, પૃ. ૩૨૨
૧૩૭ એજન.
૧૩૮ "મજનું જોગી અને ફિરિશ્તો"- [illegible] પૃ. ૨૭, ૨૮'

વિશુદ્ધ પ્રેમ - ઇશ્ક અને શ્રધ્ધા દ્વારા આત્મસમર્પણ કરનાર પ્રેમસ્વરૂપ પરમાત્મા પ્રાપ્ત કરી શકે છે એ સમજાવતાં મજનુના મુખે તે કહે છે:

ઇશ્ક એ જ મઝહબ છે ... ઇશ્ક એ જ આશકનું કિસ્મત છે ને એ જ આશકનો અંજામ છે ... ઇશ્ક એ જ હરેક ચીઝનો જેમ અવ્વલ મુકામ છે તેમ ઇશ્ક એ જ હરેક ચીઝનો છેલ્લો મુકામ છે ... ઇશ્ક જાતે ખુદા છે: ખુદા જાતે ઇશ્ક છે. ખુદા અને ઇશ્ક એવી કોઇ બે ચીઝો એકએકથી અલગ નથી. આલમ આખી ઇશ્ક છે અને ઇશ્ક જાતે ખુદા છે. ઇશ્ક જાતે અલ્લાહ છે- અલ્લાહ જાતે થકીઝનદારી છે.[૧૩૯]

"સનાતન વિચારણા" માં પણ સાગરે પરમાત્માના મૂળભૂત તત્ત્વો પ્રેમ અને શ્રધ્ધાનું મહત્ત્વ સમજાવતાં સ્પષ્ટ કર્યું છે.

ભગવાનના માબાપનું ઘર આપણી અન્દર જ છે. પ્રેમ એ ભગવાનનો બાપ છે અને શ્રધ્ધા એ ભગવાનની જનેતા છે અને ભગવાન પોતે અનન્ત પ્રેમ - અનન્ત આનંદ છે. સનાતન શાન્તિ છે.[૧૪૦]

પ્રેમ - શ્રધ્ધાનું સામંજસ્ય થતાં "અમર બાલક" જ્યોતિરૂપ કુમારનો જન્મ થાય છે એ સમજાવતાં "સાગર" કહે છે:

"અને પછી તો, શ્રધ્ધાકુમારી પ્રેમદેવનું ઘર માંડે છે. શ્રધ્ધાદેવી સૌભાગ્યવન્તી થાય છે અને જ્યોતિરૂપ કુમારને જણે છે. અને ભગવાન બાલકૃષ્ણ, નટવર અથવા ગ્રીક પુરાણો જેને અમર બાલક કહે છે તે એ દેવીને પેટે અવતરે છે."[૧૪૧]

પ્રેમ - શ્રધ્ધા હ્રુદયમાં પ્રગટે તે માટે સાગરે અભ્યાસ અને વૈરાગ્યની આવશ્યકતા પણ સ્વીકારી છે. પ્રેમ દ્વારા પોતાની બધી ઇચ્છાઓનો લય

...........

[૧૩૯] મજનુ જોગી અને ફિરિશ્તો - સંવાદ, પૃ. ૫૦.૩૯, ૪૦

[૧૪૦] સનાતન વિચારણા પૃ. ૩

[૧૪૧] એજન, પૃ. ૪

થતાં પ્રેમનું હૃદયમાં પ્રાકટ્ય થશે જ એમાં કશી શંકા નથી. "સાગર" સ્પષ્ટ કહે છે કે: પોતાની ઇચ્છાઓનો લય કરવાનો પ્રેમ એ એક જ અબધૂતી રાહ છે પ્રેમની એક પ્રબળમાં પ્રબળ ઇચ્છા કરો અને બીજી બધી ઇચ્છાઓ જીવતી જ નહીં રહે.[૧૪૨]

"ગીતાની વિચારણા" માં પણ "સાગર" પરબ્રહ્મ પરમાત્માનાં બે મૂળભૂત તત્વો પ્રેમ અને જ્ઞાન અથવા હૃદય અને બુધ્ધિને ગણાવી પિંડ બ્રહ્માંડનું સનાતન નિર્યંત્રણ લાક્ષણિક રીતે સમજાવે છે. જુઓ:

"ભગવાન શ્રીકૃષ્ણ એટલે આત્મા અને આન્તર્ સવિતાના ઉષ્મા પ્રકાશ એટલે પ્રેમ અથવા હૃદય અને જ્ઞાન અથવા બુધ્ધિ એ આત્માનાં જ સ્વયંભૂ સત્વો છે." એ સવિતાને તેમણે બોધેલો અને તે આત્મા સ્વરૂપ સૂર્યમાંથી જ - સૂર્ય સ્વરૂપ આત્મામાંથી જ મનુષ્ય જાતિના આદિ પુરુષ ભગવાન મનુ આ પરમ જ્ઞાનયોગ રહસ્ય પ્રાપ્ત કરે, એ જ પ્રાણી ક્રમ છે. પિંડ બ્રહ્માંડનું આ સનાતન નિર્યંત્રણ છે.[૧૪૩] આ પ્રમાણે ગાયત્રી મંત્ર દ્વારા કરાતી સવિતાદેવની ઉપાસનાનું રહસ્ય પણ તેમણે સમજાવ્યું છે.

સાગરે પોતાની સાધના સૂફી અને પ્રેમલક્ષણાભકિત એમ ઉભય પ્રકારે કરી છે સૂફીવાદી સંપ્રદાય પ્રમાણે પરમાત્માને "સનમ" માનીને ઉપાસના કરી છે એ જ પ્રમાણે પ્રેમલક્ષણા ભકિતની પરંપરા પ્રમાણે કૃષ્ણને પ્રિયતમ માનીને ગોપીભાવે પણ ઉપાસના કરી છે. "સાગરે" પોતાની ગોપી ભાવના "એક મહાન ભૂલ" કાવ્યમાં આ પ્રમાણે સમજાવી છે.

રોપી ધ્યેય ઉરે ગોપી જાણે સંસાર વ્યર્થ છે.
એવું "ગોપી" બન્યા વિના કૃષ્ણભકિત નિરર્થ છે.[૧૪૪]

...........

[૧૪૨] એજન, પૃ. ૫, ૬

[૧૪૩] ગીતાની વિચારણા, પૃ. ૧૨૭

[૧૪૪] દીવાને સાગર દફતર ૧ પૃ. ૩૧૮

ભકિતની લીનતા દ્વારા જગતને જોનાર બાહ્ય દૃષ્ટિનો લય કરી એક માત્ર પરમાત્મમાં જ પોતાનું સર્વસ્વ જોનાર વ્યકિત જ સાચા અર્થમાં ગોપી છે એ સમજાવતાં તે સ્પષ્ટ કહે છે:

જનોની, જન-સ્નેહોની, મર્યાદા સર્વ લોપીને,
એકમાં સૌ જુવે, વિશ્વો એનું નામ જ ગોપી છે.

o o o

અસ્તુ! એ આત્મજ્ઞાનાર્થે, ભકિતની લીનતા વડે
ઉદાસીન અને યોગી, "ગોપી" જેવું થવું પડે.[૧૪૫]

"ધર્મ-વિચારણા"-માં પણ સાગરે ભકિતયોગ સમજાવતાં આ જ સિધ્ધાન્તનું નિરૂપણ કર્યું છે.

ભકિતયોગ એટલે ભકિતમાં વૃત્તિમાત્રની લીનતા એટલે ભકિત એ જ જીવન-ભકિત એ જ મનનું કાર્ય, ભકિત એ જ બુધ્ધિનું કાર્ય, ભકિત એ જ ચિત્તની બધીયે લાગણીઓનું કાર્ય આવું જ્યારે ભકત જીવન થાય, ત્યારે મનને જરૂર જ પકડાય. આ જ રાજમાર્ગ છે."[૧૪૬]

પરબ્રહ્મ સાથે જીવાત્માની એકતાનો અનુભવ થતો નથી તેનું કારણ પણ જીવાત્માની અભકિત અથવા અપ્રીતિ જ છે- જીવાત્માનું માયામાં રસ લેવાનું કારણ પણ આ અભકિતની વૃત્તિ જ છે. અજ્ઞાન નહીં એવો સ્પષ્ટ અભિપ્રાય દર્શાવતાં આ પુસ્તિકામાં જ "સાગર" કહે છે:

"પરમાત્માનું જે મહાન સર્વોપરિ બ્રહ્મજ્યોતિ સર્વાન્તર્યામી રૂપે સર્વજ્ઞ અને સ્વતંત્ર છે, તેના પ્રતિ અભકિત અથવા તેનામાં પૂરેપૂરી ભકિત નહીં, આ બહુ સ્પષ્ટ વાત છે"[૧૪૭]

............

[૧૪૫] દીવાને સાગર, દફતર ૧, પૃ. ૩૧૮

[૧૪૬] ધર્મ-વિચારણા, પૃ. ૫

[૧૪૭] ધર્મ-વિચારણા, પૃ. ૬

"સાગર'નું શ્રીકૃષ્ણ કીર્તન"માં "બંસીધરને" કાવ્યની સાગરે લખેલી ટીકામાં પરબ્રહ્મસ્વરૂપ લાક્ષણિક બાનીમાં સમજાવ્યું છે. તેમાં પણ સતત અને સ્વભાવતઃ સમર્પિત થઇને વહતી ભકિતવૃત્તિ – સર્વસ્વ સમર્પણની શુક્લ પ્રેમ ભાવના- ગોપી ભાવનાનું જ મહત્ત્વ દર્શાવ્યું છે. જુઓ:

"બ્રહ્મસાક્ષાત્કાર એટલે આવા પરમાત્માનું અંતરમાં પ્રકટીકરણ. આપણામાં આવા અદ્ભુત પ્રેમસ્વરૂપ પરમાત્માના પ્રકટીકરણને અર્થે, આપણે પોતે જ, આપણા અંતરમાં અર્થાત વૃત્તિએ કરીને આપણા પરમાત્માની ગોપી થઇ જવું જોઇએ, અર્થાત સ્થૂલમાંથી સૂક્ષ્મમાં- આધિભૌતિક ઉપરથી આધિદૈવિક અને આધ્યાત્મિક- માં આપણે વૃત્તિએ કરીને ઘર કરવું જોઇએ. ... ... ગુરુ ઘરનો બ્રહ્મનો ઊંડો ભેદ પામવા માટે ગોપ્યમાં ગોપ્ય એવા પરમગૂઢ જ્ઞાન માટે શાસ્ત્રકારોએ ગોપીને અર્થાત્ આવી સતત અને સ્વભાવતઃ સમર્પિત થઇને વહતી ભકિતવૃત્તિને અન્ય સર્વ કરતાં શ્રેષ્ઠ અધિકારી ગણેલ છે. આ શાશ્વત બ્રહ્મ – આ અપરિમિત અને અનાદિ અનન્ત પ્રેમ સ્વરૂપ પરમાત્મા અર્થાત આતે પૂર્ણ અજાલક્રાંત પણ પોતે અજાયબ શ્રી. હરિ છે.[148]

ગોપીની પ્રેમવૃત્તિ – ઇશ્ક જ ઉપાસનાનો સર્વોપરિ પ્રકાર છે એ સમજાવતાં તે સ્પષ્ટ કહે છે: "અને પ્રેમ વિના, પ્રેમભકિત વિના- અર્થાત ઇશ્ક વગર યાને ગોપીની પ્રેમવૃત્તિ વિના એવી બીજી કોઇ જ વૃત્તિ વા ભાવના નથી જ કે જે આપણા સગુણનિર્ગુણ ઉભયથી પર, સાકાર, નિરાકાર ઉભયથી અતીત, એવા અનાદિ, અનંત, વ્યકતાવ્યકત અને છતાં સર્વાતીત એવા અજાયબ અનલહકના આ નૂરને એટલે આ અદ્ભુત અલખ નિરંજનની હરદમ જાગતી જ્યોતને, ખરેખર જ સહજ સ્વભાવે ઝડપી લે- ઝીલી છે અને સહજ સ્વભાવે જ આ વ્યાપ્ત વિભુમાં ઝોળાઝોળ ઝુલાવે અને સ્વયં ૐ મીકરણનો (સહજવૃત્તિ વિલય)નો આમ અનુભવ લાવે, માટે જ પ્રેમભકિત અથવા ઇશ્ક એ જ ઉપાસનાનો સર્વોપરિ પ્રકાર છે."[149]

...........

૧૪૮ "સાગરનું શ્રીકૃષ્ણ કીર્તન," ટીકા, પૃ. ૫૦

૧૪૯ એજન, પૃ. ૫૧

"સાગરની પનરેખા"માં પણ સગુણ-નિર્ગુણ ઉપાસનાના વિભિન્ન પ્રકારો "સાગરે" એક નકશા દ્વારા દર્શાવ્યા છે. પરંતુ તેમાં પણ અલૌકિક પ્રીતિયોગને જ-ગોપીની પ્રેમવૃત્તિને જ શ્રેષ્ઠ ગણાવી છે.[૧૫૦]

અલૌકિક પ્રીતિયોગને સગુણ-નિર્ગુણ ઉપાસનાના વિભિન્ન પ્રકારોમાં સાગરે શ્રેષ્ઠ ગણાવ્યો છે એટલે જ શ્રીકૃષ્ણની પ્રત્યેની ગોપીભાવના- પ્રેમ-લક્ષણાભક્તિનું નિર્ગુણ સ્વરૂપ સમજાવતાં "સંતોની વાણી"ના ઉપોદ્ઘાતમાં "સાગર" મીરાંબાઈની નિર્ગુણ ભક્તિ હતી એમ સ્પષ્ટ મત દર્શાવે છે:

"મહાત્મા મીરાંબાઈને બહુ કરીને સૌ કોઈ ભગવાન શ્રીકૃષ્ણના ભક્ત તરીકે જ જાણે છે. જાણે કે આખી જિન્દગાની એમણે સગુણ પ્રતિમાની ભક્તિ જ કર્યા કરી હોય, અને મહાત્મા મીરાંબાઈના જીવનના અનુભવનો અન્ત જાણે સાંપ્રદાયિક શુધ્ધાદ્વૈતમાં જ આવ્યો હોય. પરંતુ વસ્તુસ્થિતિ આવી દેખાતી નથી."[૧૫૧]

મીરાંબાઈની ભક્તિ સગુણમાંથી નિર્ગુણ તરફ વળે છે. સદ્ગુરુ રોહીદાસની કૃપા દ્વારા મીરાંબાઈ ભક્તિ અને પ્રજ્ઞાની એકતા દ્વારા આત્માનુભવ -પ્રાણી સ્થિતિ પ્રાપ્ત કરે છે. આ માટે એમના ઉત્તરજીવનના ભજનોમાંનું એક સાગરે નોંધ્યું છે:

લાલ! મેરે દિલમેં; અવધૂ, લગી રે વૈરાગણ-
જોયું મ્હેં તો જાગી! અવધૂ! લગીમ રે.

o o o

............

[૧૫૦] "સાગર"ની પનરેખા", પૃ. ૪૮૪

[૧૫૧] "સન્તોની વાણી", બાપાજીની પ્રણાલિકા, ઉપોદ્ઘાત, પૃ. ૩૬(પાદટીપ)

ઇન્દ્રિના જીત્યા, સંતો, જીત્યાના કહેવા રે.
મનવા જેણે ના જીત્યા મેરે લાલ.
લાલ! મેરે દિલમેં, અવધૂ, લગીરે બેરાગણ.
જોયું મ્હેં તો જાગી! અવધૂ! લગી રે.

o o o

રોહીદાસની ચેલી રે બાઇ મીરાં બોલિયાં રે -
મ્હારા સંતોના અમરાપુરમાં વાસા, મેરે લાલ!
લાલ! મેરે દિલમેં, અવધૂ ! લગીરે બેરાગણ.
જોયું મ્હેં તો જાગી! અવધૂ! લગી રે.[૧૫૨]

"સંતોની વાણી"માં અખાજીની પ્રણાલિકાના રતનબાઇના ભજનો સમજાવતાં એમની પ્રબળ ગુરુભક્તિ તેમજ એમની કૃષ્ણભક્તિ પરત્વે ઊંડા અધિષ્ઠાન ભેદની ચર્ચા કરતાં કહે છે:

"અનુભવબિન્દુ" નામના એમના પ્રસિધ્ધ થયેલા અાદ્વૈતીય ગ્રન્થમાં અણલિંગી બ્રહ્મ સાક્ષાત્કારની જે ઊંડી અને અનુભવની ગુંજ અને જીવાત્માની અટપટી આંટી ગુરુગમની ચાવી વડે તેઓ ઉકેલે છે. તે અણલિંગી બ્રહ્મનો પૂરેપુરો અનુભવ એ જ પરમહંસ મહાત્મા રતનબાઇના લક્ષ્ય અને ઉપાસ્ય ગિરધારી છે.[૧૫૩]

ગુરુબ્રહ્મની અભિન્નતા અખાજીની પ્રણાલિકાનું લાક્ષણિક અંગ હોઇ એ અંગે પણ સ્પષ્ટ કહે છે કે:

"ટૂંકામાં ગુરુ ગોવિન્દ એજ ગિરધારી"[૧૫૪]

...........

[૧૫૨] એજન, - પૃ. ૩૭, ૩૮

[૧૫૩] એજન, પૃ. ૩૮

[૧૫૪] એજન, પૃ. ૩૮, ૩૯

પ્રાણીસ્થાનના અનુભવમાં તો સગુણ - નિર્ગુણ - નિર્ગુણ સગુણનો સમાન એકરસ અનુભવ થાય છે એટલે એવો ભેદ જ રહેતો નથી એ મુદ્દો સ્પષ્ટ કરતાં તે કહે છે:

"આ અનુભવ અને આ મુકામ વાણીથી પર છે. નિર્વિકલ્પ ચિત્તને જ એ અનુભવ ભંવરગુફામાં થાય છે. ચિત્તની પૂર્ણ નિરુધ્ધદશા પછી જ સગુણ નિર્ગુણ અને નિર્ગુણ સગુણ એવો સમાન એક રસ અનુભવ થાય છે."[૧૫૫]

સદ્ગુરુ બ્રહ્મના અધિષ્ઠાનમાં જીવાત્મા પોતાના દેહાભિમાનનો પ્રેમ દ્વારા લય કરે તો જ આત્માનુભવ થઈ શકે એ સમજાવતાં "સાગર" સ્પષ્ટ જ કહે છે:

ગમે તેને અધિષ્ઠાન માનીને જીવાત્મા હું પણું ગુમાવે એ તો આત્માનુભવ માટે બિલકુલ ચાલે નહીં. જીવનમાં તમામ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણના પ્રવાહને અનન્ય રીતે સદ્ગુરુના અધિષ્ઠાનમાં જ એક કેન્દ્રીકૃત કરવું, એ જ વેદાન્તનો શાસ્ત્રીય માર્ગ છે.[૧૫૬]

## જગત અને તેનું સ્વરૂપ.

"સાગર" અજાતવાદી છે. સામાન્ય રીતે શ્રી. શંકરાચાર્યના કેવલાદ્વૈત મત પ્રમાણે જગતને મિથ્યા- માયા ગણવામાં આવે છે.[૧૫૭] આ સામાન્ય વેદાન્ત મત કરતાં જગતના સ્વરૂપ અંગે અજાતવાદમાં ભિન્ન વિચાર પ્રવર્તે છે.

...........

૧૫૫ એજન, પૃ. ૪૦

૧૫૬ એજન, પૃ. ૫૫

૧૫૭. ઓજસ.

"અપ્રસિધ્ધ અક્ષયવાણી"ની ટીકામાં "સાગરે" કેવલાદ્વૈત અને અજાતવાદ બન્ને દૃષ્ટિએ જગતનું સ્વરૂપ સમજાવ્યું છે.[૧૫૮]

આ સમજાવવા માટે "સાગર" દત્તાત્રયની "અવધૂતગીતા" નું જાણીતું સૂત્ર ટાંકે છે.

"न त्वं नाऽहम् जगन्नेदम् सर्वमात्मैव केवलम् ।

એવો અપરોક્ષ અનુભવ સિધ્ધ કરનારને જ આ અદ્વૈતબ્રહ્મનો અંતિમ સિધ્ધાંત સહજગમ્ય થાય છે. કેમકે, તુરીયાવસ્થાને એટલે સાતમી ભૂમિકાનો અથવા તેથી પણ પર તુરીયાતીત અવસ્થાનો આ સ્વાનુભવ છે.

અજાતવાદ પ્રમાણે જગત સ્વરૂપ અંગેનો સિધ્ધાન્ત સમજાવતાં "સાગર" ટીકામાં સ્પષ્ટ કહે છે:

અહીં તો જગત જેવું ત્રણે કાળમાં પણ સંભવતું જ નથી. "માયા" જેવું કશું વસ્તુતઃ એ વિદ્યમાન જ નથી".[૧૫૯]

કેવલાદ્વૈતમાં જગતની મિથ્યા પ્રતીતિ અનુભવાય છે તેનો વ્યાવહારિક ખુલાસો આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જીવાત્માને જગતનો વ્યાવહારિક અનુભવ થાય છે તેનું કારણ તેની અવિદ્યા માયા છે. એમ સ્વીકારવામાં આવે છે. એટલે જ કેવલાદ્વૈતવાદ માયાવાદના નામથી પણ પ્રચલિત છે. આ મત સમજાવતાં "સાગર" ટીકામાં કહે છે:

"પરંતુ, "જગત" નહીં, એ દૃષ્ટિ - એ સ્થિતિ - એ નિર્વિકલ્પતામાંથી સ્વરૂપસ્થ પુરુષ-બ્રહ્મ જ્યારે જરાક "ઉત્થાન" પામે છે, ત્યારે આ બ્રહ્મચૈતન્ય જ

...........

[૧૫૮] અપ્રસિધ્ધ અક્ષયવાણી, ટીકા, પૃ. ૨૬૭, ૨૬૧, ૨૬૪

[૧૫૯] એજન, પૃ. ૨૬૧, [૧૬૦] એજન, પૃ. ૨૬૧, ૨૬૪

તેને જગતરૂપે દૃષ્ટિગોચર થાય છે- ભાસે છે, વસ્તુતાએ છે નહીં, છતાં અવિદ્યાને લીધે, આભાસ માત્ર- મિથ્યા પ્રતીતિરૂપે અનુભવાય છે- માયા રૂપે.

ભગવાન વ્યાસજી, ભગવાન શંકરાચાર્યજી વગેરેનો આવો અભિપ્રાય છે તે કેવલાદ્વૈત - વિવર્તવાદ અથવા માયાવાદના નામથી પ્રચલિત છે."[૧૬૦]

"સાગર" બંને વચ્ચેનો આ મૂળભૂત તફાવત દર્શાવતાં સ્પષ્ટ કહે છે કે:

અજાતવાદ અને કેવલાદ્વૈતવાદ બન્ને વચ્ચે ખાસ મહત્ત્વની ભિન્નતા નથી. કેમકે, પહેલામાં

જગત અથવા માયા છે જ નહીં, એમ સ્વાનુભવ કહે છે અને બીજામાં જગત અથવા માયા જીવની અવિદ્યાએ કરીને છે, પણ વસ્તુતાએ કેવળ જ મિથ્યા છે એમ સ્વાનુભવ કહે છે.[૧૬૧]

આમ, અજાતવાદ પ્રમાણે તુરીયાતીત અવસ્થાનો સ્વરૂપાનુભવ પ્રાપ્ત થતાં જગતનું અસ્તિત્વ જ અનુભવાતું નથી. જગત બ્રહ્મ સ્વરૂપે પ્રતીત થાય છે. શ્રી. અખાજી કહે છે તેમ:

જ્યાં રહી જોતાં જગત ન દીસે, સ્વે સર્વ ગગનાકાર:
સચ્ચિદાનંદ સમરસ સાગરમાં, લ્હેરી અખો અવતાર.
આ વાર ઓળખો રે આત્મા તમમાંહે[૧૬૨]

"મુમુક્ષુવિચારણા"માં "સાગર" અજાતવાદ પ્રમાણે વ્યાવહારિક દૃષ્ટિએ જગતનો ખુલાસો આપતાં કહે છે કે જગતનું જગત તરીકે જીવાત્માને થતું દર્શન તેની મનની વૃત્તિ બ્રહ્માકાર થતાં - લય થતાં હરિમાં ખોવાઇ જતાં જગત

...........

[૧૬૦] એજન, પૃ. ૨૬૧, ૨૬૪

[૧૬૧] એજન, પૃ. ૨૬૪

[૧૬૨] અપ્રસિધ્ધ અક્ષયવાણી, પૃ. ૧૪

બ્રહ્મરૂપે પ્રતીત થાય છે. જુઓ:

"સર્વોપરી સત્યમાં એક વાત, — એવી —

— પણ છે કે પોતાની જગદાકાર વૃત્તિનું નામ જ જગત અને એ વૃત્તિ જો બ્રહ્માકાર બનવા માંડે અર્થાત્ શ્રી હરિમાં જોવાવા માંડે એટલે જગત જગત રહેતું જ નથી પણ ૐ બને છે."[૧૬૩]

પાર્વતીબહેને લખેલા એક પત્રમાં પણ સાગરે સ્પષ્ટ કહ્યું છે કે "જીવાત્માના દેહાભિમાનનો લય થતાં જગત જગતરૂપે નહીં પણ બ્રહ્મની સુંદરમાં સુંદર મૂર્તિ રૂપે પ્રત્યક્ષ થાય છે. અને ખરી હકીકત પણ એ જ છે કે બ્રહ્મ સિવાય કોઈપણ ભિન્ન વસ્તુ વિદ્યમાન જ નથી."[૧૬૪]

જગતને જોવાની સાચી દૃષ્ટિ વાસનાક્ષય દ્વારા મનની વૃત્તિ અંતર્મુખ થતાં જીવાત્માને પ્રાપ્ત થાય છે એ સમજાવતાં બીજા એક પત્રમાં પણ તેમણે કહ્યું છે:

સુખ અને દુ:ખ બન્ને મનની નિશ્ચિત અને અનિશ્ચિત વૃત્તિ ઉપર જ અવલંબી રહ્યાં છે. આત્મામાં મનનો મુકામ થતાં અને જામી જતાં સુખ સિવાય અંદર કે બહાર કશું જ અન્ય દેખાતું નથી, અનુભવાતું નથી. આખું જગત - અરે- અગણિત બ્રહ્માંડો બધાં - મળીને મૂળમાં એકજ શરીર છે અને વહાલું અજ્ઞાન દૂર થતાં - જ્ઞાનની પ્રીતિ પાકી જામતાં આશા - નિરાશા બંનેથી ઉપરનો અનુભવ આવીને જીવની દૃષ્ટિએ શિવના નેત્રમાં ભેળવી દે છે, કામના-માત્ર બળી જાય છે, હળાહળ પીવાઈ જાય છે - "વિશ્વ" નો સંહાર થાય છે અને બ્રહ્મની જ્યોતમાં "વિશ્વ" લય પામે છે.[૧૬૫]

............

[૧૬૩] મુમુક્ષુ વિચારણા, પૃ. ૨૨

[૧૬૪] જુઓ પાદટીપ,૧૧૭ - "સાગર"ની પત્રરેખા, પૃ. ૧૫૯-૧૬૦

[૧૬૫] "સાગર" ની પત્ર રેખા, પૃ. ૨૨૪

બ્રહ્માનુભવીની દૃષ્ટિ તો જીવાત્મામાં અને જગતમાં પરબ્રહ્મનું જ દર્શન કરે છે. ગીતાના વિશ્વરૂપદર્શનને સમજાવતાં એક પત્રમાં "સાગર" કહે છે કે બ્રહ્મજ્ઞાનની પૂર્ણતા એટલે જગતપણું અને શરીરપણું ૐ થઇ જાય છે. [૧૬૬]

જગતના વ્યાવહારિક અનુભવનું મૂળ કારણ જીવાત્માના મનની બહિર્મુખ વૃત્તિ હોઇ, મન અમન થતાં, મનની વૃત્તિ અંતર્મુખ થતાં- મનનો પરમાત્મામાં લય થતાં જગતનું જગતરૂપે દર્શન થતું નથી પરંતુ સર્વત્ર પરબ્રહ્મનું જ દર્શન થાય છે. બીજા એક પત્રમાં "સાગર" અજાતવાદનો આ મૂળભૂત સિધ્ધાંત આ પ્રમાણે સમજાવે છે:

"સંસાર ક્ષણભંગુર છે, શરીર ક્ષણભંગુર છે અને જગત તો માત્ર આપણા મનની કલ્પનાનુસાર ઊભું થયેલું જ એક ઉદ્‌ગ ચિત્ર છે" [૧૬૭]

હકીકતમાં જગત અને બ્રહ્મ એવા બે પદાર્થોનું અસ્તિત્વ જ નથી. " આ સર્વ પરબ્રહ્મ જ છે" એ સનાતન સત્ય સમજાવતાં "સાગર"ની વિચારણા- તૃતીયાંક"માં "સાગર" નોંધે છે કે "જગતમાં બે પદાર્થોનું વસ્તુતાએ અસ્તિત્વ જ નથી. "બેપણું" એ જ મિથ્યા આરોપણ છે. એક જ તત્ત્વ હકીકતમાં હયાત છે. આત્માનુભવને અભાવે જ્ઞાનાનુભવ થતાં માયા લોપાઇ જાય છે. માયા જાતે તો કશું નથી" [૧૬૮]

વસ્તુત: જગત પરબ્રહ્મસ્વરૂપ હોઇ, જીવાત્માને જગતનું થતું વ્યાવહારિક દર્શન-અનુભવ પરબ્રહ્મની જ લીલા છે. ખેલ છે. વસ્તુત: જીવાત્માની પોતાના મનની વૃત્તિને કારણે જ બ્રહ્મનું જગતરૂપે દર્શન થાય છે. મનની વૃત્તિનો લય થતાં - મન અંતર્મુખ થતાં આત્માનુભવની દશામાં તો જગતનું તેના મૂળસ્વરૂપે - સત્યસ્વરૂપે - પરબ્રહ્મરૂપે જ દર્શન થાય છે. વસ્તુત: તો કશું જ બનતું નથી. અજાતવાદનો આ સિધ્ધાંત સાગરે પોતાના પદો - ભજનો અને ગઝલો દ્વારા પણ વ્યકત કર્યો છે:

...........

[૧૬૬] "સાગર"ની પત્રરેખા" પૃ. ૨૦૯

[૧૬૭] એજન, પૃ. ૧૮૭

[૧૬૮] "સાગર"ની વિચારણા" તૃતીયાંક- પૃ. ૧૨

'ધ્યાન' પદ દ્વારા પણ સાગરે આ જ સિધ્ધાન્ત સમજાવ્યો છે. જુઓ:[169]

૨ નાહીં હુવા કછું. હોત નહીં કછું.
ના કછું હોવણ હારા
આતમજીયે હિ હે ખેલ તુમારા

આ જ પદમાં સાગર સમજાવે છે કે હકીકતમાં એક પરબ્રહ્મ સિવાય બીજા કશાનું અસ્તિત્વ જ નથી, જુઓ:

એક હિ એક હકીકતમેં તબ-
કૈસે રહે હમ ન્યારા ?
આતમજી! યેહિ હૈ ખેલ તુમારા [170]

'નિદિધ્યાસન' પદ દ્વારા પણ સાગર સ્પષ્ટ જ કહે છે કે જીવાત્મા પોતાનું "હું" પણું છોડી પરબ્રહ્મમાં લીન થાય તો જગતનું બ્રહ્મરૂપે દર્શન કરી શકે જુઓ:

યે હિ સબ એકકી લીલા-
તાહિ મેં હોના વિલીના[171]

જગતનું મિથ્યાત્વ સમજાવતાં 'મનન' પદ દ્વારા પણ સાગરે આ જ સિધ્ધાન્તનું પ્રતિપાદન કર્યું છે કે વસ્તુતઃ સર્વત્ર પરબ્રહ્મ જ દ્રશ્યમાન થાય છે, જુઓ:

નાહીં દૂજા મોસે કોઉ તથાપિ-
મિથ્યાકો જગત મનાયો
સ્વયંભૂ. કૈસો ભેદ બતાયો![172]

...........

[169] દીવાને સાગર (દફ્તર) ૧ પૃ. ૩૪૬

[170] એજન,

[171] એજન, પૃ. ૩૪૯

[172] એજન, પૃ. ૩૪૫

જીવ, જગત અને પરબ્રહ્મ ત્રણે વસ્તુતઃ એક જ છે. અજાતવાદનો આ સિધ્ધાન્ત સમજાવવા માટે સાગર ચિન્તન પદમાં સુંદર દૃષ્ટાંત રજૂ કરે છે.

બુંદકી છબિકો છબીલી બનાકે-
બુંદ હિ પૂજત મતવારો
અબતો, ચિન્તન અજબ હમારો.[૧૭૩]

વસ્તુતઃ મનની વૃત્તિ જ જગતના તેને થતા વ્યાવહારિક અનુભવ માટે કારણરૂપ છે. જગત અને બ્રહ્મ એવું દ્વૈત હકીકતમાં નથી 'તું હિ તું હિ આતમરામ' પદ દ્વારા સાગર સ્પષ્ટ જ કહે છેઃ

વ્યાપ આપકો સબ સંસારા
દરસત દ્વૈત સકામ.
મનુવા! તું હિ તું હિ આતમરામ[૧૭૪]

સર્વત્ર પરબ્રહ્મ જ વ્યાપ્ત છે. જગત વસ્તુતઃ સાચું પણ નથી અને મિથ્યા પણ નથી. જીવાત્માએ પોતાની વ્યાવહારિક-બાહ્યને જ જોનારી દૃષ્ટિનો લય કરવાનો છે. 'અભ્યાસ' પદમાં પણ 'સાગરે' આ જ સિધ્ધાન્તનું પ્રતિપાદન કર્યું છે, જુઓઃ

સચ્ચો નહીં જગ! નાહીં હૈ મિથ્યા!
વ્યાપત આપ હિ જોના[૧૭૫]

'સાગરે' સાધનાકાળમાં કેવલાદ્વૈત વિચારધારાનો મત પણ પોતાનાં પદો દ્વારા રજૂ કર્યો છે. 'અભ્યાસ' પદમાં જ 'સાગરે' એક દૃષ્ટાંત આપ્યું છે. જેમ સ્વપ્નાવસ્થામાં કોઇને ફાંસી અપાતી હોય પરંતુ જાગૃતાવસ્થામાં આવ્યા પછી એનો એ ભ્રમ દૂર થાય છે તેમ જ્ઞાનનો અનુભવ થતાં જગતના મિથ્યા-દર્શનનો પણ લોપ થાય છે.

...........

૧૭૩એજન, પૃ. ૩૪૪

૧૭૪એજન, પૃ. ૩૪૭

૧૭૫એજન, પૃ. ૩૪૮

સુપને મેં કિસી લગાઇ દૂઇ કી!
　　જાગત રહત ક્યોં રોના?
ભીતર બાહિર બ્રહ્મ સમન્દર
　　રસ બસ જ્યું હિત્યું હોના
　　　હો જિયરા! અપનાઇ આપમેં ખોના.[૧૭૬]

અજાતવાદ પ્રમાણે જગત વસ્તુતઃ શૂન્ય છે. આ સર્વ પરબ્રહ્મની જ લીલા છે. એટલે જગતનો બાહ્ય ત્યાગ સાગરને સ્વીકાર્ય નથી. જગતના બાહ્યત્યાગની અનાવશ્યકતા અંગે સાગરે શ્રી. કેશવપ્રસાદ મણિલાલ ઠાકોર – સ્વામી અદ્વૈતાનંદજી સાથે પત્રો દ્વારા ચર્ચા કરી હતી. 'સાગર'ની પત્રરેખામાં (પૃ. ૫૦-૭૦) એમની સાથે કરેલી ચર્ચામાં પોતાનો મત આ પ્રમાણે સમજાવ્યો છે, જુઓ:

"પૂર્ણ પુરુષાર્થથી, પૂર્ણ બ્રાહ્મી બલ વડે જો આન્તરનો ત્યાગ સાચવી શકાય તો બાહ્ય ત્યાગની કશી જરૂર નથી. ત્યાગ તે સ્થૂલનો કે સ્થૂલની ઇચ્છાઓનો, સંબંધીઓનો કે સંબંધ મનાવનાર મનોવૃત્તિનો? યોગ વાસિષ્ઠય, ભગવદ્ ગીતા, અષ્ટાવક્ર, ગુરુ દત્તાત્રેય અને સ્વામી રામ સુધ્ધાં આવા બાહ્ય ત્યાગની સલાહ કદાપિ આપતા હોય એવું સાગર જોઇ શક્યા નથી."[૧૭૭]

એ પૂર્ણ પુરુષ કૃષ્ણ બાવા બનવાની કોઇને સલાહ આપતા નથી, પણ બાવા બન્યા વિના જ પરમ ધર્મરૂપ – મુમુક્ષુને બનાવે છે.[૧૭૮]

મનને આત્મામાં કાયમનું શમી જતાં આવડવું જોઇએ. જે શમાવી શકે તે જ સન્યાસી.[૧૭૯]

...........

[૧૭૬] એજન, ૧૭૮

[૧૭૭] 'સાગરની પત્ર-રેખા', પૃ. ૫૧

[૧૭૮] એજન, પૃ. ૬૦

[૧૭૯] એજન, પૃ. ૬૧

કે રામચંદ્ર, જનક અને નરસિંહ - મીરાં જેવાં ભકતોએ ભગવાં પહેર્યાં નહીં તેથી કંઇ એમની અપૂર્ણતા નથી. એ તો તમે પણ માનશો. સત્યની સાથે એમની એકતા છે કે નહીં એ જ મહત્ત્વનો સવાલ છે ..... ગીતાની સંન્યાસની વ્યાખ્યા, યોગવાસિષ્ઠયની સન્યાસની ભાવના અને સ્વામી રામતીર્થ Realization સાક્ષાત્કાર કહે છે તે સ્થિતિ તથા સ્વામી વિવેકાનન્દના કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ ઉપરથી નિકળતો નિષ્કર્ષ એ બધાનું સામટું સમીક્ષણ કરતાં સંન્યાસી એટલે જીવ-દશાને લીધે ઉત્પન્ન થતા મનોવિકાર માત્રને આત્મામાં - આત્મજ્ઞાનમાં લય પમાડવા તે અને એ કૃતિ જો ગૃહસ્થાશ્રમ કે વાનપ્રસ્થાશ્રમમાં સાધ્ય થઇ શકતી હોય તો ભગવા પોષાકની કશી અગત્ય નથી.[૧૮૦]

કબીર અને રોહિદાસનું દૃષ્ટાંત આપીને જગતને જોવાની પોતાની દૃષ્ટિ આત્મજ્ઞાનમાં ગાળી દેવાની સલાહ આપતાં સાગર આ જ પત્રમાં આત્માનુભવ માટેનો માર્ગ આ પ્રમાણે દર્શાવે છે.

દુનિયા ફરી નથી અને ફરવાની નથી. દુનિયાને જોવાની દૃષ્ટિ જ જ્ઞાનમાં ગાળી દેવાની છે, અને એટલું બન્યું એટલે પછી તો કાર્ય માત્ર હરિરૂપ છે. .. વિશ્વવ્યવસ્થા હરિનું સુંદરમાં સુંદર કાયમનું સ્વરૂપ છે. અને તેમાં અભ્યાસ વડે જ્ઞાન વડે ભળી જવું એ જ ઇતિકર્તવ્યતા છે.[૧૮૧]

કવિશ્રી લલિતજીને લખેલા પત્રોમાં સાગરે જગતની સેવા અને સુધારણાની પ્રવૃત્તિની અનાવશ્યકતા દર્શાવી છે. જગતની સેવા કોણ કરી શકે? એ પ્રશ્નના ઉત્તરમાં પોતાનું મંતવ્ય સ્પષ્ટ કરતાં સાગર સ્પષ્ટ જ કહે છે કે જગતની સેવા-સુધારણાનો અધિકાર બધાને નથી. જુઓ:

તમારી સંસારને સુધારવાની અને જનસમાજની સેવા કરવાની ભાવના જો સાચેસાચી હોય તો એ ઊંડાણમાંથી આવેલી અને ઘનીભૂત થયેલી હોવી જોઇએ

...........

[૧૮૦]એજન, પૃ. ૬૮-૬૯

[૧૮૧]એજન, પૃ. ૬૯

એટલું જ નહીં પણ સ્વાર્પણનું તત્વ એ ભાવનાનું જનક અને પોષક હોવું જોઇએ.[૧૮૨]

ત્યાગની હિમાયત સાગરે કદાપિ કરી નથી, અને જો કરી છે તો રાગ અને ત્યાગ એ બન્નેના અંદરથી ત્યાગની હિમાયત કરી છે. આ જગતનું પૂરું દર્શન બહારની બે આંખોએ થતું જ નથી- અંદરની નિષ્કામ આંખથી જ જગતનું ખરું અને પુરું દર્શન થાય છે. અને ત્યાં તો ૐ [૧૮૩]

"Realization in married life" ——————— થઇ શકે અને બાવા બનવાની કશી વિશિષ્ટ અગત્ય નથી એ જ ખરું છે.[૧૮૪]

વનમાં જવું નહીં અને ઘરમાં રહેવું નહીં એ મુકતને રહેવાનું સ્થાન છે. કશું છોડવું નહીં અને કશું રાખવું નહીં એ એની સ્થિતિ છે.[૧૮૫]

આ અવતરણો ઉપરથી સ્પષ્ટ થાય છે કે સાગર જગત સુધારણા કરતાં આત્મ-સુધારણાને જ પ્રાધાન્ય આપે છે. જગતની સેવા અને સુધારણનો અધિકાર માત્ર આત્માનુભવી સંત-પુરુષોનો જ છે.

જ્યાં સુધી "Self-realization" આત્માનુભવ પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી જગત સેવાનો કશો જ અર્થ નથી. Self-perfection is the highest Religion. પોતે પૂર્ણતા અનુભવવી એ ઊંચામાં ઊંચો ધર્મ છે. એ જેમ્સ એલનનું સૂત્ર "સાગર" સ્વીકારે છે.

દીવાને સાગર દફતર, ૨માં ગુરુધરની સાખીઓમાં પણ સાગરે લાક્ષણિક શૈલીમાં જગતના બાહ્યત્યાગની અનાવશ્યકતા દર્શાવી છે, જુઓ:

માયા તજવી સૌ કહે, કરે ન કોઇ ત્યાગ
સાગર ઘર માંડી રહ્યો. માયા મુજ અર્ધાંગ.[૧૮૬]

...........

૧૮૨ એજન, પૃ. ૧૨૬

૧૮૩ એજન, પૃ. ૧૨૯

૧૮૪ એજન, પૃ. ૬૧

૧૮૫ એજન, પૃ. ૬૯

૧૮૬ દીવાને સાગર દફતર ૨, પૃ. ૪૪

અખાની માફક સાગર પણ આંતર ત્યાગ સાચવી શકાય તો - મનની વૃત્તિઓને અંતર્મુખ કરી શકાય તો બાહ્યત્યાગની કશી જ જરૂર નથી એ અજાતવાદનો સિધ્ધાંત આ પ્રમાણે સમજાવે છે:

નથી આવવું કે નથી જાવું રે
નથી ત્યાગવું વા ન ત્યજાવું રે!
અજી! પોતે પોતામાં સમાવું.[૧૮૭]

જગત અને પરબ્રહ્મ બન્નેની મૂળભૂત એકતા સમજાવતાં સાગર તમારું ઘર અને "રામની રમ્યતા છે" પ્રભાતિયામાં આવો જ અનુભવ આ પ્રમાણે દર્શાવે છે.

ત્રિગુણની પાર તું. કિન્તુ ત્રણ ગુણ ભર્યું
ભાસ્ય કેવું દિસે આ રૂપાળું
નાટ્ય, નાટક અને નટરૂપે તું બને,
શૂન્યમાં કૃત્ય શું જાદુવાળું![૧૮૮]

ત્રિગુણી પ્રકૃતિથી પર છતાં પુરુષ પ્રકૃતિનું ઐક્ય સમજાવી વિશ્વ, વિશ્વની લીલા અને પરબ્રહ્મ ત્રણેની મૂળભૂત એકતા દર્શાવી, "સાગર" જગતના સર્જનને શૂન્યમાંથી જાદુગરની સૃષ્ટિની ઉત્પત્તિ જેવું કૃત્ય ગણાવે છે. વસ્તુતઃ તો જગત શૂન્ય જ છે. એક પરબ્રહ્મનું જ તત્ત્વ જ વિશ્વમાં સર્વત્ર વિલસી રહ્યું છે. એ સિધ્ધાંત સાગરે રામની રમ્યતા છે પ્રભાતિયામાં આ રીતે રજૂ કર્યો છે:

એક પરિબ્રહ્મ આ જગતરૂપે થયા,
    વેષ વિધવિધ ધર્યા મોજ કાજે
પ્રભુજી પરમાણું પ્રત્યેકમાં વિલસતા
    જે સ્થળે જે પળે જેમ છાજે
ખેલ, ખેલાડી થઇ આપ ખેલી રહ્યા
    રામજી રમત અદ્ભુત રમે છે.[૧૮૯]

...........

૧૮૭ દીવાને સાગર દફતર ૧, પૃ. ૪૧૭    ૧૮૯ એજન, પૃ. ૪૧૧
૧૮૮ એજન, પૃ. ૪૧૭

મિથ્યાની સૃષ્ટિ ઓગાળવાનું એક માત્ર કાર્ય જીવાત્માએ કરવાનું છે. જગતનો પરબ્રહ્મમાં લય થતાં - બ્રહ્માનુભવ થતાં બ્રહ્મરૂપે જ જગતનું દર્શન થાય છે. સર્વત્ર પરબ્રહ્મની જ વ્યાપ્તિ અનુભવાય છે. સત્ત્વાપત્તિ પદ દ્વારા સાગર આ સિધ્ધાન્ત સ્પષ્ટરીતે સમજાવે છે. જુઓ:

સોહં તે જ બધેયે સમાણું. તત્ત્વ જ તત્ત્વ ત્રિકાળ
મિથ્યાની સૃષ્ટિ ઓગાળતાં રે! રેલે સાગરરાજ સાળ![૯૦]

જગતને જોનારી દૃષ્ટિનો લય થતાં જગતનું પરબ્રહ્મરૂપે બ્રહ્માનુભવીને થતું દર્શન - અક્ષય પ્રભાતનું દર્શન ગુઢમોનિંગ ગઝલ દ્વારા સાગરે આ રીતે કરાવ્યું છે, જુઓ:

અહો! હો! હો! નથિંગ બટ વન્
નથી સાગર મગર આત્મન્
સુમન સોરંગી નિવસિન સનાતન હું જ ગુડ મોર્નિંગ![૯૧]

જીવાત્માની બાહ્ય દૃષ્ટિનો વિલય થતાં એક માત્ર સનાતન સત્ ૐ પ્રભુજીનું જ સર્વત્ર દર્શન થાય છે. સાગરે પોતાનો સ્વાનુભવ એકડે એકો તથા ૐ પ્રભુજી ગઝલો દ્વારા પણ વ્યકત કર્યો છે. જુઓ:

નિરંજનતત્ત્વ સોહિ રામ-
ત્રિભુવનવ્યાપી તારક રામ-
અદ્વિતીય ૐ અનામી નામ- લખો હાં! એકડે એકો[૯૨]

બધી બે આંખની લીલા
હતે છે રામ એકીલા-
ત્રીજી આંખે દીઠા કેલ્યા- તું હિ સત! ૐપ્રભુજી છે.[૯૩]

...........

[૯૦]એજન, પૃ. ૩૬૦

[૯૧]એજન, પૃ. ૩૬૧

[૯૨]એજન, પૃ. ૩૬૨

[૯૩]એજન, પૃ. ૩૬૩

ભ્રમ - અજ્ઞાનરૂપી આવરણને કારણે જ જગતનું જગતરૂપે દર્શન થાય છે. મનની વૃત્તિ પ્રભુમય થતાં જગતનું પરબ્રહ્મરૂપે દર્શન થાય છે એ સમજાવતાં સાગર કહે છે:

અંતરદૃષ્ટિથી લય કર જગનો
મન ભ્રમ કરી લે ભસમ
જીવ-મુક્ત જગત હકીકતમાં, વિલસત કેવળ બ્રહ્મ[૧૬૪]

• • •

જલચર, થલચર, ખેચર સબમેં, આપ હિ આપ ફેલાઓ.[૧૬૫]

વિશ્વના અણુએ અણુમાં શાશ્વત સનાતન પરબ્રહ્મ જ વિલસે છે એ સમજાવતાં સાગરે લાક્ષણિક શૈલી પ્રયોજી છે:

હરચીઝમાં હરદમ દીપે ઝળકો સનમ સરકારનો—
સાગર અમર ગાજી રહ્યો, હાં! સૂર શો ૐકારનો.[૧૬૬]

જગતનું અસ્તિત્વ મનના સંકલ્પવિકલ્પોને કારણે જ છે એ અજાતવાદના મનોનાશની અનિવાર્યતા અંગેના સિધ્ધાન્તની અભિવ્યક્તિ સાગરે નીચેની પંક્તિઓ દ્વારા કરી છે:

ચિત્ત વિકલ્પ જ હસ્તી જગતની, છેદવી જડ નિજ હૈયે,
ત્રિગુણી જગત નિજ ચિત્તનો પડઘો[૧૬૭]
ચિત્તે સમાધિસ્થ થઈએ

સૂફીવાદ પ્રમાણે "સાગરે" સમજાવેલું જગતનું સ્વરૂપ:

"ગુજરાતી ગઝલિસ્તાન"માં સાગરે જગતસ્વરૂપ અંગેનો સૂફીવાદનો સિધ્ધાંત વિગતે સમજાવ્યો છે. "સૂફીવાદમાં પ્રેમને જ જગતનું ઉત્પત્તિકારણ અને નિર્વાહક

...........

૧૬૪ દીવાને સાગર દ.૧, પૃ. ૩૫૬

૧૬૫ એજન,

૧૬૬ એજન, પૃ. ૪૮૦

૧૬૭ દીવાને સાગર દ.૨, પૃ. ૫૯

તત્વ માનવામાં આવ્યું છે. પ્રેમ જેને સૂફીઓની પરિભાષામાં શરાબ કહેવામાં આવે છે તેનું ઉમેદવાર દિલ, દુનિયાની ચલિત ચીઝોની કિમ્મત ફૂટેલી કોડી જેટલું પણ ગણતું નથી.[૧૯૮]

જીવની સ્થૂલ દૃષ્ટિએ આરોપેલું જગતપણું પુરેપુરું બાદ કરતાં પૂર્ણબ્રહ્મનું વિરાટ સ્વરૂપ જ રહે છે. દેહાત્મભાવનું હું લય પામે છે અને 'અહમ્ બ્રહ્માસ્મિ' નું સર્વસામાન્ય હું જાગે છે, જે પૂર્ણ છે. પ્રેમ દ્વારા સૂફી સમષ્ટિમાં પરબ્રહ્મને નિહાળી શકે છે એ સમજાવતાં સાગર કહે છે:

વ્યષ્ટિમાં સમષ્ટિને અને તેના નિયામકને જોવાની અદ્ભુત આંખ આશકને પ્રેમે પોતે જ નઝર કરેલી હોય છે અને આશક જાતે જ્યાં સુધી બેકાના હાલમાં આવે ત્યાં સુધી આખી દુનિયાને પોતાની આંખો લગાડવાને અસમર્થ હોય છે.[૧૯૯]

## જીવ અને તેનું સ્વરૂપ

સાગર અજાતવાદી છે એટલે સિદ્ધાંતમાં એ સ્વીકારે છે કે પરબ્રહ્મ સિવાય બીજા કશાનું વસ્તુતઃ અસ્તિત્વ જ નથી. જીવાત્માને પોતાના મનની વૃત્તિવડે જીવપણું પ્રાપ્ત થાય છે. નામરૂપ સાથેનો જીવાત્માનો સંબંધ અદૃશ્ય થતાં જીવાત્મા પોતાનું મૂળસ્વરૂપ- બ્રહ્મસ્વરૂપ પ્રાપ્ત કરે છે.

વસ્તુતઃ જગતનું, જીવોનું કે ઇશ્વરનું અસ્તિત્વ જ નથી.

જીવાત્માને મુક્તાવસ્થાનો અનુભવ થતાં જીવ, જગત અને ઇશ્વરની એકતાનો ભેદ આપોઆપ ઉકલી જાય છે.

દીવાને સાગર દ. ૨માં જીવ જગત અને ઇશ્વરની ત્રિપુટી મનની વૃત્તિએ કરીને જ છે એ સિદ્ધાંત આ રીતે રજૂ કર્યો છે.

...........

[૧૯૮] ગુજરાતી ગઝલિસ્તાન, ઉપોદ્ઘાત, પૃ. ૧૪

[૧૯૯] એજન, પૃ. ૨૨

આપની હિ વૃત્તિ કરિકે બનાયા
જીવ જગત જગન્નાથા![200]

જીવનું પૂરેપૂરું જીવપણું - દેહાભિમાન શિવમાં વિલીન થતાં જીવાત્માને બ્રહ્મસ્વરૂપનો અખંડ સ્વાનુભવ થાય છે. શ્રી. સદ્ગુરુની કૃપા દ્વારા જીવાત્મા પોતાનું સ્વરૂપ પિછાની પરબ્રહ્મ સાથે એકરૂપ થઇ જાય છે એ સમજાવતાં સાગર સ્પષ્ટ કહે છે કે: શ્રી. સદ્ગુરુએ આપેલી અકલ કલા વડે મુમુક્ષુ જીવાત્મા પણ સંસારની જાળમાંથી બ્રહ્મસિંધુમાં બ્રહ્મરૂપે ભળી જાય છે. ૨૦૧ જીવાત્માનું સ્વરૂપ સમજાવતાં અપ્રસિધ્ધ અક્ષયવાણીની ટીકામાં સાગર જીવ અને શિવ બન્ને વચ્ચેનો મૂળભૂતભેદ આ પ્રમાણે સમજાવે છે:

ત્રિગુણાત્મક માયાના દેહરૂપી પુરમાં પુરાયેલો તે પુરંજન- જીવ અને તેથી મુકત તે નિરંજન- શિવ સ્વરૂપ[202]

સાગરે વ્યકિત અને સમષ્ટિ પિંડ અને બ્રહ્માંડ વચ્ચેનો તફાવત પણ ટીકામાં આ પ્રમાણે સમજાવ્યો છે.

પિંડ એટલે ન્હાનું હું- વ્યકિત, Microcosm અને
બ્રહ્માંડ એટલે મ્હોટું હું - સમષ્ટિ Macrocosm

આ બન્ને વચ્ચેનો અભેદી સંબંધ નિત્ય નિરંતરનો તેમજ અનુભવગમ્ય છે. પરિપકવ મુમુક્ષુ જ્ઞાન, વૈરાગ્ય અને અભ્યાસ વડે મુકતાવસ્થામાં એ અગમ્ય કોયડો ઉકેલી અને અનુભવી શકે છે.

............

[200] દીવાને સાગર, દ.૨., પૃ. ૧૮૮

[201] અપ્રસિધ્ધ અક્ષયવાણી, પૃ. ૨૫૪

[202] એજન, પૃ. ૨૩૬

પિંડ —નાનું— ન્હાનામાં ન્હાનું બ્રહ્માંડ, તેવી જ રીતે

બ્રહ્માંડ મ્હોટામાંમ્હોટો પિંડ - વિરાટનો પિંડ - જે મુકત પુરુષે આ બન્નેની એકતાનો સ્વાનુભવ કર્યો છે તે તો પિંડ બ્રહ્માંડ ભેદીને એવી મહામુકતની ભૂમિકામાં વિહરે છે કે જ્યાં આ લોક કે પરલોકના કારણનો ઉદ્દભવ જ નથી તેમજ વાણી વડે, એ ભૂમિકાનું નિરૂપણ સંભવતું નથી, કેમકે ધ્યેય અને ધ્યાતા એવું બે પણું જે પૂર્વે હતું તે હવે લય પામ્યું છે. જગત કે જગતની જંજાળ જ્યાં છે જ નહીં, એવા કાયમના સ્વરૂપની સંસ્થિતિમાં આ લયયોગી બ્રહ્મમાં બ્રહ્મરૂપે ભળી જાય છે.[૨૦૩]

જીવાત્માના બંધનનું મૂળ કારણ પોતાનું નાનકડું હું - અહંતા છે. તેને જ કારણે તે પોતાનું અસલ વતન પ્રાપ્ત કર્યા વિના ભવરણમાં ભટકયાં જ કરે છે દીવાને સાગર દફતર બીજામાં એક પદમાં સાગર સ્પષ્ટ જ કહે છે:

ભાસ્યું બીજું જીવ ત્યાંથી જ ભૂલ્યો
ભૂલ્યો ડુબે ભવ-દરિયે [૨૦૪]

જીવનું સાચું સ્વરૂપ સમજાવતાં સાગર કહે છે કે:

બ્રહ્મસ્વરૂપ તો જીવ-શિવના દ્વૈતથી પર છે:

ૐ પ્રભુજીના કકકામાં સાગર સ્પષ્ટ જ કહે છે કે જીવાત્માનું સાચું સ્વરૂપ અનંતાદ્વૈત અપરિમિત પરબ્રહ્મ સ્વરૂપ જ છે, જુઓ:

~~અનંતાદ્વૈત અપરિમિત પરબ્રહ્મસ્વરૂપ જ છે, જુઓ:~~

ડકા! ડોલે તે તો જીવ, અષ્ટ પ્રહર જે સ્થિર, તે શિવ,
જીવ શિવથી પર તે બ્રહ્મ પીવ, ડડ્ડા! ડોલે તે તો જીવ[૨૦૫]

...........

[૨૦૩] એજન, પૃ. ૨૫૫

[૨૦૪] દીવાને સાગર, દ.૨., પૃ. ૫૯

[૨૦૫] એજન, પૃ. ૧૬૮

જીવાત્મા પોતે બ્રહ્મ સ્વરૂપ છે પરંતુ પોતાના મૂળ સ્વરૂપ વિશેની વૃત્તિ જાગ્રત થાય કે તરત જ જીવાત્માનું બંધન આપોઆપ લય પામે છે. યોગવાસિષ્ઠના નિર્વાણ પ્રકરણમાંથી સાગર સમજાવે છે તેમ:

હું અકિંચિન્માત્ર- ચિન્માત્ર (કેવળ બ્રહ્માકાર) ગગનથી પણ સૂક્ષ્મ નિરવધિ સ્વરૂપ છું- એવી શાશ્વતી અખંડવૃત્તિ છે તેને સંસાર બન્ધન નથી. (યોગવાસિષ્ઠ નિર્વાણ પ્રકરણ પૂર્વાર્ધ) ૧૧૮(૯)[૨૦૬]

બ્રહ્માનુભવ પ્રાપ્ત થયા પછી દ્વૈતપણું રહેતું નથી એટલે આપોઆપ જીવપણાનો વિલય થાય છે. એ સમજાવતું "સાગર"ની વિચારણા તૃતીયાંક"નું અવતરણ પણ અહીં નોંધવું જોઇએ: "અહમ્ બ્રહ્માસ્મિ એ અનુભવ છે, વાણી અથવા કલમને એની સાથે કશી નિસ્બત નથી. અહમ્ એટલે બોલનાર કોઇ એક વ્યક્તિ નહીં, પણ સમસ્ત બ્રહ્માંડો જેમાં ઓતપ્રોત છે એવું અહમ્ એ અહમ્માં તું જેવું કશું કદાપિ પ્રવેશી શકતું જ નથી. જ્યાં બોલનાર અને સાંભળનારનું બેપણું જ પૃથક્ નથી ત્યાં કોણ કોને સંભળાવે કે અહં બ્રહ્માસ્મિ? જેણે બ્રહ્મને જાણ્યું તે જીવને ક્યાં જોશે? ૨૦૭

સર્વત્ર પરબ્રહ્મની વ્યાપ્તિ અનુભવવા માટે જીવાત્માએ પોતાની ચંચળ મનોવૃત્તિ પર કાબૂ મેળવવો જોઇએ. મનનો લય કર્યા વિના સ્વાનુભવ શક્ય નથી. 'પરમાત્માને પામવાને શું કરવું?' એ પુસ્તિકામાં પણ "સાગર" સમજાવે છે કે : પરમાત્મા એ જીવાત્માનો અન્તર્યામી છે. જીવાત્માને પરમાત્મા સાથે નિકટ સંબંધ છે છતાં તેને એ કેમ નજરે પડતો નથી? તેનું કારણ એ કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર વગેરે ડુંગરાઓ આપણી અને એની વચ્ચે પડયા છે, તે એમનું દર્શન થતું અટકાવે છે. એ અટકાવ દૂર કરવાનું સાધન વિનમ્ર ભાવ અને અંતઃકરણ-શુદ્ધિ છે. જો અંતઃકરણની મનોવૃત્તિઓને બરાબર કેળવેલી હોય તો તે આપણને પરમાત્માનું દર્શન કરાવે છે, માટે મનોવૃત્તિને સુવિચારથી દોરવા પ્રયત્ન કરવો જોઇએ".[૨૦૮]

............

૨૦૬ "સાગર"ની વિચારણા પ્રથમાંક", પૃ. ૨

૨૦૭ "સાગર"ની વિચારણા, તૃતીયાંક", પૃ. ૧૫

૨૦૮ "પરમાત્માને પામવાને શું કરવું?", પૃ. ૯

વસ્તુતઃ જીવ અને બ્રહ્મનું દ્દૈતપણું છે જ નહીં; જીવાત્મા પોતાની વૃત્તિઓના લય દ્દારા બ્રહ્માનુભવ પ્રાપ્ત કરી શકે તે માટે વાસનાક્ષય દ્દારા વૃત્તિવિલય- મનોનાશની આવશ્યકતા 'સાગર' એક પત્રમાં આ પ્રમાણે સમજાવે છેઃ

શુભ અને અશુભ બન્ને પ્રકારની વાસના જ્યારે બળી જાય ત્યારે જ બ્રહ્માનુભવની પ્રાપ્તિ થાય. હું પણાનો પૂરેપૂરો વિલય એટલે જ જીવ-મુકિત.[२०९]

ડૉ. હરિકૃષ્ણ જોષીને લખેલા એક વિસ્તારી પત્રમાં સાગરે વાસનાક્ષય મનોનાશનો માર્ગ સમજાવ્યો છે. સાગરે આ પત્રમાં જીવાત્મક અને શિવાત્મક એવા બે પ્રવાહો દર્શાવ્યા છે. જીવાત્માએ પોતાનું સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીર મન, બુદ્ધિ ચિત્ત અને અહંકાર - એ લિંગ ચતુષ્ટય સહિત સદ્દગુરુ - બ્રહ્મના અધિષ્ઠાનને લક્ષ્ય કરીને ગુરુગમ દ્દારા શિવાત્મક પ્રવાહમાં લય કરવું જોઇએ. એ સમજાવતાં સાગરે રામાયણની પરિભાષામાં કહે છેઃ

"દસ મ્હોંવાળો રાવણ એટલે દસે ઇન્દ્રિયોમાં અધિષ્ઠાન કરીને રહેલો જીવાત્માનો કામ અને શરીરનું શરીરપણું એટલે લંકા. સીતા એટલે બ્રહ્મવિદ્યા. અન્દરના રાવણને પૂરેપુરો મારી નાંખવો - અંદરનો રાવણ - જીવનું જીવપણું એટલે અજ્ઞાન બાપ અને દેહાધ્યાસ એટલે પુષ્ટ થયેલો લિંગભેદ એ મા. અને એમના વડે કારણ સૂક્ષ્મ અને સ્થૂલ શરીરની લોકાની સૃષ્ટિ. રાવણ અથવા કામ, સીતા એટલે બ્રહ્મવિદ્યાને બાવાનો વેષ લઇને હરી જાય છે. અને એ જ રામાયણ સૌ કોઇને પોતાની અંદર ગુરુગમથી ઉકેલવાનું છે.

આજ પત્રમાં "સાગરે" અબ્ધેગીતાના પ્રથમ ત્રણ કડવાં સમજાવતાં

જય ગુરુ જય ગુરુ દત્ત દિગંબર
ત્રિગુણાતીત સ્વયં પરમેશ્વર

ની ધૂન આપી, દત્ત શબ્દનો [illegible] સમજાવ્યો છે. દત્ત-જિસને દે દિયા હે વો દત્ત-આધિભૌતિકકો ઔર આધિદૈવિકકો દોનોંકો આધ્યાત્મિકમેં -

............

[२०९] સાગરની પત્રરેખા" પૃ. ૨૬૨

હે હ્દયા - અપની ખુદી છૂટ ગઇ.

દત્ત એટલે પાંચભૌતિક તમામને નામે એટલે લિંગભેદ ખડો કરનારી દરેક બાબતને નામે મોટું મીંડુ અને ગગનોઽપમોહમ્ —અણલિંગી, નામ, ઘાટ ને ગુણવગરનો આત્માનુભવ - નિરંજન નિરાકારનું દર્શન . ગુરૂદત્તનું ભજન એટલે જ ખરેખરું અન્દરથી (ટનેક)થઇ જવું - વૃત્તિઓને નિર્ગુણમાં એટલે નિરંજન નિરાકારમાં શમાવવી અને ગુરૂગમનો સહારો લેવો - ગુરૂગમનો એટલે અખાજીના પ્રવાહનો"

સાગરે મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર એ લિંગ-ચતુષ્ટય દ્વારા જીવાત્મક અને શિવાત્મક એવા બે ભિન્ન પરસ્પર વિરોધી પ્રવાહોમાંથી શિવાત્મક પ્રવાહ દ્વારા જીવાત્મા પોતાના ત્રણે શરીરોમાંથી લિંગ-ભાવના અને દેહાભિમાનનો લય કઇ રીતે કરી શકે તે પણ આ પત્રમાં વિસ્તારથી સમજાવ્યું છે.

વળી, પિંડ બ્રહ્માંડમાંથી દ્વૈતનો સમૂળો નાશ કરીને એકલા શિવાત્મક પ્રવાહને જ અનુભવવા માટે ગુરૂગમની આવશ્યકતા પણ દ્રૃષ્ટાંત આપી સમજાવી છે અને ઋતુધ્વજ, કરહાદ, મજનૂ, સુરદાસ કે તુલસીદાસનાં દ્રૃષ્ટાંતો આપી સાચા મુમુક્ષુએ માયાનાં અધિષ્ઠાનનો ત્યાગ કરી સદ્ગુરૂ બ્રહ્મના અધિષ્ઠાનને જ સ્વીકારવું પડે એ સિધ્ધાંત પણ સાગરે વિશદતાથી સમજાવ્યો છે. અને સદ્ગુરૂ દ્વારા ગુરૂગમ પ્રાપ્ત કરીને પોતાના આન્તરપ્રવાહને ત્રણે શરીરો ચીરીને ઉકેલે નહિં ત્યાં સુધી અણલિંગી આત્માનુ દર્શન એ પામે નહીં. જીવ- શિવની એકતાનો સ્વાનુભવ ગુરૂદત્તનું દર્શન આ જ પત્રમાં સાગર આ પ્રમાણે સમજાવે છે:

ગુરૂદત્ત એટલે બે આંખે જોયેલો કે જોઇ શકાય એવો કોઇ મનુષ્ય નહીં, પણ ગુરૂમહારાજ દયા કરીને દર્શન કરાવે એવો ગગનોઽપમોહમ્ નિરંજન નિરાકાર, સ્વયં પરમેશ્વર-અપરિમિત ગુરૂ ઘનચક્કર" અખાજીની ભાષામાં કહીએ તો અણલિંગી ચિદ્ઘન અનુભવાત્મા અને ભગવાન શંકરાચાર્યની ભાષામાં બોલીએ તો (સ્વસંવેદ્ય બ્રહ્મસાક્ષાત્કાર) થોડાક અનુભવના ફેરફાર સાથે આજ મહાન બુધ્ધદેવનું નિર્વાણપદ અને આજ યોગવાસિષ્ઠની જીવન્મુક્ત અવસ્થા.[210]

............

[210] સાગરની પત્રરેખા, પૃ. ૫૭૮-૮૦

Smt. HANSA MEHTA LIBRARY

પોતાની સાધનાનો માર્ગ સમજાવવા માટે સાગરે ધનચક્કરનો નકશો પ્રયોજ્યો છે. આ નકશો સમજાવતી પરિશિષ્ટમાં આપેલી ગાઇડમાં સાગર સમજાવે છે તે પ્રમાણે જીવાત્માનું જીવપણું પોતાની અહંતા – હું પણાને કારણે હોઈ હું – Little Mr. I — અને તેની વિભક્તિઓનો લય થતાં જીવ – શિવની એકતાનો સ્વાનુભવ 'અહં બ્રહ્માસ્મિ'નો વિરાટ અનુભવ પ્રાપ્ત થાય. આ પત્રમાં પણ સાગર પોતાની અહંતાનો લય કરવાનું ઉદ્બોધન કરતાં કહે છે: આ દત્ત એટલે જ પાલણપુરની ધનચક્કર નકશાની ઈંગ્લિશ ગાઇડમાં ઉભા થયેલા મિસ્ટર આઇ યા તો મિસ્ટર હું – લિટલ સેલ્ફ – દિલ યાને જીવાત્મા સૂક્ષ્મ શરીરનું હોવા છતાં ન હોવું. અને આનો અર્થ જ સ્પષ્ટ નથી કે પ્રવાહને શરણે ચોવીસ કલાક જીવવું એ જ હોવા છતાં ન હોવું છે?

સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ શરીરો તે સુધીનો પિંડનો તમામ પ્રદેશ ગુરુદેવને શરણે રાજીખુશીથી સોંપી દઇને – સદ્ગુરુના યોગ્ય અધિષ્ઠાન.

'સંતોની વાણી'માં પણ સાગર અદ્વિતીય ગુરુભક્તિ પ્રેમયોગ દ્વારા વાસનાક્ષય મનોનાશની ભૂમિકા ઓળંગીને જીવાત્મા બ્રાહ્મી પ્રવાહનો સનાતન સ્વાનુભવ કઈ રીતે પ્રાપ્ત કરી શકે તે વિગતે સમજાવે છે. જીવાત્માએ સદ્ગુરુને શરણે જઇને પોતાના જીવપણાનો દેહાભિમાનનો લય કરવા માટે – પરમાત્મામાં સર્વતઃ ઓમ્મીકરણ કરવા માટે શું કરવું જોઇએ. એ સમજાવતાં સાગર કહે છે કે જેને તમામ વાસના ટાળીને બ્રહ્માનંદમાં મનનું ઓમ્મીકરણ બ્રહ્માનંદમાં અનુભવવું છે તેને તો સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ શરીરો સુધીનો પિંડનો તમામ પ્રદેશ ગુરુદેવને શરણે રાજીખુશીથી સોંપી દેવો પડે છે... પ્રેમ એ જ મનુષ્ય જીવનમાં એવું અદ્ભુત તત્ત્વ છે કે જે પરમાત્માનું દર્શન કરાવે, એટલું જ નહિ પણ પરમાત્માના અપરિમિત ચિદ્ઘન રૂપમાં મનુષ્યનું – જીવાત્માનું ઓમ્મીકરણ કરે – જીવને શિવ બનાવે.[૨૧૨]

...........

[૨૧૨] 'સંતોની વાણી', પૃ. ૫૪.

અણાજીના એટલે આત્માનુભવના પ્રવાહ દ્વારા સદ્ગુરુની કૃપાથી વાસનાક્ષય – મનોનાશ દ્વારા જીવાત્મા બ્રહ્માનુભવ પ્રાપ્ત કરી શકે એ વિના અન્યમાર્ગ નથી. સન્તોની વાણીમાં તેમજ સાગરની પત્રરેખામાં પણ આ સિધ્ધાંત સાગરે વિગતે સમજાવ્યો છે. વાસનાઓનો ક્ષય અને દેહાભિમાનનો લય – બંનેની એક સરખી આવશ્યકતા સમજાવી સાગર એક પત્રમાં એકાન્ત, સતત લીનતા અને પુરુષાર્થ દ્વારા મનને આત્મામાં લીન કરવા માટેનો માર્ગ આ પ્રમાણે દર્શાવે છે:

"શરીરને ભૂલી જવું એટલે મનને આત્મામાં લીન કરી દેવું. આ બન્નેનો સાર એક જ છે કે પરમાત્મામાં પૂરેપૂરું જીવવું ... જગતને બાહ્યમાં ભૂલી જવું એ સત્સંગ વડે, અભ્યાસ વડે અને પ્રેમની લીનતા વડે બની શકે તેવું છે. પણ ઓ માતા! મનને કાયમનું બ્રહ્મલીન અનુભવવું એ તો પ્રારબ્ધ સંચિતની બધી જ વાસનાઓનો ક્ષય કર્યા સિવાય બનવું મુશ્કેલ છે. અને તે વાસનાઓ પૂર્ણતપ, એકાન્તવાસ અને સતત લીનતા વિના ઓગળી જાય નહીં એવી માતબર હોય છે.[213]

બીજા એક પત્રમાં સાગર જીવાત્માની વૃત્તિઓનો વિલય કરવાનું મુખ્ય સાધન પ્રેમયોગ છે એ સમજાવતાં કહે છે કે:

વૃત્તિ એ જ વિકાર, અણલિંગી લિંગી કરે
સખિ! સુખ સંભાર, જાય ન આવે એક રસ!

એ મૂળ તત્ત્વનો એ જ કેવળ બ્રહ્માનુભવ છે. અભ્યાસ વડે, યોગ વડે અને અદ્વિચાર વડે એ સ્વાનુભવ સાધક પામે છે અનેકાનેક જન્મોના દૃઢ થઇ ગયેલા અધ્યાસોને વિસ્મૃત કરવા એ પ્રબલમાં પ્રબલ પુરુષાર્થ વિના બનતું નથી, અને

............

૨૧૩ "સાગરની પત્રરેખા", પૃ. ૩૮૧

પ્રેમ ભક્તિના યોગમાં લીન રહેવાથી જ એ પુરુષાર્થની ખરી દશા મુમુક્ષુ મેળવી શકે છે. ઇશ્ક જ વૃત્તિનો વિલય કરવામાં મુખ્ય સાધન છે કેમકે ઇશ્ક એક જ એવો અગ્નિ છે કે જે નિરંતર વગરનું બીજું બધું ફના કરી દે છે.[૨૧૪] વૃત્તિના મૂલને પકડવું અને તેને પિછાનવું તેમજ વૃત્તિમાત્રનો વિલય કરવો એ પૂર્ણ કૈવલ્યજ્ઞાનનું લક્ષ્ય છે.[૨૧૫]

આ જ વાત પોતાના સહોદર શ્રી. મણિભાઇ ત્રિપાઠીને સાગર લાક્ષણિક શૈલીમાં આ પ્રમાણે સમજાવે છે.

"જે જેટલું ને જેવું હોમે તે તેટલું ને તેવું પામે- ફેર માત્ર સ્વરૂપમાં – પિંડ હોમે તે બ્રહ્માંડ પામે- જીવ હોમે તે શિવ પામે, અહંકાર હોમે તે અહમ બ્રહ્માસ્મિ પામે.[૨૧૬]

'મુમુક્ષુ વિચારણા' માં પરમાત્મપ્રેમ દ્વારા વૃત્તિઓની લીનતા શક્ય બને એ સમજાવતાં સાગર કહે છે કે, જીવાત્માએ પરમાત્માના નામમાં ગમે તે રીતે ઘેલા થઇ જવું. ... ... પ્રભુના પ્રેમ વિના ખરી વૃત્તિ કોઇ પામી શક્યું જ નથી અને પામી શકે પણ નહીં. [૨૧૭]

અને એટલે જ પરબ્રહ્મ સાથેનો જીવાત્માનો સંબંધ જ સાચો છે. એ વિનાની બધી બાબતોને સાગર અસત્ ગણાવે છે. જુઓ:

"કોઇપણ દૃશ્ય પદાર્થ એવો નથી કે જે જીવાત્માને કાયમની શાંતિ આપી શકે. જન્મ્યા પહેલાં જે ઘેર નિવાસ હતો અને મૃત્યુ પછી જે ઘેર નિવાસ થવાનો છે, તે ખરા વતનની સાથે જ જીવાત્માને સાચો, સંબંધ છે અને તે વિનાની બીજી બધી જ બાબતો કેવળ હંગામી યાને ટેમ્પરરી છે.[૨૧૮]

...........

[૨૧૪] એજન, પૃ. ૩૩૨

[૨૧૫] એજન, પૃ. ૩૩૧

[૨૧૬] એજન, પૃ. ૩૨૩

[૨૧૭] મુમુક્ષુ વિચારણા, પૃ. ૧૯

[૨૧૮] મુમુક્ષુ વિચારણા, પૃ. ૧૯

અસત્ પદાર્થો સાથેના જીવાત્માના સબંધનો ત્યાગ કરી જીવાત્માએ પરમાત્માની પ્રીતિમાં લીન થઇ જવું જોઇએ. જીવાત્મા પોતાનું હું પણું પુરુપેરું પરબ્રહ્મમાં શમાવી દે પછી જ - સ્વાનુભવ - પોતાના સ્વરૂપનું અનુભવજ્ઞાન થાય ત્યારે જ તૃપ્તિ પામી શકે. કારણ કે જીવાત્માનું મૂળ સ્વરૂપ પરબ્રહ્મનું જ છે. વસ્તુતઃ જીવાત્મા અને પરમાત્મા બન્ને એક જ છે, એ સમજાવતાં સાગર મુમુક્ષુ વિચારણામાં સ્પષ્ટ જ કહે છે કે,

જીવાત્મા જાતે પરમાત્માનો બન્યો છે અને માટીનો બન્યો નથી, અને એટલા માટે માટીના પદાર્થોથી એ પૂરેપૂરી તૃપ્તિ પામી શકે જ નહીં, પણ પરમાત્માપ્રીતિમાં ભળી જાય ત્યારે જ પૂર્ણ તૃપ્તિ 'Satiety of the soul' પામી શકે પોતાના સ્વરૂપનું અનુભવજ્ઞાન થાય ત્યારે જ હું પણું પૂરેપૂરું શ્રી.હરિના વિરાટ સ્વરૂપમાં શમી જાય. [219]

જીવાત્માએ અનન્ય પ્રીતિયોગ દ્વારા બ્રહ્માર્પિત જીવન અનુભવવું જોઇએ, એ સિવાય જીવાત્માએ બીજું કશું જ કરવાની જરૂર નથી. જીવાત્મા પોતાનું હું પણું- સ્વસર્વ સમર્પણ કરીને પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરી શકે. એક પત્રમાં પણ સાગર કહે છે કેઃ હું પણાની ગંધ પણ પોતાનામાં ન હોવી જોઇએ. બધું બ્રહ્માર્પિત જીવન અનુભવવાનું જોઇએ. ગમે તે રીતે કરવું પણ કરવું તો એ એક જ છે.[220]

આ જ મનોનાશનો સિધ્ધાંત સાગરે એક બીજા પત્રમાં પણ સમજાવ્યો છે. જીવાત્માએ બ્રહ્માર્પિત જીવન અનુભવવા માટે જે પુરુષાર્થ કરવો પડે તેની સમજ આપતાં સાગર કહે છે. "ચંચળ મનનો સ્વભાવ જ અસ્થિરસાલો હોવાથી એ લાખ ભાતના ને લાખ વાતના સંસ્કાર છાપતું જાય, ભૂંસતું જાય અને વળી લાખો વાર છાપતું જાય- આવો એનો વેશ્યા વ્યાપાર જ મનુષ્યના જન્મ મૃત્યુનું અને કલેશનું કારણ છે. એ મનને એક જ સર્વોપરિ સત્યમાં પુરુષાર્થ છે.[221] ધનચકકરના નકશાની ગાઇડમાં સાગરે આજ સિધ્ધાંત રજૂ કર્યો છે.

............

[219] મુમુક્ષુ વિચારણા, પૃ. ૨૪

[220] સાગરની પત્રરેખા, પૃ. ૪૬૫

[221] સાગરની પત્રરેખા, પૃ. ૩૫૪ ધનચકકરની નકશા ગાઇડ (અપ્રસિધ્ધ)

આ પુરુષાર્થની વિધિ વિગતે સમજાવતાં બીજા એક પત્રમાં સાગર કહે છે કે "સૌ પ્રથમ અસંગ રહીને હૈયાની પાટી પર છપાયેલી બધી છાપો પૂરેપૂરી ઘસીને ભૂંસી નાંખવી પડે છે. અને બરાબર ભૂંસાઇ જઇને પાટી કોરી થયા પછી ગુરુમહારાજ એમાં પોતાને હાથે મીંડું મૂકીને એકડો કહાડી આપે છે. અને એ એકડો ખૂબ ગોખવો અને ઘૂંટવો પડે છે. અને એ એકડો પૂરેપૂરો સાતમા પાતાલ સુધી ઘૂંટાયો તો તો એક જ એકડાની આ બધી અટપટી ખેલબાજી ઉકલી જાય છે. અને ત્રીજી આંખ કાયમને માટે ખૂલી જાય છે.[222] ડૉ. જોષીને લખાયેલા એક પત્રમાં પણ ચિત્તની એકાગ્રતા માટે વિભિન્ન માર્ગો દર્શાવી સાગર અલૌકિક પ્રીતિયોગને જ સર્વોપરિ સાધન ગણાવે છે.[223]

શ્રી. શંકરાચાર્યના કેવલાદ્વૈત મત પ્રમાણે માયા અથવા અવિદ્યાના આવરણને લીધે જ જીવાત્મા પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરી શકતો જ નથી. એમ માનવામાં આવે છે પણ સાગરે સિધ્ધાંતમાં અજાતવાદનો મત સ્વીકાર્યો હોઇ, જીવાત્મા પોતાના મનની વૃત્તિએ કરીને જ બ્રહ્માનુભવ પ્રાપ્ત કરી શકતો નથી. એમ સ્પષ્ટ કહે છે. માયા જેવી કોઇ ભાવાત્મક વસ્તુ Positive Entity — નો સાગર સ્વીકાર કરતા નથી, એટલે વસ્તુત: માયાનું મૂળ જીવાત્માની મનની વૃત્તિમાં જ રહેલું છે. એ સમજાવતાં સાગર સ્પષ્ટ કહે છે કે માયાનું મૂળ તે મન છે. અને એ મનને જ પકડીને પરમ સતમાં તાદાત્મ્યનો સ્વાનુભવ કરાવવાને આ બધું થાય છે.[224]

બીજા એક પત્રમાં પણ સાગર આ જ સિધ્ધાંત રજૂ કરે છે. મનને આત્મામાં શમાવ્યા વિના શાંતિનો અને જીવાત્માનો કાયમનો અનુભવ મનુષ્યને પ્રાપ્ત થવો શકય નથી જ નથી એ સનાતન સિધ્ધાંત છે.

...........

[222] "સાગરની પત્રરેખા", પૃ. ૩૫૫

[223] સાગરની પત્રરેખા, પૃ. ૪૭૭- ૪૮૪

[224] સાગરની પત્રરેખા, પૃ. ૨૫૬

## 'સાગર'ની આત્મસાધનાનો માર્ગ

'દીવાને સાગર' દફતર બીજામાં આત્માનુભવનો ઉલ્લાસ વ્યક્ત કરતાં 'વતનનું ભજન'માં સાગરે પોતાની આત્મસાધનાનો માર્ગ સમજાવ્યો છે.

બીજા એક ભજનમાં પણ આત્માનુભવનો પ્રદેશ સમજાવતાં સાગર કહે છે કે

સન્તો ઉસ ઘરપર ઠરના કે જીસકા ગગન ભીતર પાયા!
બ્રહ્મા, વિષ્ણુ, શેષ, મહેશા, ઉસકા ભેદ ના પાયા!

આત્માનુભવનો ગુહ્ય પ્રદેશ સમજાવવા માટે સાગરે ધનચકકરનો નકશો, પ્રભાતનો નકશો, આપણી છબિ, ફિલમ તેમજ આમલીનો ધર્મ - નકશાઓ અને સૂત્રો પણ પ્રયોજ્યાં છે. "આપણી છબિ" નામે નકશા દ્વારા આત્માનુભવનો પ્રદેશ સમજાવવા માટે વેદાન્ત તત્ત્વજ્ઞાનની પરંપરાનો પ્રવાહ પણ સાગરે વિગતે સમજાવ્યો છે. ૐ મૂર્ભુવ: સ્વ: નામ મ્હારું' ભજનમાં પણ સાગરે આ આત્મિક પ્રવાહનું દર્શન કરાવ્યું છે. આ આત્મજ્ઞાન પૂર્વે ભગવાન નારાયણે બ્રહ્માજીને, દત્ત અવધૂતે શિવજી અને ઉમિયાને, હંસ ભગવાને સનતકુમારને અને રાજા જનકને શુકદેવજીએ આપ્યું હતું.

પ્રાચીન કાળથી અર્વાચીન કાળ સુધીના અદ્વૈત દર્શનનો પ્રવાહ સમજાવવા માટે સાગર મુનિયુગ, અનુભવયુગ, બ્રાહ્મણયુગ, દર્શનકાલ, તંત્રયુગ અને આશ્રમધર્મના વિભિન્ન તબકકાઓનો નિર્દેશ કરે છે. ભક્તિ અને જ્ઞાનનું અદ્વૈત આત્માનુભવમાં પરિણમે છે, એ સમજાવતાં આ નકશામાં સાગરે આત્માનુભવી વ્યક્તિઓનો પણ ઉલ્લેખ કર્યો છે.

જૈમિની મુનિ, શ્રી. રામચંદ્રજી, બાદરાયણ વ્યાસ, શ્રીકૃષ્ણ, શ્રી. રામાનુજાચાર્યજી વલ્લભાચાર્ય ઉપરાંત નરસિંહ મહેતા, મીરાંબાઇ, તુલસીદાસજી, દયારામ, ગુરુનાનક કબીર અને અખાજીનો પણ "આપણી છબિ માં સાગરે ઉલ્લેખ કર્યો છે.

આમ, આત્માનુભવનો ગુહ્ય પ્રદેશ - અસલ વતનનો પ્રવાહ, અને તેની પરંપરા પ્રાચીનકાળથી અર્વાચીનકાળ સુધી ચાલી આવે છે તે પણ નકશા દ્વારા સાગરે વિગતે સમજાવ્યું છે.

પ્રભાતનો નકશો દ્વારા પણ સાગરે આત્માનુભવના ગુહ્ય પ્રદેશની સમજ આપી છે. આ નકશા દ્વારા સાગરે સમજાવ્યું છે કે આ પ્રદેશ- અસલ વતન - અક્ષય પ્રભાત પ્રાપ્ત કરવા માટે જીવાત્માએ અંદરનો હૃદયનો પ્રવાસ કરવો આવશ્યક છે. કવિઓની કલ્પનાથી અતીત આવા પ્રદેશનો સંબંધ ગેટેના ફોસ્ટ અને વર્થર તેમજ મજનૂં ફરહાદના દુન્યવી પ્રેમ સાથે નથી. આ અસલ વતનનો રાહ વર્ણાશ્રમ ધર્મ દ્વારા ધર્મના આચાર્યોએ ઉપદિષ્ટેલો છે, બ્રહ્માનુભવનું આ સુંદર પ્રભાત યાજ્ઞવલ્કય, વસિષ્ઠજી, કપિલ, ભગવાન વ્યાસ, નારદમુનિ ભગવાન મનુ જેવા મહર્ષિઓને દૃશ્યમાન થયેલું છે. ભક્તિ જ્ઞાન અને આત્માનુભવનું અદ્વૈત સાધનાર પ્રાચીન સંતો, કબીર સાહેબ અને અખાજીએ અનુભવેલું આજ અક્ષય પ્રભાત છે.

વાસના બંધનને કારણે ભવરણમાં ભટકતાં જીવાત્માઓને આત્માનુભવના પ્રદેશનો- અસલ વતનનો રાહ પ્રાપ્ત થાય તે હેતુથી અપરિમિત ધનચકકરનો નકશો પણ સાગરે પ્રયોજ્યો છે. આ નકશામાં જીવાત્માના અંતઃકરણ— ચતુષ્ટય-મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકારને અનુલક્ષીને પરમાત્મપ્રાપ્તિ માટેના ચાર વિભિન્ન માર્ગો-યોગ, જ્ઞાન, ભક્તિ અને સૂફી ઇશ્ક દર્શાવવામાં આવ્યા છે. સાગરે આત્માનુભવ માટેની પોતાની સાધના અને તેનો માર્ગ સાગરે રાહ પણ દર્શાવ્યો છે. પોતાનો આત્માનુભવ વ્યકત કરતાં વતનનું ભજનમાં સાગર કહે છે કે:

અપરિમિત ધન આ બ્રહ્મ સાગર
ઉર્મિ ઉર્મિ નિજ પ્રેમે મગન
ૐ પ્રભુજી ૐ પ્રભુજી જપતાં જપતાં
પામ્યાં પામ્યાં અમે બ્રહ્મવતન—
હુવો હુવો માયા રે ઘાટ
ભગન ભગન.
આયા આયા દેખો ટો દેખો
વતન વતન. દીવાને સાગર. ૯૦૨, પૃ. ૧૭૯

## "સાગર" ની સાધનાનો માર્ગ - સ્નેહયોગ - પ્રેમધર્મ

ગુજરાતી ગઝલિસ્તાનના ઉપોદ્ઘાતમાં સાગર પરમાત્મપ્રાપ્તિના સર્વ માર્ગોમાં ભકિતમાર્ગને શ્રેષ્ઠ ગણાવે છે. જુઓ- "પરમાત્મા પ્રેમસ્વરૂપ છે અને તેની પ્રાપ્તિ ભકિત દ્વારા જેટલી સરળતાથી થઇ શકે તેટલી સરળતાથી કેવળ જ જ્ઞાન કે યોગ દ્વારા થઇ શકે નહી.[૨૨૬]

પરમાત્માને પામવાને શું કરવું. પુસ્તિકામાં પણ સાગરે કહ્યું છે કે: "મનોવૃત્તિઓને શાન્ત કરવામાં ભકિતમાર્ગ જેવો બીજો માર્ગ નથી."[૨૨૭] વળી આજ પુસ્તિકામાં અન્યત્ર પણ કહ્યું છે કે પરમાત્માને પામવા માટે ભાવના ભકિત એ જ સાચામાં સાચું અને સૌથી શ્રેષ્ઠ સાધન છે.[૨૨૮]

"સાગરની પત્રરેખા" માં સ્નેહયોગ સમજાવતાં એક પત્રમાં સાગર કહે છે કે "અનન્યસ્નેહ જેને હું સર્વોપરિ કહું છું યા સ્નેહયોગ કહું છું તેનો હું પૂજારી છું અને ચિત્તની તમામ વૈવિધ્ય વાહિનીઓ એક જ કેન્દ્ર તરફ સ્વભાવત: અભિમુખ થયેલી હોય એટલું જ નહી પણ આંતરના અર્પણએ કેન્દ્રસ્થાન પૂજાતું હોય એ દશાને હું સ્નેહયોગ કહું છું."[૨૨૯]

"સાગર" પોતાની સાધનાનો માર્ગ દર્શાવતાં "તારો મહિમા" કાવ્યમાં કહે છે કે નેહ થતાં પ્રકટયો વિરહાગ્નિ, ઝંપ્યો અધર રસ પીધો![૨૩૦]

...........

[૨૨૬] ગુજરાતી ગઝલીસ્તાન પૃ. ૨

[૨૨૭] પરમાત્માને પામવાને શું કરવું? પૃ. -૮-૧૨

[૨૨૮] પરમાત્માને પામવાને શું કરવું? પૃ. ૮-૧૨

[૨૨૯] સાગરની પત્રરેખા પૃ. ૧૦૮-૧૦૯

[૨૩૦] દીવાને સાગર દફતર, ૧ લું. પૃ. ૪૧૯

"નારાયણ નામ!"ગરબીમાં પણ પ્રેમ દ્વારા જ પોતે આત્માનુભવ પ્રાપ્ત કર્યો છે તેનો સ્વીકાર કરતાં 'સાગર' કહે છે:

પ્રેમ પાવકે કર્મ પ્રજાળ્યું રે,
ઉર આપે ઉગ્યું અજવાળું રે! ~~નારાયણ~~
ખૂલ્યું બ્રહ્મસાગર કેરું બારું! નારાયણ નામ. [231]

"સંતોની વાણી" ના "અખાજીની પ્રણાલિકા નામક ઉપોદ્ઘાતમાં પણ 'સાગર' સ્પષ્ટ કહે છે કે, પ્રેમ જ મનુષ્યજીવનમાં એવું અદ્ભુત દર્શન કરાવે એટલું જ નહિ પણ પરમાત્માના અપરિમિત ચિદ્ઘન રૂપમાં જ મનુષ્યનું જીવાત્માનું આત્મીકરણ કરે, જીવને શિવ બનાવે.[232]

<u>આત્મસાધનાનાં પ્રથમ બે પગથિયાં</u>

૧. <u>પ્રેમની અનન્યતા</u> ૨. <u>અંતકરણ શુદ્ધિ</u>

'દીવાને સાગર' દફતર પહેલામાં અને બીજામાં 'સાગરે' આત્મસાધનાના પ્રારંભમાં મુમુક્ષુને પોતાના હૃદયની વિશુદ્ધિ કરવી જોઇએ એ વિના માર્ગમાં આગળ વધી શકાય નહીં, એ વિગતે સમજાવ્યું છે.

જ્યાં સુધી દિલમાંથી દુનિયાદારીની ભાવનાઓ દૂર ન થાય, ત્યાં સુધી સાધનાનો કશો જ અર્થ નથી. "ગઝલ આ શૌક નોકરનું" તેમજ "અલખપૂર" ગઝલમાં 'સાગર' હૃદયશુદ્ધિનું મહત્ત્વ આ પ્રમાણે સમજાવે છે:

હૃદયને દમ બ દમ કસવું —
ખસે મેરુ ન પણ ખસવું —
સફા દિલથી વતન વસવું - હજમ કરવું જ અજવાળું [233]

...........

[231] 'દીવાને સાગર' દફતર ૧ લું. પૃ. ૪૧૮

[232] 'સંતોની વાણી' પૃ. ૫૪

[233] 'દીવાને સાગર' દફતર ૧ લું, પૃ. ૩૬૮

હૃદય ફૂટી ઘૂંટી ભૂકો
પીતાં લૂણો- અહા-સૂકો
હું- તું - તે પર મૂકયો પૂળો - નકો પ્યારી ... ન હો પ્યારા ૨૩૪

પરમાત્માની પ્રાપ્તિ માટે મનને રામનામ સિવાય બીજું બધું જ ભૂલી જવું પડે, મન રામરૂપ થાય ત્યારે જ રામને પ્રાપ્ત કરી શકે, એ સમજાવતાં 'સાગર' પોતાનો આત્માનુભવ રજૂ કરતાં કહે છે:-

રામ મીલ્યો જબી રામ ભયો મન,
ધન્ય હૈ ધન્ય ગુરૂ ગમકો.[૨૩૫]
સાફ ભયો જબસે ચિત્ત ચેતન
આયકે બૈઠો ગુરૂ ઘરકો.[૨૩૬]

"પ્રજ્ઞાન ભાનું જલરહા" ગઝલમાં પણ પોતાની સાધનાનો માર્ગ સમજાવતાં 'સાગર' કહે છે:

દિલ પાટી ધૂળ સફા કિયા, ઇસ પર ગુરૂ ગુરૂ લિખ દિયા -
ગુરૂસે સફા, ગુરૂસે વફા. પ્રજ્ઞાનચેતન જલ રહા![૨૩૭]

"હમ તો સેત્ વસ્તુ દેવેં" ભજનમાં પણ 'સાગર' હૃદયશુધ્ધિનું જ મહત્ત્વ સમજાવે છે.

દિલકે દેવલકો વિમલ બનાયા, શરમ લાજ કર્યો ધરના.[૨૩૮]

"સાગરની પત્રરેખામાં" મુમુક્ષુ જીવાત્માઓને આત્મસાધના માટે સાધનાની પ્રારંભની ભૂમિકા હૃદયશુધ્ધિ વિના બીજા કશાનો અર્થ નથી. જુઓ:

ચિત્તશુધ્ધિ વગરનાં બધાં જ કાર્યો અફળ જાય છે.[૨૩૯]

...........

૨૩૪ દીવાને સાગર' દફતર ૧ લું, પૃ. ૩૬૯
૨૩૫ એજન, પૃ. ૧૩૪-૧૩૫
૨૩૬ એજન, પૃ. ૧૪૨
૨૩૭ એજન, પૃ. ૯૩
૨૩૮ એજન, પૃ. ૯૩
૨૩૯ "સાગરની પત્રરેખા" પૃ. ૪૨

ચિત્તવૃત્તિઓને પૂરેપૂરી વિશુધ્ધ કરેલી હોવી જોઇએ. ચેતનનું બલ તે વિના મનુષ્ય અનુભવી શકે નહી.[240]

પહેલાં હૈયાંનાં આંગણામાંથી કચરો કહાડી નાંખવો ને પછી એને સુંદર બનાવવા મથવું.

અભકત વૃત્તિઓને ભકત બનાવીએ, કચરો બહુ હોય તો બેઠા બેઠા ઝાડૂથી સફા કરીએ.[241]

હૃદયશુધ્ધિનો માર્ગ સાગરે સાગરની પત્રરેખામાં વિગતે સમજાવ્યો છે.

અનેક જન્મોના સંસ્કારની છાપ હૃદય પર પડેલી હોય છે. અહંતા, મમતા, રાગદ્વેષ, ષડરિપુઓની ભાવના દુનિયાદારીની વૈભવોની અને એવી બીજી મોહક અનાત્મભાવનાઓની જંગલી ઝાડી હૃદયની ભૂમિકા ઉપર થઇ ગઇ હોય છે. તેને દૂર કરવાને મથવું પણ આવશ્યક છે. તે સમજાવતાં સાગર કહે છે કે મનુષ્યનાં હૈયામાં પરમાત્માના મંદિરની ઇમારત બાંધવામાં સૌથી પહેલાં હૃદયની ભૂમિકા સાફ કરવી પડે અને પછી ઊંડો પાયો ખોદીને ધાર્મિક મંત્રોથી ચણતર ચણવું પડે છે. હૃદયની ભૂમિકા સાફ કરવાની સૌથી પ્રથમ જ ગરજ પડે છે.[242] આ જ પત્રમાં સાગર વિગતે સમજાવે છે:

અહંતા મમતાની અને રાગદ્વેષની તથા ષડરિપુઓની ભાવનાઓ – એ હૃદયની ભૂમિકા ઉપર જંગલી ઝાડી છે અને જ્યાં સુધી એ ખેડૂતોની માફક એથી હજારગણું વૈતરું સાચી ઇચ્છાથી આપણે કરીએ નહીં ત્યાં સુધી શી રીતે દૂર થાય?[243] હૈયાની પાટી પર છપાયેલી બધી છાપો પૂરેપૂરી ઘસીને ભૂંસી નાંખવી પડે છે અને બરાબર ભૂંસાઇ જઇને પાટી કોરી થયા પછી ગુરુમહારાજ એમાં પોતાને હાથે મોટુ

...........

૨૪૦ સાગરની પત્રરેખા પૃ. ૧૫૦

૨૪૧ એજન, પૃ. ૪૫૫

૨૪૨ એજન, પૃ. ૪૬૭

૨૪૩ એજન, પૃ. ૧૯૧

મુકીને એકડે એકો કહાડી આપે છે.

"મુમુક્ષુ" વિચારણામાં હૃદયની શુધ્ધિ દરેક સુજ્ઞ મનુષ્યનો ધર્મ છે, ફરજ છે એ સમજાવતાં સાગર કહે છે કે પોતાના હૃદયની વિશુધ્ધિ અને નાશવંત પદાર્થો તરફ દિલની અનાસકિત એ તો હરકોઇ સુજ્ઞ મનુષ્યનો ધર્મ છે.[૨૪૪]

"પરમાત્માને પામવાને શું કરવું?" પુસ્તિકામાં પણ અંતઃકરણ શુધ્ધિનું મહત્ત્વ સમજાવતાં 'સાગર' કહે છે કે, જીવાત્માને પરમાત્મા સાથે નિકટનો સંબંધ છે છતાં તેને એ કેમ નજરે પડતો નથી. તે દર્શાવતાં એ કહે છે કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર વગેરે ડુંગરાઓ આપણી અને તેની વચ્ચે છે, તે એમનું દર્શન થતું અટકાવે છે એ અટકાવ દૂર કરવાનું સાધન વિનમ્રભાવ અને અંતઃકરણ શુધ્ધિ છે.[૨૪૫]

o o o

ચિત્તની શુધ્ધિ કરી પરમાત્માનું ચિંતન કરવું એ જ મનુષ્યનું પરમ હિત છે.[૨૪૬]

અંતઃકરણ મલિન, વિકારયુકત અને દુનિયાદારીની ભાવનાઓમાં જ રચ્યાં પચ્યાં રહેલાં હોય તેવા જીવાત્માઓએ ભકિતના માત્ર બાહ્ય આચાર બાહ્ય રિવાજ કરતા હોય છે, આવાઓની ટીકા કરતાં 'સાગર' ચિત્તશુધ્ધિ માટેનું મુખ્ય સાધન અનન્ય ભકિત છે એ સમજાવતાં આ પુસ્તિકામાં કહે છે કે:

ભકિત તથા ઉપાસના શબ્દના ઉચ્ચાર, સાથે તેના અર્થ તેના અર્થ અને ભાવ ઉપર પણ લક્ષ આપવું અને વિચાર કરવો, કેમકે, ઉપાસનામાં આપણે જે વિચાર કરીએ તે બહુ તીવ્ર અને બળવાન હોય, તો જ ચિત્તની શુધ્ધિ થઇ શકે છે.[૨૪૭]

. . .

ભકિતમાં એવું છે કે જેની ઉત્કંઠા સર્વથી વધારે તીવ્ર અને જેની એકાગ્રતા સર્વથી વધારે દૃઢ તેમજ જેના ચિત્તની શુધ્ધિ સર્વથી વધારે પવિત્ર છે, તેને ઇશ્વર

...........

૨૪૪ મુમુક્ષુ વિચારણા, પૃ. ૧૯

૨૪૫ પરમાત્માને પામવાને શું કરવું? પૃ. ૧૯

૨૪૬ એજન,

૨૪૭ પરમાત્માને પામવાને શું કરવું? પૃ. ૧૧

સર્વથી વહેલો મળે છે.[૨૪૮]

શ્રી. શંકરાચાર્યે દર્શાવેલાં સાધન ચતુષ્ટયમાંના પ્રથમ બે વિવેક અને વૈરાગ્ય દ્વારા, જીવાત્મા હૃદયશુધ્ધિ કરી શકે તે સમજાવવા માટે 'સાગર' મુમુક્ષુને સૌથી પહેલો મંત્ર "ભૂલ જાવ" નો આપતા. દિલમાંથી દુનિયાદારીની વૃત્તિઓને હાંકી કાઢવી. પરમાત્માના નામ સિવાય બીજું બધું ભૂલી જવું. પરમાત્મા પ્રત્યેનો પ્રેમ અંતરના સાચા વૈરાગ્ય વિના દૃઢ થઇ શકતો નથી, એ સમજાવતાં 'સાગર' એક પત્રમાં કહે છે :

પ્રેમ મંત્ર ભણવામાં પહેલું ભૂલવાનું શીખવું પડે છે.

સ્વામી સ્વયંજ્યોતિતીર્થ ને સમજાવવા માટે ૧૭ નવેમ્બર, ૧૯૨૧ ની કાચી નોંધમાં સાગર સમજાવે છે કે પોતાની જાત તરફ દુશ્મનની નજરે જોઇને એક હાથમાં રબર અને બીજા હાથમાં પેન્સીલ લઇને સુક્ષ્મ શરીરને ખાલી કરવું. Subtle body to be evacuated ———— અર્થાત્ દિલમાંથી દુનિયાદારીની ભાવનાઓ ભૂંસી નાંખવી અને પરમાત્માના નામ સ્મરણથી હૃદયને ભરી દેવું. હરિનામનો જાપ સતત કરવો.

બીજી એક નોંધમાં પણ 'સાગરે' આજ સિધ્ધાંત સમજાવ્યો છે (Evacuated the the past from the subtle body and never erecting any future in the desire body — કારણ શરીર

~~સૂક્ષ્મ શરીર~~

"સાગરની પત્રરેખા"માં એક પત્રમાં 'ભૂલી જાવ'નો મંત્ર સમજાવતાં એમણે કહ્યું છે કે પોતાને ભૂલી જવું એટલે એક વાત તો એ કે આ બધું જગત જેવું દેખાય છે તેવા રૂપમાં જોવાની જૂની દૃષ્ટિને પ્રભુમાં ભેળવી દેવી અને એટલે મનને આત્મામાં લીન કરી દેવું આ બન્નેનો સાર એ જ કે પરમાત્મામાં પુરેપુરું જીવવું.

જગતને બાહ્યમાં ભૂલી જવું એ સત્સંગ વડે, અભ્યાસ વડે અને પ્રેમની લીનતા વડે બની શકે તેવું છે.[૨૪૯]

...........

૨૪૮ 'પરમાત્માને પામવાને શું કરવું' પૃ. ૧૨

૨૪૯ 'સાગરની પત્રરેખા' પૃ. ૩૮૧

'સાગર' શ્રી. શંકરાચાર્યના વેદાન્ત તત્ત્વજ્ઞાન પ્રમાણે સાધનચતુષ્ટયનું મહત્ત્વ સ્વીકારે છે. ૨૫૦

જગતના પદાર્થો નાશવંત છે- અનિત્ય છે. દુનિયાદારીની ભાવનાઓ અનાત્મભાવ ખેંચવે છે. એટલે જગતના પદાર્થો પ્રત્યે તેમજ પોતાની જાત પ્રત્યે પ્રબળ વૈરાગ્ય તેમજ આત્મ અને અનાત્મ પદાર્થો પારખવાની વિવેકબુધ્ધિ વિના મુમુક્ષુમાર્ગમાં આગળ વધી શકાય નહીં. જ્યાં સુધી દિલમાંથી મિ. "હું" અને તેના સંબંધીઓ તેમજ દુનિયાદારીની અનાત્મભાવનાઓ સાથેનો સંબંધ તોડી નાખવામાં ન આવે ત્યાં સુધી સાચી હૃદયશુધ્ધિ થઇ શકે નહીં. એટલે જ 'સાગરે' વિવેકબુધ્ધિ અને વૈરાગ્યને હૃદયશુધ્ધિ માટે અગત્યના તરીકે મહત્ત્વ આપ્યું છે.

'ધર્મ ધનુષ્ય કર ધરીએ' તેમજ 'મન હરિ ભજ રે' પદમાં સાગરે અજાતવાદનો બાહ્યત્યાગ અંગેનો મૂળભૂત સિધ્ધાંત આ પ્રમાણે અભિવ્યક્ત કર્યો છે.

ત્યાગીને રાગી ઉભય છે અધુરા-
રગ રગ ભર્ગ એ ભરીએ-
ઓ અર્જુન! ધર્મ ધનુષ્ય કર ધરીએ. શ્યામ

. . .

સાધુને તજવું ભજવું ના, સર્વોપરિ સ્વદેશ ૨૫૧

'સાગર'ની પત્રરેખામાં એ કહે છે: 'સાગર' સિધ્ધાંતમાં યોગવાસિષ્ઠના વેદાન્તને પ્રાધાન્ય આપે છે, ત્યાગ વિશે તે એવું સમજે છે કે પૂર્ણ પુરૂષાર્થથી પૂર્ણ, પ્રાણી બલ વડે જો અંતરનો ત્યાગ કરી સાચવી શકાય તો બાહ્યત્યાગની કશી જ જરૂર નથી. ત્યાગ તે સ્થૂલનો કે સ્થૂલની ઇચ્છાઓનો? સંબંધીઓનો કે સંબંધ બનાવનાર મનોવૃત્તિઓનો? યોગવાસિષ્ઠ, ભગવદ્ગીતા, અષ્ટાવક્ર, ગુરુદત્તાત્રેય અને સ્વામી રામસુધ્ધાં આવા બાહ્ય ત્યાગની સલાહ કદાપિ આપતા હોય એવું સાગર જોઇ શક્યો નથી.

...........

૨૫૦ અપ્રસિધ્ધ અક્ષયવાણી પૃ. ૨૫૫

૨૫૧ દીવાને સાગર દફતર બીજું પૃ. ૧૫૩, ૬૯.

એ પૂર્ણપુરુષ કૃષ્ણ બાવા બનવાની કોઈને સલાહ આપતા નથી. મનને આત્મામાં કાયમનું શમી જતાં આવડવું જોઈએ. જે શમાવી શકે તે સંન્યાસી ~~મનને આત્મામાં કાયમનું શમી જતાં આવડવું જોઈએ. જે શમાવી શકે તે સંન્યાસી~~ અને ખરો તો સંન્યાસી શું એ જ નથી કે પોતાનું ઘર અને કુટુંબ પોતાની પ્રતિભા વડે સંન્યાસરૂપ જ કરીને અનુભવે.[૨૫૨]

ઉપર્યુક્ત અવતરણો પરથી સ્પષ્ટ થાય છે કે વૈરાગ્ય માટે જગતનો બાહ્ય ત્યાગ કરવાને બદલે 'સાગર' આંતર ત્યાગનું મહત્ત્વ જ સ્વીકારે છે. રાગ અને ત્યાગ ઉભય દ્વૈતથી પર થવું તે જ સાચો ત્યાગ – વૈરાગ્ય છે.

વૈરાગ્ય એટલે જગતનો બાહ્ય ત્યાગ નહીં અને એટલે જ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ આત્મસાક્ષાત્કાર થઈ શકે. એ સમજાવતાં 'સાગર' આ જ પત્રમાં કહે છે: 'Realization in married life' —— થઈ શકે અને તેમના જેવાં બાવા બનવાની કશી વિશિષ્ટ અગત્ય નથી, અને એ જ ખરું છે. જગત અને જગતની ભાવનાઓનાં આંતર ત્યાગનું મહત્ત્વ તેમજ દૃઢ વિરાગનું મહત્ત્વ સમજાવતાં 'ભરથરીનું ભજન' માં સાગર કહે છે કે:

જોગી કો હિરદો! હિમાલાસે જબરો
ત્રિભુવનસે ના ડગ્યો.[૨૫૩]

બીજા એક પત્રમાં પણ 'સાગર' બાહ્ય ત્યાગને બદલે વૈરાગ્ય- આંતર ત્યાગનું મહત્ત્વ સમજાવતાં કહે છે કે: "'સાગર' કોઈને ત્યાગની સલાહ કદાપિ આપતો નથી, પણ ત્યાગને બદલે એ વૈરાગ્ય ઉપર ખાસ ભાર મૂકે છે, કારણ એવું છે કે ઊંડામાં ઊંડી અને કાયમની લગની નારાયણની સાથે લાગે છે, એટલે બીજી બાબતો તરફ સ્વાભાવિક રીતે જ મન બેદરકાર રહ્યાં કરે છે અને કશા હેતુ

...........

૨૫૨ 'સાગરની પત્રરેખા' પૃ. ૫૧, ૬૦, ૬૧

૨૫૩ 'દીવાને સાગર' દફતર, ૨જું. પૃ. ૧૧૫

વગર લેહ લાગવાને લીધે દુનિયા ટળાઇ જાય છે. મનમાંથી સંસાર છૂટયો એટલે સંસારી કોઇ એ સામું નહી જુએ.[૨૫૪]

શ્રી.રામચંદ્રનું દૃષ્ટાંત આપી 'સાગર' શ્રીગીતાજીનો ગરબો'માં બાહ્યત્યાગને બદલે આંતરત્યાગનું મહત્ત્વ સમજાવતાં કહે છે કે,

આ મ્હારાં,આ પારકાં - એ માયા, એ મોહ,
એવો ભેદ કર્યા વિના - ધર્મ ધર્મ જ જોય-
જીવનમુક્ત છતાંયે ન તજ્યાં રાજસ્થાનને રે-
જેવા જનક વિદેહીને રઘુપતિ શ્રીરામ
એવા અદ્ભુત વિધિએ ભણીએ ગીતા જ્ઞાનને રે. [૨૫૫]

આંતરત્યાગનું મહત્ત્વ સમજાવતાં 'સાગર' એક પત્રમાં પણ સમજાવી કહે છે કે: હરિનામના સતત જાપ દ્વારા પરમાત્મા પ્રત્યે સાચો પ્રેમ પ્રગટે ત્યારે જ જીવાત્માની આંતરદશા પૂર્ણવૈરાગ્ય યુકત થાય. વૈરાગ્યનાં સિકકાની બે બાજુઓ એટલે જગત પ્રત્યેનો આંતરત્યાગ [illegible] અને પરમાત્મા પ્રત્યેનો રાગ. વૈરાગ્યનું બીજું મહત્વનું લક્ષણ સમજાવતાં 'સાગર' કહે છે કે વૈરાગ્ય એટલે પ્રભુપ્રેમ. જીવાત્માએ દુનિયાને નિરૂપયોગી ગણીને પોતાની મનોવૃત્તિઓને હંમેશા પરમાત્મપ્રેમમાં લીન રહે એમ કરવાનું.[૨૫૬] 'ત્રિવેણી તીરે ઓ સખી રે!' પદમાં પોતાની સાધનાનો માર્ગ સમજાવતાં 'સાગર' ૨૫૮ જ કહે છે કે પરમાત્મા પ્રત્યેના પ્રેમ દ્વારા જ અંગ અને રંગની દુનિયાદારીની જૂઠી ભાવનાઓનો બાહ્યવૃત્તિઓનો મેં લય કર્યો.

જુઓ: અંગ અને રંગ સર્વે જૂઠાં હો રે સખિ!
પીધો અનંગરસ સાર.

............

૨૫૪ સાગરની પત્રરેખા પૃ. ૧૭૩

૨૫૫ દીવાને સાગર દ.૨જું પૃ. ૧૫૧

૨૫૬ સાગરની પત્રરેખા પૃ. ૧૭૩

જેના દિલમાં પરમાત્માની ભક્તિનો તાલ ચોવીસે કલાક ચાલુ હોય તેને દુનિયા ઘેલો ગણીને તજી દે છે. એટલે દુનિયાનો ત્યાગ કરવાની એને જરૂર રહેતી નથી.

'સાગર'ની પત્રરેખાઓમાં પરમાત્મપ્રેમની અનન્ય વૃત્તિ – સતત પરમાત્મસ્મરણનું મહત્ત્વ સમજાવતાં 'સાગર' કબીર, અખાજી અને ગુરુદત્તની ત્રિમુખી આન્તરરસી Inoculation ________________ મૂકવાનું ઉદ્‌બોધન કરતાં કહે છે કે "અવધૂત, નરસિંહ મહેતા મીરાંબાઇ અને અખાજી તથા કબીરજી જેવાની રસી દિલમાં પૂરેપૂરી મુકી દેવી જોઇએ આવો અનુભવ તો હરદમ એવું જ ગાયા કરતાં હોય છે કે:

જૂઠે સબ તાબૂત જૂઠે –
સચ્ચે સદગુરુજી સચ્ચે –
જૂઠે સબ તાબૂત જૂઠે[૨૫૮]

'સાગર'ની પોતાની સાધના સમજાવવા માટે એમણે 'ફિલમ્‌નાં સૂત્રો' તૈયાર કર્યાં હતા. એ સૂત્રોમાંના બે-'ઇવેક્યુએટ' અને 'ઇનોક્યુલેટ' ખાલી કરો.–દિલમાં રસી મૂકો. વૈરાગ્યનાં બે મૂળભૂત લક્ષણોને યથાર્થ રીતે સમજાવે છે.[૨૫૯] જગત પ્રત્યે વિરાગ અને એટલે જ પરમાત્મા પ્રત્યે રાગ – પૂર્ણ વિરાગ. પરમાત્મા પ્રત્યેનો અનન્ય પ્રેમ હૃદયમાં પ્રગટે તે માટે દિલમાં સતત હરિનામના જાપની રસી મૂકવી જોઇએ.

'મુમુક્ષુ વિચારણા'માં 'સાગર' સ્પષ્ટ જ કહે છે કે, ભક્તિની પાઠશાળા માટે પણ નામ જપવું જ જોઇએ. બીજો કોઇ માર્ગ નથી પણ જપને જ બેસુમાર મહત્ત્વ આપનાર પ્રેમસ્વરૂપ શ્રીકૃષ્ણ ભક્તિની ચાવી જ બતાવી દે છે. અને એ જપની ચાવીથી જ શ્રીહરિના ઘરનો સૌથી પહેલો દરવાજો જરૂર જ ખૂલી જાય છે.[૨૬૦]

............

૨૫૮ 'સાગર'ની પત્રરેખાઓ પૃ. ૫૬૬

૨૫૯ જુઓ પરિશિષ્ટ સિનેમેટોગ્રાફ – ફિલમનાં સૂત્રો (અપ્રસિધ્ધ)

૨૬૦ 'મુમુક્ષુ વિચારણા' પૃ. ૩

આજ પુસ્તિકામાં હરિનામના જાપનો મહિમા સમજાવતાં સાગર કહે છે:

મનની વિહ્વળતા મટાડવાનો આબાદમાં આબાદ માર્ગ શ્રીહરિનામના જપનો છે. એના મનનનો જ છે. શ્રી. હરિનામનો જપ અને એનું મનન વધારવાં - એટલાં બધાં વધારવાં કે જાણે એમાં ઘેલા જ થઇ જવાય.[૨૬૧]

જપ અને વારંવારના નામસ્મરણથી અને વારંવારના એક જ મનનથી એમને તો શ્રી હરિના નામનું એવું જ ઘેલું લાગી ગયેલું કે એમનાં મન અને બુધ્ધિને બીજી બાબતોમાં રસ પડે નહીં અને આપણે પણ એવી જ સ્થિતિ એ જ ઉપાયથી મેળવી શકીએ.[૨૬૨]

કમર કસીને ભજન કર્યા વિના ભવસાગર કોઇ તરી શક્યું નથી, અને તરી શકે નહીં અને દિલને ખરો રંગ ચઢાવ્યા વિના તો કોઇનું ભજન ફળ્યું નથી અને ફળી શકે નહીં એ ખરો રંગ દિલને ચઢાવવા માટે જપ-પોપટીઓ જપ નહીં.-જપ કરીએ એટલી જ વાર રંગ ચડે એવો જપ નહીં-પણ હૈયું કાયમનું હરિરંગી થાય એવો આગ્રહપૂર્વક જપ અને એનું વારંવાર ચિન્તન મનન અને દૃઢિકરણ આવશ્યક છે.

'હરિ હરિ હરિ સુમરો રે! હમારા રામમંત્ર હે પ્યારા,' અને 'રામધૂન લાગી લાગી મેરે દિલ —————— —————માં પણ સાગરે આજ સિધ્ધાંતની અભિવ્યક્તિ તેમજ 'લબ પર લખેલ અલખ ધરમ' કર્યા છે.

આમ, ઇવેક્યુએટ અને ઇનોક્યુલેટ મંત્રો દ્વારા સાગર મુમુક્ષુને હૃદયશુધ્ધિ માટે પોતાની સાધનાનો પ્રારંભ કરવાની સલાહ આપે છે. જગત અને જગતના પદાર્થો

...........

[૨૬૧] મુમુક્ષુ વિચારણા પૃ. ૧૧

[૨૬૨] એજન, પૃ. ૧૨

પ્રત્યે વિરાગ અને હરિનામના સતત જપ દ્વારા અને એ પ્રકારના બેસુમાર અભ્યાસ દ્વારા જ મુમુક્ષુના હૃદયમાં જ વિવેકબુદ્ધિ પ્રગટે છે.

બીજા એક પત્રમાં પણ સાગર કહે છે કે ત્યાગની હિમાયત એમણે કદાપિ કરી નથી. અને જો કરી છે તો રાગ અને ત્યાગ એ બન્નેના આદરથી ત્યાગની હિમાયત કરી છે.

"મુમુક્ષુએ પોતાના માર્ગમાં સ્હેજ પણ ગભરાયા વગર એક જ પ્રકારના મોહક પ્રલોભનો અને પરીક્ષણોનેે લીનતા અને દ્રઢતાપૂર્વક ઓળંગી જવા જોઇએ. લીનતા અને દ્રઢતા વગર આન્તર ત્યાગ ટકાવી શકાય નહી.[263] મુમુક્ષુ વિચારણા માં પણ સાગર ત્યાગનું મહત્વ સમજાવતાં સ્પષ્ટ કહે છે કે, • મહત્વની વાત એ છે કે હૃદયને તો ભગવો રંગ ચઢાવીને બાવા બનાવવું જ જોઇએ કેમકે હૃદયમાં સાધુપણું આવ્યા વિના આપણી દુનિયાદારીની ભાવનાઓએ દાખલ કરેલો અહંપણાનો કચરો દૂર થતો નથી અને એ દૂર થયા વિના શ્રીહરિના દર્શન થતાં નથી!"[264]

"દીવાને સાગર" દફતર બીજામાં 'ગમ ખાય બાદશાહ' ગઝલમાં પણ સંસારમાં રહીને આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરનાર હરિશ્ચંદ્રનું દૃષ્ટાંત આપતાં સાગર કહે છે કે:

નર વર હરિશ્ચન્દ્ર અહો!
સંસારી કે ત્યાગી હતો!

જા! જા! શું બહાનું બતાવતો. ઠગતો ધણીને. વાહ જી! વાહ![265]

'દીવાને સાગર' દફતર, બીજુંમાં 'કડવું ઓસડ મીઠું કીજે' પદમાં પણ સાગર આજ સિધ્ધાંત રજૂ કરે છે.

...........

[263] "સાગરની પત્રરેખા", પૃ. ૧૨૯

[264] એજન, પૃ. ૩૩

[265] એજન, પૃ. ૩૫

પ્રકૃતિ ત્રિગુણી ગણી તરણાશી,
દિલને અગમ રંગ દીજે.[૨૬૬]

ગીતાનું હૃદય માં સંન્યાસીની વ્યાખ્યા સમજાવતાં સાગર કહે છે કે જેને રાગ કે ત્યાગ બેમાંથી એક પણ પ્રતિ મમતા નહીં તે સંન્યાસી.

સાગરની વિચારણા ચતુર્થાંક માં પણ સાગર વૈરાગ્યનું મહત્વ સમજાવે છે.

દાયણ બિચારી શું કરે? એ ગઝલમાં પણ દિલમાં વૈરાગ્ય પ્રગટે એ માટેનો પ્રબળ પુરુષાર્થ આદરવાની આવશ્યકતા સમજાવતાં સાગર કહે છે કે,

શું કરે ગીતા ગુરુદત્તની?
બડી પોથી જોગવસિષ્ઠની?
ગમના પડી પુરુષાર્થની- વૈરાગ્ય નાગ ડસ્યા નથી.[૨૬૭]

સાગર પ્રેમ અને શ્રધ્ધાના સમન્વય માટે અભ્યાસ અને વૈરાગ્ય તથા પરમાત્માનું નામ સ્મરણ અગત્યનાં સાધનો ગણાવે છે.[૨૬૮]

સાધન સાધ્યું તે સાધુ ભજનમાં પણ સાગર અભ્યાસ અને વૈરાગ્યનું મહત્વ સમજાવતાં કહે છે:

દૃઢ વૈરાગ્યે સતત અભ્યાસે
પડિ સાધન ધન લાધ્યું.[૨૬૯]

સંતોની વાણી ના ઉપોદ્ઘાતમાં પણ અજાતવાદનો આ મહત્ત્વનો સિધ્ધાંત સ્વીકારી બાહ્ય ત્યાગનો સ્પષ્ટ ઇન્કાર કરતાં સાગર સ્પષ્ટ કહે છે કે:

...........

૨૬૬ દીવાને સાગર, દફતર, ૨જું, પૃ. ૧૯

૨૬૭ સાગરની વિચારણા, ચતુર્થાંક, પૃ. ૪

૨૬૮ દીવાને સાગર, દફતર, ૨ જું પૃ. ૩૯

૨૬૯ સનાતન વિચારણા, પૃ. ૫

પરમહંસ મહાત્મા અખાજીની પ્રણાલિકા એટલે અપરિમિત પંથ અને અપરિમિત આકાશ જેવડો વાડો- આકાશી પંથ... રાગ અને ત્યાગ એ બન્નેનો ત્યાગ એ જ આ આકાશી અપરિમિત પંથનું મુદ્દાનું લક્ષણ છે.[૨૭૦]

દીવાને સાગર, દફતર પહેલામાં પણ અલખપુર ગઝલમાં સાગર સ્પષ્ટ જ કહે છે:

રમુ સંસારમાં સારા—
મગર ઘરમાં ન સંસારા-
પ્રગટ ઘરમાં જ દેદારા - અચલ દિલબર ભીતર બહારા.[૨૭૧]

વિવેક અને વૈરાગ્યનું મહત્ત્વ સમજાવતાં પરમાત્માને પામવાને શું કરવું? પુસ્તિકામાં સાગર સ્પષ્ટ જ કહે છે કે અંતઃકરણને નિરંતર વિવેક તથા વૈરાગ્યથી ભરપુર રાખીને ભજન એ જ મહાધન છે, એમ માનીને મન, બુધ્ધિ, ચિત્ત તથા અહમ્ એ સર્વનો ભકિતમાં વિલય કરીને પૂર્ણ પ્રેમથી પરમાત્મા સાથે તાદાત્મ્ય અનુભવવું. ટૂંકામાં, ચિત્તશુધ્ધિ અને શ્રધ્ધા તથા એકાગ્રતાથી ભાવના ભકિતનું સાધન પ્રાપ્ત થાય છે, તેમજ વિવેક અને વૈરાગ્ય વડે એની સિધ્ધિ થાય છે.[૨૭૨]

વિવેકબુધ્ધિનું મહત્ત્વ સમજાવતાં દી.સા. દ.૨ ના એક પદમાં સ્પષ્ટ કહે છે કે:

આત્મ અનાત્મ વિવેકની રે ગુરુ સત્‌ની પ્યાલી પાય.[૨૭૩]
આત્મ અનાત્મ વિવેક કરીને દેહનું સુખ દુઃખ ખમવું.[૨૭૪]

વિવેક- વૈરાગ્ય સાથે બેસુમાર અભ્યાસનું મહત્વ પણ સાગર સ્વીકારે છે. અભ્યાસ અને વૈરાગ્યને એક બીજાના પૂરક સાધન તરીકે ગણાવતાં સાગર સ્પષ્ટ જ કહે છે કે:

...........

[૨૭૦] દીવાને સાગર, દફતર બીજું, પૃ. ૫૫

[૨૭૧] ~~એજન, પૃ. ૩૬૮ દફતર ૧ લું~~ દીવાને સાગર, દફતર ૧ લું, પૃ. ૨૭૨ -

[૨૭૨] પરમાત્માને પામવાને શું કરવું, પૃ. ૨૦૪

[૨૭૩] દીવાને સાગર, દફતર બીજું, પૃ. ૧૪૩

[૨૭૪] ~~એજન, પૃ. ૭૧૩ દફતર પહેલું~~, દીવાને સાગર, દફતર ૧ લું, પૃ. ૩૫૩

સતત્ અભ્યાસ વણ, પ્રેમ વૈરાગ્ય વણ, ૨૭૫
જ્ઞાન ચૈતન્ય અમી ના પીવાતું!
ભક્તિ વૈરાગ્યનું પહેરવું બખ્તર, જ્ઞાનને ઘોડે ચઢવું.[૨૭૬]

'ગીતાનું હૃદય'માં પણ 'સાગર' મનની વૃત્તિઓ સ્થિર કરવા માટે અભ્યાસ અને વૈરાગ્ય વિના અન્ય માર્ગ નથી એ સ્પષ્ટ સમજાવે છે.[૨૭૭]

માતાજી ૐકારેશ્વરીને સાધન માર્ગ સમજાવવા માટે 'સાગરે' લખેલા પત્રોમાં અભ્યાસ, વૈરાગ્ય અને વિવેકબુધ્ધિનું સ્વરૂપ- લક્ષણો તેમજ મહત્ત્વ વિગતે સમજાવ્યું છે.

વૈરાગ્ય, વિવેક, ષટ્ સંપત્તિ અને મુમુક્ષુતા- સાધન ચતુષ્ટય નો નકશો આથી 'સાગર' સ્પષ્ટ કહે છે કે:

જગદ્ગુરુ જ્ઞાનના માર્ગનો આરંભ વૈરાગ્યથી કરે છે. સૌથી પહેલું જ પગથિયું એ વૈરાગ્યનું છે. પ્રભુ તરફની જીવાત્માની પ્રીતિ, જીવાત્માનો પરમાત્માના અનુભવ માટેનો તડફડાટ એજ વિરાગ.[૨૭૮]

માતાજી ૐ કારેશ્વરીને પોતાની સાધનાના પ્રારંભમાં જ એક પત્રમાં 'સાગર' કહે છે.

અભ્યાસ અને વૈરાગ્ય એ બેજ બાબતોનો આચારપૂર્વક વિચાર તું પળે પળે કાર્ય કર.[૨૭૯]

'સાગરે' અભ્યાસ અને વૈરાગ્યને એક બીજાનાં પૂરક સાધનો તરીકે ગણાવ્યાં છે. જુઓ:

અભ્યાસ વડે વૈરાગ્ય અને વૈરાગ્યવૃત્તિ વડે અભ્યાસ એમ પરસ્પર બન્નેનું જોડું ચિત્તના વિક્ષેપને અટકાવી શકે છે અને એજ પ્રબલ પુરુષાર્થની પરમાત્માની અનુભવ માટે અલબત્ત ગરજ છે.[૨૮૦]

...........

[૨૭૬] 'દીવાને સાગર', દફતર પહેલું, પૃ. ૩૫૩
[૨૭૭] 'ગીતાનું હૃદય' પૃ. ૧૨
[૨૭૮] "સાગરની પત્રરેખા", પૃ. ૪૭૧
[૨૭૯] એજન, પૃ. ૪૭૫
[૨૮૦] "સાગરની પત્ર રેખા" પૃ. ૪૮૪

વૈરાગ્ય દૃઢીભૂત કરવા માટે – પ્રભુપ્રેમની લગની તીવ્ર કક્ષાએ પહોંચે તે માટે એ પ્રકારનો સતત્ અભ્યાસ આવશ્યક છે, તે સમજાવતાં સાગર ૨૫૮૮ જ કહે છે:

વૈરાગ્ય એટલે પૂર્ણ પ્રભુપ્રેમ અને એનો એ જ અભ્યાસ જેટલો વૈરાગ્ય. (એટલે પ્રભુપ્રેમની લગની) ન્યૂન તેટલી જ અભ્યાસની વધારે જરૂર. વૈરાગ્ય એની મેળે જ અભ્યાસમાં મનને રોકે અને અભ્યાસ વૈરાગ્યને ટકાવી રાખે અને દૃઢીભૂત કરતો જાય એ બે એક જ રથનાં બે ચક્રો છે.[૨૮૧]

સાગર બીજા એક પત્રમાં વૈરાગ્યનું લક્ષણ આપી તેનું મહત્વ આ પ્રમાણે સમજાવે છે: પ્રભુ તરફની જીવાત્માની પ્રીતિ, જીવાત્માનો પરમાત્માના અનુભવમાટેનો તડફડાટ એ જ વિરાગ.

પ્રભુ તરફની પ્રીતિની તીવ્ર અભિલાષા અને તેનાથી વિરુધ્ધની બીજી બધી બાબતો તરફ – એ ગમે તેટલી સુખ આપનારી હોય છતાં તે તરફ– પ્રબળ અરૂચિ એ પ્રેમનું જાતે અથવા વિરાગનું જાતે મુખ્ય લક્ષણ છે. આવો વિરાગ અથવા પ્રભુ પ્રેમ અનુભવાય નહી ત્યાં સુધી કદાપિ તૃપ્તિ થતી નથી. શંકર ભગવાન આ વૈરાગ્યનું લક્ષણ કહે છે:

બ્રહ્માદિ સ્થાવરો સુધી વૈરાગ્ય વિષયો વિશે;
જાણે કે કાગ વિષ્ટા છે, શુધ્ધ વૈરાગ્ય એ જ છે. :~~શંકરાચાર્ય~~:

અને હૃદયવૃત્તિને જયારે ખરો વિરાગ એટલે સાચી પ્રભુ પ્રીતિ આવે છે ત્યારે સ્વાનુભવ કહે છે કે એવી સ્થિતિ જરૂર જ થાય છે.[૨૮૨]

અભ્યાસ દ્વારા વિવેકબુધ્ધિના હૃદયમાં ઉદય થાય છે, એ સમજાવતાં સાગર ~~૨૫૮૮~~ ૨૫૮૮ કહે છે કે: "વૈરાગ્ય એ જ હૃદયની ખરી તૈયારી છે. વૈરાગ્ય

...........

[૨૮૧] "સાગરની પત્ર રેખા" પૃ. ૫૩૫

[૨૮૨] એજન, પૃ. ૪૭૨

એ જ હૃદયની ખરી તૈયારી છે. વૈરાગ્ય એટલે ખરેખરી લગની. ખરેખરી લગની પ્રીતિ વિના હોઇ શકે નહિ. જો રૂચિપૂર્વક વિચાર કરવામાં આવે તો વિવેકબુધ્ધિ ઉઘડયા વગર રહેતી નથી. અને તેથી વૈરાગ્યની સાથે જ શંકર ભગવાન વિવેકને બીજા સાધન તરીકે મૂકે છે.[૨૮૩] અપરોક્ષાનુભૂતિમાંથી શ્રી. શંકરાચાર્યે આપેલી વિવેકબુધ્ધિની વ્યાખ્યા પણ આ પત્રમાં જ સમજાવી છે. જુઓ:

આત્માનું રૂપ છે નિત્ય, દૃશ્ય છે તેથી ઉલટું,
એવો નિશ્ચય પાકો જે, તે વસ્તુનો વિવેક છે.[૨૮૪]

:શંકરાચાર્ય:

વૈરાગ્ય અને વિવેક એ બે સાધનો સુધી જ્ઞાન અને ભકિતના માર્ગની એકતા આવે છે.[૨૮૫]

જ્ઞાનમાર્ગમાં વિવેક અને વૈરાગ્યનો ઉદય મુમુક્ષુ હૃદયમાં થાય તેનું મહત્ત્વ સમજાવતાં તે કહે છે: વિવેક અને વૈરાગ્યનો ઉદય થઇ ચૂકયો છે એટલે જીવાત્મા પરમાત્મા તરફનો પ્રવાસી જરૂર થઇ ચૂકયો સમજવો. અનાત્મ વસ્તુઓનો વિવેક અને આત્મામાં વૃત્તિઓને રોકવાની તીવ્ર લગની– એ બે વાતો પ્રવાસી જીવાત્માનો પહેલો અને સૌથી મહત્ત્વનો મુકામ છે. વેદોમાં કર્મ, ઉપાસનાને જ્ઞાન એ ત્રણ વિભાગો છે. તેમાં જે કર્મની લાખ વાતો જુદે જુદે રૂપે ફરમાવવામાં આવી છે તે જીવાત્માને વિવેક અને વૈરાગ્યનો મુકામ મેળવી આપવા માટે જ છે.[૨૮૬]

ઊંડામાં ઊંડો વૈરાગ્ય સતત્ પ્રેમની લગની જ એમાં મુખ્ય છે– મુખ્ય કારણ છે. જયાં આવો વૈરાગ્ય એટલે આવો સતત પ્રેમ જાગે છે ત્યાં ક્રમે ક્રમે વિવેક પણ આવે છે, અને અનાત્મ વસ્તુની મમતાઓ છુટતી જાય છે.[૨૮૭]

...........

[૨૮૩] "સાગરની પત્રરેખા" પૃ. ૪૭૩

[૨૮૪] એજન.

[૨૮૫] એજન, પૃ. ૪૭૪

[૨૮૬] એજન, પૃ. ૪૭૫

[૨૮૭] એજન, પૃ. ૫૨૯

ગીતાની વિચારણામાં પણ સાગર ભગવદ્ગીતામાં નિશ્ચયાત્મક બુદ્ધિનું મહત્ત્વ દર્શાવતાં કહે છે: નિશ્ચયાત્મિકા બુદ્ધિ જેમ જેમ યોગસ્થ થતી જાય છે તેમ તેમ ક્રમે ક્રમે સમાધિનો અથવા સહજાવસ્થાનો બ્રહ્માનંદ અનુભવાય છે.[૨૮૮]

પત્રરેખામાં પણ સાગર સ્પષ્ટ જ કહે છે: વિવેકબુદ્ધિ યાને નિશ્ચયાત્મક બુદ્ધિ એ જ પ્રજ્ઞાન સ્વરૂપ બ્રહ્મની બ્રાહ્મી વાણી છે.[૨૮૯]

અભ્યાસ, વિરાગ અને વિવેકબુદ્ધિ દ્વારા ચિત્તશુદ્ધિ સાગરની સાધનાનું પ્રથમ સોપાન છે; તો પ્રેમની અનન્યતા સાગરના સાધનમાર્ગમાં બીજું મહત્ત્વનું પગથિયું છે. હરિનામનો જાપ સતત ચાલુ રાખવામાં આવે ત્યારે પરમાત્મા પ્રત્યેની એ વૃત્તિ અનન્ય થાય છે. ભક્તિમાર્ગનું એ મહત્ત્વનું સોપાન છે. સાગર અનન્યતા સમજાવવા માટે Fill હૃદયમાં પ્રભુનામ પૂર્ણ ભરી દો, એવું સૂત્ર આપે છે. પરમાત્મા પ્રત્યેની પ્રેમની વૃત્તિ અનન્ય થતાં હૈયું હરિરંગી થાય છે અને બીજા બધા રંગો હરિરંગમાં વિલીન થાય છે.

સૂફીવાદમાં ફના - આત્મ સમર્પણને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. સાગરની સાધનામાં આ અનન્યતા- પરમાત્માના નામ માટે ફના થઇ જવાની- સ્થૂલની પ્રબળ ઉપેક્ષા, આત્મબળ, સાત્ત્વિકતાનું પાલન, જીવાત્માનો અંદરનો પ્રવાસ, એકાંત, સત્સંગ, સંત-સમાગમ તથા સંત-સેવાને આનુષંગિક સાધનો તરીકે ગણાવે છે. આ સાધનો દ્વારા જ પરમાત્મ પ્રેમની વૃત્તિ અનન્ય કરી શકાય છે. આ માટે શ્રવણ, મનન, નિદિધ્યાસને પણ સાગર મહત્ત્વનાં ગણે છે.

પરમાત્મ પ્રેમ દ્વારા જીવાત્મા હું પણાનો પરમાત્માનો ત્યાગ કરે છે. વાસનાઓનો ક્ષય થાય છે અને ઇન્દ્રિય દમન અને મનોનાશ દ્વારા જીવાત્મા

...........

[૨૮૮] ગીતાની વિચારણા પૃ. ૨૨

[૨૮૯] સાગરની પત્રરેખા પૃ. ૩૧૯

પોતાના સ્થૂલ સૂક્ષ્મ અને કારણ શરીરનો પરમાત્મામાં લય કરી પોતાનું બ્રહ્મસ્વરૂપ પ્રાપ્ત કરે છે. આત્મસાધનાના આ ક્રમિક પગથિયાંને 'સાગરે' પોતાની વાણી દ્વારા વિગતે સમજાવ્યાં છે.

'સાગરે' આત્મસાધનામાં પ્રેમની અનન્યતા માટે અભ્યાસ, વૈરાગ્ય અને વિવેકબુધ્ધિ ઉપરાંત પુરુષાર્થ બ્રહ્મસાધન તેમજ જ્ઞાનની સાત ભૂમિકાઓને પણ અત્યંત આવશ્યક ગણાવ્યાં છે.

પ્રેમની અનન્યતા માટે હરિનામના જાપ ઉપરાંત પ્રણવમંત્રનો જાપ ઉપરાંત અજપાજાપ તેમજ ધ્યાનને પણ 'સાગરે' મહત્વ આપ્યું છે.

વૈરાગ્યના દૃઢીકરણ માટે અસંગ અને એકાંત સેવન તેમજ સત્સંગ અને સંત સમાગમનું મહત્વ પણ 'સાગર' સ્વીકારે છે.

'સાગરે' સ્થૂલની પ્રબળ ઉપેક્ષા, પૂર્ણ સાત્ત્વિકતાનું પાલન પૂર્ણ આત્મબળ અને માર્ગમાં ખૂબ દૃઢતા, લીનતા તેમજ જીવન વ્યવહારમાં પૂર્ણ સાત્ત્વિકતાના પાલનને પણ આનુષંગિક સાધનો તરીકે મહત્ત્વ આપ્યું છે.

'સાગર' બાહ્ય પ્રવાસ, બાહ્ય યાત્રા કે કર્મકાંડની બાહ્ય વિધિને મહત્ત્વ આપતા નથી. પરંતુ તે માને છે કે જીવાત્માએ પૂર્ણ પુરુષાર્થ દ્વારા અંદરનો—હૃદયનો અને આત્માનો પ્રવાસ કરવો જોઇએ. 'સાગર' વેદાન્તની ગુરુભક્તિને પરમાત્મપ્રીતિથી અભિન્ન માને છે. ગુરુ એજ ગોવિન્દ, ગુરુ એજ રામ એટલે જ ગુરુગોવિન્દ, ગુરુરામની ભક્તિ અનન્ય ભાવે કરવા માટે મુમુક્ષુને ઉદ્બોધે છે.

આપણે આ સાધનોનું મહત્ત્વ વિગતે તપાસીએ. 'સાગરની પત્રરેખામાં' 'સાગર' પુરુષાર્થનાં લક્ષણોનો ક્રમ સમજાવતાં કહે છે કે "સંત સેવા, સંત સમાગમ અને ભાવ ભરોંસો તથા મુમુક્ષુતા એ જીવાત્માના પુરુષાર્થનાં ક્રમિક લક્ષણો છે.

બીજા એક પત્રમાં સાગર પુરુષાર્થનું મહત્ત્વ સમજાવતાં કહે છેકે માર્ગમાં મક્કમ રહેવા માટે પ્રબળ પુરુષાર્થની આવશ્યકતા છે.

પ્રબલ પુરુષાર્થથી ખૂબ મક્કમ રહેવું એ ફર્સ્ટ કલાસ સત્ય છે.[૨૯૦]

પ્રેમ અને મોહ વચ્ચેનો તફાવત સમજીને મનુષ્યે પોતાની એ લાગણીને પિછાનીને પ્રબલ પુરુષાર્થ વડે દૃઢમાં દૃઢ નિશ્ચય વડે એને જીતી લેવી જોઇએ.[૨૯૧]

સાગર વાસનાઓને કેવળ બાળીને ભસ્મ કરવા માટે એટલે શરીરપણું અને જગતપણું ઓગાળી નાંખવા માટે પણ બેશુમાર પુરુષાર્થની અપેક્ષા સમજાવે છે.[૨૯૨]

'ઝબકતી વીજ અજવાળે' ગઝલમાં પણ 'સાગર' દૃષ્ટાંત આપતાં સમજાવે છે કે: ઝબકતી વીજ અજવાળે પરોવી મોતીડાં લે![૨૯૩]

ચલી ચલી ઓ ચલી જાશે!
પછી તું વ્યર્થ પસ્તાશે!

બીજા એક કાવ્યમાં પણ સાગર પુરુષાર્થનું મહત્ત્વ સમજાવતાં કહે છે કે:

શું કરે ગીતા ગુરુજ્ઞાનની?
બડી પોથી જોગ વશિષ્ઠની?
ગમ ના પડી પુરુષાર્થની – વૈરાગ્ય નાગ ડસ્યા નથી.[૨૯૪]

'અર્જુનને ઉત્તરમાં ઉત્તર આપતાં 'દીવાને સાગર' દફતર, ૧ માં અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા દુનિયાદારીની ભાવનાઓ પ્રત્યેનો મોહ ભૂલી જવા માટે પણ દૃઢ પુરુષાર્થનું મહત્વ સમજાવે છે. દૃઢ પુરુષાર્થ જ કરવું,

ઓ યોધ્ધા! દૃઢ પુરુષાર્થ જ કરવું.[૨૯૫]

...........

[૨૯૦] "સાગરની પત્રરેખા", પૃ. ૧૬૬

[૨૯૧] એજન, પૃ. ૨૦૫

[૨૯૨] એજન, પૃ. ૩૫૪

[૨૯૩] 'દીવાને સાગર', દફતર બીજું, પૃ. ૮૭

[૨૯૪] 'દીવાને સાગર', દફતર ૨જું, પૃ. ૩૯

[૨૯૫] એજન, દફતર પહેલું, પૃ. ૪૩૦

અખાડો પદમાં પણ સાગર સ્પષ્ટ જ કહે છે કે: અનુભવ સાગર રાજવિદ્યાનો પુરુષાર્થથી ઉઘાડો[૨૯૬]

જીવાત્માને ચેતવણી આપતાં સાગર સ્પષ્ટ જ કહે છે કે,

પુરુષાર્થ વિના, માયામાં સૂતેલું મન નહી જાગે.[૨૯૭]

સાગર પોતાના વ્યક્તિત્ત્વનો વિશિષ્ટ ગુણ સ્ટ્રોંગેસ્ટ – પર્સનાલિટી અંગે પોતાના પુત્રને લખેલા એક પત્રમાં પ્રબળ પુરુષાર્થનું મહત્ત્વ સમજાવતાં કહે છે કે;

પ્રબલ પુરુષાર્થ અને સ્ટ્રોંગેસ્ટ પર્સનાલિટી જ આવા યુગને ચીરીને માયાનું પ્રલ બનાવી દે છે અને જીવનમુકત જીવન જીવે છે.

સ્ટ્રોંગેસ્ટ પર્સનાલિટી એટલે જ પ્રબળ પુરુષાર્થ અને પ્રબળ પુરુષાર્થ એટલે જ તીવ્રમાં તીવ્ર અને સતત વેગવંતી એવી આવેશી અભિરુચિ–એવી સુંદર રસવૃત્તિ – તદાકાર વા તન્મયતાપૂર્ણ વૃત્તિ, એ જ પુરુષાર્થની પ્રબલતા અથવા યોગી ની વા ઉપાસક ની સ્ટ્રોંગેસ્ટ પર્સનાલિટી.[૨૯૮]

કેનવાસ પરની ડિઝાઇનનું દૃષ્ટાંત આપતાં સાગર આ જ પત્રમાં સમજાવે છે કે; ઝિંદગાનીનું આલેખન એટલે ડિઝાઇન કરવી જોઇએ અને એ ડિઝાઇન મુજબની આકૃતિ તૈયાર કરવા માટે બેશુમાર પુરુષાર્થથી મંડયા રહેવું જોઇએ.[૨૯૯]

ચિત્તની પૂર્ણ એકાગ્રતા માટે પણ પુરુષાર્થની આવશ્યકતા સમજાવતાં સાગર માતાજી ૐકારેશ્વરીના એક પત્રમાં સ્પષ્ટ કહે છે કે; "ગમે તે પ્રકારે પણ ચિત્તની પૂર્ણ એકાગ્રતા પ્રાપ્ત કરવાંના પુરુષાર્થની અલબત્ત ખરેખરી ગરજ છે.[૩૦૦]

...........

[૨૯૬] દીવાને સાગર, દફતર ૧ લું, પૃ. ૪૩૦

[૨૯૭] દીવાને સાગર, દફતર ૨ જું, પૃ. ૪૨૭

[૨૯૮] સાગરની પત્રરેખા, પૃ. ૪૩૦–૪૩૧

[૨૯૯] એજન, પૃ. ૪૬૬

[૩૦૦] એજન, પૃ. ૪૮૫

ખરી વૈરાગ્યવૃત્તિ વિના પુરુષાર્થ કરવાનું મન થતું નથી, અને દૃઢ પુરુષાર્થ વિના વસ્તુપ્રાપ્તિ સંભવતી નથી, શ્રી. મશરને લખેલા આ પત્રમાં પણ વૈરાગ્ય માટે પુરુષાર્થનું મહત્ત્વ જ 'સાગરે' સમજાવ્યું છે.

'દીવાને સાગર' દફતર બીજામાં કક્કામાં પણ 'સાગર' સમજાવે છે કે ષડ્દર્શનમાં પણ પૂર્ણતત્વ- પરબ્રહ્મ પ્રાપ્તિ માટે પુરુષાર્થનું મહત્ત્વ જ સ્વીકારાયું છે.

ષ ષ્ષા ! ષડ્દર્શનનો સાર - તું ત્હારું લઇ થા તૈયાર
પૂર્ણ તત્વ પામી લે પાર- ષષ્ષા! ષડ્દર્શનનો સાર.[301]

'દીવાને સાગર'માં 'ચિંતન', 'મનન', 'ધ્યાન' અને 'નિદિધ્યાસ' ભજનોમાં 'સાગરે' શ્રવણ, ચિંતન, મનન, ધ્યાન અને નિદિધ્યાસનું મહત્ત્વ તથા સ્વરૂપ સમજાવ્યાં છે.

દરબાર શ્રી. જીવાવાળાને લખેલા એક પત્રમાં પણ એનું મહત્ત્વ સમજાવતાં 'સાગર' કહે છે કે, શ્રવણ, ચિંતન, મનન એ જ્યાં યોગ્ય વિધિપૂર્વક બની શકયું હોય ત્યાં નિદિધ્યાસનો પરિપાક થવામાં બહું વિલંબ થતો નથી, અને ક્રમ ક્રમે પુરુષાર્થ વડે જીવાત્મા ધ્યાન અને ધારણા દ્દારા સમાધિનો સ્વાનુભવ કરી શકે છે.[302]

શ્રવણ, મનન અને નિદિધ્યાસનું મહત્ત્વ સમજાવતાં 'સાગર' એક પત્રમાં કહે છે કે ભજનોનું મનન કરવાથી વસ્તુનું પિછાન અને નિદિધ્યાસન થાય છે અને અસત્ ને અસત્ તથા સત્‌ને સત્ સમજીને બુદ્ધિ સ્થિર થાય છે.[303]

વાસનાક્ષય માટે પણ આ સાધનોનું એટલું જ મહત્ત્વ છે એ સમજાવતાં 'સાગર' કહે છે કે:

બળી અથવા ઓગળી ગયેલી વાસનાઓ ફરી ઉત્પન્ન થતી નથી. આટલા માટે જ વાચન, મનન અને નિદિધ્યાસની બહુ જરૂર છે.

...........

[301] 'દીવાને સાગર', દફતર બીજું, પૃ. ૧૬૯

[302] 'સાગરની પત્રરેખા', પૃ. ૧૩૬

[303] એજન, પૃ. ૨૫૪

ચિત્તની અવસ્થાનો ક્રમ સમજાવતાં ચિત્તની એકાગ્રતા માટે 'સાગર' શ્રવણ, મનનના ક્રમથી આગળ વધીને ચિત્તને જિજ્ઞાસુ બનાવવાનો વિધિ સમજાવે છે.

પ્રથમ દશામાં એટલે ચિત્તની મૂઢ અવસ્થામાં તો એ એટલું બધું બેભાન હોય છે કે અમુક લાંબા કાળની શ્રવણ મનન વિના એને કશી ચેતના પ્રાપ્ત થતી જ નથી, અને એથી આગળ વધે છે, ત્યારે પણ ક્ષિપ્તાવસ્થા પ્રાપ્ત કરીને પડ્યું જ રહે. આ બન્ને દશા પામરની છે. પામર જીવ જ્યારે શ્રવણ મનનના ક્રમે કરીને આગળ વધે છે ત્યારે વિષયી જીવની કોટિમાં આવે છે. અને વિષયી જીવ જ્યારે જિજ્ઞાસુ થવા માંડે છે ત્યારે એના ચિત્તની દશા વિક્ષિપ્ત થાય છે. એ વિક્ષિપ્ત ચિત્તની અવસ્થા જ્યારે એકાગ્ર થાય ત્યારે જ ચિત્ત ખરેખર જિજ્ઞાસુ થયું ગણાય, અને મુકત અવસ્થાનો અનુભવ પ્રાપ્ત કરવાને લાયક ગણાય.[304]

વિવેક, વૈરાગ્ય અને સાધનની મુમુક્ષુએ બેશુમાર અભિરુચિ કેળવવી જોઇએ તે પછી જ બ્રહ્મનિષ્ઠ ગુરૂ પાસે બ્રહ્મવિધ્યાની પ્યાલી પીવાનો - ગુરૂમુખે શ્રવણ કરવાનો અધિકાર મુમુક્ષુ પ્રાપ્ત કરે છે.

હકીકત એવી છે કે બ્રહ્મવિધ્યારસની સરિતા પ્રસરણ પામતી અસ્ખલિત રહેવી જોઇએ અને એટલા માટે શમ, દમ, તિતિક્ષા, શ્રધ્ધા, સમાધાન, ઉપરામ અને વિવેક તથા વૈરાગ્યનાં સાધનોથી સંપન્ન હૃદયે, બેશુમાર અભિરુચિ- વૃત્તિની તીવ્ર રૂચિથી આવેગવાળી રૂચિથી- સ્નેહથી, યોગ્યમુખે એટલે બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય પુરુષની પાસેથી બ્રહ્મવિધ્યાની પ્યાલી પીવી જોઇએ. ગુરૂમહારાજના ઘરનો એ પ્યાલો તે શ્રવણ અને સત્સમાગમમાં મળે છે.[305]

શ્રવણ, મનન, નિદિધ્યાસનું સ્વરૂપ તેમજ લક્ષણો સમજાવતાં 'સાગર' આજ પત્રમાં કહે છે કે,

...........

[304]'સાગરની પત્રરેખા', પૃ. ૪૮૧

[305]એજન, પૃ. ૫૦૧-૫૦૨

ઉપરના નવ સાધનોમાં જેટલી ખામી તેટલા પ્રમાણમાં એ પ્યાલાની પ્રાપ્તિમાં ખામી અથવા અમીરસના સ્વાદની ઓછી કદર શ્રવણ પછી તુરત જ મનન આવે છે. અને મનન પુરું થયાં પછી નિદિધ્યાસ એટલે વસ્તુનો નિશ્ચય થાય છે. એ નિશ્ચય પોપટીઓ નહીં, પણ જેમ અગ્નિમાં દઝાડવાની શકિતની અને લાલ રંગમાં રતાશની જેમ પ્રતીતિ છે તેમ સ્વાનુભવ સાક્ષાત્કારની જે ઝાંખી વિચારણા દ્વારા થાય છે તેની હરદમ એવી જ પ્રતીતિ રહે એનું નામ નિદિધ્યાસની પુર્ણતા છે.[306]

આમ, શ્રવણ, મનન, નિદિધ્યાસની પૂર્ણતા પછી અપરોક્ષ અનુભવ દ્વારા ક્રમે ક્રમે જ્ઞાનની સાત ભુમિકાઓ- જ્ઞાન નિસરણીના પગથિયાંનો મુકરર કરેલો ક્રમ પ્રાપ્ત થઇ શકે છે. એ સમજાવતાં 'સાગર' કહે છે કે, નિદિધ્યાસનની પૂર્ણતા પછી અપરોક્ષ અનુભવ આવે છે. માર્ગ આવો હોવાથી અને મનના ભેદોનો જેમણે પ્રયત્નપૂર્વક અભ્યાસ કરીને - જાણી જોઇને- માર્ગ મુકરર કર્યો છે અને ભુમિકાઓ ઠરાવીને નિસરણીના પગથિયાંની પેઠે ક્રમ ગોઠવી મુકયાં છે. અંદરની ભૂમિકા બરાબર તૈયાર કરવાને આતુર જીવાત્માનો સમાગમ, બ્રહ્મવિધ્યામાં સર્વોપરિ ગણ્યો છે.[307]

## જ્ઞાનની સપ્તભૂમિકા

શ્રી.શંકરાચાર્યે દર્શાવેલી જ્ઞાનની સપ્તભૂમિકા૧.શુભેચ્છા ૨. વિચારણા ૩. તનુમાનસા ૪. સત્વાપત્તિ ૫. અસંસકિત ૬. ગુઢમોનિંગ ૭. એકડે એકો

આ સાત કાવ્યો દ્વારા સમજાવી 'સાગરે' જ્ઞાનની સપ્તભૂમિકાનું મહત્ત્વ કાવ્યો પણ સમજાવ્યું છે. શુભેચ્છા પહેલી ભૂમિકા સમજાવતાં એ કહે છે.

સત્સંગતિ રતિ, હરિગુરુપ્રીતિ
    બ્રહ્મપ્રિયા લેવી પરણી
ચલો મેરી જાના ચડીએ જી જ્ઞાન નિસરણી.[308]

...........

306 'સાગરની પત્રરેખા', પૃ. ૫૦૨

307 એજન, પૃ. ૫૦૨

308 'દીવાને સાગર', દફતર ૧ લું, પૃ. ૩૫૭

હરખત સાગર રાજ સુહણી
હરલહરી સુખભરણી
ચલો મેરી જાન! ચડીએ જ્ઞાન નિસરણી[309]

'વિચારણા'માં 'સાગર' કહે છે કે:

મૂળ તપાસ્યું તો તત્ત્વ જ પામ્યા
મનની માનીતી તે માયા [310]

ત્રીજી ભૂમિકા 'તનુમાનસા' માં 'સાગર' મનશમનનો સિધ્ધાંત સમજાવતાં કહે છે કે:

મનને પકડવું અને વાળવું પાછું-
શુધ્ધ સ્વરૂપે ઠરવવું
ઓળંગી ભાત ભ્રમાત્મક ઘાંટી-
પોત સળંગ ઓળખવું.[311]

ચોથી ભૂમિકા સત્વાપત્તિ છે. આ ભૂમિકા ઉપરથી 'સાગર' પોતાનો અનુભવ દર્શાવતાં કહે છે:

સોહં તેજ બધેય સમાણું; તત્ત્વ જ તત્ત્વ ત્રિકાળ
મિથ્યાની સૃષ્ટિ ઓગાળતાં રે! રેલે સાગરરાજ રસાળ[312]

પાંચમી ભૂમિકા અસંસક્તિની ભૂમિકા છે. આ ભૂમિકામાં 'સાગર' આત્માનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે:

હું આત્મા છું: હું આત્મા છું: હું કેવળ શુધ્ધ આત્મા છું,
નિરાકારે બધામાં છું, હું આત્મા છું, હું આત્મા છું.[313]

...........

309 'દીવાને સાગર', દફતર ૧ લું, ૩૫૭
310 એજન, પૃ. ૩૫૮
311 એજન, પૃ. ૩૫૯
312 એજન, પૃ. ૩૬૦
313 એજન.

'ગુડમોર્નિંગ' અને 'એકડે એકો' માં 'સાગર' છઠ્ઠી અને સાતમી ભૂમિકાનો આત્માનુભવ વ્યકત કરતાં કહે છે કે:

ચિદાત્માના સ્વરૂપો ૐ
પવન, પાણી, ભૂમિને વ્યોમ
કરે કોરસ સવિતા સોમ! ઝીલે સૂરતાન –ગુડમોર્નિંગ
અહોહો!હો! નથિંગ બટ વન્ –
નથી 'સાગર' મગર આત્મન્ –
સુમન સોરંગી નિવસિન,સનાતન હું જ ગુડમોર્નિંગ. [૩૧૪]

સાતમી ભૂમિકા સમજાવતાં 'એકડે એકો 'ગઝલમાં 'સાગર' સ્પષ્ટ જ કહે છે કે:

સદા મન શુધ્ધ હૃદયે સ્નાન–
ઊંડેરું અન્તરાતમ ધ્યાન–
હું જ્યોતિ સ્વરૂપ છું એ જ્ઞાન– ઘૂંટો હાં! એકડે એકો!
નિરંજન તત્ત્વ સોહિ રામ–
ત્રિભુવન વ્યાપી તારક રામ–
અદ્વિતીય ૐ અનામી નામ– લખો હાં! એકડે એકો![૩૧૫]

...........

૩૧૪ એજન, પૃ. ૩૬૧

૩૧૫ એજન, પૃ. ૩૬૨

"સાગર રાહ" હૃદયની વિશુધ્ધ - પ્રેમની અનન્યતા વ્દારા વાસનાક્ષય મનોનાશ

'સાગરે' પ્રેમની અનન્યવૃત્તિને 'સાગરરાહ'માં ખુબ પ્રાધાન્ય આપ્યું છે. ભક્તિની લીનતાનું મહત્ત્વ સમજાવતાં એક પત્રમાં 'સાગર' સ્પષ્ટ જ કહે છે: ગુરૂમહારાજ વ્દારા માત્ર એક મંત્ર મળ્યો અને તેને એણે અમલમાં મુકવા માંડયો. એ મંત્ર તે આ. 'તુઝ્સે હૈ શોક મિલનેકા તો હરદમ લો લગાતા જા'. બસ લ્હે લગાવી દેવી અને બેડો પાર છે.[316]

અનન્ય લગની વિનાના પ્રેમનો કશો જ અર્થ નથી. અનન્યતા પ્રેમનું મુખ્ય લક્ષણ છે. પ્રીતિની વૃત્તિ અનન્ય ન હોય તો પ્રભુપ્રેમ જાતે અનુભવી શકાય નહિ એ સમજાવતાં બીજા એક પત્રમાં પણ તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે "પ્રભુ તરફની જીવાત્માની પ્રીતિ, જીવાત્માનો પરમાત્માના અનુભવ માટેનો તડફડાટ એ જ વિરાગ. પ્રભુ તરફની પ્રીતિની તીવ્ર અભિલાષા અને તેનાથી વિરૂધ્ધની બીજી બધી બાબતો તરફ- એ ગમે તેટલી સુખ આપનારી હોય છતાં પણ તે તરફ- પ્રબળ અરૂચિએ પ્રેમનું અથવા વિરાગનું મુખ્ય લક્ષણ છે. આવો વિરાગ અથવા પ્રભુપ્રેમ જાતે અનુભવાય નહી ત્યાં સુધી કદાપિ તૃપ્તિ થતી નથી.[317]

પરમાત્મા પ્રત્યેની પ્રેમની વૃત્તિ અનન્ય હોવી જોઇએ. 'સાગર' પોતાના સ્નેહયોગ પ્રેમધર્મનું મૂળભૂત લક્ષણ આત્મસમર્પણ - ફના કે અનન્યતાનું મહત્ત્વ સમજાવતાં શ્રી. ચંદ્રશંકર પંડયાને લખે છે.

સ્નેહ એટલે સ્વાર્પણ આંતર બાહ્ય સર્વસ્વ સમર્પણ તે સ્નેહ યોગ.[318]

...........

[316] 'સાગરની પત્રરેખા', પૃ. ૪૬૦

[317] એજન, પૃ. ૪૭૨

[318] એજન, પૃ. ૨૭૬

'સાગર' ચિત્તની એકાગ્રતા માટે અલૌકિક પ્રીતિયોગને જ અદ્‌ભુત બળ તરીકે ગણાવે છે અને તે માટે અભ્યાસ અને વૈરાગ્યનું મહત્ત્વ પણ સ્વીકારે છે જુઓ: બહારની દુનિયાની તેમજ અન્દરના માનસિક વિકારોની માયાને એ પ્રીતિયોગ એટલે એ ભકિતયોગ બાળતો જ જાય છે. પણ હૃદયપ્રધાન વૃત્તિને જ એ પ્રેમશ્રધ્ધા અનુભવાય છે. અભ્યાસ વડે વૈરાગ્ય અને વૈરાગ્યવૃત્તિ વડે અભ્યાસ એમ પરસ્પર બન્નેનું જોડું ચિત્તના વિક્ષેપને અટકાવી શકે છે. અને એ જ પ્રબલ પુરુષાર્થની પરમાત્માના અનુભવ માટે અલબત્ત ગરઝ છે.[319]

અલૌકિક પ્રીતિયોગ દ્વારા ચિત્તની એકાગ્રતા કેવી રીતે થઇ શકે? એ સમજાવતાં આ જ પત્રમાં હૃદયને સ્વાભાવિક રીતે જ આવી લગની લાગે નહી તો ઇશ્કનાં ઘેલાં પુસ્તકો વાંચીને તેનો અખતરો કે અનુકરણ કરવા સામે પણ ચીમકી આપી છે. જુઓ: પૂર્ણ અધીનતા અને સ્વાભાવિક અધીનતા એ જ પ્રેમનું લક્ષણ છે અને અનિવાર્ય લક્ષણ છે. એવું નથી હોતું ત્યાં પ્રેમ નહી પણ પ્રેમનો સાચો અગ્નિ એ જ એવો પ્રબળ ભડકો છે કે જગતના જગતપણાને જરૂર જ ધીમે ધીમે ભસ્મ કરી નાંખે છે અને એમાંથી નવું જીવન- પ્રાણી જીવન પેદા કરે છે.[320]

'દીવાને સાગર' દફતર ૧ અને ૨માં પણ 'સાગરે' પ્રેમની અનન્યવૃત્તિનો મહિમા જ ગાયો છે. 'મારી સનમ' ગઝલમાં 'સાગરે' પ્રેમમાર્ગમાં ફના- આત્મ-સમર્પણનું મહત્ત્વ આ પ્રમાણે સમજાવ્યું છે:

આબાદ લગની લાગતી-
તેને, સનમ! તું તારતી,
જડ ચેતના ભેદો નથી-
જોતી ફના, મારી સનમ![321]

...........

[319]એજન, પૃ. ૪૮૪

[320]'સાગરની પત્રરેખા', પૃ. ૪૮૭

[321]'દીવાને સાગર', દ. ૧, પૃ. ૨૮૨

શ્રીકૃષ્ણ પ્રત્યેના ગોપીના અનન્ય પ્રેમનું જ્વલંત દૃષ્ટાંત આપીને 'સાગર' જગતની આબરૂ કે પ્રતિષ્ઠાનો ખ્યાલ રાખ્યા વગર ગોપી જેવી અનન્યવૃત્તિ હૃદયમાં પ્રગટાવવાની આવશ્યકતા 'ઘણી સંગે વસવું' પદ દ્વારા આ પ્રમાણે સમજાવે છે.

ગોપીને પેઠે જગત લાજ લોપી! તુંહિ તુંહિ હરિનામ જપવું હો.[322]

'તારો મહિમા' પદ દ્વારા પણ 'સાગરે' પોતાની મુકિતનો સ્વાનુભવ વ્યકત કરતાં પ્રેમની સાચી લગનીનું મહત્ત્વ જ દર્શાવ્યું છે, જુઓ:

નેહ થતાં પ્રકટ્યો વિરહાગ્નિ! ઝંપ્યો અધરરસ પીધો.[323]

'બ્રહ્માગ્નિની ભડભડ અગન' ગઝલમાં પણ 'સાગરે' આ જ ભાવ રજૂ કર્યો છે.

સાગર અગમ ચાલે ભજન –
જનવાસમાં વસવું વિજન,
બ્રહ્માગ્નિની ભડ ભડ અગન-દે બાળી હું તું- તમામને.[324]

પોતાની આત્મસાધનાનો માર્ગ સમજાવતી 'મધ્યાહ્ન રવિ જયું જલ રહા' ગઝલમાં પણ 'સાગરે' હૃદયગુફામાં જ્ઞાનદીપ પ્રગટાવવા માટે વૃત્તિની અનન્યતા અને ગુરૂભકિતનો સમન્વય કરવાનું જ ઉદ્બોધન કર્યું છે.

નિશ્ચલ મતિ ગુરૂભકિતકી, વૃત્તિકી પૈ હિ અનન્યતા
દોનોં કી સન્ધિ સાધ લે, દીવા ગુફામેં જલ રહા![325]

હૈયું હરિરંગી થાય નહી, દિલને પ્રેમનો ખરો રંગ ચડે નહી ત્યાં સુધી સાધનાનો કશો જ અર્થ નથી. આત્મસાધના માટે પ્રેમની અનન્ય વૃત્તિની આવશ્યકતા સમજાવી તે માટે સતત જાપ અને એના જ વારંવારના ચિંતન અને મનનનું મહત્ત્વ દર્શાવતાં 'મુમુક્ષુ વિચારણા' માં પણ 'સાગર' સ્પષ્ટ જ કહે છે:

...........

[322] એજન, પૃ. ૪૪૬

[323] એજન, પૃ. ૪૧૯

[324] દીવાને સાગર, દ.૨, પૃ. ૪૨

[325] એજન, પૃ. ૧૩૧

કમર કસીને ભજન કર્યા વિના ભવસાગર કોઇ તરી શક્યું નથી અને તરી શકે નહીં અને દિલને ખરો રંગ ચડાવ્યા વિના તો કોઇનું ભજન ફળ્યું નથી. હૈયું કાયમનું હરિરંગી થાય એવો આગ્રહપૂર્વક જાપ અને એનું વારંવાર ચિન્તન, મનન અને દૃઢીકરણ આવશ્યક છે.[૩૨૬]

'સાગર' મહારાજના આશ્રમમાં ભજન-કીર્તન સમયે ગવાતી ધૂનોમાં પણ પ્રેમની અનન્ય વૃત્તિનો જ મહિમા દર્શાવાયો છે. શ્રી. સાગરાશ્રમ ગ્રન્થમાળાના પ્રથમ પુષ્પ 'ધૂન-માળા'માંની નીચેની ધૂન જુઓ:

હરિ પ્રેમ સુધારસ પિયે બિના
ભવસાગર કૈસી બિધિ તરના હૈ.

'ગીતાનું હૃદય' તેમજ 'ગીતાની વિચારણા'માં પણ 'સાગરે' ચિત્તવૃત્તિના નિગ્રહ માટે પરમાત્મપ્રેમની અનન્ય વૃત્તિનું મહત્ત્વ દર્શાવી ભક્તિમાર્ગની સર્વોપરિતા સિધ્ધ કરી છે. જુઓ:

એકને એક જ ઇષ્ટમૂર્તિમાં ભક્ત અથવા પ્રેમીની તમામ મનોવૃત્તિઓ એટલી તો તલ્લીન થયેલી હોય છે કે તેના ચિત્તને બીજું બધું જ નીરસ જ લાગે છે અને નિરોધ કર્યા વિના રસો વૈ સઃ। એવું શ્રુતિનું બ્રહ્મસૂત્ર તે પોતાના સ્વાભાવિક લક્ષણ તરીકે જ અનુભવે છે.[૩૨૭]

પોતાના પ્રિયતમ પરમાત્માનું આ સર્વોપરિ વચન તેના હરેક આશકે પૂરી ગરજથી સાંભળવું જોઇએ. અહો તે વચન આપે છે કે આશકનો ઇશ્ક જો અનન્ય અને આંતરબાહ્ય દમ બદમ અસ્ખલિત વહેતો જ હોય, તો ઈહલૌકિક તેમજ પારલૌકિક બન્ને દુનિયાનો મામલો તે જરૂર જ સંભાળી લે છે. 'આશક' એ તો પરમાત્માનો - પરમાત્માના પ્રેમનો આન્તર ફકીર છે. ઇશ્કનો જોગી પણ ઝોળી ઝંડા વગરનો.[૩૨૮]

............

[૩૨૬] મુમુક્ષુ-વિચારણા, પૃ. ૧૫

[૩૨૭] ગીતાની વિચારણા, પૃ. ૧૪ [૩૨૮] ગીતાનું હૃદય, પૃ. ૧૪

'ગુજરાતી ગઝલિસ્તાન'ના ઉપોદ્‌ઘાતમાં 'સાગરે' સૂફીવાદમાં તાત્ત્વિક સિધ્ધાંતોની વિશદ ચર્ચા કરીને છે.

પ્રેમયોગ – (Concentrated Love) ને 'સાગર' સૂફીવાદ અને ભક્તિમાર્ગ બન્નેના મૂળભૂત લક્ષણ તરીકે પ્રાધાન્ય આપે છે. સૂફીવાદમાં ફના– આત્મ સમર્પણ તે જ નારદ 'ભક્તિ સૂત્ર'માં દર્શાવેલી પ્રેમની અનન્ય વૃત્તિ – અનન્યતા. 'ગુજરાતી ગઝલિસ્તાન'ના ઉપોદ્‌ઘાત માં 'સાગર' પ્રેમયોગનું મહત્ત્વ દર્શાવતાં કહે છે:

સ્વરૂપાનુભવ માટે બહુલક્ષક ચિત્તને એકસ્થાને સ્થિત કરવાની જરૂર છે અને એવી ઘનીભૂત થયેલી હૃદયભાવનાના પ્રબલ પ્રવાહથી પ્રેમયોગ સિધ્ધ થઇ શકે છે. પ્રેમ યોગ (Concentrated Love) એ સૂફીનું મહત્ત્વનું સાધન છે.[૩૨૯] પ્રેમયોગનું મૂળભૂત લક્ષણ ફના આત્મ સમર્પણ. આશક પોતાનું સર્વસ્વ ફના કરે નહીં ત્યાં સુધી પ્રેમમાર્ગમાં આગળ વધી શકાય નહીં. 'સાગર' પ્રેમની અનન્યતાનું મહત્ત્વ આ પ્રમાણે દર્શાવે છે.

પોતાપણું ફના કરવું એ સૂફીવાદનું તારતમ્ય છે. અને તે સિવાય પ્રેમનો કે ચાહવાનો કશો જ હેતુ નથી.[૩૩૦]

નારદ 'ભક્તિસૂત્ર'નું નવમું સૂત્ર સમજાવતાં 'સાગરે' 'અનન્યતાની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે.

અનન્ય પ્રીતિ તેનામાં, તદ્‌વિરોધે તટસ્થતા–
ત્યાગ અન્યાશ્રયો સૌનો, એ પ્રીતિની અનન્યતા.[૩૩૧]

ઇષ્ટપ્રેમમૂર્તિમાં અનન્યતા અને તદ્‌વિરોધી બાબતો તરફ ઉદાસીનતા રાખનાર ભક્તનું આન્તરબાહ્ય ઉભય જીવન એક માત્ર હરિના રંગે જ રંગાયેલું હોય છે. 'ભક્તિ–સૂત્ર'ના અનુવાદમાં 'સાગર' કહે છે:

...........

[૩૨૯] ગુજરાતી ગઝલિસ્તાન, ઉપોદ્‌ઘાત, પૃ. ૧૬

[૩૩૦] એજન.

[૩૩૧] દીવાને સાગર, દ.૧, પૃ. ૪૬૪

તન્મયી વૃત્તિ તદ્રુપે, સમાધિ અવિછિન્ન છે-
પ્રભુમાં સર્વથા જીવે, અન્તર્બાહ્ય અભિન્ન છે.[332]

આવા ભક્તનાં જીવનકાર્યો પ્રેમરૂપ જ બની જાય છે. જુઓ:

પ્રેમ, પ્રેમાસ્પદ, પ્રેમી, પ્રેમનાં ત્રણ રૂપ એ -
એનું ભિન્નત્વ ભાગીને, અભેદે પ્રેમને ભજે
નિત્ય દાસત્વ રૂપે વા, નિત્ય કાન્તા સ્વરૂપથી
પ્રીતિ જ ભજનાત્મિકા, પ્રીતિ એ જ કૃતિ ગતિ[333]

'ગુજરાતી ગઝલિસ્તાન'ના ઉપોદ્ઘાતમાં પરમાત્મપ્રેમની અનન્ય વૃત્તિનું મહત્વ દર્શાવી 'સાગર' સ્નેહનું સાચું સ્વરૂપ સમજાવે છે.

સ્નેહ એટલે અંતરનું અર્પણ, સ્નેહ એટલે શરીરનો નહીં પણ આત્માનો આવિર્ભાવ અને સ્નેહનું દર્શન એટલે પ્રભુતાનું દર્શન.[334]

'સ્વીડનબોર્ગનું પરમાત્મતત્વ' પુસ્તિકામાં તેમજ સાગરની પત્રરેખામાં કલાપીના સ્નેહરાજ્ઞી શોભનાને લખેલા પત્રમાં દર્શાવેલાં સ્વીડનબોર્ગના સૂત્રોમાં પ્રેમસ્વરૂપ સમજાવ્યું છે. ડો. હરિકૃષ્ણ જોષીને લખેલા પત્રમાં ઇશ્કે મિઝાજી અને ઇશ્કે હકીકીનો મૂળભૂત તફાવત દર્શાવી અધિષ્ઠાન ભેદની વિશદ ચર્ચા પણ કરી છે. 'સાગર' પરાત્પર પરબ્રહ્મના જ અધિષ્ઠાનને આત્મસાધના માટે મહત્વ આપતા આ સમજાવવા માટે તે કહેતા:

"God is all love but all love is not God"

............

[333] એજન.

[334] 'ગુજરાતી ગઝલિસ્તાન', ઉપોદ્ઘાત, પૃ. ૨૭

"પ્રેમ, પ્રજ્ઞાન અને ઉપયોગ (એટલે) સેવા એ અનુક્રમે આવે છે.
'Love wisdom and use follow in order[335] સ્વીડનબોર્ગનું
આ સૂત્ર પણ આ સંદર્ભમાં જ તેમણે સ્વીકાર્યું છે.

પરિશિષ્ટમાં આપેલો ધનચક્કરનો નકશો અને તેની ગાઇડમાં દર્શાવેલા 'સાગર રાહ'માં સાગરે પોતાની આત્મસાધનાનો માર્ગ દર્શાવ્યો છે. 'સાગરરાહ' ની ત્રણ ભૂમિકા છે:

૧. અંતઃકરણ શુધ્ધિ

૨. અનન્યતા

૩. વાસનાક્ષય- મનોનાશ

પ્રેમયોગ માટે સાગરે 'સાગરરાહ'માં અનન્યતાનું જ સવિશેષ મહત્ત્વ દર્શાવ્યું છે.

આત્મસાધનાની પૂર્વભૂમિકા તરીકે ભકિતમાર્ગના અધિકારી બનવા માટે અંતઃકરણ શુધ્ધિની આવશ્યકતા પણ સાગરે સ્વીકારી છે. પરંતુ આ જ્યાં સુધી પરમાત્મપ્રેમની વૃત્તિ અનન્ય થાય નહીં ત્યાં સુધી સાધક આત્મસાધનાના માર્ગમાં આગળ વધી શકે નહીં. વાસનાક્ષય- મનોનાશ માટે પણ અનન્યતા જ મુખ્યસાધન છે. એટલે સાગરે પોતાની વાણીમાં અનન્યતાનું જ ઉદ્બોધન કર્યું છે. અપરિમિત ધનચક્કર સિનેમેટોગ્રાફ ફિલમના સૂત્રોમાં સાતમું સૂત્ર આ પ્રમાણે છે:

સફાને વફા.[336]

આ સૂત્ર સમજાવતાં સાગર કહે છે: સફા એટલે સોહં - આત્મા. વફા એટલે ગુરૂભકિત - અનન્યતા[337]

આમ, 'સાગર' અદ્વિતીય ગુરૂભકિતને - અનન્યતાને ખૂબ મહત્ત્વ આપે છે. આઠમું અને નવમું સૂત્ર પણ અનન્યતાનો સિધ્ધાંત જ સમજાવે છે. એકીકરણ અને

...........

[335] સાગરની પત્રરેખા, પૃ. ૩૮૬

[336] અપ્રસિધ્ધ @ અપરિમિત ધનચક્કર સિનેમેટોગ્રાફ ફિલમના સૂત્રો માટે જુઓ પરિશિષ્ટ

[337] એજન.

ઓમ્મીકરણ. એકીકરણ એટલે ખરી દિશામાં શુધ્ધ ગુરુભકિતમાં ચિત્તની બધી વૃત્તિઓનું કોન્સેન્ટ્રેશન અને ઓમ્મીકરણ એટલે શુધ્ધ ગુરુભકિત દ્વારા એ મન, બુધ્ધિ, ચિત્તને ખરેખરાં નિર્ગુણમાં ખોવાં એનું નામ ઓમ્મીકરણ.[338]

દીવાને સાગર દફતર ૧ અને ૨માંથી થોડાંક અવતરણો જોઇએ:

૧. રોપી ધ્યેય ઉરે ગોપી જાણે સંસાર વ્યર્થ છે,
એવું ગોપી બન્યા વિના કૃષ્ણ ભકિત નિરર્થ છે.[339]

૨. અનન્યભકિત એકની ઉરે અપાવનાર છો.
પ્રેમબ્રહ્મજ્યોતિ હ્રદયમાં બતાવનાર છો.[340]

૩. પ્રેમ એ જ ધર્મ અને ધર્મ એ જ પ્રેમ છે:
દમ બ દમ દીવાનાં પુકારજો રે.
o o o
સ્નેહનો નેહડો લાગે હૈડામાં, તો કદી ન બીજું વિચારજો રે.[341]

૪. દિલ પ્રીત અવિચલ જોઇયે - સુખ શું કરૂં ઘડી બે ઘડી?[342]

૫. આબાદ પણ એક જ દવા - કરવો હઝમ દિલમાં નશો.[343]

૬. અશ્ક!લોકો! આશક ના થજો.
જો થાવ તો પૂરા હજો-
ધન, માન, જાન બધું જજો- હો ઇશ્ક! એક જ ખૂબ ખૂબ![344]

............

[338] એજન.

[339] દીવાને સાગર, દફતર ૧ પૃ. ૩૧૮

[340] એજન, પૃ. ૨૫૮

[341] એજન, પૃ. ૨૯૦, ૨૮૯

[342] દીવાને સાગર, દફતર ૨ પૃ. ૩૭

[343] એજન, પૃ. ૨૨

[344] એજન, પૃ. ૨૪

૭. બસ- ઇશ્ક એક જ બાદશાહ
પૂરો ખરો આલમપનાહ
આમીન કદમ જે ઇશ્ક રાહ! પણ, કત્લ થાતું કોણ છે![૩૪૫]

૮. ચાલે ન ઇશ્ક ઉપરછલો-
દિલ સાત પડ ભેદી જજો-
દિલબર મળો યા ના મળો! ના નાદ પણ તું તું વગર.[૩૪૫]

૯. છલક છલક છલકે ઉર પાત્રે, પ્રેમ મહા બ્રહ્માંડ
જેને પચે નહીં પ્રેમ રસાયન, છો એ કૂટે કર્મકાન્ડ[૩૪૬]

૧૦. બસ ઇશ્ક ઇશ્ક પુકારવું નઇતર ધરમ ન ઇતર કરમ
પૂરેપૂરા પાગલ થવું - બનવું બરાબર બેશરમ![૩૪૭]

૧૧. ઠઠ્ઠા! ઠેઠ ગયો શી રીત? હરિગુરૂ સન્ત શરણમાં ચિત્ત
પ્રીત રીત, મનબુધ્ધિ જીત - ઠઠ્ઠા ઠેઠ ગયો એ રીત.[૩૪૮]

૧૨. શી પ્રીતિ ચીજ, અહો! બડી-
ન ટકે બીજી જ્યાં વાતડી-
ખપ હોય તેણે અબઘડી સારી જહાંને પી જવી.[૩૪૯]

'સાગર' સ્નેહયોગ માટે પરમાત્મામાં જીવાત્માની અડગ શ્રધ્ધાને પણ અત્યંત આવશ્યક ગણાવે છે.

...........

૩૪૫ એજન, પૃ. ૨૫

૩૪૬ એજન, પૃ. ૧૧

૩૪૭ એજન, પૃ. ૩૪

૩૪૮ એજન, પૃ. ૧૭૧

૩૪૯ એજન, પૃ. ૩૩

'સનાતન વિચારણા'માં 'સાગર' પ્રેમ અને શ્રધ્ધાનાં મૂળતત્ત્વોની આવશ્યકતા સમજાવતાં કહે છે:

પ્રેમ એ ભગવાનનો બાપ છે અને શ્રધ્ધા એ ભગવાનની જનેતા છે. શ્રધ્ધાકુમારી પ્રેમદેવનું ઘર માંડે છે. શ્રધ્ધાદેવી સૌભાગ્યવન્તી થાય છે અને જયોતિરૂપ કુમારને જણે છે.[૩૫૦]

'દીવાને સાગર' દફતર ૨ માં 'કકકા'માં પણ 'સાગરે' પ્રેમ અને શ્રધ્ધાનો સમન્વય કરવાનું જ ઉદ્બોધન કર્યું છે.

છછ્છા! છે બસ એક જ વાત –
પ્રેમ પિતા ને શ્રધ્ધા માત –
જન્મ્યો ચેતન જાત અજાત – છછછા! છે બસ એક જ વાત.[૩૫૧]

'સાગર' પોતાનો આત્માનુભવ વ્યકત કરતાં 'સાગરની પત્રરેખા'માં ૨૫૦૮ જ કહે છે કે "જયાં સુધી શ્રધ્ધા અને પ્રેમની સાથે સાગરને કામ કરવું હશે ત્યાં સુધી એ કર્યા જ કરશે, અને એમાં જિન્દગી આપવાની આવશે તો સાપ જેમ કાંચળી ફેંકી દે છે એમ શરીર ફેંકી દેવાને એ પુરો તૈયાર છે. "સાગર જન્મ્યો ત્યારથી જ બાહ્યનો ઉપેક્ષક છે અને બાહ્યની અંદર બિરાજતી શ્રધ્ધા અને સ્નેહની ચેતનાનો એ હમેંશનો સેવક છે– સર્વસ્વના અર્પણે એ વસ્તુનો પૂજારી છે.[૩૫૨]

બીજા એક પત્રમાં પણ 'સાગર' પ્રભુદર્શનમાં બે મહત્ત્વનાં તત્ત્વો પ્રેમ અને શ્રધ્ધાને જ ગણાવે છે. "ભાવનાને ભરૂસો એ બે આપણા પ્રાચીન સંતોએ મોટી વાત ગણી છે."[૩૫૩]

...........

૩૫૦ 'સનાતન વિચારણા', પૃ. ૩–૪

૩૫૧ 'દીવાને સાગર', દ.૨, પૃ. ૧૬૭

૩૫૨ 'સાગર'ની પત્રરેખા', પૃ. ૩૦૩.

૩૫૩ 'સાગર'ની પત્રરેખા', પૃ. ૪૯૬.

ગુરુભકિતનું મહત્ત્વ:-

'સાગર' અપ્રસિધ્ધ અક્ષયવાણીની ટીકામાં ગુરુભકિતનું મહત્ત્વ સમજાવતાં કહે છે કે:- "ગુરુ રૂપી પરમાત્માનું શરણ ગ્રહીને, નિર્મળ અંત:કરણથી સ્તુતિ કર અને ગુરુદેવનાં સાચાં વચનને અમૂલ્ય સમજીને, હૃદયમાં સાચવી રાખ.[૩૫૪] સદ્ગુરુની પ્રાપ્તિ માટે જીવાત્મા અને પોતાના હૃદયમાં પ્રેમની અનન્ય વૃત્તિ પ્રગટાવી સર્વ સમર્પણ કરવા માટે અધિકાર વિના સદ્ગુરુની પ્રાપ્તિ સાધી નથી અને સદ્ગુરુને શરણે ગયા વગર જીવાત્માના જીવપણાનો વિલય થતો નથી. એ સમજાવતાં 'સાગર' કહે છે કે: "શ્રી. સદ્ગુરુને શરણે જવાથી, તેમના દાસ થવાથી જીવના જીવપણાનો વિલય થાય છે. ફરી ફરી ઉભા થતાં આ સંસારરૂપી માનસિક અને માયાવી વૃક્ષનો સમૂળગો નાશ કરનાર કાં તો શ્રી હરિ છે કે કાં તો શ્રી. સદ્ગુરુ છે. બધી આશાઓને અંતે જયારે એક જ મહાન આશા શ્રી. હરિને મળવાની આન્તરમાં ઉદય પામે છે, ત્યારે જ શ્રી. સદ્ગુરુ મળે છે અને શ્રી. હરિને મળવાની આશા તેઓ પૂર્ણ કરે છે. શ્રી. સદ્ગુરુ એવા મહાન આર્ય છે, કે જેમના વડે સચરાચર વ્યાપ્ત શ્રી હરિનો સ્વાનુભવ થાય છે. તેથી કોઇપણ ઇચ્છા જીવને બાકી રહેતી નથી."[૩૫૫]

આખાની પ્રણાલિકા સમજાવતાં સંતોની વાણીમાં પણ 'સાગર' ગુરુભકિતનું મહત્ત્વ સમજાવે છે. અદ્વિતીય ગુરુભકિતને પરમાત્માની ભકિતથી અભિન્ન ગણાવી તેનું મહત્ત્વ સમજાવતાં 'સાગર' કહે છે કે ગુરુભકિત એ જ પરમાત્માની ભકિત.વેદાન્તનો મૂળ પાયો જ ગુરુભકિત ઉપર છે, કેમકે બ્રહ્મ તો નિર્ગુણ અને નિરંજન નિરાકાર, એટલે જો આવી અદ્વિતીય ભકિત ન હોય તો જીવાત્મા કેવળ સ્વચ્છંદી અને માત્ર મનોમુખી જ થઇ જાય.

...........

૩૫૪ અપ્રસિધ્ધ અક્ષયવાણી, પૃ. ૨૩૯

૩૫૫ અપ્રસિધ્ધ અક્ષયવાણી, પૃ. ૨૪૩.

આટલા માટે વેદાન્તમાં ગુરુભક્તિના પાયા ઉપર જ જ્ઞાનને ઉભા રહેવાનું ઠરાવવામાં આવ્યું છે.[૩૫૬]

'દીવાને સાગર' દફતર ૨ માં "ઘનચકકર" ના ભજનોમાં[૩૫૭] ગુરુ-ગોવિન્દ ગુરુરામની એકતાનો સ્વીકાર કરી અદ્વિતીય ગુરુભક્તિનો મહિમા આ પ્રમાણે સમજાવે છે:

"ગુરુ અણુ અણુ અવતાર! લીલા બ્રહ્મ તણી
કોઇ અવધૂ પામે પાર! મૌજ બની ન બની.[૩૫૮]

શ્રી.આ.ભ. પૃ. ૧૨૨

શ્રી. સાગર આશ્રમમાં ભજન સમયે અહર્નિશ ગવાતી ધૂનોમાં પણ 'સાગર' અદ્વિતીય ગુરુભક્તિને ખૂબ મહત્ત્વ આપતા તે સ્પષ્ટ જોઇ શકાય છે. જુઓ:

૧. ૐ રામ ગુરુ રામ અલખનિરંજન રામ રામ
૨. ગુરુ ગુરુ ગુરુદેવકી જય.[૩૫૯]

મુમુક્ષુને સદ્ગુરુની પ્રાપ્તિ કયારે થાય? એ સમજાવતાં 'સાગર' સ્પષ્ટ જ કહે છે કે તે માટે સાચા વૈરાગ્યની ખૂબ આવશ્યકતા છે. હૃદયમાં ખરેખરો વૈરાગ્ય આવે અને જગત નાશવંત છે એ વાત જીવાત્મા પચાવે પછી જ ગુરુનું દર્શન થાય, એ સમજાવતાં 'સાગર' મહારાજ કહે છે કે "ગુરુની મૂર્તિ નાશવંત હોવા છતાં, ગોવિન્દરૂપ માનવામાં આવે છે. આવા મહાત્માઓનો અનુભવ કહે છે કે શબ્દ પોતે ગુરુ છે. ગુરુ પોતે શબ્દ છે. જીવતા દેહથી જેમ છાયા જુદી પાડી શકાતી નથી, તેમ શબ્દને ગુરુથી અને ગુરુને શબ્દથી કદાપિ

...........

૩૫૬ 'સંતોની વાણી', પૃ. ૨૫ જુઓ: 'દીવાને સાગર', દફતર ૨ કં પૃ. ૧૨૦ થી ૧૨૩

૩૫૭ 'ઘનચકકરગુરુની આરતી.'
'ઘનચકકર ગુરુનો વેષ.'
'ઘનચકકર અપરિમિત'
'નકશો ઘનચકકર'

૩૫૮ એજન, પૃ. ૧૨૨

૩૫૯ ધૂનમાળા, પૃ.૨.
'સંતોની વાણી', પૃ. ૨૩

જુજવાં પાડીને ઓળખી શકાતાં નથી. જો ગુરુને અને શબ્દને જુદા પાડવામાં આવે તો જીવને અને બ્રહ્મને પણ જુદા જ રહેવું પડે.[૩૬૦]

'સાગર' ગુરુભક્તિને પરમાત્મા ભક્તિથી વિભિન્ન ગણતા નથી. ગુરુ એજ ગોવિન્દ એ સમજાવતાં 'સંતોની વાણી'માં તે સ્પષ્ટ જ કહે છે કે "ગુરુ ગોવિન્દ એ જ ગિરધારી.[૩૬૧] "સંતોની વાણી" ની ટીકામાં પણ 'સાગર' પ્રેમની અનન્યતા નું મહત્ત્વ સમજાવતાં કહે છે કે બુધ્ધિને જ્યારે પરમાત્માની આબાદ લગની લાગે ત્યારે જ અસલ રાહમાં જીવાત્માનો કાયમનો પત્તો લાગે.[૩૬૨] હરિકૃષ્ણ મહારાજનાં ભજનો સમજાવતાં સાગર' સ્પષ્ટ જ કહે છે કે એમની ગુરુભક્તિ એટલી તો અદ્‌ભુત છે કે ગુરુદેવની પાઞ્ચ - ભૌતિક મૂર્તિમાં ગોવિન્દનું જ દર્શન, ગુરુદેવમાં ગોવિન્દનું જ મનન, અને ગુરુદેવમાં ગોવિન્દનું જ નિદિધ્યાસન શી રીતે થાય, એ પરમાત્માને ઓળખવા ચાહતા દરેક મુમુક્ષુને એમની પાસેથી શિખવાનું મળે છે" ... ગુરુદેવની મૂર્તિમાં સગુણનો અને નિર્ગુણનો એવો ભેદ ખરા મુમુક્ષુને સ્વપ્ને પણ આવતો નથી. એ મહાત્મા અખાજીની બ્રહ્મલીલાના આ અબધુત સન્તોના અદ્‌ભુત ચરિત્રો ઉપરથી આપણે આ શીખી શકીએ છીએ.[૩૬૩] મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકારને અંતઃકરણ ચતુષ્ટય સહિત જીવાત્માએ ગુરુદેવને ચરણે અને શરણે જવું જોઇએ. આવી એકાગ્રતા વગર ચિત્તને ખરું વિરાગી બનાવી ગુરુદેવને શરણે ગયા વગર ગુરુગમ પચાવી શકાય નહિ એ સમજાવતાં સાગર' 'સંતોની વાણી'માં સ્પષ્ટ જ કહે છે કે: જ્ઞાનનો ખરેખરો અનુભવ થવાને તો મન, બુધ્ધિ, ચિત્ત અને હું પણું એ ચારે ને ઉપરના ભજનમાં જેવીરીતે પરમહંસ

...........

[૩૬૦] સંતોની વાણી, પૃ. ૬૩

[૩૬૧] એજન, પૃ. ૩૮-૩૯

[૩૬૨] એજન, પૃ. ૩૨

[૩૬૩] એજન, પૃ. ૪૨

હરિકૃષ્ણજીએ પતિતપાવન ગુરુમૂર્તિમાં નિરૂધ્ધ કર્યા છે, તેવીરીતે ગુરુદેવને ચરણે અને શરણે એકાગ્ર અને પૂર્ણ નિરૂધ્ધ કરવા જોઇએ. શિવરૂપ થવાને તો આ વગર બીજો કોઇ ઉપાય નથી.[354] ગુરુભકિતની લગની લાગે નહિ ત્યાં સુધી ગુરુભકિતનો કશો જ અર્થ નથી. એટલે કે પોતાના હૃદયનો પ્રદેશ ગુરુ ચરણે અર્પી દેવો જોઇએ. "મુમુક્ષુના દિલને - એની વાસનાને, એના આખા મનોગત તન્ત્રને પૂરેપૂરું પિછાની શકે એવા સંતપુરુષ પાસે મુમુક્ષુ જીવ હૃદયને નાગે નાગું ખોલી દે છે, અને એ જ ચેતનમૂર્તિ - સદગુરૂની મૂર્તિ ઇષ્ટદેવની મૂર્તિ - ગોવિન્દની મૂર્તિ. આવો મુમુક્ષુ જીવનો અનુભવ થાય છે. નિરંતરનું શ્રવણ અને નિરન્તરનું મનન જીવાત્માનું જૂનું જીવન ફેરવી નાંખે છે અને સદ્‌ગુરુ દેવની દયાથી નર ને નારાયણનો નિદિધ્યાસ થાય છે.[355] અનન્ય ગુરુભકિતનું મહત્ત્વ સમજયા વગર મુમુક્ષુ માર્ગમાં આગળ વધી શકે નહીં. એ સમજાવતાં સાગર સંતોની વાણીના ઉપોદ્‌ઘાતમાં પોતાનું મંતવ્ય આ રીતે રજૂ કરે છે:

"મૃગજળ જેવા મનના વિકારોએ કરીને વ્હાલા કરેલા એવા ઠગારા જગત તરફ જ વૈરાગ્યની જરૂર છે. વૈરાગ્ય શબ્દનો ખરું જોતાં તો એવો અર્થ છે કે પરમાત્મા તરફ- સદ્‌ગુરુદેવ તરફ અનન્ય ભકિત - અનન્ય પ્રીતિ. આ અનન્ય પ્રેમ ને જ આ સર્વસ્વાર્પણને જ વેદાન્તના બધા આચાર્યો ગુરુભકિત કહે છે. જેના દિલમાં જેટલો અન્યત્ર રાગ રહ્યો હોય, તેટલો સદ્‌ગુરુદેવની અનન્ય ભકિતમાં ભાવ ઓછો હોય એ સ્વાભાવિક છે. ચિત્તને વળગેલા માયાના બધા સંબંધો તરફ જયાં સુધી અભાવ થાય નહીં, ત્યાં સુધી સદ્‌ગુરુદેવની અનન્ય ભકિત તરફ પૂરેપૂરો ભાવ જાગે શી રીતે? ટકે શી રીતે?[356]

...........

[354] એજન, પૃ. ૪૪

[355] એજન, પૃ. ૪૯

[356] સંતોની વાણી, પૃ. ૫૧

પ્રેમનું અધિષ્ઠાન સદ્ગુરુનું જ હોવું જોઇએ. તો જ પ્રેમ દ્વારા પરમાત્માનાં દર્શન થઇ શકે, એ સમજાવતાં 'સાગર' સ્પષ્ટ કરે છે કે "યોગ્ય અધિષ્ઠાનને લક્ષ્ય ઉપાસ્ય અને ધ્યેય કરીને જીવાત્માએ દેહાભિમાનનો લય કરવો અને એ યોગ્ય અધિષ્ઠાન તે સદ્ગુરુનું જ, એમ આર્યોના વેદાન્ત શાસ્ત્રોને ડિંડિમ વગાડીને કહેવાનું છે. ગમે તેને અધિષ્ઠાન માનીને જીવાત્મા હુંપણું ગુમાવે એ તો આત્માનુભવ માટે બિલકુલ ચાલે નહીં. જીવશિના તમામ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણના પ્રવાહને અનન્ય રીતે સદ્ગુરુના અધિષ્ઠાનમાં જ એક કેન્દ્રીકૃત કરવું, એ જ વેદાન્તનો શાસ્ત્રીય માર્ગ છે.[૩૬૭] ગુરુદેવને શરણે જવાનો માર્ગ સમજાવતાં 'સાગર' કહે છે કે અનન્ય ગુરુભક્તિ વિના જીવાત્મા આગળ પ્રવાસ કરી શકતો નથી. "વેદાન્તના આત્મસાક્ષાત્કાર માટે, પૂરેપૂરો વાસનાક્ષય, અને મનોનાશ અનુભવવા માટે મરણીઓ થઇને નીકળેલો (શહીદ) મુમુક્ષુ જીવાત્મા તો રગે રગે ઘૂંટયા જ કરે છે કે બધી સગુણ મૂર્તિઓ તરફના રાગનો તમામ સરવાળો થઇને એ સર્વોપરિ રાગ જીવાત્માનો રોગ હણનાર આત્મવૈધ્ય સદ્ગુરુદેવ તરફ પુરેપુરી રાજીખુશીથી સમજીને વળે એનું નામ અનન્ય ગુરુભક્તિ. આવા સાચા દિલથી (સિન્સિયર) ગુરુભક્તિ જાગે અને જામે, એટલે તો બ્રહ્મવિદ્ ગુરુદેવ બધુ સંભાળી લે છે.[૩૬૮] "અપ્રસિધ્ધ અક્ષયવાણી" ની ટીકામાં પણ 'સાગર' મહારાજ આ સિધ્ધાંત સમજાવે છે. સંતની-ગુરુની સેવાશુશ્રૂષા વડે તેણે ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની નિસરણીએ ચડીને, આત્મા- પરમાત્માની એકતાના મુકામે ઠેઠ પહોંચવું જોઇએ, કારણ કે, જીવાત્માની ભ્રમણાના નિવારણનો ઉપાય શ્રી. હરિગુરુસન્તના શરણ વિના બીજો કોઇ જ નથી.[૩૬૯]

'સંતોની વાણી'માં પણ 'સાગર' મુમુક્ષુ જીવાત્માને માટે અભ્યાસ અને અનન્ય ગુરુભક્તિની આવશ્યકતા પર ખૂબ ભાર મૂકે છે. ગુરુને શરણે જવાનો માર્ગ દર્શાવતાં ત્રણે શરીરો સુધીનો પોતાનો પ્રદેશ ગુરુદેવને સમર્પણ કરીને વાસનાક્ષય દ્વારા મનનું ઓમ્મીકરણ અનુભવવાનું ગુરુગમ પ્રાપ્ત કરવા અનુરોધ કરે છે, જુઓ:

...........

[૩૬૭] એજન, પૃ. ૫૫

[૩૬૮] એજન, પૃ. ૫૪

[૩૬૯] અપ્રસિધ્ધ અક્ષયવાણી, પૃ. ૨૫૧

"જેને તમામ વાસના ટાળીને - બ્રહ્માનંદમાં મનનું એકીકરણ અનુભવવું છે તેને તો સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ શરીરો સુધીનો પિંડનો તમામ પ્રદેશ ગુરુદેવને શરણે રાજીખુશીથી સોંપી દેવો પડે છે. ખરા મુમુક્ષુનું આ જ લક્ષણ પ્રેમભાવથી થઇ જાય છે. જેને પ્રેમભાવથી નથી થતું તે અભ્યાસથી આવું લક્ષણ ઘડે છે.[૩૭૦]

'સાગર' પોતાના શિષ્ય શ્રી. જનાર્દન શર્મા- 'પાગલ'ને અધ્યાત્મસાધના માટેનો માર્ગ સમજાવવા માટે લખાયેલી નોંધમાં પણ આ જ સિધ્ધાંત વીગતે સમજાવે છે:

Seed of વાસના should be burnt and Killed from the inner most self at the hands of Guru. મન, વાણી and કર્મ not restrained and purified under Guru:

Perfect purifications? Three bodies ?
Three Ashramas?
Three Gunas ?
Three Sthitis?

શ્રી. 'પાગલ' મહારાજને સિધ્ધ કરવાનો અનભેના ઘરના ભૂમિતિ શાસ્ત્રનો આ સિધ્ધાંત:

"ગુરુદત્ત ફિરત બન બનમેં, ઉન્મત્ત રહત નિર્ગુણમેં.

અને

'હું' માંથી કહાડવું બાહિર 'હું' ને સમજીને ભીતર શમવું.[૩૭૧]

આમ, 'સાગર' તત્વજ્ઞાન સમજાવવા માટેની રફ અપ્રસિધ્ધ નોંધમાં પણ વાસનાક્ષય માટે ગુરુનું શરણ સ્વીકારવાનું મુમુક્ષુને ઉદ્બોધન કરે છે. સદ્ગુરુદેવ તરફ મુમુક્ષુની

...........

[૩૭૦] સંતોની વાણી, પૃ. ૫૪

[૩૭૧] સાગરની અપ્રસિધ્ધ નોંધ.

અનન્ય ભક્તિનો મહિમા સંતોની વાણીમાં આ પ્રમાણે સમજાવ્યો છે.

મૃગજળ જેવા અથવા મનના વિકારોએ કરીને વ્હાલા કરેલા એવા ઠગારા જગત તરફ જ વૈરાગ્યની જરૂર છે. વૈરાગ્ય શબ્દનો ખરું જોતાં તો એવો અર્થ છે કે પરમાત્મા તરફ - સદ્ગુરુદેવ તરફ અનન્ય ભક્તિ - અનન્ય પ્રીતિ આ અનન્ય પ્રેમને જ- આ સર્વ સ્વાર્પણને જ વેદાન્તના બધા આચાર્યો ગુરુભક્તિ કહે છે. પણ સંતપણું-વાસનાક્ષય- મનોનાશ-સાત્વિકતા, એ તો પુરેપુરા પ્રેમ વગર સદ્ગુરુ દેવની અનન્ય પ્રીતિ-ભક્તિ વગર, સંતને ચરણે પૂરેપૂરું અર્પાઇ ગયા વગર શકય નથી જ.[372]

'સંતોની વાણી'ના પ્રારંભમાં સદ્ગુરુને પરબ્રહ્મથી અભિન્ન ગણી સદ્ગુરુનો મહિમા સમજાવતી કેટલીક ધૂનો પણ સાગર મહારાજે આપી છે. શ્રી. 'સાગર' આશ્રમમાં ગવાતી આ ધૂનો શ્રી. સાગરાશ્રમ ગ્રન્થમાળા પુષ્પ-૧ દ્વારા ડો. યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ સંકલિત કરી પ્રગટ કરી છે. જુઓ:

૧. ગુરુ મહારાજા ગુરુ, જય જય પરિબ્રહ્મ સદ્ગુરુ.
૨. સદ્ગુરુ સેવા આતમલક્ષ, અખા ભગતનો એવો પક્ષ
૩. જય ગુરુ જય ગુરુ અલખ નિરંજન
૪. ૐ રામ ગુરુ રામ, અલખ નિરંજન રામ રામ
૫. ગુરુદત્ત ફિરત બનબનમેં ઉન્મત્ત રહત નિર્ગુણમેં
૬. જય ગુરુ જય ગુરુ દત્ત દિગંબર, ત્રિગુણાતીત સ્વયં પરમેશ્વર.[373]

સૂફીવાદ કે ભક્તિમાર્ગની માફક વેદાન્તમાં પણ અધિષ્ઠાન ભેદની ચર્ચા કરતા 'સાગર' ગુરુ- ગોવિન્દ વિના અન્ય કોઇના અધિષ્ઠાનનો સ્પષ્ટ ઇન્કાર કરે છે. જુઓ:-

...........

[372] સંતોની વાણી, પૃ. ૫૧

[373] ધૂનમાળા, તેમજ સંતોની વાણી, પૃ. ૧૦ થી ૧૨
પૃ.૨,૫

"પ્રેમ એ જ મનુષ્ય જીવનમાં એવું અદ્ભુત મૂળ તત્ત્વ છે કે જે પરમાત્માનું દર્શન કરાવે, એટલું જ નહીં, પણ પરમાત્માના અપરિસીમિત ચિદ્ઘનરૂપમાં મનુષ્યનું - જીવાત્માનું ઓત્મીકરણ કરે, જીવને શિવ બનાવે ... એ પ્રેમ એટલે યોગ્ય અધિષ્ઠાનને લક્ષ્ય, ઉપાસ્ય અને ધ્યેય કરીને જીવાત્માએ દેહાભિમાનનો લય કરવો અને એ યોગ્ય અધિષ્ઠાન ને સદ્ગુરુનું જ.. જીવનના તમામ સ્થૂળ સૂક્ષ્મ અને કારણના પ્રવાહને સદ્ગુરુના જ અધિષ્ઠાનામાં જ એક કેન્દ્રીકૃત કરવું એ જ વેદાન્તનો શાસ્ત્રીય માર્ગ છે.[૩૭૪]

પ્રેમ અને જ્ઞાનની એકતા - જીવન્મુકતનો સ્વાનુભવ સદ્ગુરુના અધિષ્ઠાનમાં જીવાત્મા પોતાની વાસનાઓનો લય કરીને - મનોનાશ દ્વારા પ્રાપ્ત કરી શકે મહાત્મા ખાજીનો પ્રવાહ - અજાત અનુભવનો આ મહામાર્ગ 'સાગર' આ પ્રમાણે સમજાવે છે:

સદ્ગુરુના અધિષ્ઠાનમાં સર્વતઃ દેહાભિમાન ગાળ્યા વગર અન્ય માર્ગ છે જ નહીં. મહાત્મા ખાજીનો પ્રવાહ એટલે અણલિંગી આત્માનુભવનો પ્રવાહ અને અણલિંગી આત્માનુભવનો પ્રવાહ એટલે ગુરુમુખી પ્રવાહ દ્વારા જ વાસનાક્ષય અને મનોનાશનો પુરો અનુભવ આ જ જીવન્મુકિત - પ્રેમ અને જ્ઞાનની એકતા વચ્ચે સદ્ગુરુનો પૂલ એ જ ખરો માર્ગ.[૩૭૫]

" 'સાગર'ની પત્રરેખાઓમાં પણ ખાજીનો પ્રવાહ સમજાવતાં ગુરુબ્રહ્મની અભિન્નતા સ્વીકારી સદ્ગુરુની યોગ્યતા 'સાગર' આ પ્રમાણે સમજાવે છે:

...........

[૩૭૪] સન્તોની વાણી, પૃ. ૫૫

[૩૭૫] એજન, પૃ. ૫૫

"ગુરુ અને ગોવિન્દ એવું બેપણું નહીં – એવી જો બે કોઇ વ્યકિતઓ નહીં ગુરુ તો અલ્લાહનું નામ- અને આટલા માટે જ ॐ રામા ગુરુ રામા અલખ નિરંજન રામ રામ. ॐ રામ ગુરુ રામા[૩૭૬]

બ્રહ્માનુભવ માટે ગુરુકૃપાની આવશ્યકતાનું નિદર્શન કરાવતાં 'સાગર' આજ પત્રમાં ડો. હરિકૃષ્ણ જોશીને સમજાવતાં સ્પષ્ટ જ કહે છે કે:

આત્મદર્શન એટલે પોતાને પોતાની વાસ્તવિક પિછાન અને પોતાની એટલે પોતાના મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકારની પોતાના પિંડની દુનિયાની પૂરેપૂરી અને ખરી સમજણ થવી, અને પછી એને શંકર ભગવાનની એટલે બાબાજીની ચાવીથી ઉકેલવી. આવી રીતે જો પિંડ ઉકેલવાની ચાવી દયાળુ ગુરુ મહારાજ કૃપા કરીને આપે તો બ્રહ્માંડ ઉકેલતાં એ જ ચાવીથી આવડી જાય છે. કેટલાંક સૂત્રો દ્દારા 'સાગર' સદ્ગુરુનાં લક્ષણો પણ આ પ્રમાણે સમજાવે છે:[૩૭૭]

૧. જે સત્ ને જાણે છે તે સદ્ગુરુ

૪. જે ગુરુ સત્ ને જાણે છે તેને પંથ નથી હોતો

૬. જે ગુરુ સત્ને જાણે છે તે સ્ત્રીને અને ધનને વશ હોતો નથી.

૮. જે ગુરુ સત્ને જાણે છે તે સ્થૂલ, સૂક્ષ્મ અને કારણને ઉકેલી મહાકારણ સાથે એટલે કુદરત સાથે એકતામાં હોય છે.

૧૦. જે ગુરુ સત્ ને જાણે છે તે ગુરુનો અને યોગ્ય અધિકારીનો જ મેળ કુદરત મેળવે છે, કાર્યકારણની સાંકળ બધે એક સરખી ગુરુ મહારાજના ઘરની લાગી રહી છે અને ગુરુ મહારાજ પોતે જ એને ઉકેલતાં શિખવે છે વૈરાગ્ય અંજન આંજીને ॐ ગુરુ.

૧૧. જે ગુરુ સત્ને જાણે છે તેને ત્રીજી આંખ હોય છે. ઊંડી આંતરદૃષ્ટિ ત્રણે શરીરોને વટાવીને જોવાની હોય છે. આવા સન્ત એટલે જાણે જીવાત્માના સાચા મિત્ર કિં બહુના? ગુરુ અનિવર્ચનીય છે કારણ કે બ્રહ્મ અનિર્વચનીય છે.[૩૭૮]

...........

૩૭૬ 'સાગરની પત્રરેખા', પૃ. ૫૬૭ ૩૭૭ એજન, પૃ. ૫૬૯ ૩૭૮ એજન, પૃ. ૫૭૩

`અપ્રસિધ્ધ અક્ષયવાણી'ની ટીકામાં પણ શ્રીહરિગુરુસન્તની કૃપાને પરમાત્મ પ્રાપ્તિ માટેનો એક જ આબાદ ઇલાજ ભગવાન શંકરાચાર્યજીએ તેમજ શ્રી. અખાજીએ ગણાવ્યો છે. એ સમજાવતાં `સાગર' સ્પષ્ટ જ કહે છે કે:-

"ગુરુરૂપી પરમાત્માનું શરણ ગ્રહીને, નિર્મળ અંત:કરણથી સ્તુતિ કર અને ગુરુદેવના સાચાં વચનને અમૂલ્ય સમજીને હૃદયમાં સાચવી રાખ.[૩૭૯]

`દીવાને સાગર', દફતર ૨ માં `આત્મજ્ઞાન'ના ભજનમાં ભકિત અને જ્ઞાનનું એકીકરણ સાધવા માટે ગુરુભકિત અને ગુરુકૃપાનો મહિમા આ પ્રમાણે સમજાવે છે:

"ગુરુ બિન કોઉ પ્રજ્ઞાન ન પાવે
ગુરુજી જ્ઞાનનિ:સરણી-
જ્ઞાન લખજી, ભકિત સીતાજી-
ઇસી બિધિ એકીકરણી.[૩૮૦]

`સાગર' પોતાની અધ્યાત્મસાધનાના પ્રારંભમાં પ્રેમધર્મ માટે `કલાપી'ને ગુરુ તરીકે સ્વીકારે છે. પ્રેમ દ્વારા આત્મજ્ઞાનનો માર્ગ `કલાપી' દ્વારા અખાજી પાસેથી `સાગર' પ્રાપ્ત કરે છે, એટલે અનુભવની પૂર્ણતા માટે `કલાપી'એ ઘડેલો ઘાટ ફરીથી ઘડીને પૂર્ણતાનો પૂર્ણ આકાર આપવાનું કાર્ય "પાકા ગુરુ અખાજી" એ કર્યું છે, એનો સ્વીકાર કરતાં `સાગર' "જુગ જુગ જીવો અખાજી" અને "અખા મીલ્યા ગુરુ" પદો દ્વારા સદ્ગુરુનો મહિમા સમજાવે છે:-

જા બડભાગીકો છેલ્લો જનમ હો,
તાકો સનેહી સખાજી!

...........

[૩૭૯] `અપ્રસિધ્ધ અક્ષયવાણી', ટીકા, પૃ. ૨૪૯

[૩૮૦] `દીવાને સાગર', દફતર ૨, પૃ. ૫૩

સાગર ગુરુ સુરરાજ પ્રસાદે
અલખ અખા ઓળખ્યાજી [૩૮૧]

"અખા મીલ્યા ગુરુ - પકકા મીલ્યા ગુરુ-
ઘાટ ઘડએકો ઘડાવન કો.

બાવન બહાજકી પાજાબની! ગુરુ!
કયા કહું મૈં ગુરુ મહાતમકો.

રામ મીલ્યો જબી રામ ભયો મન-
ધન્ય હૈ ધન્ય ગુરુગમકો.[૩૮૨]

મુમુક્ષુની ગુરુપ્રત્યેની લગની અદ્વિતીય હોવી જોઇએ. મન, બુધ્ધિ અને ચિત્ત ત્રણે દ્વારા એક માત્ર ગુરુની જ અનન્ય ઉપાસના આત્માનુભવ માટે અનિવાર્ય છે. એ સિધ્ધાંત 'સાગર' આ પદમાં આ રીતે સમજાવે છે:-

"બુધ્ધિ જપે ગુરુ, ચિત્ત જપે ગુરુ,
ગુરુ જપે, મન મારનકો,
રામ ગુરુ ગુરુ રામ હિ મંતર
એ હિ અનુભવ તારનકો.[૩૮૩]

ચિત્તની એકાગ્રતા માટે સગુણ અને નિર્ગુણ ઉપાસનાના વિભિન્ન પ્રકારો સમજાવતાં 'સાગર' ગુરુભકિતને પણ મહત્ત્વનું સાધન ગણાવે છે. શમ, દમ, શ્રવણ વગેરે નવ સાધનો દ્વારા જીવાત્માએ પોતાની અંદરની ભૂમિકા બરાબર તૈયાર કરીને બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય ગુરુને શરણે જવું જોઇએ, "સાગરની પત્રલેખા" માં માતાજી ૐકારેશ્વરીના પત્રોમાં સાગરે આ સિધ્ધાંત વીગતે સમજાવ્યો છે.

...........

૩૮૧ દીવાને સાગર પૃ. ૧૨૪.

૩૮૨ એજન, પૃ. ૧૩૪

૩૮૩ એજન, પૃ. ૧૩૫

મૂર્તિપૂજા અને ગુરુભક્તિ એ પણ ચિત્તને એકાગ્ર કરવા માટે જ ઠરાવવામાં આવ્યાં છે. પશ્ચિમની પ્રજામાં મૂર્તિપૂજા કે ગુરુભક્તિની જગા પ્રકૃતિના દર્શને લીધી છે અને ત્યાંના કવિઓ અને સન્તો તથા તત્ત્વવેત્તાઓનો અનુભવ એ પ્રકૃતિજન્ય દર્શનની અદ્‌ભુતતાની સાથે રમણીય એકતા બોલી રહ્યો છે. ૧. અલૌકિક પ્રીતિભક્તિનો યોગ. ૨. સાંપ્રદાયિક મૂર્તિપૂજા અથવા ૩. ગુરુભક્તિ અથવા ૪. પ્રકૃતિમાં થતા પરમાત્માના દર્શનની સાથે હૃદયની લગની, એમાંથી ગમે તે લક્ષ્ય કરીને ચિત્તની એકાગ્રતા સિદ્ધ થાય એ ઉત્તમ પ્રકારના અધિકારીને માટે છે.[૩૮૪]

'મુમુક્ષુ વિચારણા'માં પણ 'સાગર' સંસારરૂપી ત્રિદોષના રોગી જીવાત્માને માર્ગદર્શન આપનાર અને દોરનાર ગુરુરૂપી વૈદ્યનું મહત્ત્વ સમજાવે છે.

જેવી દર્દીની દશા તેવી જ શ્રીહરિને માર્ગે ગતિ કરનારા મોહવશ જીવાત્માની દશા છે. રોગીનો ભગવાન વૈદ્ય છે અને તેની ઝિન્દગીનું સુકાન વૈદ્યના હાથમાં છે. તેમજ વૈદ્ય જે જે ક્રમ બતાવે તેતે પ્રમાણે ઔષધોપચાર અને આહારવિહારના નિયમો પાળવાને રોગી બંધાયેલો છે, તેમ શ્રી હરિને માર્ગે ગતિ કરનારા જીવાત્માનો ભગવાન તેને દોરનાર અને માર્ગ બતાવનાર તેના સંસારરૂપી ત્રિદોષના મહાન રોગનો વૈદ્ય ગુરુ છે. જેની પાસેથી રોગનું ઔષધ મળે અને ફાયદો કરે તે તેનો વૈદ્ય."[૩૮૫]

ગુરુભક્તિ દ્વારા આગળનો માર્ગ બહુ સ્પષ્ટ થાય છે, પણ 'સાગરે' અજાતવાદનો સિદ્ધાંત સ્વીકાર્યો હોઈ ચિત્તની એકાગ્રતા દ્વારા જીવાત્માએ વાસનાઓનો ક્ષય તેમજ પોતાના મનની વૃત્તિઓનો નાશ- મનોનાશ - કરવો જોઇએ, તેની આવશ્યકતા ઉપર ખૂબ ભાર મૂક્યો છે.

...........

[૩૮૪] "સાગરની પત્રરેખા" પૃ. ૪૮૫

[૩૮૫] મુમુક્ષુ વિચારણા પૃ. ૪

## વાસનાક્ષય- મનોનાશ. તૃતીય ભૂમિકા

આત્માનુભવના વિભિન્ન માર્ગો સમજાવતાં અપરિમિત ધનચક્કરના નકશામાં સાગરે 'જ્ઞાન, ભક્તિ, યોગ અને સૂફી ઇશ્કના ચાર માર્ગો દર્શાવ્યા છે. તેમાં થઇને પસાર થતો પોતાની સાધનાનો માર્ગ -'સાગરરાહ' પણ દર્શાવ્યો છે. 'સાગરરાહ' માં સ્નેહયોગ - પ્રેમધર્મના લક્ષણો - હૃદયની વિશુધ્ધિ - અનન્યતા દ્વારા વાસનાક્ષય અને મનોનાશ દ્વારા આત્માનુભવ પ્રજ્ઞાન એવો ક્રમ દર્શાવ્યો છે.

'સાગરે' સ્વીડનબોર્ગનાં ત્રણ સૂત્રો - પ્રેમ, પ્રજ્ઞાન અને અધ્યાત્મ સેવા : ઉપયોગ: નો 'કાન્ત' દ્વારા જીવનમુક્ત પુરુષ ના જીવનક્રમ માટે 'સ્વીડનબોર્ગનું ધર્મશિક્ષણ' માં સ્વીકાર કર્યો છે.[૩૮૬]

'સાગર' પોતાના મુમુક્ષુઓને સૂત્રાત્મક શૈલીમાં આ પ્રમાણે સમજાવતાં ભક્તિ, ૩૪ + જ્ઞાન ૩૩ + યોગ (પ્રેમયોગ) + અજપાજાપ ૩૩ = ૧૦૦ પૂર્ણતા - પ્રજ્ઞાન - આત્માનુભવ[૩૮૭]

'સાગરે' ચિત્તની એકાગ્રતા વિના કોઇપણ માર્ગનું અંતિમ લક્ષ્ય સિધ્ધ થઇ શકતું નથી, સમજાવતાં "સાગરની પત્રરેખા"માં અલૌકિક પ્રીતિયોગ માટે વૈરાગ્ય, વિવેક, ષડ્સંપત્તિ અને મુમુક્ષુતા - શ્રી. શંકરાચાર્યજીના સાધન ચતુષ્ટયને અનિવાર્ય ગણાવે છે.[૩૮૮] વિવેક અને વૈરાગ્ય એટલે સાચી પ્રભુપ્રીતિ અને આત્માના સત્ય સ્વરૂપ માટેનો દૃઢ નિશ્ચય - વસ્તુવિવેક આ બન્ને સાધનો જ્ઞાન, ભક્તિ કે યોગમાર્ગમાં પણ અત્યંત આવશ્યક છે જ. પરંતુ પ્રભુપ્રીતિ અને વિવેકનો ઉદય થયા પછી દૈવી સંપતિઓના સાધન વડે વિક્ષિપ્ત ચિત્તને

...........

૩૮૬ 'સ્વીડનબોર્ગનું ધર્મશિક્ષણ' પૃ. ૩

૩૮૭ ડો. કેશવલાલ ઐ. ઠક્કરની મુલાકાતના આધારે

૩૮૮ "સાગરની પત્રરેખા" પૃ. ૪૭૦

એકાગ્ર કરવા માટે સાગર શમ અને દમને ખૂબ આવશ્યક ગણાવે છે. જુઓ:
"શંકર ભગવાન ષડ્સંપત્તિના સાધનને ત્રીજા સાધન તરીકે જણાવે છે એ છ સાધનોમાં શમ અને દમ એ બે પ્રથમ આવે છે.

સર્વદા વાસનાત્યાગ, શમ એને પિછાનવો
નિગ્રહ બાહ્યવૃત્તિનો, દમ એને જ જાણવો

અને આ શમ દમના તીક્ષ્ણ શસ્ત્રો વડે જ આંતરયુદ્ધમાં પ્રવાસી વૈરાગ્ય અને વિવેકનું રક્ષણ કરી શકે છે.[૩૮૬]

સાગર વાસનાક્ષય- મનોનાશ માટે, વિવેક, વૈરાગ્ય અને બેશુમાર પુરુષાર્થની અત્યંત આવશ્યકતા દર્શાવે છે. ષડ્સંપત્તિમાંના છ સાધનોમાંનાં પ્રથમ બે શમ એટલે હૃદયમાં અંદરથી સર્વદા વાસનાઓનો ત્યાગ.
દમ એટલે બાહ્ય વિષયોમાંથી ઇન્દ્રિય નિગ્રહ - દમન,
બાહ્ય ઇન્દ્રિયોના દમનની કશી જરૂર નથી. એવા ડહાપણ ભર્યાં ઉદ્ગારો સંભળાવનારને સાગર સ્પષ્ટ કહે છે કે મનને મારવા માટે બાહ્ય ઇન્દ્રિયોનું દમન પણ આવશ્યક છે. એક મહાત્મા તો ત્યાં સુધી કહે છે કે:-

મન જાય તો જાને દે, મત જાને દે શરીર
બિના લ્હડાઇ કામઠો, કયોં લગેગો તીર.

એટલા માટે એકલા આંતર કે એકલા બાહ્ય નિયમનને મહત્વ ન આપતાં બાહ્ય અને આંતર બન્ને નિયમનો સાથે જ વ્યવસ્થા કરવાની ચાવી બનાવી છે, અને તેથી ષડ્સાધન સંપત્તિઓ ઉપદેશી છે.[૩૯૦]

...........

[૩૮૯] એજન, પૃ. ૪૭૮

[૩૯૦] એજન, પૃ. ૪૭૯

વાસનાક્ષય મનોનાશ માટે 'સાગર' બેશુમાર પુરુષાર્થની આવશ્યકતા સ્વીકારે છે. શુભ અને અશુભ બન્ને પ્રકારની વાસનાઓ બળી જાય ત્યારે જ હુંપણાનો પૂરો વિલય થાય છે. હું પણાનો વિલય એટલે જ જીવનમુકિત. 'સાગર' લાક્ષણિક શૈલીમાં એક પત્રમાં આ સિધ્ધાંત સમજાવે છે. "દિલમાં દુનિયાદારી" અને 'પ્રભુનો સ્નેહ' એ બે વાત કદાપી સાથે બની શકે નહીં, જે બનાવે એ કાંતો જીવનમુકત, કાં તો પરમાત્માને ઠગનાર.. જે જેટલું ને જેવું હોયે તે તેટલું ને તેવું પામે - ફેર માત્ર સ્વરૂપમાં - પિંડ હોમે તે બ્રહ્માંડ પામે- જીવન હોમે તે શિવ પામે- અહંકારહોમે તે अहंब्रह्मास्मि પામે.[૩૯૧]

ધનચકકરના નકશાનો નિર્દેશ કરતાં આ જ પત્રમાં તે કહે છે: "આધિભૌતિક તમામ બાબતોના ભોગે, આધિદૈવિકમાં થઇને આપણે આપણું આ જીવાત્માનું અસલ વતન પામવું જોઇએ - માણવું જોઇએ.[૩૯૨]

ઇન્દ્રિયદમન અને વાસનાક્ષય માટે પ્રેમની અનન્ય વૃત્તિ વિના બીજા કશાનો જ અર્થ નથી. સંસારની તમામ વાસનાઓ આ પ્રેમાગ્નિ બાળીને ભસ્મ કરી નાંખે છે.

'સૂફીઓની શયેરો'માંની એક શયેરમાં 'સાગર' વૃત્તિનો વિલય કરવા માટેનું ઇશ્ક જ એક અને અદ્વિતીય સાધન છે, એ સિધ્ધાંત આ રીતે અભિવ્યકત કરે છે.

"પ્રેમાગ્નિ અગ્નિ એવો દારુવાવે જળો જાય,
તણખો ઉડે પથરમાં, પથરો યે જળી જાય.[૩૯૩]

સતત સત્સંગ અને સદ્વિચાર જે અનન્યતાથી સાધે છે તે પ્રભુકૃપાનો અખંડિત ઝરો પ્રાપ્ત કરે છે અને વૃત્તિના મૂલને પકડવું અને તેને પિછાનવું - અને પ્રભુકૃપા દ્વારા વૃત્તિ માત્રનો વિલય કરવો એ જ જીવાત્માનો પુરુષાર્થ. પરમાત્મ પ્રેમની

...........

[૩૯૧] 'સાગરની પત્રરેખા' પૃ. ૩૨૨-૩૨૩

[૩૯૨] એજન, પૃ. ૩૨૩

[૩૯૩] 'દીવાને સાગર' પૃ. ૪૭૭

અનન્યતા વિના વાસનાક્ષય - મનોનાશ શકય જ નથી. એ સમજાવતાં એક પત્રમાં 'સાગર' કહે છે કે:-

"વૃત્તિનો વિલય કરવાની બાબતમાં ક્રમ એવો છે કે શુભાશુભ સંકલ્પનો વિવેક અને પછી ______________________

ઇચ્છા ઉઠી જો શમે, તો આત્મા નથી અળગો.
શ્રી.આનંદઘનજીનું નિરંજનયારનું ભજન જે ઇશ્કનો પોકાર કરે છે તે ઇશ્ક જ વૃત્તિનો વિલય કરવામાં મુખ્ય સાધન છે. કેમકે ઇશ્ક એક જ એવો અગ્નિ છે કે જે નિરંજન વગરનું બીજું બધું ફના કરી દે છે.[૩૯૪]

બીજા એક પત્રમાં આત્મસાધનાનાં બે ક્રમિક પગથિયાં આ પ્રમાણે દર્શાવે છે:-

"પોતાની ભૂલી જવું એવે સઘળા ધર્મોનો સાર છે- એટલે એક વાત તો એ કે આ બધું જગત જેવું દેખાય છે તેવા રૂપમાં જોવાની જૂની દૃષ્ટિને પ્રભુમાં ભેળવી દેવી અને બીજી વાત એના જ અનુસંધાનમાં એ કે શરીરને ભૂલી જવું એટલે મનને આત્મામાં લીન કરી દેવું. જગતને ભૂલી જવા માટે સત્સંગ, અભ્યાસ અને પ્રેમની લીનતાને મહત્ત્વનાં સાધનો ગણાવતાં 'સાગર' મનને કાયમનું બ્રહ્મલીન અનુભવવા માટે વાસનાક્ષય પર ખૂબ ભાર મૂકે છે.

કામનાઓની અતૃપ્તિ જ દુ:ખનું મૂળ કારણ છે એટલે પોતાનું સર્વસ્વ સમર્પણ કરીને, તેના ઉર્ધ્વીકરણ દ્વારા પરમાત્મપ્રેમમાં લીન કરી દઇને જીવાત્મા અખંડ સુખનો સ્વાનુભવ પ્રાપ્ત કરી શકે. એ સમજાવતાં સાગર માતાજી ૐકારેશ્વરીને ઉદ્બોધન કરતાં કહે છે કે:-

"ખરું સુખ આત્માના અનુભવમાં છે- વાસના માત્રને પ્રેમના વિરાટ સ્વરૂપ જ્યોતિમાં બાળી દીધા વિના - મનને આત્મામાં શમાવ્યા વિના કદાપિ
...........

[૩૯૪] દીવાને સાગર પૃ. ૪૭૭

પણ આત્માનો સ્વાનુભવ થતો નથી.. હું પણાનો ગંધ પણ પોતામાં હોવી ન જોઇએ. બધું જ બ્રહ્માર્પિત જીવન અનુભવાવું જોઇએ. ૩૯૫

અભકિત અથવા અપ્રીતિ જ દુ:ખનું મૂળ કારણ છે. એટલે પ્રેમની અનન્યતા અને અંત:કરણ શુધ્ધિ- હૃદયશુધ્ધિ દ્વારા વાસનાક્ષય મનોનાશ, 'સાગર'ની તાત્ત્વિક વિચારણાનો નિષ્કર્ષ છે. ચિત્તની એકાગ્રતા તેમજ વાસનાક્ષય માટે અનન્યપ્રેમનું મહત્ત્વ સાગરે આ જ પત્રમાં સમાજાવ્યું છે. જુઓ:- અંદરના ઓરડાનો કચરો પૂરેપૂરો સાફ કરવાનો છે. અને જયાં સુધી જરા પણ હુંપણાની છાંટ અંદર છે ત્યાં સુધી એ કચરો જ સમજવો. અભકત વૃત્તિઓને ભકત બનાવીએ. કચરો બહુ હોય તો બેઠેબેઠે ઝાડુથી સફા કરીએ:

"લગાકર ઇશ્ક કા ઝાડુ, સફા કર હું જ્રૂ એ દિલકો અને અનલહકક તો છે જ છે" ૩૯૬

વૈરાગ્ય અને અભ્યાસ, વિવેકબુધ્ધિ અને ષડ્સંપતિ, શમ, દમ, તિતિક્ષા ઉપરતિ, શ્રધ્ધા અને સમાધાન તેમજ મુમુક્ષુતા- સાધન ચતુષ્ટય દ્વારા અલૌકિક પ્રીતિયોગ વડે ચિત્તની એકાગ્રતા સાધીને મનનું આત્મામાં શમન કરવાનું માતાજી ૐકારેશ્વરીને ઉદ્બોધન કર્યું છે.

ચિત્તની એકાગ્રતા દ્વારા વાસનાક્ષય મનોનાશ માટે 'સાગર' પ્રેમની અનન્યતાને જ મહત્ત્વ આપે છે, જુઓ:-

"પ્રેમનો સાચો અગ્નિ એ જ એવો પ્રબળ ભડકો છે કે જગતના જગતપણાને જરૂર જ ધીમે ધીમે ભસ્મ કરી નાંખે છે. અને એમાંથી નવું જીવન - બ્રાહ્મીજીવન પેદા કરે છે. ૩૯૭

...........

૩૯૫ 'સાગરની પત્રરેખા', પૃ. ૪૬૫-૪૬૬

૩૯૬ એજન, પૃ. ૪૬૭

૩૯૭ 'સાગરની પત્રરેખા' પૃ. ૪૮૭

ડો. હરિકૃષ્ણ જોશીને લખેલા એક પત્રમાં સાગરે જીવાત્મક અને શિવાત્મક એમ બે પરસ્પર વિરોધી પ્રવાહો દર્શાવ્યા છે. દરેક જીવાત્માએ આવી રીતે પોતાના આન્તરપ્રવાહને ત્રણે શરીરો ચીરીને ગુરુગમથી ઉકેલે નહીં ત્યાં સુધી જન્મ મરણ છોડવાની ચાવી એટલે અણલિંગી આત્માનું દર્શન એ પામે નહીં. એટલે સદ્ગુરુના અધિષ્ઠાનને લક્ષ્ય અને ઉપાસ્ય કરીને જીવાત્માએ પોતાના કારણ શરીર સુધીનો પ્રદેશ ગુરુને શરણે રાજીખુશીથી સોંપી દેવો જોઇએ એ સમજાવતાં "સાગર" આ જ પત્રમાં કહે છે કે "અખાજીના પ્રવાહ દ્વારા એટલે ભગવાન શંકરાચાર્યજીના પ્રવાહ દ્વારા લિંગ ભાવના અને દેહાભિમાનનો લય થવો જોઇએ. બીજો કોઇ પ્રવાહ જીવાત્માના કામનો સમૂળો લય કરી શકતો જ નથી.[398]

જીવાત્માનું અધિષ્ઠાન પરાત્પર પરબ્રહ્મનું જ હોવું જોઇએ એ સાગર રાહના પ્રેમયોગનું વિશિષ્ટ લક્ષણ સમજાવવા માટે લૌકિક પ્રેમનાં દૃષ્ટાંતો આપતાં સાગર સ્પષ્ટ જ કહે છે:

"પિંડ બ્રહ્માંડમાંથી એ દ્વૈતનો સમૂળો નાશ કરીને એકલા શિવાત્મક પ્રવાહને જ અનુભવવા માટે ગુરુગમની જરૂર છે. ઋતુધ્વજને, ફ્રેહાદને, મજનૂને સૂરદાસ કે તુલસીદાસને ગમે તો આ જન્મે કે બીજે જન્મે પણ એમનાં અધિષ્ઠાન માયાનાં હતા એમ ગુરુગમ દ્વારા સ્વીકારીને શિવાત્મક પ્રવાહને શરણે જવા માટે એમનાં લક્ષ્ય છોડવા પડવાના જ."[399]

આ જ પત્રમાં અખાજીની અખેગીતાના પહેલા કડવાને સમજાવવા માટે સાગર બ્રહ્માનુભવ પ્રાપ્તિની પ્રક્રિયા વિગતે સમજાવે છે.

"મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર એ લિંગ ચતુષ્ટયના પેદા કરેલા ઉપરના

...........

[398] એજન, પૃ. ૫૮૦

[399] એજન, પૃ. ૫૮૧

બે પ્રવાહ અને એને ઉપરનાં જ નકશા અનુસાર ગુરુગમથી ઉકેલીને અદ્દૈતનો અણલિંગી - ગગનની પમોહમ આત્મા એક અનુભવવો એ આ પહેલા કડવાનો અને ગુરુદત્તના પ્રવાહનો આશય છે.[400]

ગુરુદત્તનો સાક્ષાત્કાર કઇ રીતે અનુભવાય એ સમજાવતાં આ જ પત્રમાં સાગર ગુરુદત્તનું યથાર્થ દર્શન કરાવે છે.

"દત્ત એટલે પાંચ ભૌતિક તમામને નામે એટલે લિંગભેદ ખડો કરનારી દરેક બાબતને નામે મોટું મીંડું અને ગગનોપમોહમ - અણલિંગી, નામ, ઘાટ ને ગુણ વગરનો આત્માનુભવ - નિરંજન નિરાકારનું દર્શન.

વૃત્તિઓને નિર્ગુણમાં એટલે નિરંજન નિરાકારમાં શમાવવી અને ગુરુગમનો સાહારો લેવો- ગુરુગમનો એટલે બબાજીના પ્રવાહમાં - દત્ત એટલે ત્રિગુણની પાર મહાકારણમાં જેણે મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકારની એકતા ઓળખી છે. દત્ત એટલે સોહમ્‌ની યે પારનો દેશ અને આટલા જ માટે ગમે તેવા અધિષ્ઠાનને લક્ષ્ય કરીને જીવાત્મા જુગોના જુગો સુધી તપ્યાં કરે એથી જન્મ મરણ કદાચિ છૂટે નહીં એટલું જ નહિ પણ એ વસ્તુતાએ તો શિવાત્મક પ્રવાહ ગણાય જ નહીં.[401]

'દીવાને સાગર' દફતર ૧,માં દમવું તો 'પદમાં 'સાગર' મનોનાશની પ્રક્રિયા સમજાવતાં કહે છે કે: જીવાત્માએ પોતાના ન્હાના હું'નો - અહમ્‌નો પરમાત્મામાં મ્હોટા 'હું'માં લય કરવો જોઇએ.

'હુંમાંથી કાઢવું બાહિર હું ને, સમજીને ભીતર શમવું.[402]

પૂર્ણતાની પ્રાપ્તિ માટે મનોનાશ વિના અન્ય માર્ગ નથી એ સમજાવતાં 'સવિતાનું પ્રભાતમાં પણ સાગર સ્પષ્ટ જ કહે છે:

............

[400] એજન પૃ. ૫૮૦

[401] એજન

[402] 'દીવાને સાગર' દફતર ૧ પૃ. ૩૫૩

મન મર્યું એ જ દ્વિજ એ જ છે પૂર્ણતા–
 તન મુવે મુક્તિ નથી પામવાની.[403]
ભક્તિને જ્ઞાન અદ્વૈતમાં આચરી,
 મુક્તિની મોજ લે રોજ માણી.

મનની વૃત્તિઓનો વિલય કરવો એ જ અત્યંત આવશ્યક છે તે વિના બીજાં સાધનો નિરર્થક છે એ સમજાવતાં 'સાગર'ના 'જયજયકાર' પદમાં પણ મનોનાશનું મહત્ત્વ જ સમજાવે છે:

વિધવિધ પ્રીત પિછાન, હાં! મન અમન નિશાન.[404]

મન મારવું એટલે મનનું આત્મામાં શમન. 'ગઝલ આ રંક નોકરનું'માં પણ 'સાગર' મનોનાશનું મહત્ત્વ જ સમજાવે છે:

ફકત મન મારવું જ ધરમ—
મરમ બીજો નથી માલૂમ.[405]

'ભક્તિ રાણી' પ્રભાતમાં પણ 'સાગર' સહજાવસ્થા – સ્થિતપ્રજ્ઞની દશાના સ્વાનુભવ માટે મન શમન જ એક માત્ર ઉપાય તરીકે ગણાવે છે. સુખ અને દુ:ખ મનની વૃત્તિએ કરીને જ હોવાથી મનોનાશ – વાસનાક્ષય વિના બ્રાહ્મીજીવનનો અનુભવ શક્ય નથી. અજાતવાદનો આ મૂળભૂત સિધ્ધાંત અખાએ પણ પોતાની વાણીમાં સર્વત્ર વ્યકત કર્યો છે. અખાની આ વિચારધારાની પ્રબળ અસર 'સાગર'માં છે.

...........

[403] એજન, પૃ. ૪૦૯

[404] એજન, પૃ. ૪૨૨

[405] એજન, પૃ. ૩૬૮

સુખ અને દુઃખ એ મન તણાં ભ્રમણ છે,
મન શમન એ ખરી જિન્દગાની.[૪૦૬]

'આ ભજનભેદ ભણી લેજો રે 'તેમજ કોઇ ચેતો હાં નરનારી રે' માં પણ 'સાગર' મનને નિર્વાસન કરવાનો જ બોધ આપે છે.

ના શોક મોહમાં મરવું —
મનને નિર્વાસન કરવું —
પછી ભલે ગમે ત્યાં ફરવું રે! ભકતો પ્યારા !
○ ○ ○
છે જ્ઞાન યોગ ને ભક્તિ
પ્રેમનેની અટપટી મસ્તી,
સહુ તજવા મન આસક્તિ રે! ઓ સંસારી![૪૦૭]

'આધુનિક ગુજરાતના સંતો' માં ડો. કેશવલાલ ઠં. ઠક્કરે અખો, 'કલાપી' અને 'સાગર'ની ત્રિપુટીને અંજલિ આપતાં કહ્યું છે કે:

શ્રી. 'સાગર' મહારાજે ઠેઠ જીવનના અંત સુધી બ્રહ્માજીની માફક બ્રહ્મગાન જ કર્યું હતું. ગુર્જર અધ્યાત્મ સાહિત્ય સર્જનમાં શ્રી. કલાપી શ્રી. અખાજી અને શ્રી. સાગરની ત્રિપુટી સદાને માટે અમર રહેશે. પ્રણય (સ્નેહયોગ) દ્વારા જે આત્માનુભવ શ્રી. કલાપીએ કર્યો, તેજ બ્રહ્માનુભવ શ્રી. અખાજીએ પ્રણવબ્રહ્મ દ્વારા કર્યો અને પ્રણય-પ્રણવની અભિન્નતા દ્વારા તે જ વસ્ત્વાનુભવ શ્રી. 'સાગર' મહારાજે કર્યો હતો.[૪૦૮]

...........

૪૦૬ એજન પૃ. ૪૧૨

૪૦૭ દીવાને સાગર દફતર ૨ પૃ. ૯૧, ૯૫

૪૦૮ આધુનિક ગુજરાતના સંતો/ડો. કેશવલાલ ઠં. ઠક્કર પૃ. ૨૪૪-૨૪૫

સુફીવાદની સ્નેહયોગની દીક્ષા માટે શ્રી. 'કલાપી'ને તેમજ અજાતવાદની તાત્વિક વિચારણા માટે શ્રી. અખાજીને - ઉભયને સાગર મહારાજે ગુરૂપદે સ્થાપી કલાપી તેમજ અખાજીનું ગુરૂત્વ સ્વીકાર્યું છે, એ હકીકત આપણે જીવનરેખામાં જોઇ ગયા છીએ. 'કલાપી' અને અખાજીની પ્રબળ અસર 'સાગર'ની તાત્વિક વિચારધારા ઉપર પડી છે એમાં કશી શંકા નથી.

જળી ગઇ હાં જહાં આખી ગઝલમાં અજાતવાદનો મનોનાશનો સિધ્ધાન્ત સમજાવી 'સાગર' પોતાના મનની નિર્વાસન દશાનો ચિતાર આ પ્રમાણે રજૂ કરે છે.

'જળી ગઇ હાં! જહાં આખી- ચિલમ ભર ઔર સુલ્ફાકી-
અગર અહવાલ કહું બાકી - દિલાવર યાર અયાસાકી.[૪૦૯]

મરતા અહંવલ ગયું જે મરી,
આંખો અસલ તેને મળી-
આશા નિરાશા થઇ પરી! છે મૌજ હંસારામને![૪૧૦]

અને એટલે જ સાગર પોતાના દૈહિક મૃત્યુ પૂર્વે જ મન મારણ વિદ્યા દ્વારા - વૃત્તિઓની કબર કરીને મનોનાશ દ્વારા મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરી લે છે;

જીવતાને ભય મરવાનો ભાઇ. પળ પળ રામ સુમરવું —
'સાગર' મુવો ગુરૂને હાથે ફરી ફરી નથી મરવું![૪૧૧]

મીઠી સમાધિમાં સૂતો, ત્યાં તો હતો ન હતો થતો.
'સાગર' નથી મરતો દીઠો, પણ થઇ કબર ફીરોજ પર.[૪૧૨]

...........

૪૦૯ 'દીવાને સાગર' દફતર ૧, પૃ. ૪૧૪

૪૧૦ 'દીવાને સાગર' દફતર ૨ પૃ. ૪૨

૪૧૧ એજન, પૃ. ૮૨

'દીવાને સાગર' દફતર ૨ માં 'સાગર' અજાતવાદનો આ મૂળભૂત સિધ્ધાંન્ત જ સમજાવે છે. સ્થૂલ જગતનો જીવાત્માને થતો અનુભવ મનની વૃત્તિઓએ કરીને થાય છે. મન અમન થતાં - જગતનો લય થાય છે અને સર્વત્ર પરબ્રહ્મથી વ્યાપ્તિનો અનુભવ થતાં સુખ અને દુ:ખ પાપ અને પુણ્યનાં દ્વૈતથી પર સહજાવસ્થાનો સ્વાનુભવ જીવાત્માને પ્રાપ્ત થાય છે. જુઓ:

સુખકાજ શાને આથડે ?
સુખ દુ:ખ બધું છે મન વડે.
મનથી ચડે, મનથી પડે, મનથી બન્યું છે માનવી.[૪૧૩]

ચિત્ત વિકલ્પ જ હસ્તી જગતની
    છેદવી જડ નિજ હૈયે—
ત્રિગુણી જગત નિજ ચિત્તનો પડઘો
ચિત્તે સમાધિસ્થ થઇએ.[૪૧૪]

'વતનનું ભજન'માં 'સાગર' પોતાની આત્મસાધનાનો ક્રમ તેમજ પોતાની તાત્ત્વિક વિચારણાનો નિષ્કર્ષ સંક્ષિપ્તમાં આ પ્રમાણે સમજાવે છે:

જાતે જીવ ગુમાવી જીવ્યાં - ખોયાં ખોયાં માયા તન મન ધન-
અગ્નિ, જલ વા તેજો પૃથિવી - સર્વ ખલ્વિદં બ્રહ્મ ગગન
    લગી - લગી ગુરુસેં રામ લગન - લગન.
અર્થથી પ્રથમ ગુરુ લગની - મોહ્યાં મોહ્યાં બુધ્ધિ ચિત્તને મન,
શનૈ: શનૈ: સ્વાનુભવ થાતાં વિકસ્યું આ અન્તરમાં નૈમિષારણ્ય.[૪૧૫]

...........

[૪૧૩] એજન, પૃ. ૩૩

[૪૧૪] એજન, પૃ. ૫૯

[૪૧૫] દીવાને સાગર દફતર ૨, પૃ. ૧૭૯

વાસનાક્ષય- મનોનાશ દ્વારા સર્વત્ર પરબ્રહ્મની વ્યાપ્તિનો સ્વાનુભવ-પ્રાપ્ત કરવા માટે સર્વપ્રથમ સદ્ગુરુ બ્રહ્મને શરણે જઇને મન બુધ્ધિ, ચિત્ત અને અહંકાર સહિત કારણ શરીર સુધીનો પોતાનો પ્રદેશ રાજીખુશીથી સોંપી દેવો જોઇએ. ગુરુગમ અને ગુરુકૃપા દ્વારા ધીમે ધીમે વાસનાઓનો લય થાય છે અને વૃત્તિઓનો વિલય થતાં - અંતરમાં નૈમિષારણ્ય વિકસતાં થતો બ્રહ્માનુભવ નીચેની પંકિતઓમાં વ્યકત થયો છે.

સાન્ત જગજીવ તત્ત્વ સનાતન- ॐ શ્રી. હરિ ગુરુ સન્ત સદન
આપ્ત ઉધ્ધારક સત્ગુરુ સાક્ષાત્કારક - પ્રભુ પ્રભુપાલક સૌ સેવક સજ્જન
જુઓ જુઓ સદ્ગુરુ બ્રહ્મ સઘન! સઘન![૪૧૬]

સાન્ત જગજીવ, તત્ત્વ સનાતન અને સદગુરુ બ્રહ્મ શબ્દો દ્વારા જીવ અને જગતનું સ્વરૂપ સમજાવી અનાદિ અનંત પરબ્રહ્મની એક અદ્વિતીય સનાતન તત્વની સ્થાપના કરી તે માટે સદગુરુબ્રહ્મનુ શરણ ગ્રહવા અને ઉપાસના કરવાનું ઉદબોધન કર્યું છે. અનંતાદ્વૈત પરબ્રહ્મ સાથેની એકતાનો ઉલ્લાસ અભિવ્યકત કરતા, સાગરના તત્વજ્ઞાનને સૂત્રશૈલીમાં રજૂ કરતા આ ભજનની અંતિમ પંકિતઓ કવિ આત્માનુભવી સંત કવિ તરીકે સાગરનો યથાર્થ પરિચય કરાવે છે.

અપરિમિત ઘન આ 'બ્રહ્મ સાગર'- ઉર્મિ ઉર્મિ નિજ પ્રેમે મગન-
ॐ પ્રભુજી ॐ પ્રભુજી જપતાં - પામ્યાં પામ્યાં અમે બ્રહ્મવતન
હુવો હુવો માયારો ઘટ ભગન - ભગન.[૪૧૭]

'સાગર' ની આત્મ સાધનાનો માર્ગ પ્રેમયોગ — concentrated Love દ્વારા વાસનાક્ષય - મનોનાશનો માર્ગ હોઇ 'સાગર' મનોનાશ માટે અનન્ય પરમાત્મ પ્રેમ અને અંતઃકરણ શુધ્ધને જ આવશ્યક સાધનો ગણાવે છે.

...........

[૪૧૬] એજન, પૃ. ૧૧૯

[૪૧૭] એજન.

પ્રેમ દ્વારા જ - સ્નેહયોગ દ્વારા જ મનની વૃત્તિઓનો પરમાત્મામાં વિલય કરી શકાય છે એ સમજાવતાં 'લડવું તો' પદમાં 'સાગર' સ્પષ્ટ જ કહે છે કે:

ભક્તિ વૈરાગ્યનું પહેરવું બખ્તર, જ્ઞાનને ઘોડે ચડવું
પ્રેમ બ્રહ્માસ્ત્ર સજીને બરાબર, હું - તું ને મારીને મરવું.[૪૧૮]

હરિનામના સતત જાપ દ્વારા મનોનાશની ભૂમિકા સુધી જીવાત્મા પહોંચી શકે છે એ સમજાવતાં 'શી રીતે ભક્તિ કરીએ રે.' પદમાં 'સાગર' સ્પષ્ટ જ કહે છે કે:

દિન રેન હરિ હરિ કરીએ-
મન મુવા વિના ના મરીએ —
ના ડરીએ હરિવર હૈયે રે.' સાચી પ્રીતિ.[૪૧૯]

'અનાદિ અનંત અદ્વૈત' પદમાં 'સાગર' અજાતવાદનો સિધ્ધાંત સમજાવતાં જીવ, જગત અને પરમાત્મા ત્રણેનું અસ્તિત્વ વસ્તુતઃ પોતાના મનની વૃત્તિએ કરીને જ છે એ સ્પષ્ટ સમજાવતાં 'અનાદિ અનંત અદ્વૈત' પદમાં 'સાગર' કહે છે કે વૃત્તિઓનો વિલય થતાં જીવાત્મા પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરે છે, જુઓ:

સચ્ચિદઘન સાગર પરમાત્મન ——
વૃત્તિ કે પૂરવે વહાં થા.
ના થા - ના થા ના થા રે.[૪૨૦]

...........

[૪૧૮] 'દીવાને સાગર' દફતર ૧ પૃ. ૩૫૩
[૪૧૯] 'દીવાને સાગર' દફતર ૨ પૃ. ૧૦૫
[૪૨૦] એજન પૃ. ૧૮૮

મનોનાશ અને વાસનાક્ષયને 'સાગરરાહ' માં અત્યંત આવશ્યક ગણાવાયાં છે. સૂફી ઇશ્કના માર્ગનું લક્ષણ – અલૌકિક પ્રીતિ યોગને 'સાગરે' મનને નિવસિન કરવા માટેના મહત્ત્વનાં સાધન તરીકે ગણાવ્યું છે. અલૌકિક પ્રીતિયોગનું 'સાગરે' દર્શાવેલું આ સાધન 'સાગર'ની વિચારધારા પાર 'કલાપી'ની પ્રબળ અસર દર્શાવે છે: જુઓ:

લાખ રંગી ઇશ્કનું કો એકરંગી જામ છે
મસ્તાનના મસ્તાન એવું જામ પીનારા અમે

. . .

એ તો હમારી માદરે પાયું અમોને જન્મતાં
ને મોતની મીઠી પથારીમાં પણ એ જ છે.

. . .

આ કારખાનું ઇશ્કનું જો જો તપાસી ખુબ ખુબ
આ ખેલને આ ખેલનારો એકનૂરે ઇશ્ક છે.[૨૧]

અલૌકિક પ્રીતિયોગ – સ્નેહયોગ concentrated Love દ્વારા નામરૂપની જીવાત્માની વાસનાઓનો – આસક્તિઓનો લય કરવાનું મહત્ત્વ સમજાવતાં 'સનમનાં ઘરનું પ્રભાત' માં પણ 'સાગર' સ્પષ્ટ જ કહે છે:

જ્યાં સુધી વાસના બીજ બળતું નથી
ત્યાં સુધી જીવપણું ના તજાતું ——
બ્રહ્મ અણલિંગીનું પૂર્ણ પ્રાકટ્ય નહીં
લિંગના ભંગ વિણ અનુભવાતું.[૪૨૨]

...........

[૪૨૧] 'કલાપીનો કેકારવ' સં. 'સાગર' (બીજી આવૃત્તિ) પૃ. ૨૨

[૪૨૨] 'દીવાને સાગર' દફતર ૧ પૃ. ૩૫૦

શ્રી. અખાજી પણ વાસનાક્ષય – મનોનાશ ઉપર ખુબ ભાર મુકે છે, જુઓ:

જે ઇચ્છીશ તે આપદા, કે સિધ્ધિ કે સંસાર
અમૃતમાં સાકર ભળે, અખા. તે દુષણ સાર[23]

શ્રી. અખાજીની સાખીઓ.

'રટણ' પદમાં પણ 'સાગર' પોતાનો સાધનમાર્ગ સમજાવતાં સ્પષ્ટ જ કહે છે કે:

લિંગ ઉલ્લેખકો ગુરૂને ઉવેખ્યો
દીયો અલિંગી વિચાર.[424]

સિલકમાં શૂન્ય ગઝલમાં પણ 'સાગરે' લિંગભાવનો ત્યાગ કરવાનું જ ઉદબોધન કર્યું છે.

પુરુષ પણું જ્ઞાનમાં ગાળ્યું
હું એ જો હું પણું ટાળ્યું.

પૂરેપૂરું પોત જ્યાં બાળ્યું! શી આશા રંગ ચડવાની?[425]

સૂફી ફકીર 'સાગરના પ્રેમયોગનું વિશિષ્ટ લક્ષણ Sexless Love. અણલિંગી પ્રેમ છે.' સાગર મહારાજ આ અણલિંગી પ્રેમને જ આત્માનુભવ માટેનું આવશ્યક લક્ષણ ગણાવે છે. આત્મપ્રેમ – દેહભાવ રહિત પરમાત્મ પ્રેમની ભૂમિકા સમજાવતાં 'સાગર' પોતાની સ્વાનુભવદશાનું વર્ણન કરતાં કહે છે કે:

...........

૪૨૩ શ્રી. અખાજીની સાખીઓ સં.શ્રી. કેશવલાલ મ. ઠક્કર પૃ.૧૯૮

૪૨૪ દીવાને સાગર દફતર ૧, પૃ. ૩૮૫

૪૨૫ એજન, પૃ. ૩૭૬

હાં) સાતમા અસમાનમાં -

નર નારી કોઇ નથી જ જયાં —

સબરસ વરસતા ધામમાં - 'સાગર' અમર રેલી રહું.[૨૬]

સૂફી 'સાગર' ની વિચારધારાનું વિશિષ્ટ લક્ષણ દર્શાવતી એક મહાનૂભલ' ની નીચેની પંકિતઓમાં પણ વાસનાક્ષયનું જ મહત્ત્વ 'સાગરે' સ્વીકાર્યું છે:

જીવાત્મા, દોડતો, કિન્તુ, માર્ગો બંધ પ્રવાસના

છૂપેલી સૂક્ષ્મ સૃષ્ટિમાં, જયાં સુધી કોઇ વાસના.[૪૨૭]

'હરિનું હેત' પદમાં 'સાગર' મનને રાગ અને ત્યાગ ઉભયથી પર દ્દન્દાતીત થવાનું પણ ઉદ્‌બોધન કરે છે. સાગરના તત્ત્વજ્ઞાનનું આ વિશિષ્ટ લક્ષણ છે.

૧. ત્યાગીને રાગી ઉભય છે અધુરા-

રગ રગ ભર્ગ એ ભરીએ [૪૨૮]

૨. રાગ ને ત્યાગ રોગ બે મનના ત્યજી—

બ્રહ્મવિદ્યાનાં મહાધન કમાવું.[૪૨૯]

૩. સુખ દુ:ખ રાગવિરાગ પરો. હાં! દેહાભિમાન તમામ ગળ્યો.[૪૩૦]

૪. તજવું તજાવું નહીં! સચ્ચિદાનન્દન.

શાન્ત વેદાન્તી વિચારું.[૪૩૧]

...........

૪૨૬ દીવાને સાગર, દફતર ૧, પૃ. ૩૮

૪૨૭ દીવાને સાગર, દફતર ૧, પૃ. ૩૨૧

૪૨૮ દીવાને સાગર, દફતર ૨, પૃ. ૧૫૩

૪૨૯ દીવાને સાગર, દફતર ૧, પૃ. ૪૫૩

૪૩૦ એજન, પૃ. ૪૧૫

૪૩૧ એજન, પૃ. ૪૦૭

નથી આવવું કે નથી જાવું રે. —
નથી ત્યાગવું વા ન તજાવું રે.—
અજો પોતે પોતામાં સમાવું.[૪૩૨]

ભગવાન દત્તાત્રયની અવધૂત ગીતામાં આત્માનુભવની દ્દ-દ્વાતીત દશાનું નિરૂપણ આ પ્રમાણે થયું છે.

मुञ्च मुञ्च ही संसारम् त्यागम् मुञ्च ही सर्वथा । ૪૩૩

આ પરથી સ્પષ્ટ પ્રતીત થાય છે કે આત્માનુભવી સંત પુરુષ નું બાહ્યાભ્યંતર જીવન મનાતીત સુખ દુઃખ, રાગ ત્યાગના દ્દ-દ્દથી પર છે. વાસનાક્ષય - મનોનાશ માટે અનન્ય પ્રેમને જ એક જ આબાદ ઉપાય તરીકે સાગર ગણાવે છે. છે મુલ્ક હિન્દુસ્તાન શો. ગંઝલમાં અનન્ય પ્રેમનું મહત્ત્વ સમજાવતાં બહુ સ્પષ્ટ રીતે સાગર કહે છે કે:

દિલના વિકારો જીતવા
છે લાખ નુસ્ખા અવનવા.
આબાદ પણ એક જ દવા કરવો હઝમ દિલમાં નશો.[૪૩૪]

દર્દ લાખ પણ દવા એક - પરાત્પર પ્રેમ યોગ! સાગરે પોતાના સ્નેહ યોગનો નિષ્કર્ષ આ એક જ પંકિત દ્દારા સચોટ રીતે આપી દીધો છે.

<u>મન-માયા</u>.

શ્રી. ગૌડપાદાચાર્યના અજાતવાદના સિધ્ધાંત પ્રમાણે જગતનું વસ્તુતઃ અસ્તિત્વ જ નથી.[૪૩૫]

...........

૪૩૨ ભજન, પૃ. ૪૧૭

૪૩૩ અવધૂતગીતા પૃ.

૪૩૪ દીવાને સાગર દફતર ૨ પૃ.

૪૩૫ Mandukyo upnishad with gaudapad's karika - swami Nikhilanand - II : 32, page. 127

જીવ, જગત અને જગન્નાથ ત્રણેનું અસ્તિત્વ વસ્તુતઃ મનની વૃત્તિએ કરીને જ અનુભવાય છે. પરંતુ વિષયોમાં રમમાણ મનની વૃત્તિઓ હરિમાં એકરૂપ થતાં - અંતર્મુખ થતાં, મન અમન થતાં કેવળ પરબ્રહ્મ જ અવશેષ રહે છે. શ્રુતિમાં આને જ નેતિ નેતિને શેષ કહ્યું છે:

નેતિ નેતિ નેતિ ૐ - ૪૩૬
શાંતિ શાંતિ શાંતિ ૐ -

કેવલાદ્વૈત વિચારધારા પ્રમાણે જગતનું અસ્તિત્વ સમજાવવા માટે માયાની વ્યાવહારિક અને પ્રાતિભાસિક સત્તા સ્વીકારવામાં આવી છે, પરંતુ અજાતવાદી સાગર માયાનો ભાવરૂપાત્મક વસ્તુ Positive entity તરીકે સ્વીકાર કરતા નથી. સાગર દ્રઢતાપૂર્વક સિધ્ધાન્તમાં માને છે કે આ બધું મનની વૃત્તિએ કરીને જ છે અને તેથી મનોનાશ થતાં કેવળ પરબ્રહ્મ જ શેષ રહે છે. માયાને તે અજાત (miss unborn) તરીકે ઓળખાવે છે. મન એ જ માયા અને માયા એ જ મન છે અર્થાત માયા જો માનીએ તો તે માત્ર મનોકલ્પિત -(middle apparent)- મધ્યવ્યક્ત છે. વસ્તુમાં તેનું અસ્તિત્વ જ નથી.

Kevaladvaita in Gujarati Poetry માં ડો. યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ પણ સાગરની તાત્ત્વિક વિચારણાની સમીક્ષા કરતાં આ જ અભિપ્રાય દર્શાવ્યો છે. જુઓઃ-

– – – – – Maya, according to 'sāgār' is not any

૪૩૬ ધ્યાનમાળા, પૃષ્ઠ ૯

Positive entity by itself. it is only subjective and thus not different from the mind... It is in brief, the mind itself. 'Sāgar' is an ajātavādin and as such like Shree Gaudapadacarya does not accept creation in any sense of the term - not even as the vivarta of Brahman. There is no entity whatsoever except Brahman. ૪૩૭.

'વિચારણા' પદમાં પણ સાગરે મન- માયાનો સિધ્ધાન્ત સ્પષ્ટ રીતે રજૂ કર્યો છે, જુઓ:

મૂળ તપાસ્યું તો તત્ત્વ જ પામ્યા
મનની માનીતી તે માયા.[૪૩૮]

'તનુમાનસા' પદમાં 'સાગર' પોતાની સાધનાનો ક્રમ સમજાવતાં સ્પષ્ટ જ કહે છે કે:

મનને પકડવું, ને વાળવું પાછું.—
શુધ્ધ સ્વરૂપે ઠરવવું —
ઓળંગી ભાત ભ્રમાત્મક ઘાંટી —
પોત સળંગ ઓળખવું —
માયાની ઉપર મૂકવું મીંડું —
લક્ષમાં અક્ષર લખવું.[૪૩૯]

'શિક્ષા' પદમાં સાગરે મન એ જ માયા એ સિધ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે. જુઓ:

---

૪૩૭ Kevaladvaita in Gujarati poetry, by Dr. Yogeendra J. Tripathi Ps. 208-209.
૪૩૮ 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૩૫૮
૪૩૯ 'દીવાને સાગર', દફતર ૧ પૃ. ૩૫૯

મન એ જ માયા, ને માયા એ મન છે, રગ રગ મંત્ર એ ભરશો.[440]

પોતાના સ્વાનુભવ દ્વારા પણ સાગરરાજ ભયે ન ભયે પદ દ્વારા સાગર સ્પષ્ટ જ કહે છે કે પોતાની વૃત્તિઓનો લય થતાં, મન અમન થતાં પોતે અદ્વૈતાનુભવ પ્રાપ્ત કર્યો.

ગુરૂકે ઘરમેં જબી આન ખડે, તબી સાગરરાજ ભયે ન ભયે
જબી સાગરરાજ ભયે ન ભયે તબી, તત્વનિરંજન રામ ભયે.[441]

અગમદેશના જોગી સાગરે પોતાની બહિર્મુખ વૃત્તિઓને પરમાત્મામાં એકરૂપ-હરિરૂપ કરવાનો માર્ગ - ઉલટા મારગ દ્વારા અલખનગરને કાયમને માટે નિવાસસ્થાન બનાવવા માટે સ્વાનુભવ વડે આ પ્રમાણે સમજાવે છે:

હમ તો અગમ દેશકે જોગી! બાબા! અલખનગર હે ... જી
પ્રેમ ગલી મેં છુપ છુપ આના! જાના સીર બગર હે... જી

અગમ દેશકી ઉલટી આંટી. બેદશાસ્ત્ર કયા કરના જી.
ઉલટા મારગ ચલે અસલ સૈ; યું માલિકસે મીલના.[442]

સાગર શિવોહમ જલ રહા! ગઝલમાં પણ સાગર પોતાનો સ્વાનુભવ સમજાવતાં કહે છે કે: જીવના મનના મનોમુખી પણાનો - સંકલ્પ વિકલ્પ રૂપીનો નાશ કરી, એના સ્વરૂપનું શુધ્ધિકરણ કર્યું - જીવના જીવત્વને નાહમ્ નો ઉપદેશ આપ્યો- અહં મમત્વનો સદંતર નાશ કર્યો અને તે પછી શિવોહમ્ હું પરબ્રહ્મ જ છું. એવું આત્મજ્ઞાન થયું, જીવ શિવસ્વરૂપે ઝળકી ઉઠયો.

તોબાહ કિયા ગુરુરાહમેં નાહમ્. શિવોહમ્ જલ રહા.[443]

પવન જેવું ચંચલ મન જે અત્યારસુધી વિષયોમાં બાહ્ય જગતના વિવિધ પદાર્થોમાં - ભ્રમણ કરતું હતું તે ઉલટું થયું, જગતમાંથી પાછું ફરીને પરબ્રહ્મમાં સ્થિત

...........

[440] એજન પૃ. ૪૩૬
[441] દીવાનેસાગર, દફતર ૨, પૃ. ૧૩૦
[442] એજન, પૃ. ૮૮ [443] એજન પૃ. ૧૨૯

થયું.

ઉલટા ચલા જબી મન પવન, સોઽહં શબ્દસે લે ચલા
બૈઠા મિલા ગુરુ રામસે, 'સાગર' શિવોઽહમ્ જલ રહા.[444]

'અલહક અનલહકક જલ રહા'! ગઝલમાં પણ અહંત્યાગ (self-annihilation) દ્વારા આત્મસાક્ષાત્કારનો પોતાનો સ્વાનુભવ જ દર્શાવ્યો છે.

તકિયા કિયા ગુરુનામ કા। ઘર જલ રહા આઠો પહર —
જબ દે દિયા અપની ખુદી, નાહમ્ શિવોહમ્ જલ રહા.[445]

પરબ્રહ્મનું સ્વરૂપ સમજાવતાં 'સાગર' સ્પષ્ટ જ કહે છે કે બ્રહ્મ અરૂપી છે એટલે પ્રત્યક્ષ જોઇ શકાય તેમ નથી તેમ તેને લિંગ પણ નથી, તેથી તેનું અનુમાન પણ થઇ શકે તેમ નથી. બ્રહ્મસૂત્ર-શાંકર ભાષ્યમાં પરબ્રહ્મનું સ્વરૂપ સમજાવતાં કહ્યું છે તે પ્રમાણે બ્રહ્મ સિધ્ધ વસ્તુ હોવાથી અન્ય પ્રમાણોથી સિધ્ધ થઇ શકે એમ જો કહેવામાં આવે તો તે પણ માત્ર કલ્પના જ છે, કારણ કે બ્રહ્મને રૂપ ન હોવાથી તે પ્રત્યક્ષ ગોચર નથી તેમ લિંગ ન હોવાથી અનુમાન ગમ્ય નથી ધર્મની જેમ તે કેવળ શાસ્ત્રગમ્ય જ છે. પોતાનો સ્વાનુભવ દર્શાવતાં 'પ્રજ્ઞાનભાનુ જલ રહા' ગઝલમાં 'સાગર' સ્પષ્ટ જ કહે છે કે

કોઇ નામે 'સાગર' જલ રહા, પ્રજ્ઞાનભાનુ જલ રહા!
અણલિંગી બ્રહ્મન આપમેં જ્યોતિ નિરંજન જલ રહા![446]

સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ શરીરો રૂપી ત્રણે આવરણો ભેદાઇ જતાં મહાકારણ રૂપી પરબ્રહ્મમાં - ચોથી ગુફામાં મારો પ્રવેશ થયો અને ત્યાં તો ચિદ્રૂપ ચિદ્ઘન પરબ્રહ્મ વિના બીજા કશાનું અસ્તિત્વ જ નહોતું. 'સાગર' આ જ ગઝલમાં પોતાનો સ્વાનુભવ આ પ્રમાણે દર્શાવે છે:

પહિલી ગુફા, દૂસરી ગુફા! તિસરી ગુફા ભી તૂટ ગઈ!
ચૌથી મેં જલતા કૌન હૈ? ચિદ્રૂપ ચિદ્ઘન જલ રહા.[447]

...........

[444] દીવાને સાગર, દફતર, ૨, પૃ. ૮૮
[445] એજન, પૃ. ૧૨૮ [446] એજન, પૃ. ૧૩૨ [447] એજન.

સ્વામી સ્વયંજ્યોતિતીર્થને સમજાવવા માટે લખાયેલી રફ નોંધમાં સાગર હરિનામના સતત જાપ દ્વારા પરમાત્મપ્રાપ્તિ માટેનો ક્રમ આ પ્રમાણે સમજાવે છે: માયા એ કોઇ અસ્તિત્વ ધરાવતી ભિન્ન વાસના વસ્તુ નથી પણ આપણું નાનકડું અહમ જેને આપણે ઇચ્છા કે વાસના કહીએ છીએ તે જ માયા છે.

માયા - Māyā is not a separate thing but our own little self you call "desire?" Evacuate —
After Jap or after Swaroop when required:

(1) Rubber in one hand and

(2) Pencil in the other

subtle body to be evacuated only with the enemy's eye.[48]

અજાતવાદી સાગર મનની વાસનાને જ માયા તરીકે ગણાવે છે. સાગર હરિનામના સતત જાપ દ્વારા હૃદયમાંથી જગતની ઐહિક ભાવનાઓને ભૂંસી નાંખવી તેમજ હરિનામથી હૃદયને પૂર્ણ ભરી દેવું એ જ પરમાત્મપ્રાપ્તિ માટેનો સાધનાક્રમ સાગરે આ અપ્રસિધ્ધ નોંધમાં પણ દર્શાવ્યો છે.

સાગરરાહ ના ચાર સૂત્રોમાંના પ્રથમ બે (1) Evacuate —— ખાલી કરવું ૨. Inoculate હરિનામના જાપની રસી મૂકવી— દ્વારા પણ આ જ સિધ્ધાંતનું સાગરે પ્રતિપાદન કર્યું છે.[૪૪૯]

...........

૪૪૮ સાગરની અપ્રસિધ્ધ નોંધ.

૪૪૯ ફિલમના અપ્રસિધ્ધ સુત્રો પરિશિષ્ટ૫માં આપ્યા છે.

બીજી એક અપ્રસિધ્ધ નોંધમાં પણ સાગર આ જ સિધ્ધાંત વિગતે સમજાવે છે કે:જપ અને સતના અનુભવ વ્દારા જીવાત્માએ પોતાનું પૃથ્થકરણ કરવું આવશ્યક છે.

Jap X Sat = ? Chemical Analysis of self. ૪૫૦.

સાગર પોતાનો આશ્રમધર્મ સમજાવતાં બીજી એક અપ્રસિધ્ધ નોંધમાં સ્પષ્ટ જ કહે છે કે:

પર્સનલ સેલ્ફને કેદ કરીને કેવળ સખત ચૂપકીદી માટે આશ્રમ છે. સૂક્ષ્મ શરીરમાંથી ભૂતકાળ માત્રને ખાલી કરી દીધેલો અને ઇચ્છા શરીરમાં - કારણ શરીરમાં ભાવિકાળને કદીએ ન બતાવતો માત્ર વર્તમાનમાં જ અને નિરંતર વર્તમાનમાં

Evacuated the past from the subtle body and never erecting any future in the desire body कारण शरीर only in the present, always in the present.

બ્રહ્માનંદા જીવ-મુકતા જાકી ભયી વાસના નાશ

Seed of वासना neither burnt nor killed from the inner most self at the hands of Guru मन, वाणी and कर्म not restrained and not purified under Guru.

Perfect purification ? = Under ? ? ?

3 bodies ? 3 Ashrams ?

3 gunas ? 3 Sthitis ?

...........

૪૫૦સાગરની અપ્રસિધ્ધ નોંધ.

પાછા ફરતાં — અંદર જતાં

નાહમ્ થતાં — સોહમ્ થતાં

ગુરુસંત

છેક અંદરના હૃદયમાંથી ગુરુને હાથે વાસનાનું બીજ ન તોડાયું કે ન તો છેદાયું.[૪૫૧]

'સાગર' મહારાજે જીવનના આચરણ માટે પોતાના આશ્રમમાં આમલીના વૃક્ષ ઉપર ૧૦૧ સૂત્રો પૂંઠા ઉપર લખીને ચોંટાડયા હતા. જીવનનો ધર્મ (Code and mode of life) દર્શાવતાં આ સૂત્રો - આમલીનો ધર્મ નાં સૂત્રો પરિશિષ્ટમાં આપ્યાં છે[૪૫૨]

શ્રી. પાગલ મહારાજને લખાયેલી એક નોંધમાં હૃદયની ભૂમિકાની તૈયારી માટે શું કરવું જોઈએ તે સમજાવતાં નોંધ્યું છે કે:-

જેટલી મરજી ઓછી તેટલી મુશ્કેલી વધારે
હું અને બધાં એ બે વાત ભૂલવી
આ ૧ લું કામ

હું અને આ બધાં એવો પાર્ટી સ્પિરિટ એટલે દ્વૈતનો ભેદ આપણે આપણને પોતાને વળગાડયો છે. આ દ્વૈતનો ભેદને આધ્યાત્મિક રાજ્યમાં પાર્ટી સ્પિરિટ એટલે કચરો કહેવાય છે.

............

૪૫૧ સાગરની અપ્રસિધ્ધ નોંધ

૪૫૨ આમલીનો ધર્મ ના સૂત્રો પરિશિષ્ટમાં આપ્યાં છે.

જૂઠે સબ તાબૂત જૂઠે
સબઘટ સંરખા રામ
ગુરુદત્ત ફિરત બન બનમેં —

આ ત્રણ મન્ત્રોને અનુકૂળ હૃદયપરિર્વતન કરવું. આત્મા જાતિભેદથી પર-આ પ્રમાણે અણલિંગી બ્રહ્નને માટેની ભૂમિકા તૈયાર કરવી.[૪૫૩]

વાસનાક્ષય- મનોનાશ દ્વારા આત્માનુભવની ભૂમિકા સમજાવતી બીજી એક અપ્રસિધ્ધ નોંધમાંથી અવતરણ જોઈએ. સાગરરાજનું વિશિષ્ટ લક્ષણ પ્રેમયોગ દ્વારા વાસનાક્ષય – મનોનાશનું મહત્વ સમજાવતાં સાગરરાજે કહે છે:

સિધ્ધ કરવાનો અનભેના ઘરના ભૂમિતિશાસ્ત્રો આ સિધ્ધાંત
'હું'માંથી કહાડવું બાહિર 'હું'ને સમજીને ભીતર શમવું. [illegible]

હું = સર્વવ્યાપક અપરિમીત ઘનચક્કર —

પાંચ ભૌતિક તમામને નામે ૦ મૂકીને બાકી જે રહે તે આત્મા
નામ $\frac{\text{રૂપ}}{\text{ઘાટ}}$ ને ગુણ ગુરુ મહારાજ કો ખુદો દે દિયા = દત્ત
દે દિયા ઔર ફિર૧=દત્ત .

બે આંખે દેખાતી બધી દુનિયા વન —
*No Teste in any forms- all forms equal*

બેલેન્સ બરાબર રાખું\નિર્ગુણની લઝ્ઝત ચાખું
નિર્ગુણમેં સિલકમાં શૂન્ય = પૂર્ણસ્ય પૂર્ણમાદાય / ૪૫૪

...........

૪૫૩ સાગરની અપ્રસિધ્ધ નોંધ .
૪૫૪ સાગરની અપ્રસિધ્ધ નોંધ .

આધુનિક ગુજરાતના સંતો માં ડો. કેશવલાલ ઠક્કરે સાગર મહારાજની તાત્વિક વિચારણાની સમીક્ષા કરતાં લાક્ષણિક શૈલીમાં જણાવ્યું છે કે:

શ્રી. સાગર મહારાજની વાણીનો મૂલભૂત સિધ્ધાન્ત અજાતવાદ કિંવા બ્રહ્મવાદ કે પરમાત્મવાદ છે. અજાતવાદનું મર્મ એ છે કે, એક અનંતાદ્વૈત ત્રિગુણાતીત પરાત્પર પરબ્રહ્મ જ ત્રિકાલ અબાધિત પરમ તત્ત્વ છે. (Essence beyond spirit and matter) —— અને માયા કિંવા જીવ, જગત અને જગન્નાથની ત્રિપુટીનો ભેદ વસ્તુમાં મૃગજળવત - દૃશ્યમાત્ર - આભાસમાત્ર ( A mirage in reality) છે. તેથી જીવન માત્રનું અંતિમ ધ્યેય લક્ષ્ય બ્રહ્માનુભવ આત્મદર્શન કે આત્મસિધ્ધિનું જ હોવું જોઇએ. બ્રહ્મીકરણ કિંવા ઓમ્મીકરણ વિના જીવને અખંડ પ્રેમ, અખંડ આનંદ અને અખંડ શાંતિ કદીયે પ્રાપ્ત થાય નહીં. ઓમ્ શાંતિ: એટલે જયાં ઓમ ત્યાં શાંતિ, અન્યત્ર નહીં. તેથી ઓમ્ એ જ એમના જીવનનો મહામંત્ર હતો અને પ્રત્યેકે પોતાના અહંનું ઓમ્મીકરણ કરવું જોઇએ એમ તેઓશ્રી પ્રબોધે છે:[૪૫૫]
(Perfect unity with God)

સાગર મહારાજે ઓમ્મીકરણ બ્રહ્મીકરણની ભાવના ધનચકકર નકશાની ગાઇડમાં (જુઓ: પરિશિષ્ટ ૬) તેમજ સાગરની પત્રરેખામાં વિગતે સમજાવી છે તે પ્રમાણે જીવાત્માએ પોતાના માયિક મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકારને બ્રાહ્મી બનાવવાં જોઇએ કારણ કે ત્રિગુણની પાર મહાકારણમાં એક બ્રાહ્મી મન- બ્રહ્મૈવાહમ્ સિવાય બીજો સંકલ્પ જ નહિ, એક બ્રાહ્મી બુધ્ધિ - એક અદ્વિતીય બ્રહ્મ જ પરમ સત એવો દૃઢ નિશ્ચય, એક બ્રાહ્મી ચિત્ત હરિરસ જ હરદમ પેય અને એક બ્રાહ્મી અહંકાર બ્રહ્મૈવાહં મન બુધ્ધનાહમ. હું જ બ્રહ્મ છું એવું ભાન , તાન અને ગાન દ્વારા જ નિર્ગુણ બ્રહ્મનો, વ્યાપક બ્રહ્મનો. ભૂમા બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે.

સાગરની પત્રરેખામાં ડો. હરિકૃષ્ણ જોશીને લખેલા પત્રમાં પણ સાગરે જીવાત્માના માયિક અને બ્રાહ્મી બન્ને પ્રવાહો સમજાવ્યા છે. ધનચકકરના

...........

૪૫૫ આધુનિક ગુજરાતનાં સંતો - ડો. કેશવલાલ ચ. ઠકકર પૃ. ૨૪૫, ૨૪૭

નકશાની ગાઇડમાં પણ સાગરે જીવાત્માને પોતાના મન, બુધ્ધિ ચિત્ત અને અહંકાર એટલે કે અંત:કરણ ચતુષ્ટયને પ્રાણી બનાવવી એને જ ઉપદેશ આપ્યો છે. જુઓ:

"આ ધનચક્કર નકશો માત્ર તેને જ ઉપયોગી છે કે જે આ ભવરણના કર્તા મિ. હું ની બધી લાગણીઓને અને એમનાં કામકામને રદ કરવાને અને એમના કાર્યો ન કર્યા કરવાને માટે બધા દૃશ્ય પદાર્થોનું તેમજ પોતાની અંદરના એમનાં વળગણોનું રાજીખુશીથી બલિદાન હોમવાને ખરેખર તૈયાર હોય. પ્રાચીન અને અર્વાચીન હિન્દુ દર્શનકારોનું અને સંતોનું એવું ચોકકસ માનવું છે કે જે માણસ આધ્યાત્મિક જીવનરૂપી ભૂમિતિશાસ્ત્રનો આ સિધ્ધાન્ત સ્વાનુભવથી સિધ્ધ કરવા માટે પોતાની બધી શકિતઓને અને બધી જીંદગીને આપી દેવાને હિમાચલ જેવી દૃઢ મરજીવાળો હોય તેને જ આ માર્ગના ખરા પ્રવાસીનું - સાચ્ચા રાહદારીનું નામ આપી શકાય. આ અપરિમિત ધનચકકરનું ખરેખરું અનુભવવાનું છે અને એટલે આ ભયંકર ભવરણના બદમાસ બનાવનારને પકડવો. કેદ કરવો અને એનું વિધિપૂર્વક નિયમસર ઓમ્મીકરણ થવું.

આ ભવરણના બનાવનાર મિ. 'હું'નું ઘર આપણી અંદર છે. આ મિ. 'હું' પોતે પોતાને બનાવે છે, અને દિલને માટે જીવાત્માને માટે આ ભવરણ બનાવવાને પોતાની વિભકિતઓને અને પોતાના સંબંધીઓને સાથે લાવે છે. દરેક જણ પોતાને જીંદગીઓનસે જીંદગીઓ સુધી એમાં ભટકાવે છે.

હવે સૌથી પહેલાં આ ભવરણના કર્તા મિ હું. ને શોધી કહાડવા જોઇએ- પકડવા જોઇએ, કેદ કરવા જોઇએ- એમના પર કામ ચલાવવું જોઇએ. અને એમને પૂરેપૂરા ઝબેહ કરવા જોઇએ. આ મિ. 'હું'નું મોત એટલે દિલનું આ જીવાત્માનું અપરિમિત ધનચકકરમાં - તે સર્વોપરિ પ્રિયતમામાં એટલે મનુષ્યના પરમ આદિ કારણમાં કાયમનું ઓમ્મીકરણ - Perfect unity with God આમ કર્યા વગર દિલનું - જીવાત્માનું આ ભવરણનું ભટકણ કદાપિ અટકી શકે નહીં.

આ ભટકણનું હોવું જ પુરેપૂરું રદ કરવા માટે માત્ર આ એક જ સાચ્ચો ઉપાય છે કે આ ભવરણના કર્તાને પકડવા, કેદ કરવા અને એમનું ઓમ્મીકરણ કરવું. કર્તા જાતે જ પકડાયો, કેદ થયો અને ઓમ્મ થયો એટલે ભૂત, ભવિષ્ય કે વર્તમાન એ ત્રણે કાળમાં ભરવરણ જેવું કશું છતમાં રહેતું જ નથી.

ધનચક્કરના નકશાની આ અપ્રસિધ્ધ ગાઇડ પરથી પણ સ્પષ્ટ પ્રતીત થાય છે કે અંત:કરણ વિશુધ્ધિ દ્વારા વાસનાક્ષય - મનોનાશને જ 'સાગર' આત્મસાધના માટે એક અને અનિવાર્ય સાધન ગણાવે છે. સાગરની તાત્ત્વિક વિચારણાઓ આ નિષ્કર્ષ છે. પ્રેમયોગ (Concentrated Love) દ્વારા અંત:કરણ શુધ્ધિ અને તે દ્વારા વાસનાક્ષય - મનોનાશ દ્વારા આત્માનુભવ - પૂર્ણતા આવો ક્રમ દર્શાવ્યો છે. 'સાગરરાઇનું આ વિશિષ્ટ લક્ષણ સાગરની તાત્ત્વિક વિચારણાનો મૌલિક દૃષ્ટિકોણ રજૂ કરે છે.

'સાગરની તાત્ત્વિક વિચારણાની સમીક્ષા પરથી સ્પષ્ટ થાય છે કે પ્રેમયોગ (Concentrated Love) ——— પરાત્પર પ્રેમ દ્વારા અંત:કરણ વિશુધ્ધિ, મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર દ્વારા વાસનાક્ષય મનોનાશ (annihilation of the mind) ——— સાગરની આત્મસાધનાના ક્રમિક પગથિયાં છે. ડો. યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ પણ આત્મસાક્ષાત્કાર માટે 'સાગરે' દર્શાવેલાં સાધનોમાં આ બંનેને જ સવિશેષ મહત્ત્વનાં ગણાવ્યા છે.

Sāgar considers this means of concentrated Lowe for God as the highest means of self-realisation * * * Equally important is the means of annihilation of the ego, which, according to Sāgar is very important and the easiest means of self realisation.

He is a mystic saint of the first order and a man of self realisation. He is an introvert, all-in-all and dives deep into the interior through celestial love and is one with Brahman, the innermost principle of every being.[55]

સાગરરાહ ઉપરથી પણ સ્પષ્ટ પ્રતીત થાય છે. સાગર સહજાવસ્થામાં જીવનમુક્ત દશામાં અબાધિત અને અખંડિત પૂર્ણતાનો અનુભવ ઠેઠ સુધી કરતા હતા. પોતે પોતાના શિષ્યોને રમૂજમાં કહેતા; ચિત્રાલ, સરફેજ અને નોંબાર ત્રણે જગ્યાએ અમે રહીએ છીએ. ચિત્રાલ→વિવિધરંગી જગતમાં; સરફેજ→સર્વોત્તમ ભાવે સમદૃષ્ટિથી; નોંબાર→પરાત્પર પરબ્રહ્મમાં લીન; એવો વિશિષ્ટ અર્થ તે સમજાવતા.[૪૫૬]

અવધૂતદશામાં જીવન વ્યતીત કરાવતા સાગરના ઐહિક જીવનનાં લક્ષણોનો યથાર્થ પરિચય અવધૂતગીતા માં દર્શાવેલા અવધૂતના લક્ષણો દ્વારા જ આવી શકે.[૪૫૭]

............

[૪૫૬] ડૉ. કેશવલાલ ચૈં. ઠક્કરની મુલાકાતને આધારે

[૪૫૭] અવધૂતગીતા, પૃ.

[455] Kevaladvaita in Gujarati Poetry by Dr. Yogendra J. Tripathi Pages 213, 218

अ आशापाशविनिर्मुक्त आदि मध्यान्त निर्मलः ।
आनन्दे वर्त्तते नित्यं अकारं तस्य लक्षणम् ॥ ६॥ 1135

व वासना वर्जितायेन [illegible] वक्तव्यं च निरामयम् ।
वर्तमानेषु वर्त्तेत वकारं तस्य लक्षणम् ॥ ७॥

अ आशामुक्त
धू धूलिधूसर गात्राणि धूतचित्तो निरामयः ।
व वासनामुक्तः
धारणा ध्यान निर्मुक्तो धूकारस्तस्य लक्षणम् ॥ ८॥

धू धूतकल्मषः
त तत्त्वचिन्ता धृतायेन चिन्ता चेष्टा विवर्जितः ।
त तत्त्वमसि
तमोऽहंकार- निर्मुक्त स्तकारस्तस्य लक्षणम् ॥ ९॥

પોતાની સહજાવસ્થા - જીવનમુકત દશાનો સ્વાનુભવ સાગરે દીવાને સાગર —
- માં નીચેની પંકિતઓ દ્વારા પણ અભિવ્યકત કર્યો છે:

ઠેઠ જઇને બેઠો - બાવા!
ઠેઠ જઇને બેઠો.
કલાકારમો! સબ સંપૂરન—
હરિથી જરો ન હેઠો! બાવા! —
ઝાકમઝોળ રસજાહ્નવી ઝીલે
થયો હારશું ઠેઠો! બાવા!
બ્રહ્માનન્દ લહર - મહા સાગર -
આપખે આપખો. હું ભેટ્યો!
બાવા! ઠેઠ જઇને બેઠો! બાવા![૪૫૮]

બ્રહ્મદેશ કે બાસી-
બાબા! બ્રહ્મદેશ કે બાસી
જિત જિત નઝર ઠરે તિત સાંઇયા —
નિત મથુરા! નિત કાસી![૪૫૯]
નમું રે નમું સાગર રાજવી! સ્વાનુભવી મહાજનજી —
અનલ પંખીનો રે ઈંડવો! જુગ જુગ જીવો જીવનજી![૪૬૦]

...........

૪૫૮ દીવાને સાગર, દફતર ૨, પૃ. ૧૫૭

૪૫૯ એજન, પૃ. ૬

૪૬૦ એજન, પૃ. ૬૭

કોઇ નામે સાગર જલ રહા! ૐકાર ઇશ્વર જલ રહા!
અનભે અલખ ગુરુનામકા! નિર્ગુણ નિરંજન જલ રહા![૪૬૧]

મો સમ સુખી કોઉ નાહીં—
જગતમેં મો સમ સુખી કોઉ નાહીં —
હરિ જસો હરિ મેરો મિત્ર ભયો હૈ —
આપે કરત વિભુ છાંહિ.
જગતમેં મો સમ સુખી કોઉ નાહીં.[૪૬૨]

હસતાં ને રમતાં હાવાં – મધુવને મ્હાલીએ રે-
ફરીએ પવનશાં ગનન – ફરીએ ફ ર ર ર ર ર ર ર રે.

છેલ્લા જનમની પ્રીતો – એની એંધાણીઓ રે-
સાગર ગરજે ગંભીર – ગરજે ગુરુ ગુરુ ગુરુ ગુરુ રે [૪૬૩]

ગુજરાતમાં સૂફીવાદ અને અજાતવાદની બે વિભિન્ન વિચારધારાઓનો સ્વાનુભવ વડે સમન્વય કરનાર તરીકે અર્વાચીન યુગના આત્માનુભવી સૂફી સંત સાગર નું મૌલિક પ્રદાન છે.

ડૉ. યોગીન્દ્ર જ. ત્રિપાઠી એ Kevaladvaita in Gujarati Poetry માં આત્માનુભવી સંત સૂફી ફકીર સાગરના પ્રાણી જીવનને આ પ્રમાણે અંજલિ અર્પી છે.

He was not only a poet but a mystic saint of Gujarat, a man of self-realisation. He was a true sufi-fakir, who lived his life according to the tenets of sufism and saw God in every form human or divine, animate or inanimate.

...........

[૪૬૧] એજન, પૃ. ૧૨૯

[૪૬૨] એજનં, પૃ. ૧૬૬

[૪૬૩] એજન, પૃ. ૧૫૦

He lived the life of a devotee of God - one drunken and completely intoxicated with the love of God.[464]

ડૉ. કેશવલાલ અં. ઠક્કરે પણ 'Mysticism in Gujarat' માં સાગરની તાત્ત્વિક વિચારણાની સમીક્ષા કરતાં યથાર્થ જ કહ્યું છે કે

Sri Sāgar was really a man of self realisation and a mysic master of godly grade. * * * In fact, his works, prose as well as verse are a faithfull record of his mystic life from man to God and are a direct result of his self-realisation.[465]

આધુનિક ગુજરાતના સંતોમાં પણ એમણે આત્માનુભવી સૂફી સંત સાગરના આધ્યાત્મિક જીવનને યથાર્થ રીતે અંજલિ અર્પી છે.

શ્રી. સાગર મહારાજ અર્વાચીન ગુજરાતના જાણે એક બ્રહ્મર્ષિ હતા અને પરમાત્મા સાથે પૂર્ણ અભિન્નતા અનુભવતા અવધૂત કોટિના એક અદ્વિતીય સંત પુરુષ હતા.[૬૬]

...........

[૪૬૪] Kevaladvaita in Gujarāti Poetry by Dr. Yogeendra J. Tripathi P. 206

[૪૬૫] Mysticism in Gujarat by Dr. K.A.Thakkar P.345

[૪૬૬] આધુનિક ગુજરાતનાં સંતો ડૉ. કેશવલાલ અં. ઠક્કર પૃ. ૨૫૪

## ઉપસંહાર

સાગરના તત્ત્વચિંતનમાં અજાતવાદ અને સુફીવાદનો સ્વાનુભવયુક્ત સમન્વય થયો છે. ધનચક્કરના નકશામાં દર્શાવેલો સાગરરાહ સાગરની તાત્ત્વિક વિચારણાનો નિષ્કર્ષ રજૂ કરે છે. એ નિષ્કર્ષ આ પ્રમાણે છે:

૧. પરમાત્મસ્વરૂપ, જીવસ્વરૂપ, જગતસ્વરૂપ અને સાધનામાર્ગ એમ ચતુર્વિધ વર્ગીકરણ દ્વારા કરેલી સાગરના તત્ત્વચિંતનની સમીક્ષા પરથી સ્પષ્ટ થાય છે કે તાત્ત્વિક દૃષ્ટિએ સાગર એક અનંતાદ્વૈત પરાત્પર પરબ્રહ્મને જ અસ્તિત્વનું સાચું તત્ત્વ માને છે. સગુણ હોવા છતાં નિર્ગુણ અને નિર્ગુણ હોવા છતાં સગુણ એવા પરબ્રહ્મસ્વરૂપને-બંનેને એકરસ અનુભવે છે. (ભક્તિ રૂપ)કર્મ પણ) ભક્તિ અને જ્ઞાનનું અદ્વૈત આત્માનુભવમાં પરિણમતું હોવું જોઈએ એવો એમનો ખાસ આગ્રહ છે.

૨. ભક્તિ જ્ઞાનનું અદ્વૈત આત્માનુભવમાં પરિણમે તે માટે બન્ને તત્ત્વોને તે સરખું મહત્ત્વ આપે છે.

૩. સાગરની વાણીમાં કૃષ્ણ અને રામ બંને શબ્દો પરબ્રહ્મવાચક શબ્દો છે. ગુરુની પરબ્રહ્મ ભાવે અનન્ય ભક્તિ દ્વારા જીવાત્મા મુક્તિ પ્રાપ્ત કરી શકે છે, એ વાત પણ એમણે ખૂબ ભારપૂર્વક જણાવી છે. ગુરુબ્રહ્મ સદ્‌ગુરુદેવની અનન્ય ભક્તિનું મહત્ત્વ સાગરે સ્વીકાર્યું છે. આત્મા પરમાત્માની એકતાનો અનુભવ ગુરુદ્વારા અનુભવાય છે. ગુરુ એટલે પરાત્પર પરબ્રહ્મ દત્તે સ્વાનુભવ સાક્ષાત્કાર માટે नाहम् दत्ता ना ~~ना~~ -સ્વરૂપના અર્થઘટન પરત્વે તે ખૂબ ભાર મૂકે છે. આ એમનું મૌલિક પ્રદાન છે.

૪. આત્માનુભવ માટે મુમુક્ષુનું અધિષ્ઠાન પરાત્પર પરબ્રહ્મનું જ હોવું જોઈએ. ગુરુરામ-ગુરુબ્રહ્મના અધિષ્ઠાન પરત્વે એમનું પ્રદાન મૌલિક ગણી શકાય તેવું છે.

સાગર સિધ્ધાંતમાં શ્રી. ગૌડપાદાચાર્યના અજાતવાદને સ્વીકારે છે.

અજાતવાદ એટલે પરબ્રહ્મવાદ - એક અનંતાદ્વૈત પરબ્રહ્મને જ સત્ વસ્તુ તરીકે તે માને છે. જગતના વ્યવહારિક અનુભવને શૂન્ય-મૃગજળવત્ કેવળ અસત્ય-મનોકલ્પિત (Mirage in Reality) —— માને છે. એટલે શ્રી. શંકરાચાર્યના કેવલાદ્વૈત મતથી તે આગળ વધે છે. એમનો આત્માનુભવ નાહમ્ માં પર્યવસાન પામે છે. શ્રી. શંકરાચાર્યના માયાવાદનો સ્પષ્ટ ઇન્કાર કરતાં શ્રી. ગૌડપાદાચાર્યની માફક માયાને માત્ર મનોકલ્પિત-અવસ્તુ - અજા (Miss unborn) —— ગણે છે. સાગરના તત્વચિંતનને અજાત અનુભવ કહી શકાય.

૬. સાગર મુક્તાવસ્થા - સહજાવસ્થાની દશાને બ્રહ્મીકરણ (Omization of the self with the Supreme) દ્વારા પિંડ- બ્રહ્માંડની એકતાની દશા તરીકે ઓળખાવે છે.

૭. સાગર બ્રાહ્મીજીવનને અતિશય મહત્ત્વ આપે છે, એટલે મનસા વાચા કર્મણા બધું વિધિપૂર્વક કરવું જોઇએ એમ સ્પષ્ટ કહે છે. અવિધિ અને અવિવેકને જ દુઃખ માત્રના કાર્ય તરીકે ઓળખાવી તે વિધિ એ બ્રહ્મ — (Method is God) એવો મત દર્શાવે છે. જીવનનું પ્રત્યેક કાર્ય ધર્મરૂપ હોવું જોઇએ. આવી બ્રાહ્મી જીવન વિના કશો જ અર્થ નથી. સાગરની ઐહિક વિચારણા પરત્વેનો આ મૌલિક દૃષ્ટિકોણ છે.

૮. સાગરે આત્મિક પ્રવાહનો તેમજ પ્રભાતનો નકશો દ્વારા આત્મજ્ઞાનના પ્રવાહની પરંપરા પણ સમજાવી છે. (જુઓ: પરિશિષ્ટ બ અને ક)

## સાધના માર્ગ

(જુઓ: પરિશિષ્ટ અ)

૯. ધનચક્કરના નકશામાં ભક્તિ, જ્ઞાન, સૂફી, ઇશ્ક અને યોગમાર્ગના દર્શાવેલ ચાર રસ્તાઓને ભેદીને પસાર થતો સાગરરાહ સાગરની આત્મસાધનાનો મૌલિક દૃષ્ટિકોણ પણ રજૂ કરે છે. ધનચક્કરના નકશાની ગાઇડમાં પણ સાગરરાહ વિગતે સમજાવ્યો છે.

૯-સાગરરાહ એટલે અલૌકિક પ્રીતિયોગ- સ્નેહયોગ દ્વારા અંત:કરણ વિશુદ્ધિ કરીને-સવિશેષ ચિત્તશુદ્ધિ અને વાસનાક્ષય—મનોનાશ દ્વારા પરબ્રહ્મ સાથેના અભેદાનુભવનો માર્ગ સાધના માર્ગ સાગરે નીચેના ચાર સૂત્રો દ્વારા સમજાવ્યા છે.

૧. ખાલી કરો (Evacuate)

૨. અંદર રસી મૂકો (Inoculate)

૩. પૂર્ણ ભરી દો (Fill)

૪. સ્વયં અનુભવો. (Realize)

ઓમ પ્રભુજી જ ધર્મ માત્રનું સાર તત્ત્વ છે. ઓમ (પ્રણવ) એ જ પ્રભુ છે. પ્રભુ એ જ ધર્મ છે. સાગરનો પોતાનો જીવનમંત્ર 'ઓમ પ્રભુજી' હતો.

ઓમ પ્રભુજી એટલે વેદ ના મહાકાવ્ય અનુસાર अहं ब्रह्मास्मि (हम प्रभुजी) तत्त्वमसि, (તુમ પ્રભુજી), सर्वं खलु इदं ब्रह्म (सब प्रभुजी), ——— આ ત્રણ મંત્રનો ભાવ સમાવિષ્ટ છે. સાગરે પોતાના આ જીવનમંત્ર દ્વારા પોતાનો મૌલિક દૃષ્ટિકોણ રજુ કર્યો છે.

## સાગરરાહ

૧૦. સાગરે જગત, જીવ અને ઇશ્વર – પરબ્રહ્મ ત્રણેમાં વસ્તુત: રહેલી એકતાનો જ સ્વીકાર કર્યો છે. એક માત્ર અનંતાદ્વૈત પરબ્રહ્મ સિવાય બીજા કશાનું જ વસ્તુત: અસ્તિત્વ નથી, એમ તે દૃષ્ટપણે માને છે

૧૧ જગતનો પરબ્રહ્મ સ્વરૂપે અનુભવ કરવા માટે અંત:કરણ ચતુષ્ટયની વિશુદ્ધિ દ્વારા મનશમન – વાસનાક્ષય (Little Mr. I.) ——— હું અને તેનો

વિભક્તિઓ – દેહાભિમાનનો નાનકડો હું –અહમ્‌નો લય કરવો જોઈએ. આજ સાગરરાહ નું હાર્દ છે.

પ્રેમની અનન્યતા, અંતઃકરણ વિશુદ્ધિ દ્વારા વાસનાક્ષય – મનોનાશ અને આત્માનુભવ પૂર્ણતા એ સાગરરાહનાં આ મહત્વનાં સોપાન– ભક્તિ અને જ્ઞાનના અદ્વૈત દ્વારા એટલે કે नाहम् – सोहम् — માર્ગના અનુભવ દ્વારા આત્માનુભવ–આપણી તાત્વિક વિચારધારામાં સાગરનું આ મૌલિક પ્રદાન છે.

૧૩. પ્રેમની અનન્યતા દ્વારા અંતઃકરણ વિશુદ્ધિ કરીને વાસનાક્ષય– મનોનાશ માટે સાગરે અજપાજપ, નામસ્મરણ, બ્રહ્મસાધન, અભ્યાસ, વૈરાગ્ય, વિવેકબુદ્ધિ દૃઢતા, અસંગતા, આત્મપરીક્ષણ, સ્થૂલની પ્રબળ ઉપેક્ષા, સાત્વિકતાનું પાલન, સંત સમાગમ અને સેવાને આનુષંગિક પૂરક સાધનો તરીકે ગણાવ્યાં છે.

૧૪. સાગર અજાતવાદી હોઈ, એમણે જગતના બાહ્ય ત્યાગનો–સંન્યાસનો અસ્વીકાર કર્યો છે. ત્યાગ એ બાહ્ય વસ્તુ નહીં પણ આંતરસ્થિતિ છે એટલે જગતના આંતરત્યાગની જ હિમાયત કરી ધાર્મિક વૃત્તિવાળા વાનપ્રસ્થ– –જીવનમાં આત્માનુભવ થઈ શકે છે, એવો સ્વાનુભવયુક્ત અભિપ્રાય સાગરે દર્શાવ્યો છે.

૧૫. રાગ– ત્યાગના દ્વન્દ્વથી પર સહજાવસ્થા કે સહજ સમાધિને તે સર્વોત્તમ ગણે છે.

૧૬. કબીર, અખાજી અને કલાપીની પ્રબળ અસર એમની વિચારધારા પર પડેલી જોઈ શકાય છે.

સાગરરાહના આ અગત્યના લક્ષણો સાગરનું તત્વચિંતક તરીકેનું મહત્વનું પ્રદાન છે. આધુનિક તત્વચિંતકોમાં આત્માનુભવી સંત સાગરનું સ્થાન અદ્વિતીય છે.

卐

# પરિશિષ્ટ - ૫
# ફિલમનાં સૂત્રો.

ઓમ્ સદ્ગુરુ

: ફિલમ પહેલી:



૧. આ શું છે?

૨. વચ્ચે કાળો શાહી જેવો રંગ ને આસપાસ લાલ એવું શા માટે છે?

૩. એ કોણ છે ને એણે કેવું રૂપ ધર્યું છે?

૪. એને શોધો, ઓળખો ને કાઢો.